ધી ઈસમાઈલીયા સોસાયટી
ગુજરાતી અનુવાદ સીરીઝ ન. ૫

સૈયદ શાહ નાસિર ખુશરૂ કૃત

# કિતાબે હફત બાબ

નામે સુપ્રસિધ્ધ

# કલામે પીર

નો ગુજરાતી અનુવાદ


અનુવાદકઃ
વલીમહમદ નાનજી હુદા


Scanned with CamScanner

# કિતાબે હફત બાબ

નામે સુપ્રસિધ્ધ

# કલામે પીર

Scanned with CamScanner

THE ISMAILI SOCIETY

# KALAME PIR

*also called*

# Kitabe-Haft Bab

Translated into Gujrati

*by*

**V. N. Hooda**

1950

*Printed and Published for*
Ismaili Association for India

by

V. N. Hooda Hon. Secretary
Press & Publicity Department
Ismaili Printing Press
Bhimpura Dongri, Bombay 9.

Scanned with CamScanner

ધી ઈસમાઈલી સોસાયટી
ગુજરાતી અનુવાદ સીરીઝ ન. ૫

સૈયદ શાહ નાસિર ખુશરૂ કૃત

# કિતાબે હફ્ત બાબ

નામે સુપ્રસિધ્ધ

# કલામે પીર

નો ગુજરાતી અનુવાદ

અનુવાદકઃ
વલીમહમદ નાનજી હુદા

આવૃતિ ૧ લી. પ્રત ૧૦૦૦.

છાપી પ્રગટ કરનારઃ
ઈસમાઈલી એસોસીએશન મુંબઈના પ્રેસ અને પબ્લીસીટી
ડીપાર્ટમેન્ટના ઓન. સેક્રેટરી, મી. વી. એન. હુદા.
ઠે. ઈસમાઈલી પ્રિન્ટીંગ પ્રેસ-ડોંગરી સ્ટ્રીટ, ભીમપુરા, મુંબઈ ન. ૯

Scanned with CamScanner

# પ્રસ્તાવના

મધ્ય એશીયાના મુલ્કમાં ફારસી ભાષા બોલતી ઈસ્માઈલી જનતાના ધાર્મિક સાહિત્યના અતિ માનવંત ધર્મ પુસ્તકોમાં, કિતાબ હફ્ત બાબ નું સ્થાન અતિ મહત્વનું છે. હુજ્જતે ખોરાસાન યાને ખોરાસાનના પીર તરીકેની મહાન પદ્વિ, મીસરના અતિ બળવાન સમ્રાટ ફાતિમી ખલીફા અને ઝમાનાના ઈમામ હક મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ તરફથી હકીમ શાહ નાસિર ખુશરૂને મળી હતી અને હુજ્જતે ખોરાસાન અથવા ખોરાસાન જીલ્લાના મહાન દાઈ તરીકે તેમણે એ પદ્વિને પોતાના અસિમ જ્ઞાન અને તન મનના ભોગે દીપાવી હતી. બદકશાન, ગીલગીટ, હુન્ઝા, ચિત્રાળ, અપર ઓક્ષસ અને એશિયાઇ રશિયામાં વસ્તા ઈસમાઈલીઓની અત્યારની લાખોની સંખ્યા એમને અતિ પુજ્યભાવે માને છે અને એમની રચેલી કૃતિઓને ભારે ઈજ્જત આપે છે.

ઈસ્લામની સ્થાપના વખતે ઈલ્મે ઈલાહી જે સ્વરૂપમાં નાઝિલ થયું હતું. તેમાં હકિકત અને મારિફતના જવાહિરો છુપાયેલા હતા. એ જવાહિરો ગમે તેટલા હિફાઝતમાં હોવા છતાં, તેજ જમાનામાં સલમાન ફારસી જેવા અકલમંદ શોધકોની આંખોએ, ખુદાઇ રહેમતના પ્રતાપે તે શોધી કાઢયા હતા; પણ એ જવાહિર કે જે ઈલાહી ભેદ હતો તે, દીનમાં અપરિપકવ એ જમાનાને અને જનતાને અપથ્ય હોઇ, જાહેરી ઈલ્મના આચ્છાદાન નીચે તેને છુપાવવાની અને શરીયતની સખ્ત પાબન્દીની ચોકીથી રક્ષવાની અગત્યતા હતી અને આમ જનતા જેમ જેમ દીનમાં અને ઈલ્મમાં પરિપકવ બની તેને પચાવવાની શક્તિ પ્રાપ્ત કરે, તેમ તેમ યોગ્ય અધિકારીઓને તે પ્રમાણસર વહેંચી આપવાનું કાર્ય, ઈસ્લામ મઝહબના સ્થાપક હ. રસુલ સ. પોતાના વસિયતનામાનો અમલ

Scanned with CamScanner

કરનાર વસી, ઉમ્મતના વાલી ધાર્મિક વડા, ઈમામે મુતલક હ. મૌલા મુરતઝ્રાઅલી અને તેઓશ્રીની ઝુરીય્યત યાને નર નસલે વંશ પરંપરા ગાદીએ આવતા વસીઓ ઈમામોને સુપ્રત કરી ગયા હતા.

આ જવાહિરોનો પ્રકાશ વખત જતાં વધુને વધુ બહાર આવી ફેલાતો ગયો અને એ દૈવી પ્રકાશ તરફ અનેક પતંગીયાઓ ખેંચાઈ આવ્યા અને જેમાંથી કેટલાક તેની પાછળ ફના થયા અને અનેકે એ રોશનીને જગતમાં ફેલાવી, જીજ્ઞાસુઓ તેનો લાભ ઉઠાવે એવો માર્ગ કરી આપ્યો.

એ ઈલાહી ભેદના વાલીનો દામન પકડી રાખનારા અને તેની ફરમાનબરદારી કરનારાઓને એ ભેદ મળતો રહ્યો, પણ અનાધિકારી અને દીનમાં અપરિપક્વ, જાહેરી ઈલ્મ અને શરીયતના જાહેરી સ્વરૂપમાં રચ્યાપચ્યા રહેનાર, તન્ઝીલથી આગળ વધવાની ઈચ્છા નહિ રાખનાર, તઆવીલ સમજવાની દરકાર નહિ કરનાર. એને શોધવાની તકલીફ નહિ લેનાર, જુનવાણી હઠધર્મિઓથી તે દુર રાખવાની ખાસ શરતે એ દૈવી દવા ખુદાઈ હકીમો તરફથી યોગ્ય જીજ્ઞાસુઓને મળતી હોવાથી તેને લગતું સાહિત્ય સ્વભાવિક રીતે અતિ ગુપ્ત રહેવા પામ્યું.

આ ભેદ જાણનાર હકીકતી લોકોને હઠધર્મિઓ ગમે તેવા વિશેષણો લગાડતા અને એવા ધાર્મિક ઝનુનને રાજદ્વારી ખટપટો અને કાવાદાવા તેમજ સત્તા અને શ્રીનું પીઠબળ મળતું રહેતું હોવાથી એ ઈલ્મ ધરાવનારાઓને પોતાનો એ અમુલ્ય ખજાનો ઘણી સંભાળપુર્વક છુપાવી રાખવો પડતો, એટલે તો અત્યારે મધ્ય યુગનું એવું અતિ મુલ્યવાન ઈસમાઈલી સાહિત્ય બહોળા પ્રમાણમાં જળવાઈ નહી રહેવાથી લગભગ અલભ્ય બની ગયું છે. છતાં વીસમી સદીના આ જમાનામાં કે જ્યારે પૃથ્વીના દરેક ભાગમાં આધુનિક કેળવણી અને પશ્ચિમની

Scanned with CamScanner

સંસ્કૃતિ પ્રસરતી જાય છે. રાજદ્વારી વાતાવરણ પલટો લઇ ધર્મઝનુન અને જુનવાણી વિચારોની ઝેરી હવાથી વિશુદ્ધ બની, વિજ્ઞાન અને વિદ્યાના પ્રેરક વાયુથી સભર બનવાથી ધાર્મિક અસહિષ્ણુતાના પુર ઓસરતા જાય છે, ત્યારે આવા કિંમતી સાહિત્યનો ખજાનો જે હિફાઝતમાં જળવાઇ રહ્યો છે તે બહાર આવતો જાય છે. જો કે એની આયાત પશ્ચિમમાંથી થાય છે કે જે પુર્વમાંથી પશ્ચિમમાં નિકાસ થયેલ હોય છે અને જ્યાંથીએ નિકાસ થયેલ તે ત્યાંજ તેની મુળ જગ્યાએ પાછું આયાત થાય છે, ત્યારેજ ઘર આંગણેના રત્નોની કિંમત ઘરના માણસો સમજી શકે છે, એ જમાનાની વિચિત્રતા નહિ તો બીજું શું ગણાય?

પાખંડી, બેઇમાન, મુલઇદ, બેદીન વગેરે અનેક લોકોચ્ચારણથી જેને તેની હૈયાતીમાં હડધુત કરવામાં આવ્યો હતો અને જેને પોતાના ઘરબાર અને વ્હાલું વતન તજી દુર દુરની એકાંત પહાડો જંગલો અને ખીણોમાં પોતાનાજ ગામવાસીઓ અને સહધર્મીઓ યાને એક જ કલમેગો બંધુઓના ધર્મ ઝનુન, અજ્ઞાનતા અને ધાર્મિક અસહિષ્ણુતાના કારણે પોતાનું જીવન વિતાડવું પડયું હતું અને જે પોતાની માતૃભુમિના ફરી દિદાર કરવા ન્હોતા પામ્યા અને જેણે પોતાની જીવનયાત્રા ત્યાંજ પુરી કરી હતી, એવા મહાન સંતજન હકીમ ખ્વાજા સૈયદ શાહ નાસિર ખુશરૂનું નામ અત્યારે એટલે લગભગ એક હજાર વર્ષ બાદ યુરોપમાં એક મહાન મુસાફર, તત્વજ્ઞાની, આધ્યાત્મવાદી અને શીઘ્ર કવિ તરીકે મશહુર થયું છે અને ઇરાનના પાટનગરના કેટલાક સ્થળો અને રસ્તાઓ તેમના નામથી ઓળખાવવાની મગરૂરી લઇ રહ્યા છે, એ પણ જમાનાની તાસીર છે.

જેના રચેલા સાહિત્ય સામે જોવામાં પણ આમ જનતા પાપ સમજતી અને એ શાસ્ત્રને તેમના અનુયાયીઓ એટલું પવિત્ર ગણતા

Scanned with CamScanner

અને તેની એટલી હિફાઝત કરતા કે તેના અધિકારીઓ સિવાય બીજાની નજરે પડી ન જાય એવી ખાસ તકેદારી રાખતા, એ સાહિત્યમાંનું કેટલુંક અત્યારે તેની મુળ પ્રતો રૂપે અથવા જુદી જુદી ભાષામાં તેના તરજુમાં રૂપે યુરોપ અને અન્ય દેશોની મહાન લાઈબ્રેરીઓ સંગ્રહસ્થાનો સંગ્રહવામાં ગૌરવ લઈ રહ્યા છે.

ઈસમાઈલી સિધ્ધાંતો ઉપર રચાયેલા આવા સાહિત્યમાં સૈયદ શાહ નાસિર ખુશરૂની કૃતિઓ અતિ માન અને ગૌરવભર્યું સ્થાન લે છે. તેમની કૃતિઓમાં દીવાને શાહ નાસિર ખુશરૂ, ઉમ્મુલ કિતાબ, રોશનાઈ નામા, કલામે પીર, અથવા કિતાબે હફ્ત બાબ, વજહે દીન વગેરે મુખ્ય છે.

"કલામે પીર" અથવા "કિતાબે હફ્ત બાબ"નો અંગ્રેજી તરજુમો ઈ. સ. ૧૯૩૫માં મુંબઈની "ઈસ્લામિક રીસર્ચ એસોસીએશન" તરફથી તેની મુળ ફારસી પ્રત અને વિવરણ સાથે મી. ડબલ્યુ આઈવેનો હસ્તક બહાર પડેલ છે તેમાંનું ફારસી મુળ લખાણ હી.સ. તા ૨, રબીઉલ આખર ૧૨૧૯ ઈ. સ. તા. ૧લી ઓગષ્ટ ૧૮૦૪ની નકલ જેના ઉપર શનીવાર તા. ૧૪મી સવ્વાલ સને ૧૨૦૭ હીજરી તા. ૨૫મી મે સને ૧૭૯૪ની તારીખ છે તે મળી આવવાથી અંગ્રેજી તરજુમો તેના ઉપરથી લેવામાં આવ્યો છે જેનો આ ગુજરાતી અનુવાદ છે.

કલામે પીરનો ફારસી વિભાગ અને અંગ્રેજી તરજુમો લગભગ છપાઈ રહ્યા બાદ તેના સંપાદક મી. ડબલ્યુ આઈવેનોને તા. ૩૦ મી ઓકટોમ્બર ૧૯૩૪ને રોજ ગીલગીટ નજીક આવેલા હુન્ઝા પ્રદેશના રહીશ તેમના એક ઈસ્માઈલી મિત્ર મી. કુદરતઅલી બેગ તરફથી અબુ ઈસહાક રચિત "હફ્ત બાબ" નામે એક કિતાબ આપવામાં આવી હોવાનુ પોતાના વિવરણમાં તે જણાવે છે કે જેનો મઝમુન લગભગ "કલામે પીર" યાને "હફ્ત બાબ"ને મળતો છે.

Scanned with CamScanner

એ ઉપરથી જણાય છે કે હકીમ સૈયદ શાહ નાસિર ખુશરૂ કૃત "હફ્ત બાબ" નામની બીજી કૃતિ ઉપરથી ઉત્પન્ન થયેલ અત્યારે વિકસીત વૃક્ષોના રૂપમાં આ કૃતિઓ છે કે જેના મીઠાં અને ગુણદાઇ ફળો ઈરાન, બદખશાન, ચિત્રાળ, ગીલગીટ, હુન્ઝા, રશિયા, અપરઓક્ષસ વગેરે મધ્ય એશિયામાં વસતા ઈરાની ઝબાન બોલતા ઈસમાઈલીઓ ચાખી રહ્યા છે.

ઈસ્લામના હકીકી તરીકા ઈસમાઈલીઝમના નિઝારી શાખાના ધાર્મિક સિધ્ધાંતોનું સ્ફોટન કરતી, આ મુળ કૃતિના લેખક એ ઝમાનામાં થઇ ગયા છે કે જ્યારે મીસરની ઈસમાઈલી હકુમત અને ફાતિમી ખીલાફતની આખા જગતમાં બોલબાલા હતી અને ઈસ્માઈલી ઈમામતનો સુર્ય ઈસલામના મધ્યાકાશમાં સોળે કળાએ પ્રકાશી રહ્યો હતો કે જેના અતુલ તેજ આગળ અનેક મહાન રાજ્યો પણ ઝાંખા દેખાતા હોવાથી બળી જળી રહ્યા હતા. ઈમામ શાહ મુસ્તનસિરબિલ્લાહ (પહેલા) નો એ જમાનો હતો અને સર્વત્ર શરીયતીનો દૌર પુરબહારમાં ચાલુ હતો ત્યારે આજથી એક હજાર વર્ષ પહેલાં ઈસ્લામી ઈલ્મના કિંમતી જવાહીરોની રોશની આ કિતાબ દ્વારા તેના કર્તાએ ફેંકી હતી કે જેની કદર અત્યારે જગતના વિદ્વાનો કરી રહ્યા છે.

આ કિતાબ તેના નામ પ્રમાણે સાત પ્રકરણો (હફ્ત બાબ)માં વહેંચાયેલી છે અને તે દરેકમાં અનેક અદભુત બાબતોની સમજુતી ભરેલી છે. સર્વ બાબતોનો સાર કાઢતાં એકજ સાર નીકળે છે કે જમાનાના મર્દે કામીલ યાને ઈમામે ઝમાનની શોધ કરી, તેનો પાલવ પકડી, તેની તાબેદારી કરી, ફરમાંબરદારીમાં રહેવાથી મારિફતે ઈલાહી પ્રાપ્ત થાય છે કે જે પાક ખાલીકનો મખલુકાત પેદા કરવાનો મુળ ઉદેશ છે.

Scanned with CamScanner

મુળ પ્રતના મી. ડબલ્યુ આઇવેનોના અંગ્રેજી તરજુમાના આધારે આ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે, છતાં કુરાને શરીફની મી. ડબલ્યુ આઇવેનોએ સુરા અને આયાતોમાં જે હવાલા આપ્યા છે તેમાંની આયાતનાં નંબરમાં ફરક કરી, શેખ મોહંમ્મદ એસફહાની કૃત હિ. સ. ૧૩૧૮ માં બહાર પડેલ કુરાને શરીફના ગુજરાતી તરજુમામાં જણાવ્યા મુજબના નંબરો આપવાનું ગુજરાતી વાંચકની સગવડતા ખાતર દુરસ્ત ધાર્યું છે.

આ ઉપયોગી કૃતિનો ગુજરાતી અનુવાદક ઇસ્માઇલી સાહિત્યની શોધખોળ કરનાર અને ઇસમાઇલી સિધ્ધાંતો જાણવાની જીજ્ઞાસા રાખનાર ગુજરાતી ભાષા જાણનાર અભ્યાસીઓને માર્ગદર્શક થઇ પડશે એમ હું માનું છું. અનુવાદની ભાષા જેમ બને તેમ સાદી એટલા માટે રાખવામાં આવી છે કે, દરેક અભ્યાસી અને વાંચકને તે સમજવામાં મુશ્કેલી ન પડે.

અનુવાદક
વલીભાઇ નાનજી હુદા

મુંબઇ, જુલાઇ ૧૯૫૦.

Scanned with CamScanner

## અનુક્રમણિકા


| વિષય | પેજનંબર |
|---|---|
| ૧ પ્રસ્તાવના મુળ લેખકની | ૧-૮ |
| ૨ પ્રકરણ ૧લું<br>લેખકના જીવન ચરિત્ર વિષે | ૯-૨૩ |
| ૩ પ્રકરણ ૨જું<br>બઉતેર ફિરકાના સિધ્ધાંતોના ખોટાપણા વિષે | ૨૪-૩૬ |
| ૪ પ્રકરણ ૩જું<br>ઇસમાઇલી મઝહબ સત્ય છે. | ૩૭-૯૮ |
| ૫ પ્રકરણ ૪થું<br>નબુવત અને વસાયત | ૯૯-૧૧૪ |
| ૬ પ્રકરણ ૫મું<br>ઇમામત અને મહાન કયામત | ૧૧૫-૧૮૦ |
| ૭ પ્રકરણ ૬ઠું<br>ખુદાતઆલાનું ઝાતી અને સિફાતી સ્વરૂપ | ૧૮૧-૧૯૩ |


Scanned with CamScanner

૮ પ્રકરણ ૭મું
શરીયતી અહકામોમાં રહેલો ભાવાર્થ --- ૧૯૪-૨૦૨
કુરાને શરીફની કેટલીક આયાતોના
તાવીલી અર્થ -- ૨૦૨-૨૧૦
આ રસાલામાં સાત પ્રકરણો શા માટે ? ૨૧૧-૨૨૮
પરલોકગમન સંબંધીનાવિચારોનો
તાવિલીઅર્થ--- ૨૧૯-૨૨૨
તુબાનું વૃક્ષ અને હુરાંઓ વિષે ---------------૨૨૨
બહેશ્ત અને તેના દ્વાર -------------- ૨૨૨-૨૨૭
બહેશ્તના ઝરાઓ વિષે ------------- ૨૨૭-૨૩૭
શરીયત અને કયામત વચ્ચેનો સંબંધ -- ૨૩૭-૨૪૦
હાજર ઇમામની શનાખત મેળવવાની
જરૂર ------- ૨૪૧-૨૪૭

Scanned with CamScanner

# કલામે પીર
## અથવા
## કિતાબે હફ્ત બાબ

બિસ્મિલ્લાહ હીર રહેમાન નીર રહીમ.

ખુદાના નામથી શરૂ કરૂં છું જેકૃપાળુ અને દયાળુ છે.

અલહમ્દોલ્લિાહ, રબ્બલ આલમીન-બધા વખાણ ખુદાના છે કે જે સર્વ સૃષ્ટિઓનો પાલનહાર છે અને જે ભક્તજનોનું આખરી ધ્યેય છે; અને તેના (અલ્લાહના) રસુલ અને તેઓશ્રીના બધા પાક અને નેક ઉત્તરાધિકારીયો અને તેઓશ્રીના "વસી" અને તેઓશ્રીની (ઝુર્ઈય્યત) આલ ઉપર સદાકાળ અને નિરંતર સલવાત અને સલામ હોજો.

ખુદાઇ આજ્ઞાઓનો અર્થ સમજાવનાર, પૃથ્વી ઉપરના ઈમામે ઝમાન, જેનો બોલ ખુદાતઆલા સદા બુલન્દ રાખે અને જેઓશ્રીની તાબેદારી કરવામાં આપણને તે મદદગાર થાય, તેના નામથી શરૂ કરૂં છું.

વખાણ અને આભાર પરવરદિગારના કે જેણે પોતાની

Scanned with CamScanner

તાય્યીદ યાને ઈલાહી મદદના નુરની ચિણગારીમાંથી મારિફતના પ્રકાશ વડે, "અકલેકુલ" ને જોતાં, સાંભળતા અને બોલતા બનાવ્યા.

એ મારફત "અકલેકુલ" બ્રહ્માંડનો ભેદ અને આ માયાવી દુનિયાનું વાસ્તવિકપણું જોઇ અને સમજી શકે છે અને એ જ્ઞાન ભરોષાપાત્ર ફિરસ્તાઓ અને ધાર્મિક પંથના પ્રચારકો- દાઈયોને પહોંચાડે છે. તેણે યાને ખુદાવંદતઆલાએ તેઓશ્રીને આ દુનિયા અને તેમાંના રહેવાસીઓ માટે પોતાના હુજ્જત યાને ખુદાઈ સાબિતી બનાવેલ છે; તેણે યાને ખુદાવંદતઆલાએ પોતાની અગાધ શક્તિ અને સર્વ માન્ય આજ્ઞાથી મનુષ્ય જાતમાંના જુલ્મીયો અને બંડખોરોને પોતાની કુદરતના ભાલાની અણીએ હવામાં ઉછાળીને પોતાના નીચી પંક્તિના તાબેદાર બન્દાઓના પગ આગળ ફેંકી દીધા છે. કુરાને મજીદ (સુરા ૪, આ. ૧૩૬) અને હ. પયગમ્બર સ.ની હદીસમાં જેમ ફરમાવવામાં આવેલ છે :-

**"જે ખુદાને અને તેના ફિરસ્તાઓને અને તેની કિતાબોને અને તેના પયગમ્બરોને અને છેલ્લા દિવસને માનતો નથી તે ખરેખર આડે માર્ગે જઇ (મોટી) ભુલમાં પડ્યો છે."**

એમાં "છેલ્લા દિવસનો" જે ઉલ્લેખ છે તે "અલી" અને તેના જાનશીન (ઇમામો) માટે છે. અને ખુદાતઆલા એકલોજ હૈયુલકય્યુમ (ના વખાણને પાત્ર) મૌલા છે. આલમે અરવાહના અનંત ગર્ભ અને તેની ચાલુ ઉત્પત્તિને લગતા

Scanned with CamScanner

ભેદનો ઉકેલ અને ઝહુરાત ખુદાતઆલાના ઉપર આધાર રાખે છે અને પાયો અથવા સિદ્ધાંત અને ઈમામતનું મુળ કે જેમાંથી નબુવતનો ભેદ ચાલ્યો આવે છે, તેમાં કદી પણ ખાંચો પડેલ નથી. જેમકે હ. નબી રસુલ સ. એ ફરમાવ્યું છે કે -

**"તેના તરફ અમ્ર અને ફુલે જહુરાત (કશફ) પાછી ફરે છે કારણ કે નહિ તો..." ***

કોઈ પણ વ્યક્તિ તેની ખુલ્લી નિશાનીથી અને જમાનાના હુજ્જતોની રિવાયતો યાને બોધથી ઈમામત કબુલ રાખે છે. અને ખુદાઈ કૃપાના વાદળાંઓ જેવા તેના પયગમ્બરો અને તેમના અનુયાઈઓની પવિત્રતા તરીકે ઈમામતનો ભેદ એક આશિર્વાદ જેવો ખુલ્લો થાય છે. (કુરાને શરીફ સુ. ૬ આ.૩) માં જે ફરમાવવામાં આવેલ છે તેને અનુસરીને તે છે; જેમ કે :-

**"તે તમારી છુપી અને ખુલ્લી વાત જાણે છે અને જે તમે કમાઓ છો તે પણ જાણે છે."**

દરેક ઈમાનદાર શખ્સ (કુરાને શરીફ સુ. ૨ આ. ૨૮૬) **"જે (સારૂં) તે કમાયો છે તે તેના લાભમાં છે અને જે (નરસું) તે કમાયો છે તે તેની વિરૂદ્ધ છે."** ના સિદ્ધાંતને અનુસરીને ખુદાતઆલાની દયાથી જે સત્ય મુસ્તેહક છે તેનો ગુલામ બનશે. ઓ ખુદાવંદતઆલા ! તું અમને તને જે પસંદ હોય અને જેનાથી તું રાજી થાય તેવું જ્ઞાન આપજે.

---

*આ હદીસ અધુરી છે કદાચ એ હદીસ પ્રખ્યાત હોવાથી ફકત યાદી રૂપે અધુરી રાખેલ હોય એ બનવા યોગ્ય છે.

Scanned with CamScanner

ખુદાવંદતઆલાના હુજ્જત યાને હ. મહમદ મુસ્તફા, તેમના અને તેમની આલ પાક ઉપર ખુદાવંદતઆલાના આશિર્વાદ હોજો કે જે બધા નબીઓમાં ઉત્તમ અને મહાન છે, તેમને અનુપમ ગૌરવ-દુરૂદ ઘટારત છે. તેઓશ્રીએ દઆવતના મયદાનમાં, સમજાવટના ઘોડા ઉપર સ્વાર થઇ, લોકોને અજ્ઞાન અને ભુલના અંધકારમાંથી બહાર લાવવા અને તેમને મારિફત યાને ઈલાહી ઓળખાણના પ્રકાશથી ખુદા પાસે આવે એવા લાયક કરવા, તેમને બિલકુલ પાક બનાવીને સિરાતલ મુસ્તકીમ ઉપર ચલાવવા સારૂ બીક અને આશા આપ્યા છે. જેમ કેઃ-

(કુરાને શરીફ સુ. ૩૩ આ. ૩૩) **"માત્ર ખુદા ઈચ્છે છે કે તે તમારા ઉપરથી હે, અહલેબેત, નાપાકી દુર કરે અને તે તમને પાક કરી પવિત્ર કરે."**

ખુદાવંદતઆલાએ (કુરાને શરીફ સુરા ૩જી આ. ૩૩-૩૪)માં ફરમાવ્યું છે કે **"ખરેખર ખુદાએ આદમને અને નુહને અને ઈબ્રાહીમના વંશને અને એમરાનના વંશને સર્વ આલમ ઉપર પસંદ કર્યા છે. (એક પછી બીજા ગાદીયે આવે એવી રીતે) તેના વંશજોમાંથી કેટલાકને કેટલાક ઉપર શ્રેષ્ટતા આપી છે અને ખુદા સાંભળનાર અને જાણનાર છે".** પોતાના હિજાબ જેવા રસુલ મારફત ખુદાવન્દતઆલાના દીનને આવી ભેટવા ખુદાવન્દતઆલાએ પૃથ્વીના લોકોને બોલાવ્યા છે. ખુદાવન્દતઆલાના રસ્તા ઉત્તમ છે.

Scanned with CamScanner

સત્ય માર્ગદર્શક દીનના અનુયાયીયો, દોસ્તો અને બંધુઓએ, પાક ઈમામોના આ અદના ગુલામને (યાને આ પુસ્તકના લખનારને) કુરાને શરીફની આયાત (સુ. ૧૩ આ. ૭) **"તું માત્ર ચેતવણી આપનાર છે, અને દરેક કોમ માટે એક રસ્તો બતાવનાર છે"** ને અનુસરીને એક મઝહબી કિતાબ લખવા માંગણી કરી અને ખરેખરી દોરવણી આપતા, સત્ય માર્ગદર્શક, ઈસમાઈલી મઝહબ, જેને ખુદાવન્દતઆલા દુનિયાના પુર્વ અને પશ્ચિમના ભાગોમાં મજબુત સ્થાપે, તેનો અદના ગુલામ, ખુદાવન્દતઆલા પાસે દુઆ માંગે છે કે, "તું મને તારી કાયમી મદદ આપજે અને ચાલુ માર્ગ દર્શન કરાવજે અને જેઓ ગુન્હા અને ભુલો કરે છે તેમનાથી, જમાનાના શયતાનો અને આજના ઈસુ પયગમ્બરના શિક્ષણના વિરૂધ્ધિઓથી અને જેઓ દેખાવે હ. રસુલ સ. અને દાઈયોનો બોલ સ્વીકારે છે, પણ હકીકતમાં હેવાનની માફક ઝાડના પાંદડા અને ઘાસથી સંતોષ માને છે, એવાઓથી દુર રાખજે". તેઓ ઈન્સાનની હાલતમાંથી હેવાનની હાલતમાં આવી પડે છે, એનું એજ કારણ છે; જેમકે કુરાને શરીફ (સુરા ૨૫ આ. ૪૪)માં ફરમાવેલ છે કે:- **"તેઓ માત્ર ઢોર જેવાજ છે બલ્કે તેઓ વધારે આડે રસ્તે છે."**

એ પ્રમાણે ખુદાવન્દતઆલાની શુક્ર ગુજારી, તેના વખાણ અને સ્તુતી કર્યા બાદ આ ગુલામ એક અણકસબી ઢબે, મારા પોતાના જમાનાના સદાચારી માણસોની રીતો સંબંધી

Scanned with CamScanner

મને જે શિક્ષણ મળ્યું છે તે બધાનું વર્ણન કરૂં છું અને આ કિતાબ મોમીનોની જમાત, તેમાં શરૂઆત કરનારા અને એમાં નવા દાખલ થયેલાને તેમની પ્રગતિમાં સહાયરૂપ બને એવી દુઆ માંગુ છું.

હું ઇચ્છું છું કે તેઓ ખુદાવન્દતઆલાની શુક્રગુજારીની બંદગીમાં દાનવો અને માનવોના સરજનહાર, જગત અને ઝમાનાના માલિક, જેમની સત્તાની ચડતી હો અને તેમની સત્તાનો જય જયકાર હો, તેની મદદ અને દયા માટે, આ અદના ગુલામનું નામ સામેલ કરે! મદદગારો અને સહાયકારોમાં ખરેખર તેજ મહાનમાં મહાન વિશ્વાસપાત્ર છે. આપણે ફકત આપણા મૌલા ઉપર જ આધાર રાખીયે છીએ.

આ કિતાબ "હફ્ત બાબ" યાને "સાત પ્રકરણ"ની બનેલી છે.

(૧) પહેલું પ્રકરણ-લેખકના જીવન ચરિત્ર અને તે ઇસમાઇલીઓના સાચા મઝહબમાં કેવા સંજોગોમાં દાખલ થયા તે વિષે છે.

(૨) બીજુ પ્રકરણ- (ભુલાવામાં પડેલા) બઉતેર ફીરકાના સિદ્ધાંતોનું ખોટાપણું બતાવવા સંબંધમાં છે.

(૩) ત્રીજા પ્રકરણમાં લેખક એવું સાબિત કરે છે કે, દુનિયામાં આ એક (ઇસમાઇલી) ફિરકા સિવાય બીજો કોઇ ફિરકો નજાત યાને મોક્ષ મેળવશે નહિ અને આ એકજ ફિરકો સાચો છે.

Scanned with CamScanner

(૪) ચોથું પ્રકરણ-નબુવતનો અર્થ, નબીના વસીનો દરજ્જો, કુરાને શરીફનું સ્પસ્ટીકરણ અને તેના તાવિલી ખુલાસાઓ સંબંધમાં છે. ખુદાવન્દતઆલાની મદદથી હું આ બધું ખુલાસાવાર સમજાવીશ.

(૫) પાંચમું પ્રકરણ-ઈમામતના અર્થ, જમાનાની અમુક મુદત કે જે વખતે ઈમામ અપ્રસિદ્ધ કે પ્રસિદ્ધ રહે છે તે અને કયામતેબુઝુર્ગના અર્થ સંબંધી છે.

(૬) છઠ્ઠુ પ્રકરણ- રૂહાની અને ભૌતીક જગત સંબંધી, પદાર્થોની શરૂઆત અને તેમનો અંતિમ ધ્યેય અને નવા દાખલ થયેલા મુરીદોથી ઈમામ સુધીના આધ્યાત્મિક પ્રગતિના દરજ્જાઓ સંબંધમાં છે.

(૭) સાતમું પ્રકરણ - મઝહબના કેટલાક અહકામોની બજવણીના તાવિલી અર્થ વિષે, કુરાને શરીફની કેટલીક આયાતો સંબંધી, કેટલીક અગત્યની બાબતો સંબંધી તેમજ આ કિતાબને સાત પ્રકરણોમાં શા માટે વહેંચી નાંખવામાં આવી તે બાબત અને મનુષ્ય સ્વભાવ અને બ્રહ્માંડની અદ્‌ભુતતા વચ્ચેના સામ્ય સંબંધમાં છે.

જે સત્ય અને બરાબર હોય તે બધું આપણા મૌલા, જેની વડાઈની વૃદ્ધિ હો અને જેના નામ ઉપર સલવાત, તેણે આ અદના ગુલામની જીભ ઉપર મુકેલ છે, તે એમાં છે, અને ખુદા ન કરે ને જે કાંઈ ખોટું હોય તે બધું લેખકના કમભાગ્ય અને ત્રષ્ણાને આભારી હોવાનું જાણજો.

Scanned with CamScanner

જેમકે (કુરાને શરીફ સુ. ૪ આ. ૭૯) **"જે સુખ તને મળે છે તે ખુદા તરફથી છે અને જે દુઃખ તારા ઉપર આવી પડે છે તે તારા પોતા તરફથી જ છે."**

આપણા મૌલા પોતાના બંદાઓને સત્ય ધર્મના અહકામો મુજબ વર્તવામાં મદદ કરે, જે ખરાબ અને અઘટિત હોય તેનાથી તેમના અંતઃકરણોને દુર રાખે, અને **"અકલેકુલ"**ના જ્ઞાનની જ્યોતિથી તેને જોવા અને સાંભળવા પ્રકાશિત કરે. ખરેખર તે બધાં મદદગારો અને સહાયકારોમાં સર્વથી શ્રેષ્ઠ છે.

Scanned with CamScanner

# પ્રકરણ ૧લું

## દીને ઈસમાઈલીઆ કે જે ફક્ત મુખ્ય અને સત્ય માર્ગદર્શક મઝહબ છે તેના અદના ગુલામ (આ કીતાબના) લેખકના જીવન ચરિત્ર વિષે.

જ્યારે ખુદાવંદતઆલા અમુક વસ્તુ બનાવવાની ઈચ્છા કરે છે ત્યારે તે તેની ઉત્પત્તીનું કારણ ઉભું કરે છે. આ અદના ગુલામનો ઈતિહાસ આ પ્રમાણે છેઃ

જેવો હું મારો ડાબો અને જમણો હાથ પારખવા શીખ્યો એવોજ અને જ્યાં સુધી ખુદાઇ કિતાબના અક્ષરો અને ઈલાહી ભેદ જે આપણા પયગમ્બર રસુલ સ. મારફત આપણને મળેલ છે તે, એટલે કુરાને શરીફ સમજવા શીખ્યો, કે જેનું જ્ઞાન મને મારી દશ વર્ષની ઉમર પહેલા થયું, ત્યાં સુધી મારૂં દિલ તરેહવાર વિદ્યાઓ શીખવા અને જુદી જુદી જાતના નેકીના કાર્યો કરવા પાછળ પરોવાયેલું રહ્યું.

ત્યાર બાદ હું સાહિત્ય અને વ્યાકરણ શીખવા, મોટી મોટી લુગાતો યાને શબ્દકોષોનો અભ્યાસ કરવા વ્યુત્પત્તિ અને કાયદાની ભાષા અને ખતપત્રોને લગતી વિદ્યા મેળવવા પાછળ ગુંથાઇ ગયો; ત્યાર પછી મેં ખગોળવિદ્યા, રમલ, ભુમિતિ, ઈલ્મે મજીસ્તી, માપણી અને તેને લગતી વિગતોની વિદ્યાઓ હાથ ધરી.

Scanned with CamScanner

તે બાદ હું મજહબી અહકામો તરફ વળ્યો અને હું કુરાને શરીફ ઉપરની ૯૦૦ તફસીરો જોઇ ગયો અને કુરાન પડવાની કળા મેં હાથ કરી અને બીજી જુદી જુદી વિદ્યાઓમાં પારંગત થવા તેના અભ્યાસ પાછળ હું મંડી પડયો.

બાતુની વિદ્યાઓનું જ્ઞાન મેળવવા અને દુનિયા જોવાના હેતુસર દેલમ દેશ અને હયદરાબાદ જીલ્લો છોડી હું ચાલી નીકળ્યો. ૩૦ વર્ષના ગાળામાં મેં મીસર, બૈઝાનટીયમ, ગ્રીસ અને બેબીલોન જોયા. ત્યાર પછી મેં શરીયત (કાયદા) અને હ. રસુલની હદીસો અને કુરાને શરીફની આયાતોના ખંડન ઉપરની ટીકાઓ અને નાસુખ યાને મનસુખ થયેલી અને હરામ અને હલાલ બાબતોના વર્ણનવાળી બધી આયાતોનો અભ્યાસ કરવાનું કામ હાથ ધર્યું. કુરાન પડવાની જુદી જુદી તરકીબો જે જુદા જુદા તઆલીમી કેન્દ્રોવાળા શહેરોમાં પ્રચલિત હતી તેનો મેં અભ્યાસ કર્યો. હ. ઈમામ મહમદ બાકર અ.ની કેટલીક કિતાબો મને મળી આવી જેવી કે "કશફે કબીર" યાને "મહાન સ્પષ્ટીકરણ" અને બીજી "જામીએ સગીર" યાને "ટૂંકો સંગ્રહ" તેમજ "શામીલ" યાને "કુલ બાબતોનો સમાવેશ" ની કિતાબ મને જડી અને મારા વડવાઓ ઈમામ અલી ઇબ્ને મુસારિઝાના હાથની લખેલી એક હસ્ત લિખિત પ્રત, ઈમામ મહમદ બિન હસન અસકરીની કૃતિયોમાંથી મને મળી આવી. વળી તે

Scanned with CamScanner

જમાનાના લોકોના વાંચનમાં ઉપયોગી બીજી કિતાબોનું પણ મેં વાંચન કર્યું. ત્યાર પછી મેં પ્રાચિન કિતાબો એટલે કે હ. મુસા પયગમ્બરની **"તોરાહ"**, હ.ઇસા પયગમ્બરની **"ઇન્જીલ"**, હ. દાઉદ પયગમ્બરની **"જંબુર"** અને હ. ઇબ્રાહીમ અ.ની કિતાબો (સુહુફ) જે તે જમાનાના લોકોને સંબોધાયેલા ઇલાહી વચનો ગણાય છે, તેનો અભ્યાસ શરૂ કર્યો. ત્યાર બાદ મને શીજુરાનસના શ-મર-કીસની અને યુવાન યહુદી પ્ટોલેમીની કિતાબો મળી આવી જેનો મેં અભ્યાસ કર્યો. આમાં બીજા છ વર્ષ વિતી ગયા. ત્યાર બાદ ઇસ્લામી મજહબને લગતાં શિક્ષણ તરફ પાછા વળતાં, ફિલસુફી, તર્કશાસ્ત્ર, ધાર્મિક અને ભૌતિક ખાસિયતના કાનુનો, મહાન વિદ્વાનોના વૈદક, રાજદ્વારી અને જાદુઇ વિદ્યાના જ્ઞાનમાં મને ભારે રસ પડયો.

જગતમાં એકે વિદ્યા બાકી ન રહી કે જેનો મેં અભ્યાસ નહિ કર્યો હોય, (પછી) તે તોરાહ, ઇન્જીલ, જંબુર કે કોરાન હોય !

બઉતેર વર્ષ સુધી રાત અને દિવસ વિચારશીલ રહ્યાથી, મને ફક્ત એટલી જ ખાત્રી થઇ કે, "હું કાંઇ જાણતો નથી". "બૈયતે મામુર" અને "ઉમ્ર" ની બે નાની અને બે મોટી એમ ચાર હજ મેં કરી. આ હજો દરમિયાન મારી બધી માલમિલ્કત મેં ગરીબો અને હાજતમંદોને વહેંચી દીધી. મારી આખી જીંદગીમાં કદી પણ રોજા નહિ છોડતાં

Scanned with CamScanner

ચાલુ રોજા રાખ્યા. મુસાફરી વખતે કે વિસામો ખાતી વખતે કોઇ તરફ પણ મેં ગુસ્સો કે નારાજગી કદી પણ બતાવી નથી, પણ દરેક સાથે હું વિનયી રહ્યો છું. અહલે તદાદ યાને પ્રખ્યાત નાસ્તિકોના ધર્મ અને તેમના ખોટા સિદ્ધાંતો સિવાય બીજા કોઇ પણ ધર્મ કે તેના સ્થાપકો માટે મેં કદી પણ ટીકા કરી નથી; ટુંકમાં કોઇ પણ માટે હું કદીપણ ખરાબ બોલ્યો નથી.

જ્યારે હું પુખ્ત ઉમ્મરે પહોંચ્યો ત્યારે આ હદીસો **"જેણે પોતાને ઓળખ્યો તેણે ખુદાને ઓળખ્યો"** અને **"દરેક જણ સાચા મજહબ (ફિતરત) ઉપર ચાલવા જનમ્યો છે"** મુજબ ખુદાની મારિફત અને તેની બંદગી માટે મારા આત્માને તમન્ના જાગી.

આ વિચારોનો બોજો મારા ઉપર એટલો બધો પડયો કે, તે બોજો સહન ન કરી શકવાથી હું જંગલો અને ડુંગરાઓમાં કેટલીક વખત ચાલ્યો જતો. કેટલીએક વખત કેટલાક લોકો, જેઓ દેખાવે મારા કરતાં જુદા પ્રકારના દેખાતા હતા તેમની પાસેથી મને કાંઇક સધ્યારો મળશે એવા ખ્યાલથી તેવાઓની પાસે જઇ તેમની સલાહો લેતો, પણ એ લોકો મને જાહેરી ઇલ્મ પાછળ મંડ્યા રહેવાની સલાહ આપતા. એમ છતાં આવા ઇલ્મ માટે મેં મારાથી બનતું બધું કર્યું, પણ હું જેની શોધ કરતો હતો, તે એક કે જેની બંદગી કરવી ઘટે તેના તરફનો જે માર્ગ

Scanned with CamScanner

હું ઢુંઢતો હતો તે મને મળી નહિ શકવાથી, હું નાસીપાસની આગમાં વધારે ને વધારે બળવા લાગ્યો; જ્યાં સુધી સહન થઇ શક્યું ત્યાં સુધી જાહેરી અહકામોની પાબંદીથી મને લાભ થયો, પણ મારો રૂહ રડવા અને કહેવા લાગ્યો કે "અમે ઉદાસ છીએ." અને દિલ બળતું અને કહેતું કે "અમે રડીએ છીએ." એ મુજબ મારી ફુજુલ વિતેલી જીંદગી ઉપર હું એટલો બધો રડતો કે કોઇ વખત મને એમ લાગતું કે મારો ઉત્સાહભંગ જીવ મારા ખોળિયામાંથી નીકળી જાય છે અને મદદ માટે આજીજી કરે છે અને મારૂં લોહી નિતરતું દિલ, શાંતિ અને આશ્રયની તમન્નામાં, મારી આંખોમાંથી આંસુ વ્હેવરાવતું.

આ મુજબ દરેક શકય રસ્તાઓમાં હું મુંઝાઇ પડયો હતો; "પયગમ્બરોનો આવવાનો હેતું શો હતો?", "તેમણે કોના માટેનું શિક્ષણ આપ્યું? અને કોનું જ્ઞાન, મારિફ઼ત મેળવવા તેમણે બોધ આપ્યો?", "અંતઃકરણ અને આત્મામાં વાવવામાં આવેલા ઇશ્કનાં બીજ કેવા છે?", "બધી મખલુક્ષતનો ખાલિક કોણ છે?" અને "જીવ આપનાર તાત કોણ છે?", "જે ચીજો હસ્તીમાં ન્હોતી તેને હસ્તીમાં લાવવાનો ખરો હેતું શો હશે?", "જીવંત પ્રાણીઓના દરેક વર્ગમાં કેટલાએક પ્રકાર બીજા કરતાં ચઢિયાતા છે, અને આ (ચઢિયાતા) પ્રકારોમાં વળી ચોક્કસ રૂપમાં બીજા કરતાં ઉચા છે; દાખલા તરીકે હેવાનોમાં સિંહ, પક્ષીઓમાં બાજ, જવાહીરોમાં હીરો અને એ મુજબ બીજી બધી ચીજોમાં છે. ત્યારે હવે મનુષ્ય

જાતીમાં હમણાં પુરૂષોત્તમ કોણ છે ? અને તેને કેમ ઓળખી શકાય?" "અજ્ઞાનનો આ આગાધ ઉંડો ખાડો કે જે ખરેખર દોઝખ છે, તેમાંથી નીકળી જ્ઞાનની કુશાદે જગ્યા કે જે અવિનાશી બહેસ્ત છે ત્યાં કેમ પહોંચી શકાય?" "કોની રહેબરીથી તેની યાને ખુદાતઆલાની નજદીકી હાંસલ થઇ શકે?" "આ માહિતીઓ કે જે જગતનો કોઇ પણ શખ્સ ધરાવતો હોય એવું દેખાતું નથી તે એવો કયો દોસ્ત છે કે આપે?"

કોઇ અજાણ્યો કે જે ખુદાતઆલાને પિછાણતો હોય તેના ઉપરથી ખુદાતઆલાની પિછાણ વગરના હજારો દોસ્તોને ઓળઘોળ કરી દેવાય ! ખુદાવંદતઆલાની મારિફતનો માર્ગ એવો માર્ગ નથી કે જેના ઉપર દરેક વ્યક્તિ પોતાની અકલ અને ક્યાસના પગો વડે ચાલી શકે ! અકલ ફક્ત ખાત્રી પુર્વક એટલું સમજે છે કે, આ માર્ગ, કોઇની પણ તઆલીમ વગર, ફક્ત ક્યાસની મદદથી જડી શકે તેમ નથી.

જો આપણે એમ માની લઇએ કે આ રસ્તો અમુક વ્યક્તિના દિલના ક્યાસની મદદથી મળી શકે છે, તો સાથે સાથે આપણે એ પણ જાણીએ છીએ કે બુધ્ધિમત્તાના સવાલો સંબંધમાં યાને એક વ્યક્તિને બુધ્ધિ મુજબ ચાલવાની બાબતોમાં દરેક જણ બીજાની બુધ્ધિ પ્રમાણે ચાલવાનો અને તેને તાબે થવાનો ઇન્કાર કરે છે. દરેક જણ પોતાને માટે પોતેજ નિર્ણય કરે છે. એ ઉપરથી એ ખુલ્લું દેખાય છે કે મારિફત હાંસલ કરવાનો રસ્તો દરેકને માટે જુદો જુદો બલ્કે, એક બીજાનો રસ્તો એક બીજાથી વિરૂધ્ધ હોય, એ

Scanned with CamScanner

મુજબ ખુદા કે જેને પહોંચવાનો રસ્તો દરેક જણ ગોતે છે, તે બીજાઓના ખુદાઓ કરતા દરેક બાબતમાં જુદો હોવો જોઇએ અને આવી રીતે ઘણા ખુદાઓ જણાય. આવી સ્થિતિના કઢંગાપણા માટે વધુ શું કહેવાનું હોય ?!

આ બધું ધ્યાનમાં લેતાં એ સાબિત થાય છે કે ખુદાવંદતઆલાની મારિફ્તના સવાલ સંબંધમાં વ્યક્તિગત વિચાર શક્તિએ એવી બુદ્ધિની પાછળ પાછળ ચાલવું જોઇએ કે, જે દરેક બુદ્ધિઓમાં સર્વશ્રેષ્ઠ હોય અને જેને ખુદાવંદતઆલા તરફથી ખાસ મદદ મળ્યા કરતી હોય ! તેની મદદ વગર કોઇ પણ વ્યક્તિગત બુદ્ધિ ખુદાઇ જ્ઞાન-મારિફ્ત મેળવી શકતી નથી. આવી બુદ્ધિ તે "અકલેકુલ" છે અને દરેક વ્યક્તિની અકલ તેના તાબામાં છે અને એ ખુદાવંદતઆલાની "હુજ્જત" (સાબિતી) છે.

દરેકે દરેક મખલુકાતની ફરજ છે કે તેને ઓળખે. તે હંમેશાં જાહેર હોય છે, કારણ કે જો તે એક પળવાર માટે પણ ગાયબ થઇ જાય તો મખલુકાત, ખુદાવંદતઆલાની હસ્તીની (સાબિતી) ખોઇ બેસે અને પોતાની અકલ મુજબ ચાલીને હલાક થઇ જાય અને જો એ મુજબ બને તો ખુદાવંદતઆલા તરફનો ખરો માર્ગ કોઇ મેળવી શકે નહિ અને ગુન્હા અને અધર્મિપણામાં ડુબી જાય.

હ. આદમ, હવા અને લઆનતી ઇબ્લીસની વાતમાં જણાવવામાં આવેલ છે કે (કુરાને શરીફ સુરા ૨. આ. ૩૧

-૩૨) **"અને ખુદાએ આદમને સર્વ** (ચીઝોના) **નામ શીખવ્યા પછી તે** (ચીઝો) **તેણે ફિરસ્તાઓ પાસે જાહેર કરી દેખાડી. પછી કહ્યું કે તમે આ** (ચીજોના) **નામની મને ખબર આપો, જો તમે સાચુ કહેતા હો."** ફિરસ્તાઓએ કહ્યુ કે "તું પાક છે, તેં અમને જે શીખવ્યું છે તે સિવાય અમને કાંઇ જ્ઞાન નથી."

એવું વર્ણવામાં આવેલ છે કે આ નામો બાબતમાં હ. આદમે ફિરસ્તાઓને તઆલીમ આપી અને તેમણે તે નામો જાહેર કર્યા. તેમજ આ વાત કે જેમાં વર્ણવવામાં આવેલ છે કે "અને જ્યારે અમે (ખુદાતઆલાએ) ફિરસ્તાઓને કહ્યું કે **"આદમને સિજદો કરો"** અને તેમણે ફક્ત ઇબ્લીસ સીવાય બધાએ સિજદો કર્યો." તેણે (ઇબ્લીસે) ખુદાવંદતઆલાના પાક નુરને સિજદો કર્યો નહિ. **"તે જીન્નોમાંથી હતો અને તેણે પોતાના માલિકના ફરમાનનો સામનો કર્યો"** (કુરાને શરીફ સુ. ૧૮ આ. ૫૦). તે અસલ જીન હોવાથી અને પોતાની અસલીયત માટે મગરૂર હોવાથી, તેણે ખુદાવંદતઆલાના "નુર"ને સિજદો કર્યો નહિ અને તેના ઉપર હંમેશના માટેની શિક્ષા ફરમાવામાં આવી.

પણ ઇલાહી ફરમાન મુજબ એ નુર દુનિયામાં હસ્તી ધરાવે છે. હ. આદમે એક પાપ કર્યું પણ તે ખુદાવંદતઆલા તરફ એમ કહેતો પાછો ફર્યો કે "હે અમારા પરવરદિગાર, અમે બન્નેએ અમારા પંડ ઉપરજ ઝુલમ કર્યો છે. (કુરાને

Scanned with CamScanner

શરીફ સુ. ૭ આ. ૨૩)" અને ખુદાવંદતઆલાએ તેમનો પશ્ચાતાપ કબુલ ફરમાવ્યો. હ.આદમે પાપ કર્મ કર્યા પછી ખુદાતઆલા તરફથી તેમને અમુક શિક્ષણ આપવામાં આવ્યું જેમાં ત્રણ પવિત્ર "કલમા" હતા, કે જે ઇલાહી તખ્ત અર્શની કમાનો ઉપર લખેલા હતા, કે "લાઇલાહા ઇલલ્લાહ મહમદન રસુલ્લિલાહ, અલી યુલ્લાહ વ ફાતમા બિન્તે રસુલિલ્લાહ". ત્યાર બાદ (એ કલમો પઢ્યા બાદ) હ.આદમની તોબાહ કબુલ ફરમાવવામાં આવી.

આ ઉપરથી સમજાય છે કે, આ "કલમા" ખુદાવંદતઆલા તરફથી જાહેર કરવામાં આવ્યા હતા; અને ઇબ્લીસ (તેના ઉપર લઆનત હોજોની) વાત ઉપરથી, કે જેમાં તેણે એમ કહીને વાંધો ઉઠાવ્યો હતો કે, **"તે મને આગમાંથી પેદા કરેલ છે અને તેને તેં માટીમાંથી પેદા કરેલ છે".** (કુરાને શરીફ સુ. ૭ આ. ૧૨) એ દેખાઇ આવે છે કે અકલ ચલાવનારાની અટકળો ખરાબી નિપજાવે છે.

જ્યારે ખુદાવંદતઆલાએ આદમને સિજદો કરવા તેને હુકમ ફરમાવ્યો ત્યારે તેણે ના પાડી અને કહ્યું કે "હું અગ્નિની પેદાશ છું અને આદમ માટીની પેદાશ છે અને આગનો પદાર્થ માટીના પદાર્થ કરતાં ચઢિયાતો છે અને ઉંચે નીચને નમવું જોઇએ નહિ."

(આ મુજબ) જેણે પહેલ વહેલી અકલ ચલાવી તે

Scanned with CamScanner

ઇબ્લીસ હતો. તેના ઉપર લઆનત હોજો ! તેણે કહ્યું કે "ફક્ત ખુદાતઆલાનેજ સિજદો કરી શકાય", અને તેજ કારણે તે હંમેશના માટે તે લઆનતી ઠર્યો. ખુદાએ કહ્યું **"ત્યારે તું ત્યાંથી બહાર નીકળ. ખરેખર તું હાકી કઢાયેલો છે અને ખરેખર તારા ઉપર મારી લઆનત, બદલો આપવાના દિવસ સુધી છે."** (કુરાને શરીફ સુ. ૩૮ આ. ૭૭-૭૮)

હવે આપણે મુળ વર્ણન ઉપર આવીએ. આ મુજબ મને ખાત્રી થઇ કે, "ખરેખર, મેં કાંઇ પણ જ્ઞાન મેળવ્યું નથી." હું બીલકુલ લાચાર અને ફિકરમંદ બની ગયો અને કુરાન શરીફની આ આયાત વારંવાર બોલવા લાગ્યો કે (કુરાને શરીફ સુ. ૨૭ આ. ૬૨) **"બલકે** (તે ખુદા વધારે સારો છે) કે **જે નિરાધાર માણસને જવાબ આપે છે, જ્યારે કે તે તેને બોલાવે છે, અને દુઃખ દુર કરે છે".** અને તે પછી આપણા મૌલા કે જેના નામ ઉપર સલવાત પડી, સીજદો કરૂ છું તેની દૈવી કૃપાના આકાશમાંથી દયા અને મદદનો સુર્ય એકાએક ઝળહળી ઉઠયો, કે જેણે આ અણું જેટલા તણખલાને પોતાના ઇશ્કની હવામાં ઉંચે લઇ લીધો.

એક વખત હું એક એવી મીજલસમાં જઇ ચડયો કે, જ્યાં ખુદાઇ મારિફતની વાતો થતી હતી, દરેક જણ કાંઇક ખરી હકીકત કહેતા હતા અને દરેક જણ પોતાની સમજ મુજબ એ બાબત વિષે પોતાના વિચારો દર્શાવતા હતા. મને ઘણો અફસોસ થયો અને ઉના ઉના

Scanned with CamScanner

આંસુ મારા ગાલો ઉપરથી નીચે વહેવા લાગ્યા. "લોકો શા માટે ફોકટની માથાઝીક કરતાં હશે? તેઓ શું શોધતા હશે? તેઓ ખરી વસ્તુની શોધ શા માટે નહિ કરતા હોય? તેઓ પોતાના તરંગો કે જેમાંથી ખુદાવંદતઆલાના ફરમાન, (કુરાને શરીફ સુ. ૩૬ આ. ૧૨) **"અમે દરેક ચીઝ જાહેર ઈમામમાં ગણી છે."** મુજબ તેઓ જે ઇચ્છે છે તે કદી પણ મળનાર નથી, એની પાછળ કયાં સુધી દોડ્યા કરશે?". મારૂં દિલ આવા ગમગીનભર્યા વિચારોમાં મશગુલ હતું મારો મીજાજ હાથથી જવાની અણી ઉપર હતો અને હું ભારે મુઝવણમાં પડ્યો હતો, એવામાં અચાનક એક શખ્શ ત્યાં દાખલ થયો અને હાજરીનોમાં સામેલ થયો. હું તેને ઓળખી શક્યો નહિ, પણ તેના બાહ્ય દેખાવ ઉપરથી તે કોઈ મોટો પરહેઝગાર શખ્શ હોય એમ મને જણાયું.

મેં જેવો તેને દીઠો કે તરતજ તે કોણ હતો તેની તપાસ કરવાની મને તમન્ના થઈ અને તે જે કાંઈ બોલતો હતો તે હું ધ્યાનથી સાંભળવા લાગ્યો. તેણે જે કાંઈક થોડું કહ્યું તે ઉપરથી કોઈપણ સમજી શકે કે તે જીવન અને અખંડ હૈયાતીના જળના ભેદથી વાકેફ છે. મારા દિલે મને કહ્યું કે "તારા હાથમાં ગુંચવાયેલા કોકડાના દોરાનો છેડો આવ્યો છે, તેને હાથમાંથી સરકી જવા દેતો નહિ. તપાસ કર, અને એ માણસનો પીછો પકડ્યા વગર તેને છટકી જવા દઈ, મોકો ગુમાવતો નહિ."

Scanned with CamScanner

જેઓ ઉંચે જતા હોય તેનો કમર પટો મજબુત પકડી રાખજે.

શાણાઓની એ શિખામણને ભુલી જતો નહિ.

જેવો તે શખ્સ મિજલસ છોડી ચાલ્યો, તેવોજ મેં મક્કમ વિચારથી તેનો પીછો પકડયો. મેં તેને પુછયું,

"ફિરસ્તાઇ ખ્વાસના ઓ મર્દ, ત્હારૂં નામ શું છે?, તું કયા લોકમાંથી છે? અને તું ક્યાં જાય છે? હું બિમારી ગમગીનીથી સંપુર્ણ ભરેલો છું. મને મારૂં દર્દ દફે કરે એવી દવા જોઇએ છે. મારી બિમારી વિચિત્ર છે. તે નથી માથાનો દુઃખાવો કે નથી નબળાઇ કે નથી તાવ કે તરીયો ! જમીન ઉપરની કોઇપણ ચીઝ તેને નાબુદ કરી શકે એમ નથી, કારણ કે તે એક આકાશી બિમારી છે."

જ્યારે તેણે મારો માંદલો ચહેરો જોયો ત્યારે તેણે મને તરતજ ઔષધ આપ્યું એમ કહીને કેઃ "એ તારા લાભની વાત છે કે અમે ખુદાવંદતઆલા તરફના હકીમો હોવાથી, કોઇ પણ પાસેથી કોઇ પણ જાતનું મહેનતાણું લેતા નથી. અમે ગંદો ખોરાક નહિ, પણ તાજુ પાણી છીએ, પણ તું મને કહેતો ખરોકે આ તારી માંદગી ક્યાંથી આવી ?"

મેં તેને જવાબ આપ્યો કેઃ

"મારી માંદગી આ પ્રમાણે આવીઃ મને ખ્યાલ થયો કે ખુદા એક છે અને પયગમ્બર એક છે અને તેથી બીજા બધા

Scanned with CamScanner

ધાર્મિક પેશવા (ઈમામો) ખોટાં અને નકામા હોવા જોઇએ".

તેણે કહ્યું:

"હા, એમજ છે અને ખરા ધાર્મિક પેશવા ઈમામ, સાચો મઝહબ અને હક(તઆલા)ના ખરા હુજ્જત ફકત એક જ છે. અને ખુદાતઆલા તરફથી ઉતરેલી કિતાબ એક છે. મારૂં નામ બાબા સૈય્યદના છે. આ ઈલાકા - જઝીરામાં મારી નિમણુંક એટલા માટે કરવામાં આવેલી છે કે, હું તેમને એક રસ્તો બતાવું કે જેનાથી તેઓ ઈમામે ઝમાન (તેમના નામ ઉપર સલવાત)ની શનાખત હાંસલ કરી શકે; અને મહાન હુજ્જત (હુજ્જતે આઝમ)ના દિદાર કરે અને તેમના ફરમાન સાંભળે અને એમ કરીને તેઓ પોતાની આવતી ઝીંદગીમાં અવિનાશી બહેસ્ત મેળવે."

મેં તેની સોબતમાં કેટલોક વખત ગાળ્યો અને મને તેથી મોટી મદદ મળી અને આખરે જગત અને જગતજનોના સરજનહાર ખુદાવંદતઆલાના મહાન હુજ્જત, આલમના બાદશાહ અને માલિકનો ઉંમરો ચુમવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. આ જે કહેવામાં આવ્યું છે તે એમના માટે જ છે, જેમ કે "ખુદાવંદતઆલાએ પ્રથમ જે ચીઝ ઉત્પન્ન કરી તે તેનું નુર યાને હ. રસુલનું નુર હતું" વળી બીજી જગ્યાએ કહેલું છે કે "ખુદાવંદતઆલાએ જે ચીઝ પહેલા ઉત્પન્ન કરી તે 'અકલ' હતી."

જે કોઇ પોતાના બંદાઓને રોજી પુરે છે, તે પોતાના

Scanned with CamScanner

બંદાઓના બધા હાલ ઉપર નજર રાખે છે.

એ મુજબ મહાન ધણી મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ -(તેમના નામ ઉપર સલવાત અને સલામ)ની હજુરમાં પેશ થવાનું સદભાગ્ય મને પ્રાપ્ત થયું.

મને ભારે માન અને અતિ મહેરબાની ભર્યો આવકાર મળ્યો. હું એક ધુળના રજકણ જેવો હતો કે જેના ઉપર આફતાબે પોતાના ગૌરવની ઉંચાઈએથી રોશની ફેંકી. મારા તરફ પ્રતિષ્ઠાભર્યું વર્તન રાખવામાં આવતું અને તેમાં રોજબરોજ વધારો થતો ગયો અને ખોરાસાનના મુખ્ય દાઈ તરીકેની મારી નિમણુંક કરીને મને સારા માન અને મહેરબાનીથી નવાજવામાં આવ્યો. એ બાદ હું કાફો-નુનના માલિક (સર્જનહાર)ના દરબારમાં થોડો વખત રહ્યો.

એક પ્રસંગે ઈમામે હુજ્જત અને દાઈયોનો દરબાર ભર્યો ઈમામે પોતાના ફરમાન મુબારક દરમિયાન બાબા સૈય્યદનાને પુછ્યું કે "બદકશાન કોના હસ્તક સોપીયે" ? મારા દાદા બાબા સૈય્યદનાએ આ અદના ગુલામનું નામ આપ્યું. જેવી મૌલાના ઈમામે મારા તરફ નજર કરી તેવું જ મારૂં દિલ નુરથી ભરાઈ ગયું અને હું બેહોશ જેવો બની ગયો તેઓશ્રીએ માયાભરી રીતે મને ફરમાવ્યું કે : "સૈય્યદના નાસિર, અમે તારી બદકશાનના હુજ્જત (પીર) તરીકે નિમણુંક કરીયે છીએ. ખુદા તને મદદ કરે !"

Scanned with CamScanner

મેં પુર્ણ તાબેદારીભરી રીતે જમીનને ચુંબન કર્યું અને મારા માટેની સુચનાઓ લીધી અને બલ્ખ થઈને બદખશાન જવા રવાના થયો. મેં ઈશારો કર્યો અને ટેકરીઓ મને ભેટવા દોડી આવી. આ ઈમામનો મોજીઝો હતો.

એ મુજબ જે પ્રમાણે દરેક ઈન્સાનની બાબતમાં જે નિર્માણ અને નક્કી થયેલું હોય છે, તે બને છે તેમ બધું બન્યું, નહિ તો એક અદના ઈન્સાનથી શું બની શકે ? એટલે મારે સત્ય મજહબ ઈસમાઈલી દીનના પ્રચાર કાર્યનો વિકાસ કરવાનો હતો. જેમ ખુદા ચાહે છે તેમ બને છે અને જે માટે ખુદાની ઈચ્છા નથી થતી તે કદી પણ બનતું નથી.

હવે, મૌલાના કે જે મહાન અને સર્વ શક્તિમાન છે તે મારા મગજમાં જે કાંઈ સુજાડશે તે બધું આ કિતાબમાં આ અદના ગુલામ લખશે. ખરેખર, તે બધાં મદદગારો અને સહાયકારોમાં સર્વથી શ્રેષ્ઠ છે તેનેજ આપણે હિસાબ આપવાનો છે અને તે એકલોજ આપણા માટે સંપુર્ણ છે, યા મૌલાના !

Scanned with CamScanner

# પ્રકરણ બીજું

## બઉતેર ફિરકાના સિધ્ધાંતોના ખોટાપણા વિષે.

જગતના માણસોના જુદા જુદા બે વિભાગ પાડી શકાય.

સર્વની પહેલાં તેમને બે પ્રકારમાં વહેચી નાંખી શકાય. નાસ્તિક કે જેઓ ન તો કોઇ પણ મંજુર થયેલ (સ્થાપિત) ધર્મમાં આસ્થા રાખે છે, ન તો તેઓ મહાન રસુલોમાંથી કોઇને પણ અનુસરે છે. તેઓ વળી કોઇ સતપંથ ધર્મની શોધ પણ કરતા નથી.

બીજો વિભાગ એ લોકોનો હોય છે કે જેઓ જુદા જુદા ધર્મોને અનુસરે છે. જો કોઇ એવો શખ્સ કે જે ખુદાઇ જ્ઞાન ધરાવતો હોય, જેવા કે પયગંમ્બર અથવા એ વખતના કોઇ પણ સામાન્ય વ્યક્તિ કરતાં વધારે કમાલિયતવાળી અક્કલ ધરાવનારની જરૂર ન હોત તો, એ દિવા જેવી વાત છે કે આવી સ્થિતિમાં ઇલ્મે ઇલાહી યાને ઇશ્વરી જ્ઞાન મેળવવા દરેકે પોતાનીજ અકલ ઉપર આધાર રાખવો પડે.

બુદ્ધિબળમાં અક્લો એક બીજાથી કેટલી બધી ભિન્ન છે ? એ તો જાણીતી બિના છે. કેટલાકની અક્કલ બુદ્ધિબળમાં બીજાઓ કરતાં ઘણી ચઢિયાતી હોય છે. અમુક બાબતોની સમજ એક શક્તિશાળી બુદ્ધિ જેટલીજ એક નબળી બુદ્ધિ

Scanned with CamScanner

પણ ધરાવી શકતે તો, નબળી અને સબળી બુધ્ધિમાં કાંઇ ફરક રહેત નહિ; પણ આપણે જોઇએ છીએ તેમ તેમની વચ્ચે ઘણો મોટો તફાવત રહેલો છે અને નબળી અક્કલવાળા એ, શક્તિશાળી અકલની પાછળ એટલા ખાતર દોરાવું પડે છે કે, તેમ કરવાથી તે કમાલિયતના ઉચા દરજ્જે પહોંચી શકે; અને એ અગત્યનું છે કે અક્કલનો આ દરજ્જો વધતો વધતો એક એવી પરાકાષ્ટાએ પહોંચે કે, જે વ્યક્તિ સર્વથી ઉચ્ચ હોય ! એટલી ઉચ કે એનાથી બીજી કોઇ વ્યક્તિ ઉચ્ચતર ન હોય અને જે સીધી રીતે, કોઇને પણ વચ્ચમાં રાખ્યા વગર, ખુદાવંદતઆલા તરફથી રહેબરી (તાઇદ) મેળવતી હોય !

આ છે હકતઆલાના "હુજ્જત" કે જે દરેક જમાનામાં, દરેક પ્રસંગે, મોજુદ હોવાજ જોઇએ. જો ખુદાવંદતઆલા તરફથી એજ મુજબ સીધી રહેબરી મેળવતી બીજી પણ અકલો હોય તો, સાધારણ બુધ્ધિઓ ઉપર આધાર રાખવાથી, જે પ્રકારનો ગોટાળો થાય, તેવોજ ગડબડ ગોટાળો એથી થઇ પડે. એ મુજબ થાય તો દરેક જમાનામાં ઘણાં ધર્મો ઉગી નીકળે અને કયા ધર્મને અનુસરવું એ બાબતમાં સાધારણ લોકો વિમાસણમાં પડી જાય. એથી એ જરૂરનું છે કે હંમેશા એકજ મજહબ હોવો જોઇએ અને તે એકજ કે જ્યાં હંમેશાં **"હુજ્જત" યાને ખુદાવંદતઆલા અને તેની આજ્ઞાઓની હસ્તીના શાક્ષીરૂપ એક ઇન્સાન હોય.**

Scanned with CamScanner

હવે આપણે જુદા જુદા ધર્મોને અનુસરતા લોકોના સવાલ ઉપર આવીએ.

આપણે પહેલા એ વાતની નોંધ લઈએ કે, દરેક (આસરે) **હજાર વર્ષે ખુદાવંદતઆલા એક નાતિક** (ધર્મ પ્રચારક) **મોકલે છે કે જે પ્રારંભમાં ઉંચામાં ઉંચા અને તદન સત્ય** (હકીકતી) **મજહબનો બોધ આપવાનું ચાલુ કરી દે છે;** પણ જ્યારે કાંતો લોકો તેવા બોધનો અસ્વીકાર કરે છે અથવા તેમાં તેમને સમજ પડી શકતી નથી અથવા કુરાને શરીફમાં ફરમાવેલ છે તે મુજબ તકબુરીને લીધે જાણી બુજીને તેની સામે થાય છે, ત્યારે નાતિકને પોતાનો બોધ અલંકારિક ભાષામાં આપવાનું ફરમાન મળે છે એ ઉપરથી તે, તેના ઉપર ગૌરવ અને મહાનતાનો બુરખો નાંખી દે છે અને શરીયતના કડક અને સખ્ત નિયમોની સાંકળથી મનુષ્યોના હાથ અને પગ બાંધી લે છે.

તે, નાતિક પછી પોતાની બાદ રહેવા માટે એક વસી હંમેશા નીમી જાય છે. વસી શરીયતી અહેકામોના બાતુની અર્થ યાને તાવીલનો રખેવાળ હોય છે. નાતિકે જાહેર કરેલી શરીયત (તંઝીલ) અને વસીના ઈલાહી બાતુની અર્થ (તાવીલ)ના ખુલાસા જમાનાના ઈમામના સીધા ફરમાનોમાં સમાયેલા હોય છે કે, જે (ઈમામ) અઢાર હજાર આલમનો ધણી છે તેના નામ ઉપર સલવાત આવી શરીયત એ રીતે લોકો વચ્ચે લાંબા કાળ સુધી રહે છે એટલે તેઓ તેને અસલ અને શુધ્ધ

Scanned with CamScanner

સત્ય (હકીકત) તરીકે સમજી બેસે છે. તેઓ તેની જાહેરી બાજુમાંથી વધારે ફાયદો ઉઠાવતા આસ્તે આસ્તે બંધ પડે છે.

ત્યાર પછી એક નવો નાતિક મોકલવામાં આવે છે, જે તેના અગાઉના પેગમ્બરની શરીયતને મનસુખ યાને રદ કરે છે. સર્વથી પહેલાં તે હકીકતનો બોધ આપવા માંડે છે પણ જો લોકો ફરી પણ આ બોધ સાથે અનુકુળ થતા નથી, તો તે ફરી પાછા બીજા અલંકારીક રૂઢીના પાયા નાખે છે અને લોકોને સખ્ત શરીયતના તોકથી બાંધે છે. આમ કરવાનું કારણ એ છે કે લોકો કે જેઓ હકીકતનો સિધ્ધાંત સમજવા જેટલી શક્તિ ધરાવતા નથી, તેઓ ઢોર જેવા છે, કે જેઓ ઘાસ અને તણખલા તરફ ખેંચાય છે પણ ફળની ગણના કરતાં નથી. જીદ્દી જનાવરને બાંધવા મજબુત સાંકળની જરૂર હોય છે.

નવો નાતિક પોતાની પાછળ એજ પ્રમાણે વસી મુકરર કરી જાય છે. આ સાત હજાર વર્ષનો જમાનો કે જે ૩,૬૦,૦૦૦ (ત્રણ લાખ સાંઠ હજાર) વર્ષના મોટા જમાનાનો (યુગનો) એક ભાગ બને છે તેમાંથી લગભગ ૧,૭૦,૦૦૦ વર્ષો જેટલો જમાનો હમણાં સુધીમાં વિતી ચુક્યો છે. આના અંત સમયમાં સાત હજાર વર્ષના છેલ્લા જમાનામાં કયામતે કયામત યાને મહાન કયામત આવનાર હતી. એ દરમિયાન છ નાતિકો થયા; જેમાંના પહેલા હ. આદમ સીલોન યાને સિંહલદ્વિપમાંથી થયા; બીજા હ. નુહ; ત્રીજા હ. ઈબ્રાહિમ;

ચોથા હ. મુસા; પાંચમાં હ. ઈસા અને છઠા હ. મહમદ મુસ્તફા રસુલ (સ.અ.) થયાં, જેમનો દિન આગલા બધાના દીનોને રદ કરે છે, પણ તેના દૌરના છેલ્લા હજાર વર્ષિય જમાનાના છેડે, જે કયામતે કયામત મહાન ઉદય થયો છે તે સંપુર્ણ ઈલાહી (જહુરાત) હતી. તેઓશ્રીએ પોતે ફરમાવેલ છે કે "મારા બાદ મારી ઉમ્મતમાં ૭૩ ફિરકા પડશે તેમાંના બઉંતેર ફિરકા ગુન્હા અને હાલાકીમાં પડશે. અને તેમાંનો એક ફિરકો નજાત અને શાંતિ મેળવશે."

દરેક ફિરકો અલબત પોતાને તેજ સાચો ફિરકો હોવાનું માને છે. તેમના જે પ્રતિનિધીયો મને મળ્યાં તેમને એ સંબંધી મેં પુછપરછ કરી જોઈ. તેમાંના કેટલાએકે જણાવ્યું કે, "અમે હ.રસુલ (સ.અ.)ની સુન્નતની પયરવી કરીએ છીએ અને જમાતમાં રહીયે છીએ; અમે કુરાન, હદીસ અને ઈજમામાં જણાવ્યા મુજબ અક્કલના અનુમાન યાને ક્યાસ મુજબ વર્તન કરીયે છીએ".

મેં આ લોકોને સવાલ કર્યો કે, "તમે જાતે હ.રસુલ (સ.) પાસેથી કુરાને શરીફમાંનુ વર્ણન અને હદીસે શરીફ સાંભળ્યા છે ? કે જેઓએ જાતે હ. રસુલ (સ.) પાસેથી એ સાંભળ્યું હતું તેમના પાસેથી ?"

તેમણે જવાબ આપ્યો કે "ના". (અમે હ. રસુલ સ. પાસેથી એ સાંભળેલ નથી). એટલે મેં ફરી સવાલ કર્યો

Scanned with CamScanner

કે: "તમે કુરાને શરીફ ઉપરથી ખુદાતઆલાને કેવી રીતે પિછાણી શક્યા?" તેમણે જવાબ આપ્યો કે: "જ્યાં જ્યાં અમારા મત અને અટકળ યાને કયાસમાં અમને મતફેરી જણાંય છે, ત્યાં ત્યાં અમે તેના પ્રવિણ શખ્શો યાને ઈજતેહાદનો ચુકાદો માન્ય રાખીયે છીએ". મેં તેમને સવાલ કર્યો કે: "તમને આ હદીસ સાથે સંબંધ નથી કે: 'જે કોઇ કુરાને શરીફનો અર્થ પોતાની મરજી પ્રમાણે કરે છે તે ચોખો કાફરપણાનો ગુન્હો કરે છે?' અને બીજી આ હદીશ કે 'જેઓ મારા (એટલે હ. રસુલ સ. ના) નામે ખોટી કેફિયત રજુ કરે છે, તેનું રહેઠાણ આગ (દોઝખ)માં છે.'

(અહીં જે કેટલીક બાબતો છોડી દેવામાં આવી છે તેનુ ટુંક વર્ણન નીચે મુજબ કરેલુ છે.)

કુરાને શરીફ નું સ્પષ્ટીકરણ અને તેના અર્થ હ. રસુલ (સ.) અને તેના હકદાર ગાદીવારસ વસી સિવાય બીજા કોઇ સાથે સંબંધ રાખતા નથી અને તેમના નજીકમાં નજીક (સંબંધી) સિવાય બીજો કોઇ વસી થઇ શકતો નથી. હ. રસુલ સ. બાબતમાં હ. અલી - જેમના નામ ઉપર નમન અને બંદગી - સિવાય બીજો કોઇ પણ નજીકનો સંબંધી ન હતો, જે સત્તાધારીયો જેવા કે અબ્બાસીયો અને બીજાઓએ કુરાને શરીફની તાવિલનો જે અર્થ કર્યો હતો. તે ફકત તેઓ જે હ.અલી પાસેથી શિખ્યા હતા તેજ હતો તરીકતે તાવિલના રૂપમાં તેના સંવાદો એટલા બધા મશહુર છે કે, તેની

Scanned with CamScanner

નોંધ લેવાની અહિં જરૂર નથી. હ. અલી સંબંધમાં પણ હ. રસુલ (સ.) સાહેબે ફરમાવેલી હદીસો ઘણી છે. દાખલા તરીકે **"હું ઇલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે."** અથવા **"હ. મુસા સાથે જેવો સંબંધ હ. હારૂનને હતો તેવો હ. અલી (અ.)નો સંબંધ મારી સાથે છે".**

**"તમારૂં ગોસ્ત તે મારૂં ગોસ્ત છે અને તમારૂં લોહી તે મારૂં લોહી છે."**

કાયમ, સાહેબે તાવિલ યાને અલંકારિક ભાષાનો અર્થ સમજાવનાર, અથવા તે કે જેની મોજડીયો એક બીજામાં મળી ગઇ હતી, સંબંધી અથવા ગદીરેખુમના બનાવ સંબંધી અથવા કુરાને શરીફની આ આયાત **"તાબેદારી કરો અલ્લાહની, તાબેદારી કરો રસુલની અને તાબેદારી કરો તમારામાંના હુકમ કરવાની સત્તા રાખનાર (ઉલુલ અમ્ર)ની"** ના અર્થ સંબંધી કોઈ સવાલ કરે તો તેનો જવાબ આ છે.

કોઇએ હ. રસુલ સ.ને સવાલ કર્યો કે, **"તમારા આ ઉલુલ અમ્ર કોણ છે ?"** તેઓ નામદારે આપણા **મૌલા હ. અલી અ. તરફ આંગળી ચીંધીને ફરમાવ્યું** કે (કુરાને શરીફ સુ. ૫ આ. ૫૫), **"માત્ર તમારા દોસ્ત, ખુદા અને તેનો પેયગમ્બર છે."** એક વખત હ. રસુલ (સ.)ને પુછવામાં આવ્યું કે **"ઇમાન શું છે ?"** તેઓશ્રીએ જવાબમાં

Scanned with CamScanner

ફરમાવ્યું કે "હું ઇમાન લાવું છું ખુદામાં, તેના ફિરસ્તાઓમાં, તેના તરફની કિતાબોમાં, તેના રસુલ અને છેલ્લા દિવસમા". અહિંયા જે છેલ્લો દિવસ કહેલ છે તેનો અર્થ મૌલાના અલી છે, કારણ કે હ. રસુલ સ. કે જે તન્ઝીલ પહોંચાડે છે તે પહેલો દિવસ છે, તેથી વસી કે જે તાવિલ (અલંકારિક ભાષાની સમજણ) આપે છે તે છેલ્લો દિવસ હોવો જોઇએ અને તેમનામાં ઇમાન લાવવું એ ફરજીયાત છે. આ બાબતને લગતી કુરાને શરીફની ઘણી આયાતો અને પુષ્કળ હદીસો છે.

આપણે અહિં અકલી અને નકલી બેઉ દલીલોથી જે ખુલાસો કર્યો, તે મુજબ કોઇ શખ્સ ખોટી રીતે અને કોઇ પણ જાતના હક વગર ઇમામ અથવા ધાર્મિક પેશવા હોવાનો દાવો કરે તો તેનો અર્થ એ થાય કે તેને હ. પયગમ્બર રસુલ સ.ના ફરમાવ્યા મુજબના છેલ્લા દિવસમાં ઇમાન નથી અને તેને કદી પણ ઇમાન ન્હોતું. એ પ્રમાણે એ કાફિર અને મુરતદ છે. જુઠા ઇમામોના સ્વરૂપમાં રહેલા શયતાનોથી બચવા ખુદાતઆલા આપણને મદદ કરે.

કેટલાએક લોકો એવા છે કે જેઓ પોતાને હ. મુસ્તફા અને હ. મૌલા મુર્તઝાઅલી અને તેમની ઔલાદના અનુયાયીઓ, શીયા તરીકે સમજે છે. શું તેઓ ખરેખરા અને માનનિય લોકો નથી ? એ ઉપરથી મેં તેમને સવાલ કર્યો કે "તમારી માન્યતા શી છે ?" તેમણે જવાબ આપ્યો

Scanned with CamScanner

કે **"**અમે આપણા મૌલા હ. મૌલા મુર્તઝાઅલીની ઈમામત બાબતના હુકમ (અહદ) ઉપર ઈમાન ધરાવીએ છીએ અને તે (જાતે આ દુનિયામાં) પાછા આવે એ આશ્ચર્યજનક છે**"**.

બીજા લોકો આપણા મૌલા મુર્તઝાઅલીના ફરઝંદ ઝયદની ઈમામત ઉપર ઈમાન ધરાવે છે. વળી બીજાઓ મહમદ ઈબ્ને હનીફા કે તેમની માન્યતા મુજબ ફરી આવનાર છે, તેની ઈમામત ઉપર ઈમાન રાખે છે. આ બધું બહુંજ ગમ્મત ભર્યું છે કારણ કે આ લોકો **"**નસ**"** (સીધા ફરમાન)થી નિમાયા ન્હોતા; ન તો તેઓ ઈમામત બાબતમાં ઈલાહી ફરમાન (અહદ) ધરાવતા હતા; પણ તેમના અનુયાઈઓએ (તેમના સંબંધી) ચતુર માણસને ગુંચવડામાં નાંખી દે એવા સિદ્ધાંતો ઉપજાવી કાઢયા છે.

નસ યાને સ્પષ્ટ નિમણુંકનું ખાસ સુચન (શર્ત) ઈલ્મ અને મારિફત વગરની ખિલાફતને નકામી બનાવી દે છે. ખુદાવંદતાલાએ પોતાના કલામે મજીદમાં ફરમાવ્યું છે કે: **"ખુદાની મારિફત તે, પોતાના ઝમાનાના ઈમામની શનાખત છે."** કારણ કે ઈમામ ખુદાવંદતઆલાની હસ્તીની સાબિતી (હુજ્જત) હોવાથી હમેશાં હાજર હોય છે અને તેનું જ્ઞાન યાને મારિફતે ઈલાહી, ઈન્સાન જાતને પહોંચાડે છે.

હિંમત, શુજાઅત, જાહેરી ભક્તિ (તકવા) આધારભુત

Scanned with CamScanner

ફેંસલો (રાય) અથવા ઉમ્મતે કરેલ કરારનામું (અજમયેઉમ્મત) અથવા કોઇ પણ વ્યવહારૂ ક્યાસ (અટકળ), ખિલાફત માટેની શરતો નથી. હું કહું છું કે ખલીફ હ. ફાતેમાત ઝહોરાની ઔલાદ યાને હ. રસુલ સ. ના વંશ, ફાતેમી હોવાજ જોઇએ. તે તેમની પહેલાના (ઇમામ) તરફથી (દર અહદ) નિમાયેલા, ખરા ઉત્તરાધિકારી યાને ગાદી ઉપર આવનાર અને તે જમાનામાં (દર અમ્ર) તે એકલા જ હોવા જોઇએ.

કેટલાક લોકો કહે છે કે, "તે તેની આગળના (ઇમામ)ના (દર અહદ) દીકરાજ હોવા જોઇએ, એવી કાંઇ જરૂર નથી અને બનવા જોગ છે કે કોઇ એકજ વખતમાં દસ ઇમામો હોઇ શકે". જો કે આવી માન્યતામાં રહેલી મુર્ખાઇ ખુલ્લી દેખાઇ આવે છે છતાં, અમે આ પહેલા કરેલા ખુલાસાઓમાં અને ઉપર દર્શાવેલી હકીકતમાં, આવા ખ્યાલોની નિર્થકતા સાફ સાફ સાબિત કરી આપેલ છે. ઇમામના વિષય સંબંધીના પ્રકરણમાં પણ આ બાબત વિષે વધુ કહીશું.

બીજા ફિરકાવાળાઓ વળી એવી માન્યતા ધરાવે છે કે, આપણા મૌલા હ. ઇમામ જાફર સાદિક (અ.) પાછા આવશે.

પણ આપણી માન્યતા છે કે, ઇમામત એટલે ઇન્સાન જાતની રહેબરી કે જે તેને યાને ઇન્સાન જાતને ખુદાવંદ-તઆલાની ખરી શનાખત (મારિફતે હકીકી) પહોંચાડે અને

Scanned with CamScanner

તેની સાથેના રૂહાની મેળાપના રસ્તાઓ દેખાડે. દરેક જમાનામાં આવા રહેબરની જરૂરત છે; એમ ન હોય તો ઇન્સાન જાત અજ્ઞાનતામાં અથવા ગુન્હાઓમાં મશગુલ રહી, ખુદાવંદ-તઆલાની શનાખત ભુલી જાય અને સત્ય અલોપ થઇ જાય. આવી માન્યતાઓથી ખુદાવંદતઆલા આપણને બચાવે.

ખુદાવંદતઆલાએ પણ ફરમાવ્યું છે કે, (કુરાને શરીફ સુરા ૧૭ આ. ૭૧) **"તે દિવસે કે જે દિવસે અમે દરેક પ્રજાને તેના ઇમામના નામથી બોલાવનાર છીએ."** અને હ. રસુલ સ. મે પણ હદીસમાં ફરમાવ્યું છે કે : **"જો એક પળવાર પણ આ પૃથ્વી ઉપર ઇમામ ન હોય તો તે તમામ વસ્તી સાથે ગારત થઇ જાય."** આ બાબત વિષે ઇમામત સંબંધી વિષયના પ્રકરણમાં પણ ખુલાસો કરીશું.

બીજા કેટલા ફિરકાવાળાઓની માન્યતા છે કે, હસન અસકરી સુધી ઇમામત ચાલુ રહી અને તેમણે પોતાના દીકરા મહમદને સુપ્રત કરી અને તે આખર જમાનામાં જે (ઇમામ) મહેંદી આવનાર છે, તે તેજ છે. તે હજી હૈયાત છે અને એ મુજબ પાંચસો ઉપરાંત વર્ષો થયા હજી એક કુવા અથવા ગુફામાં છુપાયેલા હૈયાત છે. તે તેમાંથી ટુંક વખતમાં બહાર આવનાર છે. તેઓ તેના પાછા ફરવા બાબતમાં, તેના આગમન માટેની નક્કી થયેલી તારીખની બાબતમાં અને તે અમુક અમુક શર્તો પુરી કરશે એ સંબંધી, ઘણીએ મનઘડિત વાતો કરે છે.

Scanned with CamScanner

આના જવાબમાં હું એમ કહી શકું છું કે, "જો તમારો ઈમામ, તેને સારામાં સારા લાગે એવા વખતે અને પોતાને યોગ્ય લાગે એવી રીતે આવનાર છે, તો તેના આગમનના વખત માટેની તમારી બધી ગણત્રીઓ અને ભવિષ્યવાણીઓ શા કામની છે ?" ઉપરાંત દરેક સાધારણ માણસ એ જાણે છે કે, કોઈપણ મનુષ્ય પ્રાણી આટલા લાંબા કાળ સુધી જીવી શકે નહિ અને આટલા બધા વખત સુધી એક ગુફામાં છુપાઈ રહી શકે નહિ. તેઓ હ. નુહ પેગમ્બર સ. નો દાખલો આગળ ધરશે કે, તેઓશ્રી એક હજાર વર્ષ સુધી જીવ્યા હતા જેમકે કુરાને શરીફ (સુરા ૨૯ આ. ૧૪)માં ફરમાવવામાં આવેલ છે કે: **"અને ખરેખર અમે નુહને પોતાની કોમ તરફ મોકલ્યો પછી તે તેઓની વચ્ચે એક હજારમાં પચાસ વર્ષ ઓછો રહ્યો".** અથવા એફેશીયન ઉઘનારાની વાત રજુ કરશે. આના જવાબમાં હું જણાવીશ કે "આ બધું તાવિલી અર્થમાં છે અને તાવિલાતની નજરે તે સમજવું જોઇએ."

અને જો ઈબ્ને હસન અસકરી ઈમામ હોય તો, લોકો માટે એ ઘણું જ જરૂરનું છે કે, તેઓ તેના સંસર્ગમાં આવે. જો એમ ન થાય તો પરિણામે ઈમામત અધ્ધર લટકી રહે અને ખુદાવંદતઆલાની હસ્તીની સાબિતી (હુજ્જત) પોતાની પાસે નહિ રહેવાથી દુનિયાના લોકો ખુદાવંદ-તઆલાની મારિફત વગરના રહી જાય. આવો ઈમામ ઈન્સાન જાત

Scanned with CamScanner

માટે મહા દુ:ખનું કારણ બની જાય, જ્યારે ઈમામનો ખરો હેતુ જગત માટે ખુદાઈ રહેમતનું કારણ બનવાનો છે; પણ એ તો દરેક જણ સારી રીતે જાણે છે કે તેના સંસર્ગમાં કોઈપણ શખ્સ કદીએ આવેલ નથી અને જે હૈયાત ન હોય તેના સંસર્ગમાં કોઈ આવી ન શકે, એમાં કાંઈ નવાઈ નથી.

(અહીં કેટલોક ભાગ અંગ્રેજી અનુવાદકે છોડી દીધો છે.)

આપણા મૌલા પોતાના વફાદાર મુરીદોને, શયતાનને અનુસરનારાઓની બદમાશીમાંથી બચાવે અને ખુદાવંદ-તઆલા પોતાની મારિફતના નુરથી તેમને જોતાં, વિચારતાં અને સાંભળતા બનાવે.

આપણે આપણો હિસાબ તેનેજ આપવાનો છે અને તેજ (ખુદા) આપણા માટે પુરતો છે.

Scanned with CamScanner

# પ્રકરણ ત્રીજુ

## ઈસમાઈલી મજહબ કે જે સત્ય છે, તે સિવાય બીજો કોઈ એવો મજહબ નથી કે જેથી નજાત મેળવી શકાય, એ બાબતના સત્ય ખુલાસા વિષે.

બીજા પ્રકરણથી આપણે એ જાણી શકયા છીએ કે દરેક માણસ પાસે પંથ હોવો જોઈએ અને એ પવિત્ર પંથ કે જે હ. મહમદ રસુલ સ. અને હ. અલીના ખાનદાનનો હોવો જોઈએ; જેમકે પાક કુરાનને શરીફમાં ખુદાવંદતઆલા ફરમાવે છે કેઃ (સુરા ૪ આ. ૧૩૬) **"જે ખુદાને અને તેના ફિરસ્તાઓને અને તેની કિતાબોને અને તેના પયગમ્બરોને અને છેલ્લા દિવસને માનતો નથી તે આડે માર્ગે જઈ લાંબી ભુલમાં પડ્યો છે."** અને એ માંહે છેલ્લા દિવસની મતલબ હ. મૌલા મુર્તઝાઅલી અને તેના ગાદીવારસ (ઈમામો) કે જેઓ (પીતા પછી પુત્ર યાને ઝુર્રીયતના ધોરણે) તેમના સીધા ગાદી વારસો છે, તેમના ઉપર ઈમાન લાવવાની ફરજ છે.

ખુદાવંદતઆલા કુરાને શરીફ (સુરા ૪ આ. ૫૯)માં ફરમાવે છે કેઃ **"હે મોમીનો, ખુદાનો હુકમ ઉઠાવો અને પેયગમ્બરનું તથા તમારામાંના હુકમની સત્તા રાખનાર (ઉલીલ અમ્ર)નું ફરમાન ઉઠાવો. પછી જ્યારે કાંઈ ચીજ વિષે તમે એકબીજાથી વિરૂદ્ધ થાઓ ત્યારે, તે બાબત ખુદા**

Scanned with CamScanner

**અને તેના પેયગમ્બર આગળ રજુ કરો."** હુકમ કરનાર યાને ઉલીલ અમ્ર એટલે હ. મૌલા મુર્તઝાઅલી (કરમ અલ્લાહ વજહુ) જેમ કે, ખુદાવંદતઆલા ફરમાવે છે કેઃ (કુરાને શરીફ સુ. ૫ આ. ૫૫) **"માત્ર તમારા દોસ્ત ખુદા અને તેનો પેગમ્બર છે અને તેમજ મોમીનો છે કે, જેઓ દુઆ પડે છે અને જગાત આપે છે જ્યારે કે તેઓ રૂકુઉ કરે છે."**

આની મતલબ એ છે કે, મેં અલી કે જે મને પ્યારો અને મારી નજીકમાં નજીકનો મારો દોસ્ત છે તેને તમારો દૈવી રક્ષણહાર મેં નિમ્યો છે કે જેના હાથમાં મેં બંદગી, રોજા અને હજ સંબંધી બાબતો અને આ જીંદગી અને આખરતની જીંદગીને લગતી બીજી બધી બાબતો સોંપી છે. હ. અલી કે જે દૈવી રક્ષણહાર છે તેની મોહબતને ખાતર, જે કોઈ બંદગી ગુજારશે, રોજા રાખશે અને હજ કરશે તેમનુંજ (એ બધું) મારા દરબારમાં મકબુલ થશે પણ અલી અને તેના ગાદી વારસો (ઇમામો)ની મહોબત વગરની કોઈની પણ એ (બાબતો) મારા દરબારમાં મકબુલ નહી થાય, પછી ભલેને તેઓ પુર્વથી પશ્ચિમ સુધીના છેડા જેટલી મહાન તાબેદારી અને ભક્તિ બતાવતા હોય. "માત્ર તમારો દોસ્ત ખુદા અને તેનો પેગમ્બર છે."

એ મુજબ આપણે જોઇએ છીએ કે હ. અલી (મનુષ્ય જાતનો) દૈવી રક્ષક અને હ. મુસ્તફાનો વસી છે. તેમની

Scanned with CamScanner

તાબેદારી કરવી તે ખુદાવંદતઆલાની તાબેદારી કરવા બરાબર છે અને ખુદાવંદતઆલા કુરાને શરીફ (સુ. ૪૦ આ. ૪૭) માં ફરમાવે છેઃ **"ખરેખર, (મેં તેને નિમેલ છે) પૃથ્વી ઉપર દૈવી રક્ષણ તરીકે અને તેના હાથમાં આપ્યો છે દઈવી હુકમ (અમ્ર) અને બંદગીને લગતી બધી બાબતોમાં તેનેજ સત્તા છે."**

આની મતલબ એ છે કે, તેની બંદગી એ ખુદાની બંદગી છે. જેમકે ખુદાવંદતઆલા ફરમાવે છે કે, **"ખુદાની શનાખત મેળવવી તેનો અર્થ ઝમાનાના ઈમામની શનાખત મેળવવાનો છે."**

હ. ઈમામ હસન અ. તરફથી મનકુલ છે કે, તેઓશ્રીએ પોતાના એક ખુતબામાં ફરમાવ્યું કેઃ **"હું અહલેબેતમાંનો છું અને ખુદાવંદતઆલાએ દરેક મુસલમાન ઉપર અમારા ઉપર મહોબત રાખવાની ફરજ નાંખેલી છે"** જેમકે કુરાને શરીફમાં ખુદાવંદતઆલા ફરમાવે છે કે : **"અને મહોબત રાખો ઈન્સાફના દિવસ સુધી તેના બેઉ કાકા, તેના બેઉ નવાસા અને તેના બધા મદદગારો અને અનસારો તરફ"** ઈન્સાફના દિવસ સુધી એટલે છેલ્લા દિવસ સુધી.

હ. રસુલ સ. ફરમાવ્યું છે કેઃ "મારા બાદ મારી ઉમ્મતમાં ૭૩ ફિરકા થશે, પણ તેમાંનો એકજ નજાત મેળવશે

Scanned with CamScanner

અને બાકીના દોઝખમાં જશે." આ હદીસ ફરમાવી તે પ્રસંગે શાહે મર્દા (હ. મૌલા મુર્તઝાઅલી), સલમાન, બુઝર, જબીર, અનસારી, સુહાઈલ, મુહાજીરો અને અનસારીઓ બધા હાજર હતા. એ વખતે શાહે મર્દાએ પુછયું કે "યા રસુલિલ્લાહ! કોણ નજાત પામશે? અને અધોગતિમાં કોણ જશે?" હ. રસુલ સ. ફરમાવ્યું કે, **"ઓ અલી, તારે અને તારા અનુયાયીઓ (શીયાઓ)એ ખુશ થવાનું છે. અલીનું અને તારા શીયાઓ બીજા કરતાં ઉંચા છે."**

આ છે કુરાને શરીફ (સુરા ૬ આ.૧૫૫) મુજબ જેમકે, **"ખરેખર, આ મારો સીધો રસ્તો છે ત્યારે તે પ્રમાણે ચાલો, અને જુદે જુદે રસ્તે ચાલો નહિ કે જેથી તમે આડે રસ્તેથી છુટા પડી જાઓ."**

આહમદ પછી તેની ઉમ્મતમાં ૭૩ ફિરકા પડ્યા તેમાંનો એક હક (સત્ય) છે અને બીજા બધા હલાક થનાર છે, તે એકજ ફિરકો તેઓનો છે કે જેઓ અહલેબયતને અનુસરે છે, અને બીજા બઉતેર ફિરકા ભુલમાં પડેલા છે.

ઓ તમે, આ બીજા (ફિરકાવાળા) તમને ફક્ત હ. રસુલ સ.ના ગાદીવારસ (ઈમામે ઝમાન) અત્યારે બચાવી શકશે.

તમારા કાનો ખોલો, અને હ. રસુલ સ. ના જવાબ ઉપર ધ્યાન આપો. આ લોકમાંના (એક), મેં

Scanned with CamScanner

હ. રસુલ સ.ની આલ (ઈમામે ઝમાન)નો દામન પકડયો છે.

દોસ્ત તું પણ બીજાઓમાંથી તને પસંદ પડે તેનો દામન પકડી લે; જેમકે હદીસમાં હ. રસુલ સ. ફરમાવ્યુ છે કે:

**"હું અને મારી અહલેબેયત (ઝુરય્યત ઈમામે ઝમાન) હ. નુહ પયગમ્બરની કિસ્તી મિસાલ છીએ. જેઓ અંદર દાખલ થયાં, તેઓ તોફાનથી બચી ગયા અને જેઓએ નાફરમાની કરી તેઓ ડુબી મુઆ."**

"જ્યારે હું હ. નુહ (પેગમ્બર)ની કિસ્તીમાં, હ. રસુલ સ. અને તેના વસી સાથે છું તો પછી ભલેને પૃથ્વી ઉપર જળપ્રલય થાય અને ભલેને આકાશમાંથી આફતો વરસે.

પેલો કુતરો અસહાબે કહફ (ઉંઘનારા એફીશીંયનો) સાથે હોવાથી બચી ગયો;

(તો પછી) હું હ. રસુલ સ. ની આલ (ઈમામે ઝમાન) સાથે હોઉ તો કેમ બચી નહિ જાઉ ?"

આપણે પેલા ભુલમાં પડેલાં બઉતેર ફિરકાઓ વિષે હમણાં વિવેચન કરી ગયા હવે નજાતી ફિરકા વિષેની વિગત ઉપર આવીએ.

આ ફિરકામાં એ લોકો છે કે જેઓ એમ માને છે કે, ઈમામ હમેશાં હોય છે અને તેના વગર

Scanned with CamScanner

જગત ટકી શકે નહિ. ઈમામ હંમેશાં હોય છે, હંમેશાં હતો અને હંમેશાં રહેશે; જેમકે કુરાને શરીફમાં ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કે, (સુરા ૩૬ આ. ૧૨) **"અને અમે ગણી છે દરેક ચીજ જાહેર ઈમામમાં** (ઈમામે મુબીન)**માં."**

કોઈપણ શખ્સ પોતાની મેળે આની કલ્પના કરી શકે નહિ. જગત ચાલુ બદલ્યા કરે છે અને તે પોતાની મેળે ટકી શકે નહિ, એટલા માટે જગતનો ટકાવ કોઈકના ઉપર આધાર રાખે છે. (આ બાબતની વિગતવાર ચર્ચા ઈમામત વિષેના પ્રકરણમાં કરીશું). અને આ કોઈક તે ઈમામ છે, તેનું નામ લેતાં નમન અને બંદગી.

હ, રસુલ સ. ફરમાવે છે કે: **"જો ઈમામ વગર એક ક્ષણ પણ રહે તો, ખરેખર પૃથ્વી પોતાની તમામ આબાદી સાથે નિસ્તો નાબુદ થઈ જાય."** આ જગત સલામત રહી શકે એ ખાતર ઈમામ, તેની હસ્તી ઉપર એક લાખ વખત પોતાની મુબારક નજર ફેંકે છે અને જુદા જુદા પેયગમ્બરોએ ખુદાવંદતઆલા તરફથી ઉતરેલી કિતાબો જેવી કે, તોરાહ, ઈન્જીલ, ઝંબુર, ફુરકાનમાં એ બાબતની ખબર આપી છે.

**શયર-ઝંબુર અને તૌરાત અને ઈન્જીલ અને ફુરકાન** ચારે કિતાબ(દફતરો)માં અલી વિષે નોંધ છે.

અને જે પેયગમ્બરો થઈ ગયા તેમણે કાયમે વકત માટે

Scanned with CamScanner

ઈશારા કરેલ છે અને હ. પેયગમ્બર રસુલ સ. ફરમાવે છે કે **"ઈમામ દુનિયામાં હંમેશા હોય છે અને એવું કોઈ વખત નથી બનતું કે કોઈ પણ શખ્સ તેની રહેબરી મેળવ્યા વગરનો રહે"** અને તેના હુજ્જત અને પીર(દાઈ) ધર્મ પ્રચારક હંમેશા હોય છે, જેઓ મુરીદોને ખબર આપે છે અને જેઓ સત્યના શોધકો છે, તેની પાસે એની જાહેરાત કરે છે, કારણ કે એજ કામ માટે તેના તરફથી તેમની ખાસ નિમણુંક થયેલી હોય છે. કુરાને શરીફમાં ખુદ ખુદાવંદતઆલા ફરમાવે છે કે **"જમાનાના ઈમામની શનાખત તેજ ખુદાવંદતઆલાની શનાખત છે."** માણસ જાતને ખુદાવંદતઆલાની મારિફત જાહેર કરવા ખાતર "અને તેમની પાસે મારી (ખુદાવંદતઆલાની) હુજ્જત (સાબીતી) થવા" તે હંમેશાં હાજર હોય છે.

અને હું ઉમેરીશ કે તે **"ફાતીમી"** હોવો જોઈએ અને દરેક વખતે દરેક સંજોગમાં (હાજર) હોવો જોઈએ; જેમ કે કુરાને શરીફ (સુરા ૩. આ. ૩૩-૩૪)માં ફરમાવેલ છે કે; **"ખરેખર ખુદાએ આદમ અને નુહને અને ઈબ્રાહીમના વંશને અને ઈમરાનના વંશને સર્વ આલમ ઉપર** (શ્રેષ્ઠ તરીકે) **પસંદ કર્યા છે. તેમના વંશમાં** (ઝુરય્યત યાને બાપ થી બેટો એવી રીતે ઉતરી આવતા) **કેટલાકને કેટલાક ઉપર** (શ્રેષ્ઠતા આપી છે) **અને ખુદા સાંભળનાર અને જાણનાર છે."**

આ પ્રમાણે ખુદાતઆલા ફરમાવે છે કે પેગમ્બર એકમાંથી

Scanned with CamScanner

બીજા ઉતરી આવે છે એ આપણે હમણાં સાબિત કરી ગયા અને બીજી જગ્યાએ ફરમાવેલ છે કે; કુરાને શરીફ (સુરા ૨૭ આ. ૧૬) **"અને સોલાયમાને દાઉદને વારસો દીધો."** હ. ઝકરીયા (અ.) સંબંધમાં ફરમાવ્યું છે કેઃ (કુરાને શરીફ સુરા ૧૯ આ. ૫-૬) **"માટે તું મને તારી પાસેથી એક દીકરો બક્ષીસ આપ કે જે મારો વારસો લે".** યાને હ. ઝકરીયા (અ.) એ મુજબ ખુદાવંદતઆલાની હુઝુરમાં અર્જ ગુજારી અને એજ મુજબ હ. મુસા(અ.) હ. સુહયાબ (પેયગમ્બર) પાસેથી (પોતાનો દરજ્જો) મેળવ્યો. જેમકે કુરાને શરીફ (સુ. ૬ આ. ૮૪-૮૮)માં ફરમાવ્યું છે કે; **"અને આ અમારી દલીલ છે કે જે અમે ઈબ્રાહીમને તેની કોમની વિરૂદ્ધ આપી; જેને અમે ચાહીયે તેનો દરજ્જો ઉચો કરીએ છીએ, ખરેખર, તારો પરવરદેગાર સત્ય કરનાર (અને) દાના છે અને અમે તેને એસહાક અને યાકુબની બક્ષીસ કરી, દરેકને અમે રસ્તો દેખાડયો અને નુહને તે અગાઉ અમે રસ્તો બતાવ્યો અને તેમજ તેના વંશજોમાંથી દાઉદ અને સોલાયમાન અને અય્યુબ અને યુસોફ અને મુસા અને હારૂનને પણ; અને આ પ્રમાણે અમે સારૂ કામ કરનારાઓને બદલો આપીયે છીએ અને તેમજ ઝકરીયા અને યલ્યા અને ઈસા અને એલ્યાસ સર્વ પવિત્ર પેયગમ્બરો છે અને તેમજ ઈસમાઈલ અને એલ્યાસ અને યુનોસ અને લુત અને સર્વેને અમે સઘળી આલમ ઉપર શ્રેષ્ઠતા આપી છે અને તેમજ તેઓના બાપદાદાઓ અને તેઓના ફરજંદો અને**

Scanned with CamScanner

**તેઓના ભાઈઓને કેટલાકને (અમે રસ્તો બતાવ્યો) અને તેઓને અમે પસંદ કર્યા અને તેઓને અમે ખરે રસ્તે દોર્યા."** આ ઉપરથી એ સાબિત થાય છે કે પેયગમ્બરો એક પછી એક ગાદીએ આવે છે અને દરેક જણ બીજાના દાવાના શાક્ષી રૂપ છે.

હ. આદમ અ. ના વખતથી હ. અબ્દુલ મુનાફના વખત સુધી પવિત્ર માતાઓથી જનમનાર પાક ઉત્તરાધિકારી ચાલ્યા આવેલ છે.

**આ ઉપરથી ચોખે ચોખું સાબિત થાય છે કે, ઈસમાઈલી ઈમામોજ ખરા ઈમામો છે કે જેઓ હ. પેયગમ્બરની અહલેબેત અને ઝુરય્યત છે.** હ. રસુલે સ. પોતે ફરમાવ્યુ છે કે; **"પોતાના જમાનાના ઈમામની શનાખત મેળવ્યા વગર જે કોઈ મરણ પામે છે, તે કાફર તરીકે મરણ પામે છે. અને કાફિરો દોઝખમાં જાય છે."** તેનો અર્થ એ છે કે તે હ. પયગમ્બરની પૈરવી કર્યા વગર મરણ પામ્યો અને ખુદાવંદતઆલાએ કુરાને શરીફ (સુરા ૧૭ આ. ૭૧)માં ફરમાવ્યું છે કેઃ **"તે દિવસે કે જે દિવસ અમે દરેક પ્રજાને તેના ઈમામના નામથી બોલાવીએ છીએ."**

ખુદાવંદતઆલા કુરાને શરીફ સુરતુન નુર (સુ. ૨૪ આ. ૩૫)માં હ. પેગમ્બરના ગાદીવારસ (ઝુરીય્યત)ના દરજ્જા સંબંધમાં ફરમાવે છે કે; "અલ્લાહ આકાશો અને પૃથ્વીનું નુર છે, તેનાં નુરનું દ્રષ્ટાંત એક ગોખલાના જેવું છે, કે

Scanned with CamScanner

જેમાં દીવો છે". આની મતલબ એ છે કે ખુદાવંદતઆલા પોતાના બંદાઓને મુર્તીપુજા અને ગુન્હાના અંધકાર અને હલાકીમાંથી બચાવીને ઇમામે ઝમાનના નુર વડે યાને પોતાની હિદાયત યાને રહેબરીના નુર વડે નજાત યાને મોક્ષ તરફ દોરી જાય છે. ખરેખર નુરનું મુળ ખુદામાં છે કે જેણે આ જગતને નીસ્તીના ભેદમાંથી હસ્તીમાં લાવેલ છે. બીજમાં તેની હસ્તી ખુલ્લી દેખાય છે અને તેજ છુપો સરજણહાર અને બનાવનાર છે. આ મુજબ પરવરદિગારનું નુર એ ઝમાનાના ઈમામ છે, કે જે પોતાના નુર વડે આકાશો અને પૃથ્વીને ભરી દે છે – તમે તમારા પોતાના દિલમાં તેને ખોળી ન શકો એ કેવી વાત છે ?

ઇબ્ને બાબુઆ (એટલે અબુ જાફર મહમદ બિન અલી બિન હુસેન બિન મુસા ઇબ્ને બાબુઆ અલકુમી જેની ઓળખ શેખ સાદક હતી અને તેણે શીયા ફિરકાને લગતી ઘણી કિતાબો લખી છે.) તેની બનાવેલી કિતાબુત વહીદમાં "મહાન નુર" સંબંધી તકરીર છે કે જે (નુર)ની દુનિયા અને તેના રહેવાસીઓને ભારે અગત્ય આપે છે. જેમકે કુરાને શરીફ (સુ. ૨૪ આ. ૩૫)માં ફરમાવેલું છે કે : **"અલ્લાહ આકાશો અને પૃથ્વીનું નુર છે, તેના નુરનું દ્રષ્ટાંત એક ગોખલાના જેવું છે કે જેમાં દીવો છે, જે દીવો એક કાચના ફાનસમાં છે."**

આની મતલબ એ છે કે હક ખુદાવંદતઆલાનું નુર

Scanned with CamScanner

આસમાનો અને પૃથ્વીમાં છે; તે હ. રસુલ સ.ની બત્તીમાંથી પ્રકાશે છે; તેની રોશની વડે ખુદાવંદતઆલા લોકોને દોરવણી આપે છે, અને ફાનસ તે (હ. મૌલા મુરતઝા)અલીનું દિલ છે કે જે હ. રસુલ સ.ના વસી છે અને જવાહીરની માફક ચમકતો તારો છે; જે પવિત્ર ઝયતુનના ઝાડમાંથી સળગે છે તે હ. ઈબ્રાહીમ ખલિલ્લાહ અને હ. ઈમરાન છે. હ. રસુલ સ. પહેલામાંથી (યાને હ. ઈબ્રાહીમ ખલિલ્લાહના) વંશમાંથી અને હ. અલી બીજા (યાને હ. ઈમરાન)ના વંશમાંથી ઉતરી આવેલ છે. આજ ઇબ્ને અબુ તાલિબ ન તો યહુદી હતા કે ન તો નસારા.

રસુલે ખુદા ફરમાવે છે કે : **"રસુલના ગાદીવારસ બોલવાનું શરૂ કરે તે પહેલાં જ ઇલ્મ ઘણું કરીને બહાર પડે છે."** હ. અલીનું નુર તે ઈમામતનુ નુર છે કે જે તેના બાદ તેની આલ ગાદીવારસ (ઝુરય્યત) માં રહેનાર છે અને એક ઈમામ પોતાની ઈમામતના સમય દરમ્યાન પોતાની હૈયાતી સુધી લોકોના રહેબર છે. તેમનો હેતુ મનુષ્ય જાતને અજ્ઞાનના વેરાનમાંથી દોરીને ધર્મ, ખુદાવંદતઆલાની વહેદાનીયતની માન્યતા અને તેની મારિફતના દરની હદે લઇ જવાનો હોય છે. એ મુજબ તે મનુષ્ય જાતને ખુદાતઆલા સુધી પહોંચવા અને તેમાં મળી જવાનો માર્ગ બતાવે છે અને તેને અજ્ઞાનતાના બાઝેલા થરો કે જે મુર્ખાઇ રૂપ દોઝખ છે, તેમાંથી છોડાવીને આધ્યાત્મિક ખુલ્લી હવામાં લઇ જાય છે.

Scanned with CamScanner

હ. રસુલે ખુદા (સ.) ફરમાવે છે કેઃ "(કુરાને શરીફમાં જણાવેલ) **બત્તી તે નુર છે કે જેમાં મારિફત (બ્રહ્મજ્ઞાન) સમાયેલ છે. તે જ્યારે હું વફાત પામીશ ત્યારે મારા વસીને સોંપતો જઈશ. તે અત્યંત સાફ અને ઝળકાટભરી રીતે ચમકતા ફાનસ મિસાલ છે અને નબુવત અને વિલાયતના નુર અને કિરણ આસમાનમાંથી ફિરસ્તાના નાઝિલ થવાની જરૂરત વગર બોલે છે."**

મહાન બાદશાહને પાછા ફરવાનો હુકમ "અલી" આપે છે જીબ્રીલની મદદ વગર રસુલનું બધું કામ "અલી" કરે છે.

ઉપર જણાવેલી "નુરની આયાત" ખુદાતઆલા આસમાનો અને પૃથ્વીનું નુર છે વગેરે (કુરાને શરીફ સુ. ૨૪ આ. ૩૫)ની મતલબ એ છે કેઃ "નબુવત અને વિલાયતનું નુર આસમાનો અને પૃથ્વીને પુર્ણ નુરાની બનાવે છે. "તેઓ ચંદ્ર, તારા, સુર્ય પૃથ્વી ઉપરની બતીયો અને નુરના ફિરસ્તાઓથી પ્રકાશ મેળવે છે". અને પયગમ્બરો, વસીયો, હિદાયત કરનારા ઈમામો તરફથી જે જ્ઞાની ગુરૂઓ મોકલવામાં આવે છે તે બધા આપણને કહે છે કેઃ "નુરની જગ્યા" એક નબી છે કે જેને દીવી અથવા ફાનસની વચમાં મુકવામાં આવેલ છે. જો આમ હોય તો મિસ્બાહ એ વાટ હોવી જોઈએ કે, જેને નબીની વચમાં મુકવામાં આવેલ છે અને પવનના પોશાકમાં દેખાતી નુરની સિફાતોનું દ્રષ્ટાંત આમ હોઈ શકે; એક ગલી કે જ્યાં એક લટકતા ફાનસમાં મુકવામાં

Scanned with CamScanner

આવેલ દીવો છે અને એ ફાનસ ચળકે છે અને ઝબકે છે; કારણ કે કુરાને શરીફમાં એજ આયાતમાં (સુરા ૨૪ આ. ૩૫)માં આગળ કહેવામાં આવ્યું છે કે **"...કે જે કાચ(નું ફાનસ) જાણે કે, એક ચકચકિત તારો હોય તેવો છે, તે પવિત્ર ઝાડ(ના તેલથી) સળગાવામાં આવે છે; તે જીતવૃક્ષ છે. તે ઝાડ પુર્વ દિશાનું નથી તેમજ પશ્ચિમ દિશાનું પણ નથી. તેનું તેલ લગભગ પોતાની મેળે સળગે એવું છે અગર જો કે તેને આગ અડકી ન હોય. તે સફાઈના લીધે નુરન અલા નુર છે."**

આ મુજબ આ ફાનસ ઝળકાટભર્યા ચમકતા સિતારા જેવું છે અને તેમાં ઘણાજ બરકતદાર અને મહાન અગત્યના ઝયતુનના ઝાડનું તેલ પુરવામાં આવે છે કે જે (ઝાડ) ઝમીને મકસદમાં ઉગે છે. સાત પેગમ્બરોએ તેના ઉપર દુઆએ બરકત માંગી છે અને હ. ઇબ્રાહીમ ખલિલુલ્લાહ તેમાંના એક હતા. તે ન તો ટીબેટ કે ચીન જેવા પુર્વ પ્રદેશમાં અથવા તાજેર અને તારતુસ જેવા પશ્ચિમના પ્રદેશમાં ઉગે છે; પણ કુરાને શરીફ(સુરા ૨૪ આયાત ૩૫) મુજબ; **"આગના અડકયા વગર તેનું તેલ સારી રીતે પ્રકાશ આપે છે. એ નુરન અલા નુર છે."**

**"ખુદાવંદતઆલા જેને ચાહે છે તેને પોતાના નુર વડે હિદાયત કરે છે."** આની મતલબ એ છે કેઃ આ નુર એટલું બધુ

Scanned with CamScanner

ચમકે છે અને ઝળકાટ મારે છે કે, તે આગની બિલકુલ મદદ વગર દરેક ચીજને ઝગઝગાટ અને પ્રકાશમય બનાવે છે. આના કરતાં પણ વધારે એ માટે કે "નુરન અલા નુર" "ખુદાતઆલા જેને ચાહે છે તેને પોતાના નુર વડે હિદાયત કરે છે." આ ઝાડ જે પ્રકાશ આપે છે તેની મદદ વડે ખુદાવંદતઆલા જેને પોતે ચાહે છે તેને મઝહબનો પ્રકાશ અને તેનામાં ઈમાન ભરી દે છે યાને ઈમામે ઝમાન તરફનો રસ્તો બતાવે છે.

"અને ખુદા માણસો માટે દ્રષ્ટાંતો આપે છે અને ખુદા સર્વ ચીઝ જાણનાર છે. કુરાને શરીફ (સુ. ૨૪ આ. ૩૫) એટલે કે **"ઓ મહમદ ! ખુદાતઆલાની પ્રભાત**(નો પ્રકાશ) **તને પ્રકાશિત બનાવવા દ્રષ્ટાંત રૂપ બનાવે છે."**

આની મતલબ એ છે કે તે (ખુદાતઆલા) પાકી સમજના રૂપમાં દ્રશ્ય વસ્તુની સાથે જોડીને વિચારોનો સારાંશ સમજાવે છે અને એક દિવસ એવો આવશે કે લોકો તેમનું કહેવું સમજશે અને તેમનો હેતુ બધાની નજરે પડશે, ઘણાજ શાણપણભર્યા સારાંશવાળા ખ્યાલ હોય, અથવા અકલમંદોથી સમજાય તેવા વિચારો હોય, અથવા અલંકારિક હોય તે બધું ખુદાતઆલા જાણે છે.

અત્યાર સુધી આપણે (નુરની આયાત સંબંધી) તફસીર અથવા સાદો અર્થ કરી ગયા. હવે આપણે તેના તાવિલી અથવા અલંકારિક અર્થ વિષે વિચાર કરીયે.

Scanned with CamScanner

માકુલાત (ખ્યાલો અથવા સારાંશ), મહસુસાત (હજ રોજા નમાઝ વિગેરે શારિરીક ઈંદ્રીઓથી થતી ક્રિયાઓના અહકામોની પૈરવી) સંબંધી બાબતોમાં વિદ્વાનોને ઘણું બધું કહેવાનું છે. તેમાંના કેટલાએક કહે છે કે : "આ ઠેકાણે નુરની મતલબ ઈમાન; ગોખલાની મતલબ ઈમાનદાર, અને દીવાની મતલબ તેનું દિલ થાય છે. કન્ડીલમાં બળતી બત્તીના પ્રકાશને તેઓ ઈમાનની ઉપમાં આપે છે. આ ફાનસને ચમકતાં તારા મિસાલ ગણે છે; તવહીદનો નિયમ યાને ખુદાતઆલાની વહેદાનિયતના સ્વિકારને મુબારક ઝાડની ઉપમા આપે છે સુર્યના પ્રકાશમાં ઝાડનો જે હિસ્સો કે ભાગ હોય છે તેને તેઓ ગુન્હાની બીક ગણે છે.

આ (તવહીદના) નિયમની મહત્તા, ઈમાનદારો તેનો ઉચ્ચાર ન કરે તો પણ નજીકમાંજ જગતને પોતાના ઝળકાટથી પ્રકાશમય બનાવશે; પણ જ્યારે એ ઉચ્ચારાય છે અને જ્યારે તેના ઉચ્ચારણોનો ખાસ હેતુ છે એટલે આપણે કહી ગયા તેમ "અલી"ના નુરનું કિરણ જાહેર થાય છે.

કેટલાક લોકો કહે છે કે આ અલંકાર હ. પેગમ્બર સ. માટે વપરાયેલ છે અને "ગોખલા" તે એ મહાન નરની વિશાળ છાતી છે. જ્યારે "બતી" એ તેઓશ્રીનું નુરાની દિલ છે અને "વાટ" તેઓશ્રીના પાક કાર્યો છે; કારણ કે ઈતાયત નબુવતમાંથી આવેલ છે. "અને તે પુર્વ કે પશ્ચિમ દિશામાંનું નથી અને જેનું તેલ વગેરે" જે વર્ણન છે તે, તે યાને હ. પેયગમ્બર

રસુલ સ.ની નબુવત યહુદી અથવા ખ્રિસ્તી વિચારોથી મુકત હોવાને લાગુ પડે છે, કારણ કે યહુદીઓ બંદગી કરતી વખતે પશ્ચિમ તરફ અને ખ્રિસ્તીઓ પુર્વ તરફ ફરે છે.

મુબારક ઝાડ તે નબુવતનું ઝાડ યાને હ. ઈબ્રાહીમ ખલિલ્લાહ છે, કારણ કે પેયગંબરો તેમના વંશજો છે અને માનીતા મહમદ અને તેના વસીયોનું પાક નુર જો કે તેને કોઈ આગ અડકતી નથી છતાં નજીકમાંજ જગતના લોકો માટે પ્રકાશશે.

બીજા લોકો કહે છે કે, "ગોખલો" એ હ. ઈબ્રાહીમ અને બત્તી તે હ. ઈસ્માઈલ અને "વાટ" તે હ. રસુલે ખુદા છે; કારણ કે હ. રસુલ સ.ને દીવા તરીકે સંબોધવામાં આવેલ છે અને "જેનું તેલ સારી રીતે પ્રકાશ આપશે વગેરે" જે વર્ણન છે તે મહાન નર (હ. પેયગંબર રસુલ સ.)ના નેક આમાલ છે કે જે (કોઈ પણ ચીજ) હતી, છે કે હશેની મોખરે છે. અને એ કે તેના ઉપર વહી નાઝીલ થનાર છે; અને "અલી"નું નુર એ હ. રસુલ સ.નું તેમજ હ. આદમથી હ. ઈબ્રાહીમ અને તેનાથી છેલ્લા નબીમાં ઉતરી આવેલું પાક નુર છે, જેમકે આપણે કુરાને શરીફ (સુ. ૩ આ. ૩૩)ની આયાત સંબંધમાં અગાઉ જણાવી ગયા છીએ કે "ખરેખર ખુદાતઆલાએ આદમ અને નુહને પસંદ કર્યા છે વગેરે"..

Scanned with CamScanner

તેઓ આદમના વખતથી અબ્દુલ મુનાફના વખત સુધી પવિત્ર માતાઓથી જન્મેલા ચોખ્ખા વંશધરો હતા.

વળી બીજા કેટલાક લોકો કહે છે કે "ગોખલા"ની મતલબ હ. અબ્દુલ મુતલિબ, "બત્તી"ની મતલબ હ. અબ્દુલ્લાહ અને "વાટ"ની સરખામણી આસમાન ઉપર જે ગયા તે યાને હ. મહમદ મુસ્તફા રસુલ સ. જે નહિ પુર્વના કે નહિ પશ્ચિમના પણ પૃથ્વીની મધ્યમાં આવેલા મક્કાના વતની છે તેની સાથે કરવામાં આવી છે.

ઈમામે બરહક હ. ઈમામ જાફર સાદિક સ. થી મનકુલ છે કે તેમણે ફરમાવ્યું કે ; **"અમે ગોખલો છીએ અને બત્તીની વાટ અમારા દાદા હ. મહમદ મુસ્તફા રસુલ સ. છે અને ખુદા જેને ચાહે છે તેને અમારી વિલાયત મારફત હિદાયત કરે છે."**

ઈબ્ને બાબુઆ, ખુદાવંદતઆલાની તેના ઉપર રહેમત ઉતારો. જે ઈમામ (જાફર સાદિક)ના મોટા અસાહબોમાંના એક હતા, તેઓશ્રી પોતાની કૃત્તિ (કિતાબુત તવહીદ)માં ઈશા ઈબ્નેરશીદ તરફથી વર્ણવેલ હોવાનું જણાવેલ છે કે "ગોખલો કે જેમાં દિવો છે" તે વાકયનો અર્થ અમીરૂલ મોમનીન ઈબ્ને અબુ તાલિબનાં વિશાળ સીના મુબારકમાં રહેલું "અલી"નું નુર થાય છે, કારણ કે હ. રસુલ સ.ના ઈલ્મથી હ. અલીનું દિલ સમ્પુર્ણ રીતે ભરપુર છે. હ. રસુલ સ. ફરમાવ્યું કેઃ "હું ઈલ્મનું શહેર છું અને

Scanned with CamScanner

અલી તેનો દરવાજો છે." તેજ ઈમામ "જેનું તેલ તુરતજ પ્રકાશ આપે છે." એ વાકયના અર્થની સમજ આપે છે કેઃ "એ વખત નજીકમાંજ છે કે આલમ(વિશ્વ) બની આદમના ફખ્રરૂપ હ. નબી મહમદ મુસ્તફા રસુલ સ.ની આલ પાસેથી તેમનામાં રહેલા ભવિષ્યના જ્ઞાનને કારણે કોઈ સવાલ કરે તે પહેલાંજ તે બાબતનો ખુલાસો મેળવે."

"નુરન અલા નુર"નો અર્થ એ છે કે, ઈમામને દૈવી ઇલ્મ અને હિકમતનો અખંડ પ્રકાશ સીધે સીધો મળતો રહે છે. (જ્યારે એક ઈમામ જામો સિફારે છે ત્યારે બીજો એમ) એક પછી એક કે જે પણ હ. રસુલ સ.નો વસી ગણાય છે, તે આવે છે અને આ સીલ સીલો હ. આદમ અ.થી ખાતેમુન નબી સુધી કદી પણ ટુટેલ નથી અને તેમના બાદ કયામતને દિવસે જાહેર થનાર "કાયમ"ના વખત સુધી ટુટનાર નથી. ઈમામ એ વસી છે કે જેને હકતઆલા ઝમીન ઉપર પોતાનો ખલીફો અથવા ખલકત ઉપર પોતાનો હુજ્જત નિમેલ છે. તેમના એક વગર ઝમીન કદી પણ ખાલી રહેનાર નથી કે જેથી મનુષ્ય જાત હમેશાં હકતઆલાની સ્તુતી કર્યા કરે.

દીવાની તે વાટ કે જે ઉંચી કરવામાં અને તેલમાં ભિંજવવામાં આવી છે, તે ખુદાઇ વહેદાનિયતની મિસાલ છે તેજ મુજબ પાકીઝગી, "તેમના ઉપર" નુર અને તેના ચમત્કારનો અર્થ જુદી જુદી જાતના તેલો થાય છે. "તે પશ્ચિમ દિશાનું

Scanned with CamScanner

નથી કે પુર્વ દિશાનું નથી." નો અર્થ એ થાય છે કે તે ઝાડ પુર્વની ઝમીનોમાં કે જ્યાં ચંદ્ર આથમ્યા પછી દિવસના છેડા સુધી સુર્ય વધારે પ્રકાશતો નથી, ત્યાં ઉગતું નથી અને "તે ઝાડ પશ્ચિમનું નથી" તે એટલા માટે કે સુર્યોદયથી ચંદ્રોદય સુધી સુર્ય વધારે પ્રકાશતો નથી, ત્યાંનું પણ નથી.

વળી એમ કહેવાય છે કે ઝયતુનના ઝાડમાં એવો ગુણ છે કે, તે છાયાની કદી પણ ઇચ્છા કરતું નથી; તે હંમેશા તડકામાં રહે છે; એથી તે તેનાથી બળી જાય છે; આમ હોવાથી, ઝાડ અને તેનો મેવો કદી પણ અપકવ રહેતા નથી. જેટલો સુર્ય વધારે તપે તેટલો ઝાડને વધારે ફાયદો થાય છે અને જેથી તેને છાયો આપે એવી દરેક પ્રકારની આડ અથવા અડચણોથી તે દુર રહે છે; એમ કહેવાય છે કે આ ઝાડ શરૂઆતમાં બહેસ્તમાંથી આવ્યું અને ત્યાંથી આ પૃથ્વી ઉપર લાવવામાં આવ્યું છે, તે આ પૃથ્વી ઉપરના ઝાડોમાંનું નહિ હોવાથી તેને પુર્વ કે પશ્ચિમમાંનું ગણી શકાય નહિ.

અને કહેવામાં આવ્યું છે તેમ આ પ્રકારનું નુર મહાન પુરૂષોના ઘરોમાં ઝળહળે છે. એ મહાન પુરૂષો તે નબીયો, સંતપુરૂષો, પેગમ્બરો અને હ. રસુલ સ.ની આલ (અહલેબેત) છે અને પેલું ઝાડ તે તુબાનું ઝાડ છે જે હૌજે કૌસરની પાસે ઉગે છે અને જેની ડાળીઓ સાતે આસમાનમાં ફેલાયેલી છે. તેના મુળ ધોરી અને મચ્છીના બરડામાં

Scanned with CamScanner

છે. તેની ડાળીયોનો છાંયો પુર્વથી પશ્ચિમ સુધી પડે છે અને તેની ડાળી બહેસ્તના દરેક રહેવાશીના ગોખની બારી ઉપર લટકે છે; તે યાને બહેસ્ત નિવાસી તેની પાસેથી જે જે ઇચ્છે તે તેમાંથી મેળવે છે.

આ ઝાડ ખાતેમુન અંબીયા, રસ્તાઓના ભોમિયા ખુદાવંદતઆલાના પેયગમ્બરની મિસાલ છે, તેમજ તે હ. મૌલા મુર્તઝાઅલી અને તેના ગાદીવારસો (ઇમામો)ની મિસાલ છે. જેમકે હ. ઈબ્રાહિમ પેયગમ્બરના પ્રકરણમાં કુરાને શરીફ (સુરા ૧૪ આ. ૨૪) જાહેર કરવામાં આવેલ છે કે : "ખુદાવંદતઆલા તને કેવા દ્રષ્ટાંતો આપે છે તે તું જોતો નથી ? એક સારો શબ્દ એક એક સારા ઝાડ જેવો છે. કે જેનું મુળ મજબુત છે અને જેની ડાળીયો આકાશમાં છે" એટલે કે "ઓ મહમદ, ખુદાતઆલા તારા અને તારા ગાદી વારસ (અહલેબેત)ના કેવા દાખલા આપે છે તે તું જાણે છે ? દરેક સારો શબ્દ એક પવિત્ર ઝાડ જેવો છે કે જે તુબાનું ઝાડ છે, જેના મુળ જમીનમાં મજબુત છે અને જેની ડાળીઓ આકાશમાં છે."

એમ કહીને તેઓ, તવહીદના પાક કલમાની બરાબર છે એમ તે યાને ખુદાવંદતાલા જણાવે છે કે હ. ઇમામ જાફર સાદિકે ફરમાવ્યું છે કે અને તેઓ શ્રી હ. ઇમામ મહમદ બાકિર સ. એ ફરમાવ્યું હોવાનું જણાય છે કે: "સારૂં ઝાડ" એ હ. રસુલે ખુદા છે, જેની ડાળીયો મૌલા મુર્તઝાઅલી

Scanned with CamScanner

છે અને તેના મુળ સર્વ સ્ત્રીઓમાં ઉત્તમ એવા હ. રસુલે ખુદાની પુત્રી હ. ફાતેમા ઝોહરા છે. અને એ ઝાડના ફળો હ. ફાતેમાના ફરઝંદો હ. હસન અને હ. હુસેન અને હ. ઇમામ હુસેનના જાનશીન (ઇમામો) છે. અને તે ઝાડના પાંદડા તે શીયા (મોમીનો) હ. મૌલા મુર્તઝાઅલીના મુરીદો છે." ત્યાર બાદ તેમણે ફરમાવ્યું કે : "જ્યારે એક શીયા (મોમીન) મરણ પામે છે ત્યારે તે ઝાડમાંથી એક પાંદડુ ખરી પડે છે, અને જ્યારે શીયા કુટુંબમાં એક બાળક જન્મે છે ત્યારે ખરી પડેલા પાંદડાની જગ્યાએ નવું પાન ફુટે છે." અને ઇબ્ને અબ્બાસ તરફથી મનકુલ છે કે હ. રસુલે ખુદાને જીબ્રિલે કહ્યું કે "તમે એક વૃક્ષ છો અને અલી અને ફાતેમા તે ઝાડની ડાળીઓ છે અને તે ઝાડના ફળો તેણીના પવિત્ર પુત્રો છે. જ્યારે એ ઝાડના પાંદડા તેના અહલેબયતના મદદગારો શીયાઓ છે."

"સારા શબ્દ"નો અર્થ ઇમાન અને "સારા વૃક્ષ"નો અર્થ ઇમાનદાર થાય છે. ખુદાવંદતઆલા સુરતુર રહેમાન (કુરાને શરીફ સુ. ૫૫ આ. ૨૧-૨૨-૨૩)માં ફરમાવે છે કે : **"ત્યારે તમે તમારા પરવરદિગારની કઇ બક્ષીશોનો ઇન્કાર કરો છો? તે બન્ને સમુદ્રમાંથી મોટા મોતી અને નાના મોતી નીકળે છે. ત્યારે તમે તમારા પરવરદિગારની કઇ બક્ષીશોનો ઇન્કાર કરો છો ?"** આની મતલબ એ છે કે

Scanned with CamScanner

મોટાં મોતી અને નાના મોતીયોનો સંકેત અહલેબૈયત અને રસુલેખુદા માટે છે અને પેયગમ્બર સાહેબે ફરમાવ્યું છે કે : "આ જગ્યાએ જે સુચન છે તે હ. મૌલા મુરતઝાઅલી, હ. ફાતેમા અને તેમના બે ફરઝંદો માટે છે."

સલમાન, સાઅદ ઈબ્ને ઝુબેર અને સુફીયાન સાવરી અને ઈબ્ને અબ્બાસ તરફથી જણાવવામાં આવેલ છે કે, "જ્યારે આકાશના દ્વારમાંથી વરસાદ વરસે છે ત્યારે એક ટીપું સમુદ્રમાં રહેલી છીપમાં પડે છે અને તેમાંથી મોતી પાકે છે."

આ ઠેકાણે દરિયાની મતલબ હ. પેયગમ્બર, મૌલા મુર્તઝાઅલી થાય છે અને મોતીયો અને પરવાળાની મતલબ હ. ઈમામ હસન અને હ. ઈમામ હુસેન થાય છે. અને ખુદ રસુલે ખુદાએ ફરમાવેલ છે કેઃ "ખુદાતઆલાએ મને અને મારા કાકાના દીકરાને એક વૃક્ષ માફક પયદા કર્યા છે એટલે કે પોતે વૃક્ષનું થડ છે અને હ. અલી ઝાડની ડાળીઓ છે જ્યારે હસન અને હુસેન તેના ફળો છે અને પાંદડા તેમના અનુયાયીઓ શીયા છે. જે કોઈ તે ઝાડ અથવા તેની ડાળીયોના દિદાર કરે છે તે દોઝખ અને તેની આગથી બચી જાય છે પણ જે કોઇ તેમ કરતો નથી અથવા નાફરમાની કરે છે એ ગુન્હેગાર છે અને તેણે દુઃખદાયક શિક્ષા ખમવી પડશે."

હ. રસુલ સ. વળી પણ ફરમાવે છે કે; "હું તમારી પાસે બે ખજાના મુકી જાઉ છું. જો તમે તેને

**સાચવી રાખશો તો તમે કદી પણ ગુમરાહ થશો નહિ (તે છે) ખુદાઇ કિતાબ અને મારી ઇતરત કે જે અહલેબૈયત છે. તેઓ (અને કુરાને શરીફ) એકલા નથી. કદી પણ જુદા થશે નહિ ત્યાં સુધી કે હોજે કૌસર (યાને રોઝે કયામત) ઉપર તમે આવી પહોંચો."**

આ મુજબ એ સાફ સમજાય છે કે ઇસ્લામના તઉતેર ફિરકામાંથી જે કોમ નજાત યાને મોક્ષ મેળવશે તે એકજ કોમ છે કે જે હ. ઇસમાઇલ અને ઇસમાઇલી ઇમામોનાં અનુયાયીઓ છે; એનો પુરાવો આ રહ્યો (કુરાને શરીફ સુ. ૩૩ આ. ૩૩) **"માત્ર ખુદા ઇચ્છે છે કે તમારા ઉપરથી હે અહલેબૈયત ! નાપાકી દુર કરે અને તે તમને પાક કરી પવિત્ર કરે."**

આ નીચે જણાવ્યા મુજબના અર્થનું આ ચોખું સુચન છે. ઓ, અહલબૈયત ખુદાતઆલા તમારામાં જે કાંઇ અશુધ્ધ અને ખરાબી હોય તે બધું તમારામાંથી દુર કરીને તમને પાક રાખે છે અને દુનિયાની અશુદ્ધિના દરેક પ્રકારમાંથી તમને બચાવે છે.

(ત્યાર બાદ એક પેરો છે જેમાં બધા ઇમામો માસુમ યાને ગુન્હાથી રહિત છે, પણ પહેલા ત્રણ ખલિફાઓએ એવા હોવાનો દાવો ખચિત કરેલ નથી એમ જણાવેલ છે.)

તે દિવસથી કે જ્યારે ખુદાવંદતઆલાએ પોતાના પેદા

Scanned with CamScanner

કરેલાઓને પુછયું કે **"શું હું તમારો મૌલા નથી ?"** ત્યારથીજ પૃથ્વી ઉપર ઈમામ છે. ઈમામ મનુષ્યમાં સહુથી દાના હોય છે. તેની કોમ તેને ચુટે એ સવાલ રહેતો જ નથી. ખુદાવંદતઆલા ફરમાવે છે કેઃ (કુરાને શરીફ સુરા ૨ આ. ૧૨૪) **"મારો કરાર (અહદ) જુલ્મગારોને મળશે નહિ".** આનો અર્થ એ કે મારો કરાર (અહદ) કે જે ઈમામત છે તે જુલ્મગારોને મળનાર નથી.

બીજી પણ સાબીતી છે કે (કુરાને શરીફ સુરા ૧૧ આ. ૧૧૩) **"અને તમે તેઓની તરફ વલણ કરો નહિ કે જેઓએ જુલ્મ કર્યા છે".** યાને ખરાબ કૃત્યો કરનારા (જુલ્મગારો)ની દોસ્તી રાખો નહિ; વળી બીજી દલીલ છે કે (કુરાને શરીફ સુ. ૪૯ આ. ૬) **"હે મોમીનો, જો તમારી પાસે કોઈ જુઠો પાપી કંઈ ખબર લાવે તો તમે તપાસ કરો."** આ આયાતનો ભાવાર્થ એ છે કે જુઠાઓના કહેવા ઉપર અમલ કરતા નહિ અને ગુમરાહ થઈ ન જાઓ એ માટે એવાઓના કહેવા મુજબ ચાલવું જોઈએજ નહિ કારણકે અહદ યાને ઈમામત જુલ્મગારોને મળતી નથી અને જુલ્મગારો સાથે દોસ્તી રાખવી જોઈએ નહિ.

(આ ઠેકાણે એક પેરેગ્રાફ છોડી દેવામાં આવ્યો છે કે જેમાં કર્તા કહે છે કે જુદી જુદી તરહેની રાજદ્વારી મંડળીઓ અને ખલીફાઓની પેઢીઓના દાવાઓને ટેકો આપવા ખોટી અને બનાવટી હદીસો ઉભી કરવામાં આવી છે. લેખક એનો વિગતવાર સ્દીઓ આપી તેને

Scanned with CamScanner

ખોટા ઠરાવે છે. પોતાની દલીલોના ટેકામાં "અલ જામે બ્યાનઝ શાહીયાન" કે જેને સુન્નીઓની માઅતબર કિતાબોમાની એક તરીકે લેખક જણાવે છે તેમાંથી હવાલા આપે છે.)

ખુદાવંદતઆલાએ કુરાને શરીફમાં ફરમાવેલ છે કેઃ (કુરાને શરીફ સુરા ૩ આ. ૧૪૪) **"મહમદ એકલા પયગમ્બર છે; તેના જમાના પહેલાં રસુલો થઇ ગયા છે."** આની મતલબ એ છે કે જો તેઓ ખુદાતઆલાના રસુલો હતા તો મહમદ ખરેખર રસુલે ખુદા છે. ખુદાતઆલાએ મહમદને પસંદ કરેલ છે જેમકે કુરાને શરીફમાં ફરમાવેલ છે કે; (સુ. ૩૬ આ. ૨-૩-૪) **"બિસ્મિલ્લાહ હીર રહેમાનિરરહિમ, હિકમત ભરેલા કોરઆનના સોગંદ છે કે તું મોકલેલ પેયગમ્બરોમાંનો એક છે કે જેઓ સીધા રસ્તા ઉપર હતા."** એ ઉપરથી એ સિધ્ધ થાય છે કે હ. મહમદ રસુલે ખુદાને ફરમાન થયેલ હતું કે તે, માણસોને સીધો રસ્તો (સતપંથ) બતાવે કે જેથી તેઓ ભુલ અને પાપમાં પડે નહિ.

કુરાને શરીફ (સુ. ૫૩ આ. ૩-૪) માં ફરમાવેલું છે કેઃ "તે પોતાની ઇચ્છા પ્રમાણે બોલતો નથી. વહય સિવાય બીજુ કાંઇ નથી કે જે તેને વહી કરવામાં આવે છે." યાને તે જે બોલે છે તે ખુદાવંદતઆલા તરફથી ઉતારવામાં આવેલ અથવા હ. જીબ્રિલ મારફત મોકલવામાં આવેલ વહય છે.

ઇબ્ને અબ્બાસ નીચેની હદીસ, ખુદ હ. પેયગમ્બર

Scanned with CamScanner

સાહેબે પોતાના મુખ મુબારકથી ફરમાવેલી હોવાનું જણાવતા કહે છે કેઃ **"અમે પયગમ્બરો છીએ. અમે જેને જે લાયક છે તે સિવાયના બીજા કોઇને માટે અમારો વારસો મુકી જતાં નથી."** લાયક યાને પોતાની ગાદી વારસો (ઝુરીય્યત) કે જેમને માટે ખુદાવંદતઆલાએ ફરમાવેલ છે કેઃ (કુરાને શરીફ સુ. ૩ આ. ૩૪) **"ઝુરય્યત બઆઝા મિન બઆઝીન** યાને (એક પછી એક પિતા પછી પુત્ર ગાદીએ આવે એવી રીતે) તેમના વંશમાં કેટલાકમાંથી કેટલાકને અને ખુદા સાંભળનાર, જાણનાર છે". યાને અમે તમારી વચ્ચે અહલેબયત અને કુરાન મુકી જઇએ છીએ અને જે મુકી જવામાં આવેલ છે તે સત્ય અને યકીન સાથે અને માણસ સતપંથથી વિમુખ બનીને ગુમરાહ થતો અટકે એવા ચોખા હેતુસર રાખેલ છે. આ બેઉની રહેબરી કરશે અને ખુદાતઆલાની સાબિતી યાને હુજ્જત તરીકે તે રહેશે; જેમકે ખુદાતઆલાએ ફરમાવેલ છે કેઃ **"પૃથ્વી અને આકાશોનું રાજ્ય તેનું છે."** અને વળી કુરાને શરીફ (સુરા ૨ આ. ૨૫૫)માં ફરમાવેલ છે કેઃ **"તે સર્વોત્તમ (અને) મહાન છે."** વળી કુરાને શરીફમાં (સુરા ૨ આ. ૧૨૪) માં ફરમાવેલ છેઃ ખુદાવંદતઆલાએ (હઝરત ઇબ્રાહિમ અ.)ને ફરમાવ્યુ કેઃ **"ખરેખર હું તને માણસો માટે ઇમામ બનાવનાર છું."** યાને ખુદાતઆલાએ મોમીનોને ઇમામ આપેલ છે. અને હ. ઇબ્રાહીમે (અ.) પુછયું કે "અને મારા વંશમાંથી પણ (તું ઇમામ બનાવીશને ?)" ખુદાતઆલાએ જવાબમાં ફરમાવ્યું

Scanned with CamScanner

કે: **"જુલ્મગારોને મારો આ કરાર (અહદ) મળશે નહિ."**

અને કુરાને શરીફમાં એમ પણ ફરમાવેલ છે કે, (સુ. ૪ આ. ૧૭૫) **"હે લોકો, ખરેખર તમારા પરવરદિગાર તરફથી સાબિતી (હુજ્જત) આવી છે, અને અમે તમારી તરફ જાહેર નુર મોકલ્યું છે."** જાહેર નુર યાને નુરે નબુવત અને ઈમામત અને હ. રસુલ સ. પણ ફરમાવે છે કે, "મારા પરવરદિગારે મને વચન આપ્યું છે કે, હ. અલી અને અહલેબૈયત અને તેની આલ (ઈમામો) તરફની મહોબ્બત વગરની કોઈ પણ મોમનની ઈબાદત કબુલ કરવામાં આવશે નહિ."

## બયતોનો તરજુમો.

"હકતઆલાએ અહમદે મુખ્તાર સાથે કરાર કર્યો છે અને વચન આપ્યું છે કે, **અલી અને તેની આલ** (ઈમામે ઝમાન) **તરફની મહોબત વગરનું કોઈ ઈમાન કબુલ થશે નહિ."**

હ. નબી સાહેબે ફરમાવ્યું છે કે : "જગતની ઉત્પતિ પહેલા હ. આદમ અ.ની અગાઉ એક હજાર વર્ષ ઉપર બહેસ્તના દરવાજા ઉપર લખવામાં આવ્યું હતું કે : ખુદા સિવાય બીજો ખુદા નથી. મહમદ તેનો પયગમ્બર છે અને અલી તેનો ભાઈ છે." યાને ઝમીન અને આસમાનો અને આલમ અને આદમની ઉત્પતિ પહેલાં એક હજાર વર્ષ

Scanned with CamScanner

ઉપર બહેસ્તમાં લખવામાં આવ્યું હતું કે, લાઈલાહા ઈલલ્લાહ, મહમદન રસુલ્લિલાહ (અને) અલી મહમદનો ભાઈ છે."

## બયતોનો અર્થ.

"હ. આદમની ઉત્પતિ પહેલાં હજારો વર્ષ અગાઉ (હ. પેયગમ્બર) હૈયાત હતા. દોસ્તની મહોબત સંબંધી મહાન બહેસ્તના દરવાજા ઉપર ઘણા વર્ષ સુધી લખવામાં આવ્યું હતું કે, "અહમદ નબી છે અને અલી તેનો ભાઈ છે". અને વળી અર્શની તાક (કમાન) ઉપર મહમદનું નામ લખેલું છે. આ કોણે લખ્યું છે ? અલી નબીના નુરે."

અને હ. રસુલ સ. એમ પણ ફરમાવ્યું છે કે : "જે કોઈ અલી તરફ અણગમો અને બુગ્ઝ રાખે છે તેના માટે હું કદીપણ સફાયત કરીશ નહિ. તેની ઈબાદત બંદગીને સખાવત કબુલ થશે નહિ અને તેમને ગુન્હેગારો ભેગા દોઝખની વચમાં નાખવામાં આવશે." જેમકે ખુદાવંદતઆલાએ કુરાને શરીફ (સુ. ૪૨ આ. ૧૧-૧૨માં) ફરમાવ્યું છે કે: **"ખુદા સમાન કઈએ નથી અને તે સાંભળનાર (અને) જોનાર છે. આકાશો અને પૃથ્વીની કુંચીયો તેનીજ છે."**

અને વળી **"ખરેખર, ખુદાતઆલાએ ખુદ પોતાના જેવો આદમને બનાવ્યો અને તેમાં પોતાનો રૂહ ફુંકયો."** આની મતલબ એ છે કે તમારો ચહેરો ખરાબ દેખાય એવો રાખો નહિ કારણ કે ખુદાતઆલાએ પોતાની છબી ઉપરથી આદમને

Scanned with CamScanner

પેદા કરેલ છે અને તેમાં પોતાનો રૂહ ફુંકેલ છે. સુરતે ઇલાહી તે નફસેકુલ છે અને આદમ તે નાતિક અથવા પોતાના ઝમાનાનો પેયગંબર છે કે જેને નફસેકુલ તરફથી તાય્યીદ (તાત્કાલીક મદદ) મળતી હતી. તાવિલી અર્થમાં "ચહેરા"નું સંબોધન હંમેશા ઈમામનું રૂપક છે એટલે એ (વાકય) કહેવાનો ખરો અર્થ એ છે કે ખોટા દાવેદારોને ખરા ઈમામો તરીકે માનીને જેમ વિરૂધ્ધિઓ કરે છે, તેમ ઈમામોની માનહાનિ કરો નહિ. દરેક જમાનામાં નાતિક લોકોને બોલાવે છે અને (માણસ રૂપમાં રહેલાં) ખરા ઈમામના અનુયાઇ થવાની રીતભાત શીખવે છે.

"રૂહે ઇલાહી" જે આ વાક્યમાં છે તેનો અર્થ કુરાને શરીફમાં (સુરા ૪ આ. ૧૭૧)માં સમજાવવામાં આવેલ છે કે: **"ખુદાનો શબ્દ છે, જે તેણે મરીયમ પાસે પહોંચાડયો છે અને તે ખુદા તરફથી (આવેલ) પાક આત્મા છે."** યાને ખુદાઇ કલામ કે જે મરીયમમાં ઉતરેલો રૂહ છે."

વળી આ આયત (સુરા ૬૬. આ. ૧૨)માં એમ પણ જણાવવામાં આવ્યું છે કે **"તે એક (ખુદા) જેણે આ રૂહ ફુંકયો, તે મહાન યાને ખુદાએ તેને મરીયમના ગર્ભાશયમાં ઉતાર્યો. અને તેમજ એમરાનની દિકરી મરીયમનું દ્રષ્ટાંત છે કે જેણે પોતાની દામન પાક જાળવી રાખી પછી અમે તેમાં અમારો રૂહ ફુંકયો અને તેણીએ પોતાના પરવરદિગારના**

Scanned with CamScanner

**શબ્દો અને આસમાની કિતાબોને સાચી માની અને તેણી હોકમ ઉઠાવનારી હતી."**

કુંવારીકાનો તાવિલી અર્થ હુજ્જત યાને ખુદાતઆલાની સાબિતીનું અલંકારીક રૂપ છે અને ગર્ભાશયનો અર્થ કાન થાય છે; જેવી રીતે ગર્ભાશયમાંથી મનુષ્ય સ્વરૂપ હસ્તીમાં આવે છે, તેજ મુજબ કાન દ્વારા સુખુનો સાંભળવાથી રૂહાની સ્વરૂપ પયદા થાય છે. આખી આયાતનો તાવિલી અર્થ એમ થાય છે કેઃ "હ. મરીયમ કે જે ઈમરાનના હુજ્જત હતા તેમણે પોતાના કાન સામાન્ય જાહેરી સુખુનો કે જે તાવિલ રહીત હતા તે સાંભળવાથી દુર રાખ્યા ત્યારે તાવિલી સ્વરૂપમાં ખુદાઈ સુખુનોથી તેણીને નવાજવામાં આવી. આની હ. ઈસા રૂહ અલ્લાહને તરબીયત આપવામાં આવી. આયાતમાં રૂહ ફુંકવાની તેમજ કલમાઓ અંગીકાર કરવાની એમ બેઉ વાતો આવે છે.

રૂહ એ (ખુદાઈ) સુખુન અથવા કલમાના અલંકાર રૂપે છે. "તેણી હુકમ ઉઠાવનાર"નું સંબોધન જે તેજ આયાતમાં દેખાય છે તેની મતલબ "નજીકનો સંબંધ" થાય છે. હ. મરીયમ હુજ્જતોમાંના એક હતા. પેયગમ્બરો હ. ઈબ્રાહિમના વંશમાંથી અને ઈમામો હ. ઈમરાનના વંશમાંથી ઉતરી આવેલ છે; જેમકે કુરાને શરીફમાં ફરમાવેલ છે કેઃ (સુરા ૩ આ. ૩૩) "ખરેખર ખુદાએ આદમને અને નુહને અને ઈબ્રાહીમના વંશને અને ઈમરાનના વંશને સર્વ આલમ ઉપર

Scanned with CamScanner

પસંદ કર્યા છે." આનો અર્થ એ છે કે પેયગમ્બરોનો વંશ આ દુનિયાની ઉત્પતિના વખતથી (ઝુરય્યત) પેઢી દર પેઢી એમ ખાતેમુલ નબી સુધી ચાલી આવેલ છે અને દુનિયાના અંત સુધી ઈમામ તરીકે તેમજ ચાલુ રહેશે.

"બ્રહ્માન્ડનો પાયો પડયો તે પહેલાં કેટલાક હજાર વર્ષ અગાઉ અલી અને મહમદ સાથે બેઠા હતા."

શુરાની સુરા (સુરા ૪૨ આ. ૨૩)માં ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કે: **"કહે કે હું તમારી પાસે સંદેશો પહોંચાડવા માટે મારા સગાવહાલા** (અહલેબયત) **પ્રત્યે તમારા પ્રેમ સિવાય બીજો કાંઈ બદલો માંગતો નથી"** અને જે કોઈ સારૂં કામ કમાય છે તેને માટે અમે તે કામમાં સારો બદલો વધારીશું". એટલે કે "હે મહમદ કહી દે કે હું (તમારો) પેયગમ્બર હોવા માટે તમારી પાસેથી કાંઈ બદલો માંગતો નથી- હું પેયગમ્બરો અથવા બોધ આપવા માટે અનુયાયીઓ પાસેથી કાંઈ પણ વળતર લેતો નથી. હું ફરી એટલુંજ માંગુ છું કે તેઓ મારા ગાદી વારસો (અહલેબયત) તરફ મિત્ર ભાવ રાખે."

આનાથી ખુદાનો બંદો, તે યાને બારીતઆલાની નજીક થાય છે અને જે કાંઈ મારી ઝુરય્યત-આલમાંના કોઈ માટે કાંઈ કાર્ય કરે છે યાને જે મારો ફરમાંબરદાર છે અને મારા (ગાદીવારસ) તરફ મહોબત રાખે છે તે વધારે ને વધારે મારી નજીક થાય છે અને તે મારામાં મળી જશે"; જેમકે

Scanned with CamScanner

હ. રસુલે હ. અલીને ફરમાવ્યું કેઃ **"જેવો સંબંધ હારૂનને મુસા સાથે હતો એવોજ સંબંધ, તેના મહાન વડવાઓ બદલાતી દુનિયા અને ઘુઘવતા સાગરને ખાતર, તમારો (સંબંધ) મારી સાથે છે."**

આ સંકેત એ શખ્સ માટે છે કે જેને હ. પયગમ્બર સ. પોતાના પિત્રાઇ ભાઇ અને પોતાના વસી (જાનશીન) તરીકે સંબોધે છે. તેઓશ્રી માટે એ સુચન છે કેઃ **"જેનો હું મૌલા છું તેમનો અલી મૌલા છે."** કહીને બધા ફરમાબરદાર ઇમાનદારોને તેઓશ્રી યાને હ. રસુલ સ. એ નવાજેલ છે. આ ફરમાન હ. પેયગંબર રસુલ સ. સાહેબે ગદીરે ખુમવાળા પ્રસંગને દિવસે પોતાના અનુયાયીઓ માટે કર્યું હતું.

વધુમાં તેઓ નામદારે ફરમાવ્યું કે : **"ઓ ખુદા; જે તેની સાથે દોસ્તી કરે તેને તુ તારો દોસ્ત બનાવ, જે તેને મદદ કરે તેને તું મદદ કર અને જે તેની અવગણના કરે તેની તું અવગણના કરજે."** આ હદીસની સચ્ચાઇનો પુરાવો એક બીજી હદીસમાં મળે છે. હ. પયગમ્બર રસુલ સ. ફરમાવ્યું કેઃ પહેલી વસ્તુ કે જે ખુદાતઆલાએ પેદા કરી તે (આકાશનો) ગુમ્બજ હતો જેના ઉપર તેણે લખ્યું કે **"ખુદા સિવાય બીજો ખુદા નથી, મહમદ ખુદાનો પયગમ્બર છે અને અલી, મુસ્તફાનો વસી (જાનશીન) છે."**

ત્યાર બાદ ખુદાતઆલાએ **"અર્શ"** પેદા કર્યુ તેના

Scanned with CamScanner

પાયામાંજ એજ મુજબનો કલમો લખ્યો. "લાઈલાહાઈલલ્લાહ મહમદન રસુલિલ્લાહ વ અલી વજહુલ્લાહ" યાને "ખુદા સિવાય બીજો ખુદા નથી, મહમદ તેનો પયગમ્બર છે અને અલી તેનો (ખુદાતઆલાનો) ચહેરો છે". જે કોઈ એમ સમજે કે હ. પયગમ્બર રસુલ સ. તરફ મહોબત રાખવાની ફરજ છે, પણ તેના વસી તરફ મહોબત ધરાવવાની જરૂર નથી તે ભુલ કરે છે અને જે કોઈ એમ સમજે કે, હ. પયગંબર રસુલ સ.ની ઓળખાણ પોતે રાખતો હોવાથી તેના વસીને ઓળખવાની જરૂર નથી તો તે કાફર છે. ત્યાર બાદ હ. રસુલ સ. ફરમાવ્યું કે; "શું મારી અહલેબયત તમારા માટે અમાન નથી ? તેમના તરફની મહોબત તે મારા તરફ મહોબત ધરાવ્યા બરાબર છે અને જે કોઈ તેમની દુશ્મની કરે છે તે પાપ કરે છે". કોઈએ સવાલ કર્યો કે **"આપની અહલેબૈયતમાં કોને ગણવા?"** તેઓ નામદારે જવાબમાં ફરમાવ્યું કેઃ **"અલી અને બેઉ મારા દોહિત્રા અને બધા બીજા ઈમામો કે જે હ. ઈમામ હુસેનથી પિતા પછી પુત્ર એમ ગાદીએ આવે કે જેઓ ખુદાતઆલાની રહેમતથી માસુમ છે. ખરેખર એઓ અહલેબૈયત છે વગેરે...."** વળી (હ. મૌલા મુર્તઝાઅલી તરફ જોઈને) વધારામાં ફરમાવ્યું કેઃ **"તારૂં ગોસ્ત તે મારૂં ગોસ્ત છે, તારૂં લોહી તે મારૂં લોહી છે."** હ. રસુલેખુદાએ જે ફરમાવ્યું તે ખરૂં છે.

(હ. રસુલે ખુદાના) અસાહેબોમાંથી ઘણા આ હદીસની સચ્ચાઇ બાબતમાં શાક્ષી પુરે છે કે હ. રસુલે ખુદાએ ફરમાવ્યું કેઃ "ખુદાવંદતઆલાએ પહેલા હિજાબ (પડદો) પેદા કર્યો અને તેના ઉપર તવહીદનો કલમો લખ્યા પછી લખ્યું કેઃ **"મહમદ અલહીસલામ રસુલે ખુદા છે અને અલી અલહીસલામ તેના વસી છે."**

જ્યારે અર્શ પેદા કર્યું અને અર્શની કમાનો ઉપર લખવા કલમને ફરમાન (અમ્ર) થયું કે "લખ", કલમે અર્જ ગુજારી કે, "શું લખું ?" આલમે ગયબમાંથી અવાજ આવ્યો કે "લખ કે, લાઈલાહા ઈલલ્લાહ વ મહમદન રસુલિલ્લાહ." કલમે ત્રીસ હજાર વર્ષ સુધી ફર્યા કર્યું ત્યારે લાઈલાહા ઈલલ્લાહ, મહમદન રસુલિલ્લાહ લખ્યું યાને તહલીલ (યાને લાઈલાહા ઈલલ્લાહને વારંવાર લખવું)ના કલમા પછી મહમદ રસુલે ખુદા છે (એમ લખ્યું) ત્યાર પછી અવાજ આવ્યો કે, "લખ" કલમે અર્જ ગુજારી કે "શું લખું?" અવાજ આવ્યો કે લખ કે, "ઇન્નિ અમીરૂલ મોમનીન અલી વલી ઉલ્લાહ." યાને "ખરેખર ઈમાનદારોનો સરદાર અલી ખુદાનો દોસ્ત છે."

જેવું કહારી (સજા કરનાર)નું નામ કલમે સાંભળ્યું કે તરતજ તે ભાંગી પડી અને બીકને લીધે તેના ચીરા થઇ ગયા. આ કલમો કે જે "અલી મુસ્તફાના વસી છે" લખવાને બીજા ત્રીસ હજાર વર્ષ લાગ્યા. ત્યાર બાદ ખુદાવંદતઆલાએ

Scanned with CamScanner

જમીન પેદા કરી. એ મુજબ જે કોઇ રસુલે ખુદાના દોસ્ત હોવાનો દાવો કરે છે અને તેના વસી તરફ મહોબત ધરાવતો નથી, તે હ. મહમદ રસુલ સ. તરફ મહોબત ધરાવવાની ખોટી વાત કરે છે, એ મુજબ કોમમાં તે એક જુઠો શખ્સ છે અને જે કોઇ એવો દાવો કરે છે કે, પોતે હ. રસુલ સ. ને પીછાણે છે પણ તેના વસીને પિછાણતો નથી, તે કયામતને દિવસે હ. મહમદ સ. ને ઓળખી શકશે નહિ અને તેથી તે બેફરમાની છે.

ત્યાર પછી હ. રસુલેખુદાએ ફરમાવ્યું કેઃ "જે કોઇ હ. અલી અને તેના ગાદી નશીન (ઈમામો) તરફ મહોબત રાખે છે તે મારા તરફ મહોબત રાખે છે અને જે કોઇ મારા તરફ મહોબત રાખે છે તે ખુદા તરફ મહોબત રાખે છે." અને તેઓશ્રીએ વધુમાં ફરમાવ્યું કે "પણ જે કોઇ હજરત અલી અને તેના જાનશીનો (ઈમામો) તરફ બુગ્ઝ (ધિક્કાર) ધરાવે છે તે મને ધિક્કારવા બરાબર છે અને જે કોઇ મને ધિક્કારે છે તે ખુદાને ધિક્કારવા બરાબર છે." એ મુજબ રસુલે ખુદાએ ફરમાવ્યું છે કે, "જાણી લો કે મારી અહલેબૈયત તે ઈમામો છે તેથી તેમના તરફ પ્રેમ ધરાવવો તે મારા પોતા તરફ પ્રેમ ધરાવવા બરાબર છે અને તેમની દુશ્મની કરવી તે મારી પોતાની દુશ્મની કર્યા બરાબર છે."

કેટલાએક અસાહેબોએ પુછયું કે, "ઓ રસુલ, આનો

અર્થ શું છે ? તે અમને કહો કે જેથી લોકો ભુલ કરી ન બેસે." હ. રસુલે ખુદાએ જવાબમાં કુરાને શરીફ (સુ. ૭૬ આ. ૧) **"ખરેખર ઇન્સાન ઉપર ઝમાનાનો એવો એક વખત આવ્યો છે કે જે વખતે તે કંઇ હતોજ નહિ કે તેને યાદ કરવામાં આવ્યો હોય"**ની યાદી આપી ફરમાવ્યું કેઃ "માણસ ઉપર શું એકાદ એવી પળ, તેની હસ્તી દરમિયાન, નથી આવતી ? કે જ્યારે તેને માટે (બીજાઓ) કાંઇ બોલે એવી હાલત બંધ પડે છે ?" યાને (જ્યારે તે મરણ પામે છે.)

એક બીજી જગ્યાએ કુરાને શરીફ (સુરા ૫ આ. ૫૫)માં ફરમાવવામાં આવેલ છે કેઃ **"માત્ર તમારા દોસ્ત ખુદા અને તેનો પયગમ્બર છે... વગેરે"** યાને અમીરૂલ મોમેનીન હ. અલી ખુદાના દોસ્ત અને હ. પયગમ્બરના વસી છે. કારણ કે જ્યારે હ. પયગમ્બર હજ કે જે "હજે આલા" કહેવામાં આવે છે, તેમાંથી પાછા ફરતા હતા ત્યારે તેઓશ્રી "લયલતુલ કદ્ર"ની રાત્રે "કાઅ્મુલ કદ્ર" નામે ઓળખાતી જગ્યાએ આવી પહોંચ્યાં. એ વખતે હ. જીબ્રિલ નાઝિલ થયા અને કુરાને શરીફની આ આયાત કહી (સુ. ૫. આ. ૬૭).

**"ઓ રસુલ, તારા પરવરદિગાર તરફથી જે સંદેશો તારા તરફ નીચે મોકલવામાં આવ્યો છે તે તું પહોંચાડી આપ અને જો તું તેમ નહિ કરે તો તેનો**

Scanned with CamScanner

**સંદેશો તેં પહોંચાડયો નથી, અને ખુદા તને માણસોથી બચાવશે."** એટલે કે, ઓ મહમદ, તારા વસીની નિમણુંક કર અને લોકોને કહી દે કે 'અલી' ઇમામ છે. જો તું એમ નહિ કરીશ તો તું નબીપણાને યોગ્ય ગણાઇશ નહિ." જેમકે કુરાને શરીફ (સુરા ૩૬ આ. ૧૨)માં ખુદાતઆલા ફરમાવે છે કેઃ **"એને દરેક ચીઝ અમે જાહેર ઈમામમાં ગણી છે."** યાને તે દુનિયાની દરેક ચીઝ અને વ્યક્તિને જુએ છે અને તે વિષે જાણે છે, જેમ કે કુરાને શરીફ (સુ. ૪ આ. ૫૯)માં ફરમાવેલ છે કેઃ **"હે મોમનો, ખુદાનો હુકમ ઉઠાવો, અને પેયગમ્બરનું તથા તમારામાંના ઉલુલ અમ્ર** (હુકમની સત્તા રાખનારનું) **ફરમાન ઉઠાવો."** એટલે કે શાહે મર્દા મુર્તઝાઅલીની તાબેદારી કરો. તમારા ઉપર હુકમ કરનાર એ વાક્ય તેને યાને હ. અલી અ. ને લાગુ પડે છે.

ત્યાર પછી હ. પયગમ્બર સાહેબે ઊંટો ઉપરથી કજાવા ઉતારી તેનું એક મિમ્બર બનાવવા હુકમ આપ્યો. ત્યાર બાદ હ. અલી અ.નો હાથ પકડી મિમ્બર ઉપર લઇ જઈને બેસાડયા અને છટાદાર ખુતબો ભણતા ફરમાવ્યું કેઃ "હું ઈમાન લાવ્યો છું ખુદામાં, તેના ફિરસ્તાઓમાં અને તેના રસુલોમાં અને છેલ્લા દિવસમાં." છેલ્લો દિવસ એટલે શાહે મર્દા (હ.અલી (અ.)) અને તેના જાનશીન કે જે મુજબ હ. પયગમ્બર અર્થ કરતા હતા એ મુજબ તેનામાં યાને

Scanned with CamScanner

(અલી અ.)માં ઈમાન રાખવાનું ફરજીયાત છે. ત્યાર બાદ હ. પયગમ્બર સાહેબે ફરમાવ્યું કેઃ "જેનો હું મૌલા છું તેનો અલી મૌલા છે." કારણ કે કહેલું છે કે "માત્ર તમારો દોસ્ત ખુદા અને તેનો પયગમ્બર છે વગેરે." (કુરાને શરીફ સુરા ૫. આ. ૫૫) એ મુજબ એ સાફ સિધ્ધ થાય છે કે અલી ખુદાના દોસ્ત અને હ. પયગમ્બરના વસી છે જેમકે તેમના વિષે કુરાને શરીફ (સુરા ૪. આ. ૫૯)માં ફરમાવવામાં આવેલ છે કેઃ **"તાબેદારી કરો ખુદાની તાબેદારી કરો રસુલની વિગેરે..."**

(આ જગ્યાએ અસલ કિતાબના કેટલા પાનાઓ છોડી દેવામાં આવ્યા છે કે જેમાં કર્તાએ હ. પયગમ્બરે હ. ઉસમાનને મીસર ઉપર ચડાઈ કરવા મોકલેલ તે સંબંધી જુનો ઈતિહાસ આપેલો છે. બીજા શીયાઓ જેમ કહે છે તેમ તે પણ જણાવે છે કે હ. અબુબકર(ર.) અને હ. ઉમર(ર.) લશ્કર સાથે ગયા હતા નહિ. વધારામાં તે પેલી જાણીતી બીના કે હ. પયગમ્બર સાહેબે મરણ પથારીયે હતા ત્યારે પોતાની વફાત પહેલાં પોતાનું વસીયતનામું સંભળાવવા ઈચ્છા દર્શાવી પણ હજરત ઉમર એમાં આડે આવ્યા અને એ (સંભળાવવાનું) બને તે પહેલાં તેઓશ્રી વફાત પામ્યા. કર્તા આ બાબત માટે તેજ "અલ જામે બયાનાઝ સાહિબાન" અને અબુ હાસિમ જેના કર્તા હોવાનું લેખક કહે છે તે "જામી"નો હવાલો આપે છે.)

ઈબ્ને અબ્બાસ હ. રસુલ્લિલાહની એક હદીસ નીચે મુજબ હોવાનું જણાવે છે. "અમે રસુલોની સાથે રહીયે છીએ અને અમે કાંઈ પણ ચીજ એવાને સોંપી જતા નથી

Scanned with CamScanner

કે જે તેને લાયક ન હોય.” યાને પોતાના જાનશીન (ઝુરય્યત) સિવાયનાને સોંપી જતા નથી કે જે માટે કુરાને શરીફમાં ફરમાવેલ છે કેઃ (સુરા ૩. આ ૩૪) **“જાનશીનો- એક પછી બીજો આવે- અને ખુદા (બધું) સાંભળે છે અને જાણે છે.”** આની મતલબ એ છે કે મેં તમારી સાથે કુરાન અને આલ (ગાદીવારસ-ઝુરય્યત) પાછળ રાખ્યા છે અને જે હું પાછળ રાખી ગયો છું, તે ખરેખર અને ખચિત એટલા માટે રાખી ગયો છું કે લોકોને ભુલાવામાં પડતા બચાવે.

અને હ. પયગમ્બરને એમ ફરમાવતા અમે સાંભળેલ છે કે (કુરાને શરીફ સુરા ૧૯ આ. ૫) **“માટે તું મને તારી પાસેથી એક વારસ બક્ષીસ આપ”** યાને એ માટે હ. ઝકરીયા(અ.)એ ખુદાતઆલાને અરજ કરી હતી.

આ ઉપરથી જે લોકોએ હ. ફાતેમા(ર.) પાસેથી રસુલે ખુદા તરફથી વારસામાં મળેલું મકાન અને “ફંદક”નો બાગ છીનવી લીધો, જો કે ખરી વાત એમ હતી કે તેણે યાને (હ. રસુલ ખુદાએ) પોતાની હૈયાતી દરમિયાન પોતેજ આ બધું તેણીને બક્ષીસ કર્યું હતું અને જેઓએ તે છીનવી લીધું તેમનો તેના ઉપર કાંઇ પણ હક હતો એવી તેમની પાસે કોઇ સાબિતી નહોતી, છતાં તેમણે કેટલી હદ સુધી જુઠાણા ફેલાવ્યા હતા અને કાવત્રાં કર્યા હતા તેનો કોઇ પણ શખ્સ તોલ કરી શકશે.

Scanned with CamScanner

સ્ત્રીઓમાં મહાન ગુણવાન હ. ફાતેમાએ શાક્ષીઓ રજુ કર્યા કે, તેમના પિતાશ્રી આ બધું તેમને વારસામાં સોંપી ગયા હતા પણ પેલા નાદાન અને બુરા લોકોએ શાક્ષીઓ કે જેમાં એવા એવા માણસો હતા જેવા કે અમીરૂલ મોમનીન હ. અલી, ઉમ્મે કુલસુમ, સલમાન, બુઝર, સુહાયલ, મીકદાદ, જબીર અન્સારી અને નબી સાહેબના કુટુંબના બધા જણા જેમાં ઉમ્મે અયમાન કે જેને જીન્નત મળશે એવું વચન હ. પયગમ્બરે આપ્યું હતું, તેવાઓ હતા, તેમની સાક્ષીને ખોટી ગણી તેમણે પોતાના મોઢાઓ કાયમની શરમના બુરખા નીચે છુપાવી દીધા છે.

બુખારી અને મુસ્લીમની લખેલી કિતાબો કે જે બેઉ સુન્નત જમાઅતની ઘણીજ મઓતબર કિતાબોમાંની છે તેમાં જણાવવામાં આવેલ છે કે, હ. પયગમ્બર અ. અને તેમની અતિ પ્યારી પુત્રી ફાતેમા(ર.)ની તેઓ આ ફાની દુનિયા તજી ગયા ત્યાં સુધી તેમના કેટલાક દુશ્મનો તરફથી ભારે સતામણી કરવામાં આવી હતી. હ. પયગમ્બર સ. પોતાના મુખ મુબારકથી વારંવાર ફરમાવતા હતા કે: "ફાતેમા મારો તનનો ટુકડો છે અને તેને જે કાંઇ ઈજા થાય છે તે મને થાય છે." આજ કારણથી એ સાબીત થાય છે કે હ. રસુલ સ. ફરમાવ્યું કેઃ "જે કોઈ હ. અલી, ફાતેમા અને મારા દોહિત્રાનો તિરસ્કાર કરે છે તેણે મારો પોતાનો તિરસ્કાર કર્યા બરાબર છે અને જેણે મારો તિરસ્કાર કર્યો તેણે

Scanned with CamScanner

ખુદ ખુદાનો તિરસ્કાર કર્યો ગણાય." તે મુજબ એવી દુશ્મની કરનારાઓ હંમેશના લઆનતી છે કારણ કે જેઓ ખુદા અને રસુલને તિરસ્કારે છે તે કાયમનો લઆનતી છે.

ઇબ્ને અબ્બાસ તરફથી મનકુલ છે કે હ. પયગમ્બર રસુલ સ. સાહેબે ફરમાવ્યું કે: "ઓ અલી, ખુદાવંદતઆલાએ ફાતેમા સાથે તમારી શાદી કરી છે અને દેજમાં આખી પૃથ્વી આપી છે. એથી જે કોઇ જમીન ઉપર ચાલે છે અને ફાતેમા તરફ અભાવ રાખે છે તે ચોરની માફક ચાલે છે."

દોસ્તો ! ઇન્સાફની આંખથી આ તરફ નજર કરો અને જે પાખંડીઓએ એટલી બધી નાદાની કરી કે હ. પયગમ્બર સાહેબની અતી પ્યારી પુત્રી પાસેથી ફંદકનો બાગ છીનવી લીધો, એક વ્યક્તિ કે જેને પૃથ્વીની આખી સપાટી દેજમાં આપવામાં આવી હોય તેની પાસેથી એ બાગ લઇ શકેજ નહિ તે લઇને તેમણે કેટલી હદ સુધી કાવત્રાઓ અને અમાનુષિપણું આદર્યુ હશે એનો તોલ કરજો. તેમણે ગદીરે ખુમના કરારનામાનો ભંગ કર્યો; તેમણે હ. પયગમ્બરના છેલ્લા વસીયતનામાને દબાવી રાખ્યું; આ હકીકત જાણી લ્યો કે હ. ફાતેમા પાસેથી ફંદકનો બાગ છીનવી લેવાના પાપ અને તેઓશ્રીને કરવામાં આવેલ ગેરઇન્સાફે એટલો બધો કોલાહલ અને ઉહાપોહ મચાવી મુકયો કે ઉમૈયા અને અબ્બાસી વંશના ખલીફાઓમાંહેના કેટલાકને એમ

Scanned with CamScanner

લાગ્યું કે "એ ખોટું થયું હતું". અને તેમણે તેઓશ્રીના વંશજોને એ બાગ પાછો સોંપીને તેમનો હક અદા કરવા ઇચ્છા કરી હતી. આમાંનો પહેલો ખલિફો ઉમ્મર ઇબ્ને અબ્દુલ અઝીઝ હતો. (હી. સ. ૯૯-૧૦૧ ઇ. સ. ૭૧૭-૭૨૦) કે જે ઉમૈયાઓમાં મોટામાં મોટો ધાર્મિક (પરહેઝગાર) શખ્સ હતો. તેના બાદ અબ્બાસી ખલિફાઓમાં મઆમુન (૧૯૮-૨૧૮/૮૧૩-૮૩૩)મુઅતસિમ (૨૧૮-૨૨૭/૮૩૩-૮૪૨) અને વસીક (૨૨૭-૨૩૨/૮૪૨-૮૪૭) હતા. તેમણે હ. ફાતેમાના વંશજોને એ બાગનો કબજો સોંપ્યો હતો. જ્યારે (ખલીફા) મુત્તવકીલનો વારો આવ્યો ત્યારે તેણે તેમની પાસેથી પાછો લઇ લીધો પણ (ખલીફા) મુ.- તાદીદે (૨૭૯-૨૮૯/૮૯૨-૯૦૨) તેનો કબ્જો પાછો સોંપ્યો વળી ખલિફા મુસ્તફીએ (૨૮૯-૨૯૫ ઇ. સ. ૯૦૨-૯૦૮) તે પાછો લઇ લીધો અને મુકતદીરે (૨૯૫-૩૨૦/૯૦૮-૯૩૨) ફરી તે પાછો સોંપ્યો.

"લતાઇફુત તવાઇફ" નામે કિતાબમાં એવું વર્ણન છે કે એક વખત ખલીફા હારૂન અલરશીદે હ. મુસા કાઝીમને કહ્યું કે "મને ફંદકના બાગની લંબાઇ પહોળાઇની હદનો કાંઇક અંદાજ આપો કે જેથી હું તે તમને પાછો આપી દઉં કારણ કે એ બાબતમાં હ. પયગમ્બર સાહેબની અહલેબયતની વિરૂધ્ધતાનો ગુન્હો થયેલો છે."

હ. મુસા કાઝીમે જવાબ આપ્યો "જો હું એ બાગની

હદની વ્યાખ્યા કરીશ તો તે મને સોંપવાનું તમને ગમશે નહિ." ખલીફા હારૂને સોગંદ ખાધા કે, "હું તે તમને પાછો સોંપીશ."

ત્યારબાદ મુસા કાઝીમે કહ્યું કે, "ફંદકના બાગનો પહેલો છેડો એડન છે." આ સાંભળી ખલીફા હારૂન ફીકો પડી ગયો.

તેણે કહ્યું, "અને પછી ?"

હ. મુસા કાઝીમે જવાબ આપ્યો, "તેનો બીજો છેડો સમરકન્દ છે."

ખલીફાનો ચહેરો પીળો પડી ગયો છતાં તેણે પુછ્યું, "અને પછી ?"

જવાબ મળ્યો કે "તેનો ત્રીજો છેડો મગરીબ આફ્રિકા છે."

ખલીફાના ચહેરાનો રંગ પીળામાંથી જાંબુડી રંગનો બની ગયો અને ખુબ ગુસ્સામાં આવી પુછ્યું, "અને પછી ?"

હ. મુસા કાઝિમે જવાબ આપ્યો, "તેનો ચોથો છેડો આરમેનીયાના સમુદ્ર સુધીનો છે." ખલીફાનો ચહેરો લાલમાંથી કાળો બની ગયો. તેણે થોડીવાર વિચાર કર્યો અને ત્યાર બાદ હ. મુસા કાઝિમ તરફ ફરીને કહ્યું, "તેં મારી શહેનશાહત અને તેમાંના ઇલાકાઓની હદ બતાવી છે. એનો અર્થ એ કે મારા તાબામાં જે છે તેના ઉપર ફાતીમાના વંશજોનો હક છે અને આ મુજબ અબ્બાસીઓએ હ. પયગમ્બર સાહેબની અહલેબયતનો હક પચાવી પાડયો છે કેમ ?"

Scanned with CamScanner

હ. મુસા કાઝિમે જવાબ આપ્યો, "મેં તમને પહેલેથીજ ન્હોતું કહ્યું કે તમે તેની સરહદો કબુલ નહિ કરો પણ તમે મારા કહેવા ઉપર ધ્યાન આપ્યું નહિ."

(અહિં અસલ ફારસી કિતાબના કેટલાક પાના ગુમાઇ ગયા હોવાનું અંગ્રેજી અનુવાદક જણાવે છે.)

આ પ્રમાણે અમે એ સાબિત કરી આપ્યું છે કે, ખરા ઈમામો ફકત ઈસમાઈલી ઈમામોજ છે તેમને નાપાકી અને ગુન્હા સાથે કાંઈ નિસ્બત નથી અને તેઓ તેનાથી બિલ્કુલ પાક છે. તઓ (યાને ઈસમાઈલીઆ) પાસે હમેશાં એક હુજ્જત (સતગુર - પીર) અથવા દાઈ અથવા શિક્ષક (મુઅલ્લીમ) હોય છે, કે જે ખુદાઈ જ્ઞાન અને તેની શનાખત મેળવવા લોકોને બોધ આપે છે અને તેઓ ઉચ્ચ ધાર્મિક ધોરણ જાળવી રાખે છે.

તેઓ એવા "એક"ની પાસેથી "સત્ય"નું શિક્ષણ લે છે કે જે જમાનાના મુહિકક (ઈમામે મુબીન) હોય છે અને તે જે શિક્ષણ આપે છે તેને તેઓ અનુસરે છે અને જ્યારે મુહિકક પોતે જાતે હોય છે ત્યારે કોઈને કાંઈ પણ હક નથી કે એવો સવાલ કરે કે, "ઈમામ અમુક રીતે વર્તવાને ફરમાન કરે છે અને પોતે શા માટે એથી જુદી રીતે વર્તે છે ?" દરેકે એમજ કહેવું જોઇએ કે "તું મને જે શીખવે છે તે પ્રમાણે હું અનુસરૂં છું. નહિ કે તું કરે છે તેમ; કારણ કે તેના (ખુદાવંદતઆલા) સિવાય તારા કાર્યનો

Scanned with CamScanner

ભેદ કોઇ સમજી શકતું નથી."

આનો સબબ એ છે કે જે મુરીદ સવાલો કરે છે તે પોતાને ઇમામને દરજ્જે મુકી દે છે, આવી બાબતમાં ખુદા આપણને બચાવે ! ખુદાવંદતઆલા કુરાને શરીફ (સુ. ૩ આ. ૪૦)માં ફરમાવે છે કે: "ખુદા આ સ્થિતિમાં કરે છે, જે ચાહે છે તે" અને (સુરા. ૫ આ. ૪૦) "ખરેખર, ખુદા જે ચાહે છે તે હુકમ કરે છે". અને એક બીજી જગ્યાએ (સુરા ૨૧ આ. ૨૩)માં ફરમાવે છે કે, "જે કાંઇ તે કરે છે તે માટે તેને પુછવામાં આવશે નહિ, પણ તેઓને પુછવામાં આવશે."

આની મતલબ એ છે કે ખુદાવંદતઆલાના કાર્ય બાબતમાં ચુનેચરાં થઇ શકે નહિ પણ તેના પસંદ કરાયેલા બંદાઓ જેવા કે, હુજ્જતો, દાઇયોને તેમના કર્મો માટે પુછવામાં આવશે.

ઘણી વખત એવું બને છે કે (ઇમામ) પોતાના મુરીદોને મોહમાં નાંખી દે એવા કાર્યો કરે છે અને જો ખુદા ન કરે ને મુરીદો તેના કાર્યો માટે ટીકા કરે તો, તેઓ મહાન મોહજાળમાં ફસી પડે અને તેના ગુસ્સાના ભોગ થઇ પડે. કોઇ કોઇ વખત તે પોતે પોતાના ખરા (હકીકતી) સ્વરૂપમાં દેખાય છે. તેના મુરીદો કે જેઓ હકીકતી દુનિયાના છે તેઓ તેનું એવુ સ્વરૂપ જોઇ શકે છે. પણ જેઓ

Scanned with CamScanner

આ ભૌતિક જગતને લગતા હોય છે તેઓ 'હકીકત' (કેવળ સત્યને) તે સમજી શકતા નથી અને એ (સમજવું) જ્યાં સુધી અશક્ય છે, ત્યાં સુધી તેનો ભેદ તેઓ પામી શકતા નથી.

જે કોઇ પોતાની બુદ્ધિ કે જે આ જગત સાથે સંબંધ રાખે છે, તેનાથી સત્યતાની યાને હકીકતી દુનિયાની બાબતોનો તોલ કરવા કોશીશ કરે છે તે, તે વાસ્તવિક જગતમાં પહોંચવાને બિલકુલ અશકત નિવડે છે અને એમ કરવા જતાં તે પોતે અખંડ અધોગતીમાં ગબડી પડે છે.

જે કોઇ શખ્સ એમ કહે કે, "ઇમામે આ પ્રમાણે વર્તવું જોઇએ અને તે પ્રમાણે નહિ". તે પોતે પોતાને એવી સ્થિતીમાં મુકે છે કે, જેમ જાણે તે એમ કહેતા હોય કેઃ "હું મોહિકક યાને કેવળ સત્ય છું અને ઇમામોએ મારા કહેવા મુજબ વર્તવું જોઇએ." આ મુજબ તેને ઇમામ ઉપર ઇમાન નથી હોતું. એ તો એક કંગાલ હેવાન એક ઇન્સાન કે જે અશરફુલ મખલુકાત છે તેની બરોબરીયો પોતાને ગણી, તે મનુષ્યને કહેવા મુજબ વર્તવાનુ કહેતો હોય એના જેવું થયું. આવી વલણનું પરિણામ ખરાબી અને હલાકી સિવાય બીજુ આવે જ નહિ.

આ વાતોને માટે કુરાને શરીફમાં ફરમાવેલું છે કેઃ (સુ. ૪૮ આ. ૬) "અને મોનાફેક પુરૂષો અને મોનાફેક સ્ત્રીઓને અને મોશરેક પુરૂષો અને મોશરેક સ્ત્રીઓને શિક્ષા કરે કે જેઓ ખુદા વિષે દુષ્ટ વિચારો બાંધનારા છે. તેઓના

Scanned with CamScanner

ઉપર દુષ્ટ કાળ ચક્ર છે, અને તેઓના ઉપર ખુદાનો કોપ થયો છે અને તેઓને તેણે લઆનત કરી છે (પોતાની રહેમતથી દુર કરીયા છે) અને તેઓને માટે જહન્નમ તૈયાર કર્યું છે; અને તે એક પાછા ફરવાની ખરાબ જગ્યા છે."

તે દિવસે તેમને તેમના પગ ઉપર રાખીને લટકાવવામાં આવશે અને સખત રીતે રીબાવવામાં આવશે તેઓ કહેશે કે "ઓ ખાવિંદ, અમારે જે જોવું જોઇએ એ બધું અમે જોઇ લીધું છે અને અમારે જે સાંભળવાનું હતું તે બધુ અમે સાંભળી લીધું છે, અમને જમીન ઉપર પાછા મોકલ કે જેથી અમારી શક્તિ મુજબ તારા ફરમાન પ્રમાણે કે જે હવે અમે સાફ સાફ સમજ્યા છીએ, તે મુજબ સત્યતાથી વર્તવાને કોશીશ કરીએ." પણ ખુદાવંદતઆલાએ કુરાને શરીફ (સુરા ૪૮ આ. ૧૧) ફરમાવ્યું છે કેઃ "....કહેશે કે અમને અમારી માલમિલ્કતે અને અમારા બાલબચ્ચાંએ રોકી રાખ્યા; માટે તું અમારા માટે માફી માંગ. તેઓ પોતાની જીભથી તે બોલે છે કે જે તેઓના અંતઃકરણમાં નથી.... બલ્કે ખુદા તમે જે કરો છો તે જાણનાર છે." તેમના સંબંધમાં કહેવામાં આવ્યું છે કેઃ (સુરા ૩૨ આ. ૧૨) "મોશરેકો પોતાના માથા પોતાના પરવરદિગાર પાસે (શરમથી) નીચે ઘાલે છે (અને કહે છે) હે અમારા પરવરદિગાર, અમે જોયું અને સાંભળ્યું, માટે અમને પાછા મોકલ કે જેથી અમે સારાં

Scanned with CamScanner

કામ કરીએ. ખરેખર અમે ખાત્રીપુર્વક (ક્યામતને) માનનારા છીએ."

**આવો સાચો મઝહબ મઝહબે ઈસમાઈલીયા છે. આ લોકો પોતાના ઈમામે ઝમાનના કાર્યો તરફ નથી જોતાં પણ ઈમામ જે મુજબ ફરમાન કરે તે મુજબ વર્તે છે.** કારણ કે શીષ્ય અને ગુરૂ વચ્ચેનો સંબંધ જીભ અને કાન વચ્ચે જેવો સંબંધ છે તેવો છે. અથવા ઓરત મર્દના જેવો છે. કાને જીભ પાસેથી શિક્ષણ લેવાનું છે. અને ઓરતે મર્દ પાસેથી બીજ લેવાનું છે.

એ ઉપરાંત **શરીયત એ ભૌતિક દરજ્જો છે અને તરીકત અને હકીકત રૂહાની દરજ્જા છે.**

**"કર્મ"** એ ભૌતિક જગત સાથે સંબંધ રાખે છે જ્યારે **"શબ્દ" એ રૂહાની જગત સાથે સંબંધ રાખે છે.** આ હકીકતી કોમે ભૌતિક જગત કે જેની સાથે શરીયતને સંબંધ છે તેને વટાવી ગયેલ હોવાથી અને રૂહાની જગત કે જે હકીકતની દુનિયા છે, ત્યાં સુધી પહોંચી ગયેલ હોવાથી તેમની આંખો શબ્દ યાને "રૂહાની જગત" તરફ વળેલી હોય છે.

(અહીં મુળ કૃતિમાં એક પેરેગ્રાફ છે કે જે અંગ્રેજી અનુવાદકના જણાવ્યા મુજબ બરાબર વંચાતો નથી)

રૂહ સંબંધમાં કુરાને શરીફ (સુ. ૧૭ આ. ૮૫) માં ફરમાવવામાં આવેલ છે કે: "કહે, રૂહ મારા પરવરદેગારના હુકમ (અમ્ર)થી છે." અને ખુદાવંદતઆલા ફરમાવે છે કે,

Scanned with CamScanner

રૂહ અમ્રની દુનિયાને લગતો હોવાથી તે હૈયાત છે. કારણ કે અમ્ર અલ્લાહ હંમેશા તેની સાથે હોય છે; જ્યારે જ્યારે રૂહનો સંબંધ તેનાથી કપાઇ જાય છે ત્યારે ત્યારે તે તેનાથી જુદો પડી જાય છે અને મરી જાય છે. કોઇને હુકમ (અમ્ર) કરવો તે શબ્દ (કોલ)નું રૂપ હોય છે નહિ કે કર્મ (ફ્લ)નું રૂપ; હુકમ (અમ્ર)નો અર્થ ફરમાન કરવું તે છે. લોકો કે જેઓ ફકત મઝહબના જાહેરી સ્વરૂપને વળગી રહેતા હોવાથી તેમના જમાનાના મુહિકક યાને સત્યના ધારક એટલે ઈમામનું ફરમાન મેળવી શકતા નથી. તેઓ મુડદાં જેવા છે, - અમ્ર તેમના તરફ આવતો નહિ હોવાથી, તેમનામાં રૂહ હોતો નથી અને તેથી તેઓ મરેલા છે.

જુદા જુદા લોકોમાં સમજ શક્તિ અને બુધ્ધિબળમાં ફરક હોય છે. દરેક વ્યક્તિએ કમાલિયતને પહોંચવા સારૂં જે માર્ગ તેમને ઉપયોગી લાગે તે માર્ગે તેમણે વિચારવું જોઇએ. જે રૂપમાં પોતે સમજી શકે તે રૂપના બાબતોનો અભિયાસ તેમણે કરવો જોઇએ. મુક્તિ મેળવવાનો માર્ગ એવા રૂહાની ભોમિયા પાસેથી તઆલીમ લેવામાં રહેલો છે કે જે સતપંથ બતાવે - યાને મહાનમાં મહાન હુજ્જત ( સતગુરૂ) પાસેથી તઆલીમ મેળવવી જોઇએ. મઓલ્લીમ (યાને ગુરૂ) પોતાના શિષ્યોની પાયરીવાર બુધ્ધિને અનુકુળ થવામાં ભિન્ન હોય એવું પોતાનું કાર્ય બને એવી રીતે એકજ પ્રસંગે પોતાનું એકજ પ્રકારનું વર્તન રાખી શકે નહિ.

Scanned with CamScanner

દરેક બાબતમાં તેનું કાર્ય એકજ હોઇ શકે, પણ તે પોતાના દરેક મુરીદ સાથે તેની સમજ શક્તિના પ્રમાણમાં જુદી જુદી રીતે વાત કરી શકે.

એ મુજબ અમે એ સાબિત કરી ચુક્યા છીએ કે શિષ્યે પોતાના બોધ ગુરૂના કાર્ય (કે જે સમજવામાં તે ભુલ કરતો હોય છે) તેની નુકતેચિની કરવી જોઇએ નહિ પણ તેણે તો **પોતાના રહેબરના બોલ મુજબજ વર્તવાનું અને રહેબર ગમે તે જાતનું ફરમાન કરે તેણે - આવું ફરમાન કેમ કર્યું ? એને શા માટે કર્યું? એવા સવાલો કર્યા વગર-ફકત પાલન કરવાનું છે.**

જગતના આ ઈસમાઈલીયો એવા છે કે, તેમણે સારા કે નરસા સંજોગો વચ્ચે, સુખ દુ:ખમાં, નિરાશા કે ખુશીમાં પોતાથી બની શકતા બધા પ્રયાસો વડે એકબીજાને મદદ કરતાં રહીને, પોતાના ઉપર જે જે તરેહની મુસીબતો આવી તે સહન કરી લઈને, મુહિકક યાને ઈમામે ઝમાનના ફરમાન પ્રમાણે વર્તવાનો અને તે મુજબનું પોતાનું જીવન ગુજારવાનો આખરી નિર્ણય કરી લીધો છે. તેમના ઝમાનાનાં મુહિકક યાને ઈમામ તેમના ઉપર જે જે કસોટીઓ યાને અઝમાયેશ નાંખે, તેમાંથી પાર ઉતરવાને તેઓ મક્કમ હોય છે.

કુરાને શરીફ (સુ. ૨ આ. ૧૫૫થી ૧૫૭)માં ફરમાવેલ છે કે: **"અને ખચિત અમે કાંઇક બીકથી અને ભુખથી અને દૌલત અને દેહ અને ફલના યાને ઔલાદના નુકશાનથી**

Scanned with CamScanner

**તમારી અઝમાયેશ કરીશું અને ધિરજવાનને ખુશીના સમાચાર આપ કે જેઓ જ્યારે તેઓની ઉપર કાંઇ મુસિબત આવી પડે છે ત્યારે કહે છે કે ખરેખર અમે ખુદાને (આધીન) છીએ. અને ખરેખર અમે તેની તરફ પાછા ફરનાર છીએ. આવા લોકો ઉપર પોતાના પરવરદિગાર તરફથી સલવાત અને રહેમત છે. અને તે તેઓ છે કે જેઓ ખરે રસ્તે દોરવાયા છે."**

પૃથ્વી અને આકાશમાં જે કાંઇ દેખાય છે તે દરેક ચીજ આપણા મૌલાના રાજ્યની છે. જેમકે કુરાને શરીફ (સુરા ૩ આ. ૧૮૯)માં ફરમાવેલ છે કેઃ "આકાશો અને પૃથ્વીની પાદશાહી ખુદાની જ છે." એટલા માટે જે કાંઇ ચીજ હસ્તી ધરાવે છે તે સંપૂર્ણ રીતે આપણા મૌલાના હુકમમાં છે; પછી ભલેને તે હુકમ માનવાને રાજી હોય યા નહિ; જેમકે કુરાને શરીફ (સુરા ૧૩ આ. ૧૫) **"જે આકાશો અને પૃથ્વીમાં છે તે ખુશી અને નાખુશીથી ખુદાને સજદો કરે છે."**

તેઓ યાને ઇસમાઇલીઓ યુગપતિ યાને સત્રના જમાનાના ઇમામોની ખાતર, આ દુનિયામાં મળી શકતા સુખોને બદલે તેઓ ખુદાને કારણે સંકટમાં આનંદ માને છે. વળી આ હદીસમાં છુપાયેલા અર્થ મુજબ સંકટો સહન કરવામાં તેઓને વધારે મજા આવે છે. એમના જેવા લોકોને ખાતર તો જગત ટકી રહ્યું છે. અને "જો જગત

Scanned with CamScanner

એક પળવાર પણ ઈમામ વગર ખાલી રહે તો તે પોતાની તમામ આબાદી સાથે ગર્ક થઈ જાય (યાને પૃથ્વી રસાતાળ થઇ જાય.)" વળી હદીસમાં જણાવ્યા મુજબ જ્યાં સુધી તેઓ પોતે કાંઇ નથી, એમ સમજે છે ત્યાં સુધી, તે (ટકી રહેનાર) છે.

ઈમામ પોતે જગત ઉપરની મખલુકાત ઉપર દરરોજ એક લાખ વાર પોતાની નજર ફેંકે છે. જેમકે હદીસ શરીફમાં ફરમાવેલ છે કેઃ "જે કોઇ પોતાના જમાનાનાં ઈમામને ઓળખ્યા વગર મરણ પામે છે, તે કાફરના મોતે મરે છે અને કાફર જહન્નમમાં જાય છે." અને કુરાને શરીફ (સુ. ૧૭ આ. ૭૧)માં ફરમાવેલું છે કેઃ **"તે દિવસ** (યાદ કર) કે **જે દિવસે અમે દરેક પ્રજાને તેના ઈમામના નામથી બોલાવીએ છીએ."** આની મતલબ એ છે કે મઝહબના વિરૂદ્ધિઓ યાને અહલેતઝાદ એ લોકો છે કે જેઓ પોતાને, બીજી કોઇ પણ વસ્તુ કરતાં પહેલાં જુએ છે અને ખુદાતઆલાને જોતા નથી, -આ કુફ્રપણાની હાલત છે. આ લોકો અહલેતઝાદ યાને ધર્મ વિરૂધ્ધીઓ છે અને તેઓ ખુદા એક છે એમાં યાને તવહીદમાં ઈમાન કદીપણ રાખી શકનાર નથી.

આસ્તે આસ્તે આગળ વધતા લોકો યાને અહલેતરતુબ, એ લોકો છે કે જેઓ બેઉને જુએ છે, -પોતાને ખુદને અને ખુદાને, અને આ હાલત મુશરીક યાને ખુદામાં બીજાને ભાગીદાર ગણવાની અને મુનાફકપણાની છે.

Scanned with CamScanner

જે લોકો એકજ ખુદાની માન્યતાવાળા યાને અહલેવહેદત છે તેઓ (દરેક જગ્યાએ) ફક્ત ખુદાનેજ જુએ છે. બલ્કે પોતાને ખુદને પણ તેઓ જોતાં નથી, તેમજ તેઓ પોતાના ધંધાપાની અથવા પોતાના જાનની પણ બહુ ઓછી પરવા રાખે છે; બલ્કે તેઓ ખુદાવંદતઆલામાં બિલકુલ મળી ગયા હોય છે અને ખુદા સિવાયની બીજી કોઇ ચીજની તેઓ કાંઇ પણ કનવાર (પરવાહ) કરતા નથી, અથવા એમાં તેમને જરાએ રસ પડતો નથી. ખુદાની હસ્તી આગળ તેઓ પોતાને કાંઇ પણ સમજતાં નથી. આ છે ખુદાવંદતઆલાની વહેદત યાને એકપણામાં, તેજ કેવળ સત્ય છે એમાં, ખુદાઇ રાજ્ય અને ઇશ્વરપણાની ખરી માન્યતા ધરાવનારા લોકોની હાલત ! !

એ મુજબ જેઓ અહલેતઝાદ યાને જેઓ ધર્મમાં માનતા નથી તેવા હોય, તેમણે પ્રથમ અહલેતરતુબ યાને આસ્તે આસ્તે (ધર્મમાં) આગળ વધનારાઓની સ્થિતિ પ્રાપ્ત કરવી જોઇએ; અને અહલેતરતુબે અહલેવહેદતના લોકોનો દરજ્જો પ્રાપ્ત કરવા પ્રયત્નો કરવા જોઇએ અને અહલેવહેદત વાળાઓએ ખુદાઇ એકપણાના બધા દરજ્જાઓ વટાવીને સાહેબે યકીન યાને મજબુત યકીનવાળા થવાની કોશીષો કરવી જોઇએ.

તેમણે પોત પોતામાં એકબીજા સાથે એવી રીતે વર્તવું જોઇએ કે દરેક પોતે એમ સમજે કે તેનો દોસ્ત

Scanned with CamScanner

તેના કરતાં વધારે સારો છે અને તેણે તેને પોતાની જાન કરતાં પણ અધિકતર ચાહવો જોઇએ અને તેને પોતાની જાનના જોખમે પણ મદદ કરવી જોઇએ. પોતાના મિત્રથી તેણે કોઇ પણ બાબત છુપાવવી નહિ જોઇએ અને જે કાંઇ પોતાનું હોય તે પોતાના દોસ્તનું છે, એમજ સમજવું જોઇએ.

આ કોમનો એ ધાર્મિક કાયદો અને (આ કોમનો) ઉંચામાં ઉંચો કાયદો એ છે કે પોતાના મૌલા યાને ઇમામે ઝમાન સિવાય બીજા તરફ ન તો તેઓ નજર નાંખે છે ન તો તે વિષે તેઓ કાંઇ સમજે છે. તેના (યાને હાઝર ઇમામ) તરફની ખરી તાબેદારીમાં વધારો થાય એવી અમને મૌલા બનતી મદદ કરો. અને દરેક ઉપરની પોતાની દયામાં વૃદ્ધિ કરે. ખરેખર તે (મૌલા) એવો જ છે. આપણે તેનેજ હિસાબ આપવાનો છે. અને તેના સિવાય બીજા કોઇની આપણને જરૂર નથી.

એ લોકોનું કહેવું છે કે હ. રસુલ સ.ના વખતમાં મૌલાના અલી ઇમામ હતા અને તેમના બાદ હ. ઇમામ હસન થયા કે જેઓ કામ ચલાઉ યાને મુસ્તઉદા ઇમામ યાને ઇમામત ફકત તેમની જાત પુરતીજ સોપવામાં આવી હતી. તેમનું સ્થાન પ્રગટ અને અપ્રગટ હુજ્જત (હુજ્જતે બાતિન વ જાહિર) વચ્ચેનું છે, - જોકે (આ પ્રકારના ઇમામ) પ્રગટ અથવા અપ્રગટ હોવાની હાલત સાધારણ (ચાલુ)

Scanned with CamScanner

ઈમામની હાલત કરતા જુદા પ્રકારની છે. આ કારણને લીધે એમના તરફથી ઈમામત તેમના વંશધરોને મળી શકી નહી.

ખરેખરા વંશપરંપરા તરીકેના ઈમામ, મુસ્તેકર (ઈમામ) તો મૌલાના ઈમામ હુસેન હતા. ઈમામત તેમની અને તેમના વંશ સાથે હમેશાં રહેવાની હતી. જેમ કે મૌલાના શાહ ઈસ્માઈલ કે જે નામદાર મલિકુસસલામ પણ કહેવાતા, તેઓ સંબંધમાં બન્યું કે તેઓ નામદાર ઈમામ મુસ્તેકર હતા. જ્યારે મુસા કાઝિમ ફકત ઈમામે મુસ્તઉદા* (યાને કામચલાઉ ઈમામ) હતા. કુરાને શરીફ (સુ. ૧૧ આ. ૬)માં ફરમાવેલ છે કેઃ "અને તેની રહેવાની (કાયમની-મુસ્તેકર) જગ્યા અને તેનું આરામ લેવાનું (અમુક વખત સુધીનું - મુસ્તઉદા) સ્થળ જાણે છે. સઘળું સ્પષ્ટ કિતાબમાં લખેલું છે." વળી ફરમાવ્યું છે કે : "અને કોઈ પ્રાણી પૃથ્વી ઉપર નથી કે જેની રોજી ખુદા ઉપર ન હોય અને તે તેની (કાયમની) રહેવાની જગ્યા (મુસ્તેકર) અને તેનું (અમુક વખત માટે) આરામ લેવાનું સ્થળ (મુસ્તઉદા) જાણે છે. સઘળું સ્પષ્ટ કિતાબમાં લખેલું છે."

આની મતલબ એ છે કે ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કેઃ આસમાન અને પૃથ્વી વચ્ચે જે જે ઈમાનદારો વસે છે

*(ઈમામ મુસ્તઉદા યાને કામચલાઉ અને ઈમામ મુસ્તેકર યાને ખરા ઈમામની માન્યતા હિંદ બહારના ઈસમાઈલીઓમાં પ્રવર્તે છે. પીર સદરદીને તો, હિંદના ખોજા વગેરે ઈસમાઈલીઓને, ઈમાને મુસ્તકરનું જ ઘર બતાવેલ હોવાથી, તેઓ એવી ભાંજગડમાં પડતા નથી.)

Scanned with CamScanner

તે બધાને તેમની રોજી (ઇલ્મ) બે શખ્સો આપે છે- ખરા (ઇમામ) અને કામચલાઉ: આ સાફ અને સ્પષ્ટ બાબત છે.

તે યાને (હ.ઇમામ હુસેન) પછી મૌલાના શાહ જૈનુલઆબેદીન થયા, ત્યાર બાદ મૌલાના શાહ મહમદ બાકર, ત્યાર પછી મૌલાના શાહ જાફર સાદિક, ત્યાર બાદ મૌલાના શાહ ઇસ્માઇલ.

એમ કહેવાય છે કે ઇમામ જાફર સાદિકના ફરજંદોમાં વાંધો પડ્યો અને દરેક પોતાને ઇમામત મળે એવો દાવો કર્યો. ઇમામીયો યાને ઇશ્નાઅશરી લોકો કહે છે કે મુસા કાઝિમ ખરા ઇમામ હતા. આવી માન્યતા ધરાવનારાઓને હું જવાબ આપું છું કે ઇમામતની ફેરબદલી "નસ" થી અથવા ખુલ્લે ખુલ્લી નિમણુંકથી થાય છે અને મુળ નસ મૌલાના શાહ ઇસ્માઇલને અર્પવામાં આવેલ હતી અને એ બન્યા પછી જ મુસા કાઝિમ ઇમામ થયા હોવાનું કહેવાય છે. એક ઇમામ કે જેના ઉપર જમીનો આસમાનની હસ્તીનો આધાર છે તેઓશ્રીને એવી બાબતો કરવાની જરૂર જણાય કે જેનો ભેદ આપણા જેવા મૃત્યુ લોકના સાધારણ માનવી સમજી કે અક્કલમાં ઉતારી ન શકીયે.

બીજાને ઇમામત આપવાની જાહેરાત થઇ ત્યાં સુધી મૌલાના શાહ ઇસ્માઇલની ઇમામત સંબંધમાં કોઇને પણ શક નહતો અને મુસા કાઝિમને ઇમામત આપવાનું

Scanned with CamScanner

જાહેર કરવામાં આવ્યું તેજ ક્ષણે મુસા કાઝિમની ઇમામત આપવા બાબતમાં શક ઉત્પન્ન થયો.

જો તે ખરેખરા ઇમામ હોત તો તેમના વંશનો અંત તેમના વંશધર હસન અશકરી સાથે આવ્યો ન હોત. અમે આગલા પ્રકરણોમાં એ વંશના આવેલ અંતનો મુદ્દો સાબિત કરી ચુક્યા છીએ; જ્યારે મૌલાના શાહ ઇસ્માઇલનો વંશ (ઝુરય્યત)માં પેઢી દર પેઢી એક કાયમ યાને ઇમામ હંમેશા જાહેર રહેતા આવ્યા છે. તેમની (ઇમામતના) ગાદીવારસોમાંના દરેકની જીંદગીનો સમય સાધારણ માનવીના જેવોજ કુદરતી કાળના ગાળા મુજબજ હોય છે અને તેમને લોકોમાંથી કેટલાએક જોઇ શકે જ એવી દરેક શકયતા હોય છે કે જેથી જેઓ ઘણા આર્ઝુમંદ અને ઇન્તેઝાર હોય તેઓ તેમના દિદાર કરવાની તલબ કરે તો તેમ કરી શકે યાને તેઓશ્રીના દિદાર કરી શકે.

કાયમુલ કયામતના આગમન સંબંધમાં અને શરીયતનો તોક નાબુદ કરી મોમીનોને નવાજશે એવા કુરાને શરીફ અને હદીસમાં મળી આવતા બધા વાયદાઓ કે જેના સંબંધમાં આ પછીના પ્રકરણમાં કહેવામાં આવશે તે પુરા થયા છે અને મૌલાના શાહ ઇસ્માઇલથી ઉતરી આવતા (ઇમામતના) ગાદીવારસોના જ સંબંધમાં પુરા થશે.

મૌલાના શાહ ઇસ્માઇલ પછી મૌલાના શાહ મહમદ (બિન ઇસ્માઇલ) થયા; તે બાદ મૌલાના શાહ રઝીયુદીન

Scanned with CamScanner

અહમદ (શાહ વફીમહમદ). ત્યાર બાદ મૌલાના શાહ તકયુદીન મહમદ, ત્યાર બાદ મૌલાના મેહેંદી અબ્દલ્લાહ (૨૯૭-૩૨૨ હીજરી અને ૯૦૯ થી ૯૩૪ ઈ. સ.) થયા.

"ત્રણસો વર્ષોનાં અંતમાં સુર્ય પશ્ચિમ દિશામાં ઉગશે." વાળી હ. રસુલ સ.ની હદીશની ભવિષ્યવાણીના કથન મુજબ તેઓશ્રી મગરીબમાં યાને પશ્ચિમ (આફ્રિકામાં) જાહેર થયા. આ (હદીસ)ની મતલબ એ છે કે હ. રસુલ સ.ની હીજરત બાદ ત્રણસો વર્ષે ઈમામતનો સુર્ય મગરીબમાંથી આશકારા થશે. જ્યારે તે નામદાર પોતે જાહેર થયા ત્યારે તેઓશ્રીએ મગરીબ અને શામ અને મીસરના ઘણા શહેરો જીતી લીધા અને મહેદીયા શહેર વસાવ્યું અને ત્યાર બાદ મીસરને દુષ્કાળના મુખમાંથી બચાવ્યું.

એમના બાદ મૌલાના શાહ મહમદ કાયમ (યાને શાહ કાયમ) થયા (હી. સ. ૩૨૨થી ૩૩૪ ઈ. સ. ૯૩૪ થી ૯૪૬) તેમના પછી મૌલાના શાહ મનસુર (હી. સ. ૩૩૪થી ૩૪૧ ઈ. સ. ૯૪૬ થી ૯૫૩) થયા. ત્યાર બાદ મૌલાના શાહ મોએઝ (હી. સ. ૩૪૧ થી ૩૬૫ ઈ. સ. ૯૫૩થી ૯૫૭) થયા જે નામદારે ઘણી ખ્યાતી મેળવી છે. તેમણે કેરો શહેર વસાવ્યું.

ત્યાર બાદ મૌલાના શાહ અઝીઝ (હી. સ. ૩૬૫ થી ૩૮૬ ઈ. સ. ૯૭૫ થી ૯૯૬) થયા. ત્યાર બાદ મૌલાના શાહ હાકેમ (હી. સ. ૩૮૬ થી ૪૧૧ ઈ. સ. ૯૯૬ થી ૧૦૨૧)

Scanned with CamScanner

થયાં; તેમણે ઘણા વિદ્વાનોને ભેગા કર્યા અને ખગોળ વિદ્યાને લગતા નોંધપત્રકો તૈયાર કરવા ફરમાવ્યું હતું, જે પત્રકો જગ વિખ્યાત છે. આ સંબંધમાં ખ્વાજા નાસિરે (યાને નાસિરૂદીન તુસીયે) તહરીરે મજીસ્તી નામના પોતાના પુસ્તકમાં નોંધ લીધી છે. તેમના બાદ મૌલાના શાહ ઝાહેર યાને શાહ ઝાહેર અલી (હી. સ. ૪૧૧ થી ૪૨૭ ઇ. સ. ૧૦૨૧થી ૧૦૩૬) થયા; અને ત્યાર બાદ મૌલાના શાહ મુસ્તનસિરબિલ્લાહ (હી. સ. ૪૨૭થી ૪૮૭ ઇ. સ. ૧૦૩૬થી ૧૦૯૪) ઇમામ થયા.

હું બલખથી મીસર ગયો અને તેઓ નામદારની મુલકાતનું માન મને મળ્યું ટૂંક વખતમાં મેં એટલી બધી પ્રતિષ્ઠતા મેળવી કે મારી નિમણુંક ખોરાસાન અને બદકશાનના દાઇ તરીકે કરવામાં આવી અને મને બદકશાન મોકલવામાં આવ્યો. મારા દાદા બાબા સૈયદના (યાને હસન બિન સબ્બાહ જેમને શાહ નાસિર ખુશરૂ પોતાના દાદા કહીને સંબોધતા હતા) એ પણ મહાન પ્રતિષ્ઠતા મેળવી અને હું તેમના તમામ પ્રકારના કારોબારમાં તેમના મદદનિશ તરીકે નિમાયો.

મૌલાના શાહ નિઝાર કે જેમના ઉપર ઇમામતની નસ થઇ હતી (યાને ઇમામ શાહ મુસ્તનસિરબિલ્લાહે પોતાના બાદ ઇમામ તરીકે તેમની નિમણુંક કરી હતી) તેમણે બાબા સૈયદનાને (પોતાના ફરજંદ- ભવિષ્યના ગાદી વારસ) સુપ્રદ કર્યા હતા અને બાબા સૈયદનાને મુખ્ય હુજ્જત તરીકે નિમવામાં

Scanned with CamScanner

આવ્યા હતા અને તેમને દેલમાન (દેહલમ દેશ) તારીમ; અલ (યાને આમુલ) અને હેદરાબાદના જીલ્લાઓ સોંપવામાં આવ્યા હતા.

તેમની યાને (શાહ નિઝાર) પછી મૌલાનાં શાહ હાદી, ત્યાર બાદ મૌલાના મોહતદી, તેમના પછી મૌલાના શાહ કાહેર, તેમના પછી મૌલાના શાહ અલાજીકરીયા સલામ (હી. સ. ૫૫૭થી ૫૬૧ ઇ. સ. ૧૧૬૨ થી ૧૧૬૬) થયા. તેઓશ્રીએ પોતાના મુરીદોની ગરદન ઉપરથી શરીયતનો તોક કાઢી નાંખ્યો.

મહાન પુરાતન યુગ પછી, એ વખતે ૧૮૦,૦૦૦ (એક લાખ એંસી હજાર) વર્ષો વિતી ચુક્યા હતા. આ સમય માટે ખુદ હ. રસુલ સ. ભવિષ્યવાણી ભાખી હતી. હ. મુસા (કલીમુલ્લાહ) તૌરેતમાં, હ. ઇસા (રૂહ અલ્લાહ) ઇન્જીલમાં, હ. દાઉદ અ. જંબુરમાં, હ. ઇબ્રાહીમ (ખલિલુલ્લાહ) પોતાની કિતાબમાં, હ. જરથોસ્ત (પયગમ્બર) "ઝન્દ" કિતાબમાં, બુ. સૈયદ માઅનવીએ પોતાની કિતાબ અન્ગલીયુનમાં જે બાબતોની ભવિષ્યવાણીઓ ભાખી હતી એ બધી અને હ. રસુલની બધી નિશાનીયો મૌલાના શાહ હસન અલા ઝકરીયાસલ્લામના સંબંધમાં સાચી પડી.

તેમના બાદ મૌલાના શાહ ઝયાદીનમહમદ (શાહ અલા-મુહમદ) (હી. સ. ૫૬૧થી ૬૦૭ ઇ. સ. ૧૧૬૬થી ૧૨૨૦) થયા.

Scanned with CamScanner

તેમના પછી મૌલાના શાહ જલાલુદીન હસન થયા (હી. સ. ૬૦૭ થી ૬૧૭ ઈ. સ. ૧૨૧૦ થી ૧૨૨૦). તેમના બાદ મૌલાના શાહ અલાઉદીન મહમદ (હી. સ. ૬૧૭થી ૬૫૩ ઈ. સ. ૧૨૨૦ થી ૧૨૫૫) થયા; તેમના પછી મૌલાના શાહ રૂકનુદીન ખુરશાહ (હી. સ. ૬૫૩થી ૬૫૫ ઈ. સ. ૧૨૫૫થી ૧૨૫૭) થયા.

(ત્યાર પછી ઈરાક અને ઈરાનમાં છુપા વેશમાં રહેતા અને જુદા જુદા લકબોથી ઓળખાતા ઈમામ શાહ શમસુદીન મહમદથી શાહ અબુલ હસનઅલી સુધી ઈમામોના નામો આપ્યા છે.)

ત્યાર બાદ ખુદાતઆલાના હુકમથી જે (સ્વામીરાજો) સ્વારી કરનાર છે તે ચાલુ ઝમાનાના અને હમેશંના "કાયમ" (હાઝર ઈમામ) છે. જેઓ ઉદારતા અને દયાના મુળ છે. તે આપણા ધણી સલામત દાતાર મૌલા કે જે છુપી અને જાહેર દરેક બાબતોનો ભેદ જાણે છે, તે મૌલાના શાહ ખલિલ્લાહ (અલી) થયા તેમનું નામ લેતા નમન અને તેમના નામનો જય હો !

ઉપર જેમ ખુલાસાવાર સમજાવવામાં આવ્યું તેમ એક ઈમામ પોતે ઈમામનો ફરજંદ હોવો જોઈએ કે જે અગાઉના ઈમામોથી પેઢી દર પેઢી (ઝુરય્યત) ઉતરી આવેલ હોય, જેમકે ખુદ ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કે (કુરાને શરીફ સુરા ૩ આ. ૩૪) "તેમજ તેમના વંશમાં (ઝુરય્યત) કેટલાકને કેટલાક ઉપર (શ્રેષ્ટતા આપી છે) અને

Scanned with CamScanner

ખુદા સાંભળનાર અને જાણનાર છે." ખરેખર તે (ઈમામ) ઉમદા ખાસિયતો, ઉંચ સદગુણો અને ખુદા અને તેની ખુદાઈ તરફ દોરી જાય એવું જ્ઞાન ધરાવે છે. હદીસમાં હ. રસુલ સ. સાહેબે ફરમાવેલ છે કે **"મારફતે અલ્લાહ યાને અલ્લાહતઆલાની ઓળખાણ તે મારફતે ઈમામે ઝમાન યાને ઝમાનાના ઈમામની ઓળખાણ છે."**

આ છે ખુદાવંદતઆલાની વહેદત (એક ઈશ્વરવાદની) ખરી માન્યતા ધરાવનારા અને રાહે બકા યાને અમર જીંદગી મેળવવાના રસ્તાની કમાલીયતનો દરજ્જો મેળવનારાઓની હાલત ! હાલમાં એ શિક્ષણ, કે જેનો ફેલાવો કરવા બધા નબીઓ અને નેક માણસો અને આપણા મૌલા -જેમના વખાણ, અને જેમના નામનો જય હો અને જેમનો બોલ જગતમાં સદા બુલંદ રહો -જેઓ બધા નબીઓમાં સહુંથી મહાન છે, તેણે આપેલ છે, અને તે તેના સત્યના પ્રતાપે, આ સાચા મઝહબની પધ્ધતિમાં, ખરેખર ચાલુ છે.

આપણા મૌલા પોતાની દયા અને માયાથી બધાને સિરાતલ મુસ્તકીમ (યાને સતપંથ) તરફ દોરવે. તેના તરફથી નિમાયેલી હુજ્જત (પીર) કે જે (ઈમામની) દયાનો દરવાજો જગતના લોકો માટે ખુલ્લો કરે છે, તેની તાબેદારી કરવાની આપણને શક્તિ આપે. ખરેખર બધું તેનાજ કબજામાં છે. તેનેજ આપણે હિસાબ આપવાનો છે. આપણા મૌલા તે એકલા છે કે જેના સિવાય બીજા કોઈની આપણને જરૂર નથી.

Scanned with CamScanner

# પ્રકરણ ૪થું

## નબુવત અને વસાયત યાને હ.પૈયગમ્બર રસુલ સ.ના વસીયતનામાના વહીવટ કરનારના દરજ્જા સંબંધી, કુરાને શરીફનું નાઝિલ થવું અને તેની તાવિલ વિષે.

આપણા મૌલા તૌફિક આપે. આપણા મૌલા પાસેથી એ પ્રકારની મદદ યાચું છું કે તે સત્ય હોય તેજ બોલાવે અને પોતાના આ બંદાની ઝબાનમાંથી સત્ય હકીકત બહાર પાડે.

આગલા પ્રકરણોના વિષયોની માફક અને હવે પછીનાં પ્રકરણોમાંના વિષયોથી ઘણા વધારે પ્રમાણમાં, આ પ્રકરણમાંના વિષયો એવી સુંદર રીતે ચર્ચવામાં આવેલ છે કે, સાધારણ લોકો પણ તે સાફ સાફ સમજી અને મગજમાં ઉતારી શકશે; જેઓ પોતે અક્કલવાળા છે તેઓ તો આમાં શું કહેવામાં આવ્યું છે તે ઘણી સહેલાઇથી સમજી શકશે.

"પયગમ્બર" "નબી" સંજ્ઞાનો સાધારણ અર્થ ખબર આપનાર થાય છે; અને "કાસદે" મુર્સલેના અર્થ કોઇના તરફ કોઇ પણ બાબત વિષે ખબર આપવા વિષે મોકલાયેલ શખ્સ એવો થાય છે. તેઓશ્રી યાને હ. રસુલ (સ.) ને "ઉલુલ આઝમ" એટલે કે "નિર્ણય કરનાર ધણી" પણ ગણવામાં

આવે છે. કારણ કે તેઓશ્રીનું કામ મનુષ્ય જાત માટેના જુના ધોરણ યાને શરીયતને રદ કરી, નવું ધોરણ યાને નવી શરીયત દાખલ કરવાનું છે.

મખલુકાતની ઉત્પતિનો હેતુ અને તેનો અંતિમ ધ્યેય સરજનહાર ખુદાતઆલાની મારિફત હાંસલ કરવાનો છે. પણ અમુક વસ્તુનું જ્ઞાન તેના સ્વરૂપ અને તેના ગુણ વિષેનો કાંઇક ખ્યાલ મેળવ્યા વગર કોઇને પણ થઇ શકતું નથી. ખુદાતઆલાના સ્વરૂપ અને તેના ગુણો સંબંધી જ્ઞાન (પરબારૂં) મેળવવાનું મનુષ્ય માટે અશક્ય છે. આગળ જતા જ્યારે આપણે ઇમામતના વિષય ઉપર ચર્ચા કરશું ત્યારે આ બાબત માટે કહીશું.

આ જગત ઉપરના દરેક પદાર્થની સ્થુળમય કે વિચારમય ઉત્પતિ મનુષ્ય હસ્તી દ્વારા જ થયેલ છે. વળી મનુષ્ય પ્રાણીને ખુદાતઆલા સાથે જેટલો (નિકટનો) સંબંધ છે તેટલો બીજા કોઇ પ્રાણીને નથી.

સ્થુળ બનાવટ સંબંધિ આપણે જોઇએ છીએ કે, મનુષ્યને ઉત્તમ સ્વરૂપમાં પેદા કરવામાં આવેલ છે તે પોતાની હસ્તી ટકાવી રાખવા અથવા પોતાને માટે કાંઇક લાભ મેળવવા અથવા દુશ્મનો સામે પોતાનો બચાવ કરવા જરૂર જેટલું બુદ્ધિબળ અને શારિરીક શક્તિ ધરાવે છે. ઉપર જણાવેલી બાબતો માટે તેને લાયકના ઉપાયો યોજી, પોતાને વશ કરી, પોતાના કબજામાં લાવવા તે શક્તિવાન છે.

Scanned with CamScanner

બુદ્ધિમત્તા બાબતમાં બધા જીવંત પ્રાણીયોમાં મનુષ્ય જ એક એવું પ્રાણી છે કે, જે વિચાર અને બુદ્ધિની શક્તિઓ ધરાવે છે. આ બે શક્તિઓની મદદ વડે તે સાર-અસાર પારખી શકે છે, તેમજ કાયદા કાનુનો અને તેના તત્વોને પિછાણી શકે છે. અગરતો જો પોતે દ્રઢ નિશ્ચય કરે તો, ખુદાઇ મારિફત હાંસલ કરી શકે છે. તે ધારે તો પ્રમાણિક જીંદગી બસર કરી શકે અને ઉદારવૃત્તિ (સ્વાર્થત્યાગ), નમ્રતા, દયા, શૌર્ય વિગેરે સદગુણો ધારણ કરી શકે; અથવા ચતુરાઇ, શક્તિશાળી શરીર, વાકછટાનો ગુણ વિગેરે સુલક્ષણો અથવા બુદ્ધિબળ ધરાવી શકે. આ બધું ફક્ત મનુષ્ય જ ધરાવે છે અને તે ખાસ મનુષ્ય માટે જ છે.

કૌવતે ઇલાહી યાને ખુદાઇ શક્તિ કે જેનાથી જગતની દરેક વસ્તુ હેયાતી ભોગવે છે, તેની સંપુર્ણ જાહેરાત એજ 'માણસ' છે. અને એથી શ્રૃજન કાર્યશક્તિના દરેક સ્વરૂપો જે કુદરતમાં વિખરાએલા પડેલા છે તે, સંયોજીત પણે માણસમાં સમાયેલા છે; એટલા ખાતર એ તેના ઝાત યાને તત્વ અને સિફાત યાને ગુણ રૂપ, સંપુર્ણ પરિકાષ્ટાએ પહોંચેલ ઉત્પતિ છે. આનુ કારણ એ છે કે, તે (મનુષ્ય) તમામ મખલુકાતના બધા તત્વોમાંથી બનેલો છે. તે યાને મનુષ્ય પોતાની બનાવટમાં દરેક ચીજનો કાંઇક અંશ અને તત્વોનું મિશ્રણ ધરાવે છે.

તેનું ખરું સત્વ યાને હકીકત, પોતાના ક્રમશ વિકાશ

દરમ્યાન, દરેક હસ્તી ધરાવતી ચીજના ખ્યાલ (મલકુત) માંથી પસાર થાય છે. અને આવી દરેક આલમમાંથી પસાર થતી વખતે તે, તે આલમના ગુણ અને સત્વ (હકીકત) ચુસી લે છે જો એમ નહિ હોત તો, મનુષ્યનું મન ખુદાતઆલા અને જગતના કુદરતી કાનુનોની સમજ અને જ્ઞાન ધરાવતે નહિ.

દિવ્ય નભોમંડળમાં પહેલા દાખલ થતાં, તે સ્વતંત્રપણે હલન ચલન કરવાની શક્તિ મેળવે છે અને પોતાની અસલિયાત સંબંધમાં તેનામાં ઈશ્વરી પ્રેરણા (દિવ્ય પણે) ઉત્પન્ન થાય છે; તેમાંથી મનુષ્ય સ્વભાવ જે જ્યોત્સના (અનવાર) ધરાવે છે, તે ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી મુળ તત્વોના પ્રદેશમાં દાખલ થતાં, તે ચાર પ્રકારની ગરમ, શિતળ, લીલી અને સુકી પ્રકૃતિઓ કે જેનું મીશ્રણ મનુષ્ય પ્રકૃતિમાં હોય છે, તે મેળવે છે. ત્યાર પછી તે નક્કરપણાના પ્રદેશમાં દાખલ થાય છે, જ્યાં તે ગર્ભનું સ્વરૂપ ધારણ કરે છે અને ત્યાર પછી માંસ, ચામડી અને અવયવોમાં તે વિકાસ પામે છે કે જે તેને નક્કરપણું અને બળ આપે છે. ત્યાર બાદ તે વૃદ્ધિ આપનાર "રૂહ" ને અંગિકાર કરે છે, કે જે તેની વૃદ્ધિનું કારણ બને છે; એ પછી જાતિય પ્રેરણા, ભુખ તરસની લાગણી અને પ્રજોત્પાદન શક્તિ તેનામાં માલમ પડે છે; આ શક્તિઓ છોડ-ઝાડમાં ઘણીજ તિવ્ર હોય છે, જેમકે ખજુરીનું ઝાડ કે જે દુરની જગ્યાએથી પાણી ખેંચી લે છે, તેના એક બીમાંથી અનેક બીજો

Scanned with CamScanner

આપોઆપ ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી આત્મા, હેવાની રૂહ અંગિકાર કરે છે, કે જે તેનું (માનસિક) જીવન અને બુદ્ધિનું મુળ બની જાય છે. તેમાંથી તે ગુસ્સા પ્રત્યાઘાતનું બળ અને ઇન્દ્રિયો દ્વારા સમજ શક્તિ મેળવે છે. પહેલાની મદદથી, તે જે બાબતો તેને નુકશાન કારક લાગે તેને પાછી હઠાવે છે અને બીજાની મદદથી તેને માટે શું સારૂં છે અને શું નરસું છે તે ઓળખી કાઢે છે.

ત્યાર બાદ આત્માને ઇન્સાની રૂહ પ્રાપ્ત થાય છે, કે જે બુદ્ધિ અને સાર-અસાર સમજવાની શક્તિ છે; આની મદદ વડે તે વસ્તુઓનું વાસ્તવિકપણું સમજવાને અને અંતે ખુદાઇ મારિફત મેળવવાને શક્તિવાન બને છે.

એ મુજબ અમે બતાવી આપ્યું છે કે, મનુષ્ય પ્રકૃતિની રચનામાં બેઉ ચીજો સરખી રીતે મેળવેલી છે; એક તો ખાવાની પ્રેરણા અને બીજી શાણપણ અને હુશીયારી. એથી સાબિત થાય છે કે, મનુષ્ય પ્રકૃતિમાં શયતાની તેમજ ફિરસ્તાઇ અને માણસાઇ તત્વોની હાજરી રહેલી છે. જેમકે એક કવિએ કહ્યું છે કેઃ-

"તું (એકજ વખતે) શયતાન, હૈવાન, ફિરસ્તો અને મનુષ્ય છે.

આ મુજબ તારામાંના આ તત્વોમાંના જે તત્વ વધારે પ્રબળ હોય તેવો તું છે."

Scanned with CamScanner

આ ઉપરથી જરૂરી સાર એ નીકળે છે કે, મનુષ્યજાતને હયવાનિયત અને શયતાનિયતની હાલતમાંથી, ફિરસ્તાઇ અને ખરી માણસાઇની હાલતમાં, બદીમાંથી નેકીમાં અને અજ્ઞાનતામાંથી જ્ઞાની હાલતમાં લાવવા સારૂ, મનુષ્યપ્રાણીઓ વચ્ચે કોઇ એક શખ્સની જરૂર છે. આ હેતું તોજ બર આવી શકે કે, જો માણસને કોઇ ચીજથી ડરાવવામાં આવે અને (તે સાથે સુતિતીભર્યા આચરણો માટે) તેને કાંઇક આશા આપવામાં આવે.

સ્વભાવે જુનો અનુભવી માણસ એવી કોઇ ચીજને ખરી નથી માનતો કે, જે સ્થુળ વસ્તુએ તેને સુખ કે દુઃખનો અનુભવ કરાવ્યો ન હોય. એટલા માટે પેયગમ્બરને માટે એ જરૂરની બાબત છે કે, તે જંગલી અને શયતાની વર્તણુંકને, મગજમાં ઉતારી શકે એવા, સંગિન દાખલા દલીલો આપીને સમજાવે અને અયોગ્ય આદતો ગ્રહણ ન કરે એ ખાતર એજ રીતે આવા જુના અનુભવી લોકોને ડર બતાવે.

એટલા ખાતર એ ફરમાવે છે કે :- "પાપીઓ માટે રહેવાની જગ્યા દોઝખ છે અને દોઝખ એવી જગ્યા છે કે જે આગ, સાપ અને વિંછી અને ઝેરી રોપાઓથી ભરપુર છે." એજ પ્રમાણે મનુષ્યની ફિરસ્તાઇ ખસલતોની મતલબ પણ સંગિન સ્વરૂપમાં તે સમજાવે છે અને તેમને કહે છે કેઃ "નેક માણસોની જગ્યા બહેસ્ત છે

Scanned with CamScanner

કે જે સારા ખાનપાન, સુંદર કુમારીકાઓ અને છોકરાઓથી ભરપુર બાગ છે.”

પેયગમ્બરે હમેશાં પોતાનું શિક્ષણ એવા અસલ ઉપમાલંકાર સ્વરૂપોમાં યુક્તિપુર્વક અને હેતુસર રજુ કરવાનું હોય છે કે, જે ઠેઠ સર્વથી નીચી પંક્તિની બુદ્ધિ ધરાવનાર લોકોની સમજમાં એક સરખી રીતે ઉતરી શકે. અસલી ઢબના આ લોકો પોતાની ઈન્દ્રિયોથી અનુભવમાં આવી શકે એ સિવાય બીજુ કાંઇ સમજતા નથી અને એથી વિશેષ કોઈ બાબતમાં તેમની સાથે વાત કરવી નકામી છે. પણ બુદ્ધિવાન લોકો ઉપમાલંકારનો હેતું તરત જ સમજી જાય છે.

એ સાથે સાથે પેયગમ્બરે લોકોને તેમના વર્તન માટે એવી આજ્ઞાઓ આપવાની હોય છે, કે જેથી જગત અંધાધુંધીમાં સરકી ન પડે અને આ આજ્ઞાઓ બધાને માટે એક સરખી હોય છે. જો એમ ન હોય તો દરેક જણ પોતાને તેમાંથી બાકાત રાખવા અથવા પોતાને ખાસ હક આપવા માંગણી કરે અને જો એમ થાય તો મનુષ્ય જાતને નુકશાન પહોંચે.

પણ સિતારાઓની અસરના કારણે અને જુદા જુદા જમાનાની વિશેષતાઓને લીધે, મનુષ્ય જાતની સ્થિતિઓ બદલાતી રહે છે અને તેથી શરીયત યાને મનુષ્ય જાત માટે જાહેર થયેલા કાનુનો બદલાવવા જોઇએ. એથી જો પૈયગમ્બર

Scanned with CamScanner

તેમના માટે કિતાબ મુકી જાય તો, તેની ભાષા અલંકારિક અને તેમાંનું શિક્ષણ ઉપમાલંકારોમાં દર્શાવેલું હોવું જોઇએ; આજ રીતે જુના જમાનાના લોકો સમજી શકે. તેઓ વસ્તુઓની જાહેરી યાને બહારની બાજુ સિવાય વધારે આગળ કાંઇ પણ સમજવાને અશ્કત હોય છે; કારણ કે તેઓ તેમની બુદ્ધિમત્તાના વિકાસમાં પશુ જેવા છે; એમણે તો હ. રસુલ (સ.) ના બોધની જાહેરી બાજુને જ અનુસરવું જોઇએ; અને આ (જાહેરી બાજુ) ખરી રીતે ઘાસ અને ઝાડની છાલ બરાબર છે, પણ જેઓ અંદરનો અર્થ સમજવાને શક્તિવાન છે અને જેઓ પોતે હકીકતની શોધ કરે છે અને જેઓ પોતાના હલકા મનોવિકારોને આધારે નહિ પણ અક્કલ અને સમજશક્તિ વડે પોતાનું જીવન જીવે છે, તેઓ આવા શિક્ષણ અને આજ્ઞાઓનું રહસ્ય પારખી શકે છે.

હવે જ્યારે, જેમ આપણે સાબિત કરી ગયા તેમ, મઝહબના બંધારણને જાહેર પરહેઝગારીની આજ્ઞાઓ સાથે સંબંધ છે અને તે હંમેશ બદલાતી આ દુનિયામાંની દરેક બાબતો સાથે બદલાતી રહે છે, ત્યારે એ સિદ્ધ થાય છે કે, શરીયતના બાતુની અર્થનો સંબંધ સત્ય અને અમરતાની દુનિયાની હસ્તી સાથે છે. તેમાં તબદિલી કે ફેરફાર થવાને મુદ્દલ અવકાશ નથી, કારણ કે તેનો સંબંધ ખુદાતઆલા અને ઇલાહીપણાની દુનિયા સાથે છે કે જે, તેના વાસ્તવિકપણામાં જરાએ ફેરફાર થાય એવી નથી.

Scanned with CamScanner

સત્ય ગમે તેવા અર્થમાં જાતે સત્ય જ રહે છે અને જગતનું વાસ્તવિકપણું સત્ય છે. દ્રઢ હસ્તી હમેશાં દ્રઢ રહેવાની છે. આ મુજબ આપણે જોઇએ છીએ કે, આ જગતમાંની વસ્તુઓ બાહ્ય સ્વરૂપે જુદી જુદી સ્થિતિઓમાંથી પસાર થાય છે, પણ તેનો મુળ પદાર્થ કે જે કુવ્વતે પરવરદિગાર છે, તે અવિનાશી અને બિનરૂપાંતરયુક્ત છે. એથી મઝહબી શરીયતનું જાહેરી સ્વરૂપ કે જેનો સંબંધ પ્રત્યક્ષ દેખાતી દુનિયા સાથે છે, તેનુ પરિવર્તન નિરંતર થવું જોઇએ. જ્યારે તેની અંદરનો ભાવાર્થ યાને "બાતિન" કે જે અવિનાશી કાનુનનું સ્પષ્ટિકરણ છે તેનો સંબંધ વાસ્તવિક જગત સાથે છે અને એ જગત ઈલાહી આલમની બરાબર હોવાથી, તેમાં કાંઇ પણ ફેરફાર થતો નથી.

એ મુજબ એ જરૂરનું છે કે કોઇ શખ્સ જાહેરી મઝહબની સ્થાપના કરે, કે જેના બંધારણના કાનુનો એવા હોય કે,જે બધાને માટે ફરજીયાત હોય અને એક સાદા અને સંગિન સ્વરૂપમાં વર્ણવામાં આવ્યા હોય અને એ મુજબની શરીયત આ પૃથ્વી ઉપર દાખલ કરે. આવા શખ્સને નબી અથવા પૈયગમ્બર કહેવામાં આવે છે, પણ એજ મુજબ એક એવો શખ્સ પણ હોવો જોઇએ, કે જેને શરીયતની અંદર રહેલા ગુઢાર્થની મતલબ સમજાવવાની હોય.

મનુષ્ય પ્રાણીઓ જો કે શારિરીક રીતે એકબીજાને મળતાં હોય છે, છતાં તેઓ તેમની બુદ્ધિમતાની શક્તિઓમાં ભિન્ન

Scanned with CamScanner

હોવાથી, આવો શખ્સ દરેકને એક સરખી આજ્ઞાઓ નહિ આપતા, દરેક વ્યક્તિને આપવા યોગ્ય જુદી જુદી આજ્ઞાઓ સંભાળપુર્વક તારવી કાઢીને જુદી જુદી આપે છે. તેણે હ. પેયગમ્બર સાહેબના બોધની ખરી મતલબ સમજાવવાની હોય છે, કે જે બોધ તેણે યાને હ. પૈયગમ્બરે દરેક જણ સમજી શકે એવા રૂપમાં આપવું પડયું હતું. જેઓ ફક્ત અંલકારોથી સમજી શકે તેમ હોય તેવા લોકોમાંથી અહલેહકીક્ત યાને મારિફ્ત મેળવવાને લાયક હોય તેવા લોકોને તે જુદા તારવે છે. જેમ હ. પૈયગમ્બર જ્ઞાનેન્દ્રિયોથી સમજાય એવી દુનિયાને લગતી બાબતોજ પોતાના બોધ કાર્યોમાં ઉપયોગમાં લે છે, તેજ મુજબ આ એવી બાબતોનો અર્થ તેના રૂપાલંકારોને તેના તાત્વિક સ્વરૂપમાં રજુ કરીને સમજાવે છે.

શરીયત એ હકીકતી કાનુનોનું બાહ્ય સ્વરૂપ છે. જ્યારે તે યાને હકીકત ધાર્મિક ક્રિયાઓના આંતરિક અર્થ છે. બાહ્ય સ્વરૂપ અંદરના ભાવાર્થના એક સુચન તરીકે છે. વાસ્તવિક મઝહબ એક રૂપક છે, હકીકતના અવિનાશી કાનુનો તેમાં ફક્ત રૂપાલંકારિક રીતે સમાયેલા હોય છે. રૂપ કે તેમાં સમાયેલ અર્થ સાથે સંપુર્ણપણે મેળ ખાવો જોઇએ.

એ મુજબ હકીકી દુનિયા કે જે આલમે ઇલાહી જેવીજ છે, તેમાં આ ખાકી જગતમાંથી મૃત્યુ પામ્યા પછી જીવવાનું છે. જેમકે કુરાને શરીફ (સુરા ૨૯ આ. ૬૪)માં ફરમાવેલું છે કે **"અને આ સંસારની ઝિંદગી રમત અને ખેલ સિવાય બીજુ**

Scanned with CamScanner

**કાંઇ નથી, અને આવતી ઝિંદગીનું રહેઠાણ નિરંતર જિંદગીનું રહેઠાણ છે જો તેઓ સમજે તો."** આની મતલબ એ છે કે માણસ સિવાય કોઇને જીન્દગી અથવા સજીવનતા નથી.

આ ઉપરથી એ સિધ્ધ થાય છે કે શરીયત યાને નમાઝ રોજા, હજ, જકાત, કુરાને શરીફ વિગેરે જે કાંઇ અલંકાર રૂપે કહેવામાં આવેલ છે તે બધામાંનું "સત્ય" "પુરૂષ" છે. એ મુજબ નમાઝ "પુરૂષ" છે. અને જકાત "પુરૂષ" છે, કુરાને શરીફ "પુરૂષ" છે. એ પ્રમાણે બધુએ એ રીતે જ છે.

જેમ એક એવી વ્યક્તિ હોય છે કે જે આ રૂપાલંકારો યાને શરીયતનો બોધ કરે છે, બરાબર એજ પ્રમાણે એ જરૂરનું છે કે કોઇ એક એવી વ્યક્તિ પણ હોવી જોઇએ, કે જે મઝહબમાંની અલંકારીક રૂપે રહેલી બાબતોને યાને શરીયતમાં રહેલા બાતુની અર્થને સમજાવે. આવા પુરૂષને વસી યાને હ. પૈયગમ્બર (સ.)ના વસીયતની બજવણી કરનાર કહેવામાં આવે છે.

કુરાને શરીફમાં ફરમાવેલ છે કે, જ્યારે હ. ઈબ્રાહીમે પોતાના પુત્રને છેલ્લી વસીયત કરી ત્યારે ફરમાવ્યું કે (કુરાને શરીફ સુરા ૩૧ આ. ૧૩) "ખુદાની સાથે કોઇને શરીક કરીશ નહિ ખરેખર મોશરક પણું મહા ઝોલ્મ (પાપ) છે." એ પ્રમાણે મુર્તિ પુજા કરવાથી અથવા ખુદાવંદ-તઆલાની બરાબર ગણીને કોઇ પણ ચીજની પુજા કરવાથી એક પાપીની

Scanned with CamScanner

ગણના થાય છે. "ખુદાના ભાગીદાર બનાવવા" યાને શીર્ક, શરીયતના અનુયાયીઓ કોઇ કોઇ વખત કરે છે, એની બરાબર છે. હ. મૌલાના મુર્તઝાઅલી (સ.)ના બરોબરીયા તરીકે કોઇને ગણવો એના જેવો મોટો ગુન્હા અથવા મહાપાપ બીજુ કોઇ નથી.

હકીક્તની પયરવી કરવી એટલે કોઇને ખુદાના ભાગીદારો ગણવા અથવા તેના બરોબરીયા ગણવા અથવા તેના બરોબરીયા ગણવાથી દુર રહેવું તે; અને આવી રીતે દુર રહેવાની સ્થિતિ "વસી" ની પયરવી કરવા ઉપર અવલંબેલી છે. વસીનો દરજ્જો સાધારણ અર્થમાં એવો છે કે, કોઇ પણ શખ્સને મરનાર પોતાનું વસીયતનામું અમલમાં લાવવા નિમી જાય છે એના જેવો થાય છે. એને (યાને વસીને) તેની (યાને મરનારની) માલમિલ્કત, કુટુંબ કબીલો અને દરેક ચીજ એવા અખ્તયાર સાથે સોંપવામાં આવે છે, કે જે તેના મૃત્યુ બાદ એનો એને ઠીક લાગે એવી રીતે ઉપયોગ કરે.

એજ પ્રમાણે હ. પયગમ્બરે જે શરીયત સ્થાપી છે તે પોતાની શરીયત, કિતાબ અને પોતાનું કુટુંબ યાને પોતાની ઉમ્મત પોતાના વસીને સોંપી જાય છે અને એ વસીને તેમના હાકેમ તરીકે નીમી જાય છે; પણ તેની શરીયત અને તેની કિતાબમાં જાહેર તેમજ બાતુન એમ બેઉ મતલબ સમાયેલી હોવાથી તેના પુત્રો યાને તેની ઉમ્મતના સભાસદો વારસાનો જુદો જુદો હિસ્સો લઇ લે છે.

ઇલાહી સ્પષ્ટિકરણનો સિધ્ધાંત યાને તન્ઝીલ

Scanned with CamScanner

જાહેર અથવા તેના ઉપર જેટલી હદ સુધી ટકેલા છે એટલી હદ સુધીના પાક કિતાબના જાહેરી અર્થ સાથે સંબંધ ધરાવે છે. અને પેયગમ્બર પોતાની હૈયાતી દરમ્યાન પોતાના પુત્રોને સરખો હિસ્સો આપતા હોય એવી રીતે જુદા જુદા ટોળાઓ વચ્ચે કાંઇ પણ ફરક રાખ્યા વગર બધા લોકોને એક સરખો બોધ આપે છે. જેઓ તંઝીલ યાને સાદુ શિક્ષણ સમજી શકે તેવા હોય તેમને વસી તંઝીલ યાને સાદુ શિક્ષણ આપે છે અને જેઓને તાવિલ યાને ગુઢાર્થનો ખુલાસો જોઇતો હોય, તેમને તાવિલ આપે છે. આ પ્રમાણે એ દરેક જણને તેની બુદ્ધિમત્તા પ્રમાણે શિક્ષણ આપે છે.

એ મુજબ અમે સાબિત કરી ગયા કે "તાવિલ" ફકત વસીજ આપે છે એટલે દરેક નાતિકને વસી હોય છે. એ પ્રમાણે હ. આદમના (વસી) હ. શીશ, હ. નુહના હ. શામ, હ. ઇબ્રાહીમના હ. ઇસમાઇલ, હ. મુસાના વસી હ. હારૂન, હ. ઇસાના વસી હ. સામુન સફા અને હ. મહમદ મુસ્તફા રસુલ સ.ના વસી હ. અલી વસી હતા. હ. મૌલા મુર્તઝાઅલી - તેઓશ્રીના નામ ઉપર નમન અને તેઓશ્રીના નામનો જય હો - ની વાત દરેક કિતાબ અને હદીસોના દરેક સંગ્રહમાંથી મળી આવે છે અને અકલી દલીલો અને હદીસના સુચનોની મદદથી તેઓશ્રીનો મહાન મરતબો અમે આ અગાઉ સાબિત કરી ચુક્યા છીએ.

Scanned with CamScanner

હ. રસુલ (સ.) તેઓશ્રીના સંબંધમાં કરેલા નીચેના ફરમાનમાં તેઓ નામદારની બાબતોનો ખરો મુદો સમાયેલો છે "મારૂં કરજ તે ભરશે" આની મતલબ એ છે કે હ. રસુલ સ.ને ખુદાઇ સંદેશામાં રહેલું રહસ્ય સમજાય એવી રીતે સમજ આપવાનું ફરમાન હતું કે જે તેઓશ્રી પોતાની ઉમ્મતને બતાવી શકયા નહિ હતા, પણ તેઓશ્રીને એ (ખુદાઇ સંદેશ) રૂપાલંકારોમાં કહેવા પડ્યા હતા. એટલે હ. રસુલ સ.નું એ (ખુદાઇ) કરજ હ. મૌલા મુર્તઝાઅલીએ ભરપાઇ કરવાનું હતું. આનો અર્થ એ કે તેઓ નામદારે લોકોને રૂપાલંકારિક મજહબમાંથી અને શરીયતના જાહેરી અર્થમાંથી બહાર કાઢી તેમને હકીકતી દુનિયાના પ્રકાશની સ્થિતિએ પહોંચાડવાના હતા.

તન્ઝીલ સંજ્ઞા યાને સ્પષ્ટીકરણ "નીચે લાવવું" અથવા કોઇ ચીજને ઉંચ સ્થાનમાંથી નીચેના સ્થાનમાં લાવવું, એવા અર્થવાળા ક્રિયાપદમાંથી બનેલ છે. અને તાવિલ સંજ્ઞા "અવ્વલ" માંથી નિકળેલ છે. જેનો અર્થ "કોઇ ચીજનું મુળ શોધી કાઢવું" એવો થાય છે. જાહેર અથવા બાહ્ય સ્વરૂપ બીજામાંથી થયેલ ઉત્તપત્તિ છે. બાહ્ય જગતની નીચે જે રહેલું છે તે અવિનાશી અને અનંત છે. આ મુજબ "સાહેબે તાવીલ" એ શખ્સ છે કે જે એવી રીતે બોલે કે તેમાંનો ગુઢાર્થ તેમાં રહેલા ખરા અર્થ-હકીકતમાં ફેરવાઇ જાય અને તે સમજવામાં લોકોને મદદ કરે.

Scanned with CamScanner

પૈયગમ્બરને "અકલેકુલ", સાબિક (સર્વથી શ્રેષ્ઠ), કુર્શી (ખુદાઇ તખ્ત), કાદા (પ્રારબ્ધ), કલમ, નાતિક (બોલનાર), જાહિર, આકાશ, દિવસ, ચંદ્ર, શહેર, મુત્તહારિક (ગતી આપનાર), સ્પષ્ટીકરણ કરનાર, એવો શખ્સ કે જેનું શિક્ષણ આખરે મનસુખ (રદ) થાય, એવા નામથી પણ સંબોધવામાં આવે છે.

વસીને નફ્સેકુલ, અસાસ (પાયો યાને ઈમામત), બીજો (સાની યાને પૈયગમ્બર પછી આવનાર), મેજ, કાદર, "નુન" અક્ષર, સામિત (અબોલ), બાતિન, જમીન, રાત્રી, દરવાજો (બાબ), સાકિન (શાન્ત), નિવારણ કરનાર અને નાસિખ યાને રદ કરનાર તરીકે સંબોધવામાં આવે છે. પૈયગમ્બર અને વસી બેઉને સંયોજીત પણે બે પાયા, અસયાન, અને અક્કલ અને મન બેઉના સંયોજનને અક્કલો કહેવામાં આવે છે.

જેમ બુદ્ધિમાન વાક્યચાતુર્ય એ બુદ્ધિવાન મનના કાર્યનું જાહેરી સ્વરૂપ છે, તેમ નફસે નાતિકને નફ્સેકુલ મદદ કરે છે, કે જેમાંથી તેને રૂહાની મદદ હાંસિલ થાય છે, આને તરેહવાર રીતે સમજાવવામાં આવેલ છે.

કુરાને શરીફમાં અને વાર્તાઓમાં નબીઓ માટેના જે વર્ણનો છે, તે તપાસતા કોઇ પણ નાતિક, મનુષ્ય નબળાઇઓથી મુક્ત નથી. તેમને ભુલો કરતાં અટકાવનાર નફ્સેકુલની

Scanned with CamScanner

રૂહાની મદદ હોય છે હ. પેયગમ્બર રસુલ સ. સંબંધમાં કુરાને શરીફ (સુરા ૧૭ આ. ૭૪)માં ફરમાવવામાં આવેલ છે કે; **"જો અમે તને સાબિત કદમ રાખ્યો ન હોત તો નજદિક હતું કે તું તેઓના તરફ સહેજ જરા વલણ કરે."** બીજા શબ્દોમાં કહીયે તો જો અમે તને મદદ કરી ન હોત તો તું જુઠા લોકો તરફ કાંઇક પસંદગીની લાગણી બતાવવાની અણી ઉપર હતો. આ ઈશારો હ. રસુલ (સ.) ભલતાઓને ખિલાફતની ગાદી આપી શકે કે કેમ ? તે સંબંધમાં છે અને જો નફસેકુલથી આવી ગફલતી થઇ જાય તો તે મોટી ભુલ થયેલી ગણાય.

હર ઝમાનામાં **"હુજ્જત"** અવશ્ય હોવાજ જોઇએ કે જે, એને લગતા સવાલના સંબંધના પ્રકરણમાં અમે જણાવી ગયા છીએ તે મુજબ, કદી ભુલ ન કરે એવા હોવા જોઇએ.

આપણા મૌલા પોતાના ગુલામોને મદદ કરે અને તેમને ઈમાનમાં એવા અડગ રાખે કે, તેઓ જુઠા અને ભુલ ભરેલા માર્ગ તરફ દોરવાઇ જાય નહિ અને મૌલાના ફરમાનો પાળવા તેઓ પોતાના બધા પ્રયત્નો અને જોમ એકત્રિત્ત કરે, એવી દુઆ માંગુ છું.

Scanned with CamScanner

# પ્રકરણ ૫મું

## ઈમામતનો અર્થ, ઈમામના અપ્રસિધ્ધપણા અને જહુરાતના સમયો અને મહાન કયામત (ક્યામુતુલ ક્યામત)ની મતલબ વિષે.

મૌલાના કાયમે કયામત કે જે અઢાર હજાર આલમનો ધણી છે, અને જે ઇન્સાન જાતના પાપોની માફી આપનાર છે, તેમની શક્તિ અને સહાયથી અમે આગલા પ્રકરણોમાં વિગતવાર સમજાવી ગયા છીએ કે, આ પૃથ્વી ઉપરની દરેક વસ્તુ પોતાની મેળે ટકી શકતી નથી, કોઈ એક વ્યક્તિ તેને ઉત્પન્ન કરી જાહેરમાં લાવે છે, કારણ કે હૈયાતીના મેજ ઉપરનો દરેક આકાર, તેના કોઈ કર્તા ઉપર આધાર રાખે છે, કારણ કે કબજામાંની દરેક વસ્તુ, તેના કબજો ધરાવનાર વગર ટકી શકે નહિ.

આ બાબત સંબંધમાં આ દુનિયામાં આ હકીકતી કોમ યાને ઇસમાઈલીઓ સિવાયના લોકો બે પ્રકારના દ્રષ્ટિ બિન્દુઓ ધરાવે છે. એક અજ્ઞેયવાદી સંપ્રદાય (મુઅ-તીલા)નું દ્રષ્ટિ બિન્દુ અને બીજું મનુષ્ય દેહીરૂપે ઈશ્વરને માનનારા (મુસાબ્બીહા) નામના ફિરકાનું દ્રષ્ટિબિન્દુ.

અજ્ઞેયવાદી એ લોકો છે કે, જેઓ એવી માન્યતા ધરાવે છે કે હકતઆલાને કોઈ સિફાત નથી યાને નિર્ગુણ

Scanned with CamScanner

છે. તેઓ કહે છે કે તે અરૂપ છે અને તેની ઝાત મનુષ્યના જ્ઞાનની હદ બહારની અને કદીપણ ઓળખી ન શકાય એવી છે. આ સંપ્રદાયમાં બે વિભાગ છે; તેમાંના એક વિભાગના લોકો તે (યાને ખુદાવંદતઆલા) બિલકુલ નિર્ગુણ છે એમ સાફ સાફ માને છે, પણ બીજા વિભાગના લોકો તે (યાને ખુદાવંદતઆલા) એવી સિફાતો ધરાવે નહિ, એ બાબતનો ઈન્કાર નથી કરતા પણ એવા ગુણોને તે લાયક છે, એવી માન્યતા ધરાવવાને લીધે તે (યાને ખુદાવંદતઆલા) તેવા ગુણો ધરાવે છે એટલું કબુલ કરે છે; દાખલા તરીકે તેનું સર્વજ્ઞ હોવું.

આવા લોકોને આપણે સવાલ પુછીએ કે "ત્યારે તેની મારિફતનો હેતુ શો છે ?" આનો એ જવાબ આપશે કે "એની ઝાતને એ લાયક છે કે તેનામાં મારિફત સમાયેલી હોય" ખુદાતઆલાની બધી સિફાતો (ગુણો) જેવા કે હ. રસુલ સ.ના શિક્ષણમાં જેમ જણાવેલ છે કે : "તે સર્વ શક્તિવાન છે" "તે સાંભળે છે"; "જુએ છે" વગેરે આ બધી બાબતોનો તેઓ એજ રીતે જવાબ આપશે.

એ મુજબ આ સંપ્રદાયના લોકો આ મુજબની અલ્લાહની સિફાતો ફકત પોતાની અંગત જવાબદારી ઉપર નિશ્ચયપુર્વક જણાવે છે. તેઓની માન્યતા પ્રમાણે કુદરતે ઈલાહી જાણી શકાય નહિ, કારણકે તેનું કોઈ સ્વરૂપ નથી. તેની ઝાત પરખી શકાય તેમ નથી અને તેના ગુણો (સીધી રીતે) કદી પણ સમજી શકાય નહિ. ત્યારે (એ સવાલ ઉત્પન્ન થાય કે) તેની હસ્તી

Scanned with CamScanner

છે એ જાણવાનું શી રીતે બની શકે? અને તેની બંદગી કરવાનું શી રીતે થઇ શકે ? જો કે પેયગમ્બરો અને નેક શખ્સો તેની મારિફ્તનું મનુષ્ય જાતને શિક્ષણ આપવા અને એમ કરીને મનુષ્ય જાતને તેની નજીક લઇ જવાના હેતુસર આવેલા છે.

"ફસલે મુબારક" યાને "મુબારક પ્રકરણો" (નામની કિતાબમાં) એવું વર્ણન છે, કે એક વખત એક દહેલમ વાસીને ઈસ્ફહાનમાં, આજ સંપ્રદાયના એક પ્રતિનિધિ સાથે વાદવિવાદ થયો. તેના વિરૂધ્ધિએ કહ્યું કે "ખુદાને હાથ નથી, આંખો નથી" વગેરે; (એ મુજબ મનુષ્ય શરીરના દરેક ભાગો તેણે કહી બતાવ્યા) પેલા દહેલમવાસીયે જવાબ આપ્યો કે "ઓ પુછડા વગરના ! તું જે ચીજનું વર્ણન કરે છે, તે ચીભડું છે કે તરબુચ ?"

મુશાબ્બીહા યાને ખુદાતઆલાને મનુષ્યાકારમાં માનનારાઓના સંપ્રદાયવાળાઓની એવી માન્યતા છે કે, ખુદા માણસ સ્વરૂપમાં છે, તે પોતાના તખ્ત ઉપર આરામથી પગ રાખીને બેસે છે, અને પોતાના હાથમાં એક ત્રાજવું પકડી રાખે છે, કે જેનાથી દરેક લોકોની રોજીન્દી રોજીનું વજન કરી, તેમને પહોંચાડે છે. આ સંપ્રદાય કોઇ પણ બાબતને રૂપાલંકાર તરીકે ગણી તેનો ભાવાર્થ કાઢતા નથી, પણ દરેક બાબત જે રીતે કુરાને શરીફ અને હદીસોમાં ફરમાવવામાં આવેલ છે, તેજ રૂપે સાદી અને સીધી રીતે માને છે. આવા લોકો પશુ જેવા છે, કે જે છાલ અને કડબ તરફ નજર રાખે છે અને મેવા

Scanned with CamScanner

અને અનાજ સુધી નજર દોડાવતા નથી. એક વખત ગીલાનના એક વિદ્વાન શખ્સને પુછવામાં આવ્યુ કે "(ખુદાતઆલાના હાથમાં રહેલા) કાંટાથી શું તોળવામાં આવે છે ?" તેણે જવાબ આપ્યો કે ; "તેના એક પલ્લામાં ચોખા હોય છે અને બીજા પલ્લામાં ઘઉં હોય છે." ખુદાવંદતઆલા ચોખા આપણા ઉપર ઠાલવે છે અને ઘઉં પહાડોના રહેવાસી ઉપર ફેંકે છે.

તેઓની માન્યતા છે કે, કુરાને શરીફ તેના સ્વરૂપમાં તેમાંના સમાવેશ અને તેના લખેલા હરફોમાં કાયમ રહેનાર છે; જે કોઈને એમાં ઈમાન નથી તે કાફર છે. આ સંપ્રદાયના એક બીજા વિદ્વાન શખ્સને પુછવામાં આવ્યુ કે, "જો કોઈ ડુક્કરના વાળ દારૂમાં બોળીને કુરાને શરીફમાંના ફકરા તારા પોશાક ઉપર લખે તો, તે ફકરા કાયમ ગણાય કે નહિ ?"

પેલા વિદ્વાને જવાબ આપ્યો કે "હા" મેં તેને કહ્યું કે "(આવો પોશાક પહેરીને પડેલી) આવી નમાઝ તારી માન્યતા મુજબ વાજબ ગણાય કે નહિ ?" તેણે જવાબ આપ્યો કે "ના" મેં કહ્યું "જો એ ફકરાઓ સાથેની નમાઝ વાજબ ન હોય તો એવા ફકરાઓ કાયમ કેમ હોઈ શકે ?"

તેઓ એવું પણ કહે છે કે, ખુદાતઆલાની રીતભાતથી કોઈ વાકેફ નથી; ફક્ત હ. રસુલ સ. મેરાજની રાતના આસમાનની ટોચ ઉપર સિધાવ્યા, ત્યારે ફક્ત એના તેઓશ્રીએજ દિદાર કર્યા હતા, વળી તેઓનું કહેવું છે કે, આસમાનની ટોંચ

Scanned with CamScanner

ઉપરથી ખુદાતઆલા તરફથી હ. જીબ્રિલ નીચે આવતા હતા.

આ બેઉ સંપ્રદાયના લોકો એક બીજાને કાફર ગણે છે અને એમાં બેઉ ખરા છે; પણ આ હકીકતી કોમ યાને ઇસમાઇલીઓ-ખુદાતઆલા તેને શક્તિશાળી બનાવે- કહે છે કે, "આ જગત ઉપર રહેલી દરેક વસ્તુનો કોઇ ધણી હોવો જોઇએ, કે જે છે, હમેશાં હતો અને હંમેશા રહેશે; તે ઝાતી તેમજ સિફ્રાતી છે અને સાથે સાથે તે અરૂપ અને નિર્ગુણ છે."

જ્યાં સુધી અમુક વસ્તુના દ્રવ્ય અને સ્વરૂપને મળતી હોય, એવી કોઇ વસ્તુ પોતાની પાસે ન હોય, ત્યાં સુધી એ ચીજને કોઇપણ વ્યક્તિ ઓળખી શકતી નથી, એના વગર એ ચીજ તેનાથી બિલકુલ અકળ રહે છે. જ્ઞાનની હદની બહાર જે વસ્તુ હોય, તેને શોધવા માટે (એ વગરનો બીજો) કોઇ માર્ગ મળે એ અસંભવિત છે.

ખુદાવંદતઆલાની એવી ઇચ્છા છે કે, પોતે પોતાના માણસ (મર્દ) દ્વારા ઓળખાય અને પુજાય. એ માટે તેણે બધી મખલુકાતમાંથી મનુષ્યને પસંદ કરેલ છે અને તેને પોતાનું સ્વરૂપ, ગુણ યાને સ્વભાવ બક્ષીસ કર્યા છે. પેયગમ્બરો અને નેક શખ્સો જેમ સાક્ષી પુરે છે, તે મુજબ ખુદાતઆલાએ મનુષ્યને પોતાની સુરત ઉપરથી બનાવેલ છે. એ માટે કહેલું છે કે જ્યારે અઝરાઇલે માટીમાંથી આદમનું શરીર બનાવ્યું, ત્યારે તેણે ખુદાઇ અવાજ એમ કહેતા સાંભળ્યો

Scanned with CamScanner

કે: "આદમની સુરત બનાવ." અઝરાઈલે અર્જ ગુજારી કે, "ઓ પાક સર્જનહાર, મારે તેની સુરત કેવી બનાવવી તે હું નથી જાણતો." સર્જનહારના અવાજે ફરમાવ્યું કે "તું પાણીથી ભરેલો એક પ્યાલો લે અને તેને તારી સનમુખ મુક તેમાં તું મારૂ પ્રતિબિંબ જો અને તેને મળતી આદમની સુરત બનાવ." એટલા માટે કુરાને શરીફમાં ફરમાવેલ છે કે : **"ખરેખર એ દયા સાગરે પોતાના સ્વરૂપ જેવોજ આદમને બનાવ્યો."**

એમ નથી કહેલું કે, ખુદાતઆલા આદમના સ્વરૂપમાં જાહેર થયો, એટલા માટે આદમનું સ્વરૂપ છે તે એ (ખુદાવંદતઆલા) નું પોતાનું સ્વરૂપ છે. એજ મુજબ બાયબલ, (તૌરેત)માં એવું જણાવવામાં આવેલ છે કે "અમે અમારી જ સુરત અને સ્વરૂપમાં માણસને પેદા કરવાની એટલા ખાતર ઈચ્છા કરી કે, લોકો મને ઓળખે અને મારી બંદગી કરે." તેજ મુજબ ઈન્જીલમાં એવું વર્ણન છે કે, "એક વખત હ. ઈસા અ.ને પુછવામાં આવ્યું કે "ખુદાતઆલા કોના જેવો છે ?" તેઓશ્રીએ જવાબમાં ફરમાવ્યું કે:આના જેવુંજ સ્વરૂપ!" (યાને માણસના જેવું જ સ્વરૂપ) વળી હદીસમાં ફરમાવેલ છે કે: "મેં ખુદાતઆલાને અરફાતમાં પોતાના ખભા ઉપર લાલ ઝભા સાથે ઊંટ ઉપર સવાર થયેલો જોયો." અને હ. ઝરથોસ્ત (પૈયગમ્બર) અવસ્તા નામની કિતાબમાં ફરમાવે છે કે "જો તમને ખુદાતઆલાના

Scanned with CamScanner

દિદાર કરવાની ઈચ્છા થાય તો મનુષ્યના ચહેરા તરફ નજર કરો."

એ પ્રમાણે કોઈપણ વ્યક્તિએ ખુદાવંદતઆલાની શનાખત, તેના મર્દ (ઈમામે ઝમાન)ની શનાખતમાં મેળવવી જોઈએ. **"ઝમાનાના મહમદ અને હૈદર** (ઈમામે ઝમાન)**થી ખુદાને ઓળખો."**

પયગમ્બરો અને નેક શખ્સોએ એવા સુચનો કરેલા છે કે, તે બારીતઆલાને મનુષ્ય સ્વરૂપ હોવું જોઈએ.! હાલના ઝમાનાના હકીકતી લોકો તેને મૌલાના, ઈમામે ઝમાન અને કયામુલ કયામત તરીકે સંબોધે છે. "મૌલાના" નામ ખુદાવંદતઆલાના મહાન નામોમાંનું એક છે. કુરાને શરીફ (સુરા ૨ આ. ૨૮૬)માં ફરમાવેલ છે કે "અન્તા મૌલાના ! (તું અમારો મૌલા છે.)" તેમજ (સુરા ૯ આ. ૫૧) "અને તે અમારો મૌલા છે." વળી (સુરા ૪૭ આ. ૧૧) "ખુદા તેઓનો મૌલા છે કે જેઓએ ઈમાન આણ્યું છે."

આપણા મૌલા યાને મૌલાના સંબોધનનો અર્થ "આલમધણી" થાય છે, ગૌરવશાળી અને ગુણગાન ગાવા યોગ્ય તે છે. તેને ઝમાનાના ઈમામ પણ કહેવામાં આવે છે. ઈમામનો અર્થ પેશવા અથવા ઉપરી થાય છે અને પેશવા એને ગણવામાં આવે છે કે જેના ફરમાનો અને હુકમ પ્રમાણે

Scanned with CamScanner

બીજાઓ વર્તતા હોય. જેવી રીતે કે ગુલામોએ પોતાના માલિકની બધી આજ્ઞાઓ અને ફરમાનો પાળવાજ જોઇએ. કુરાને શરીફમાં પણ (સુ. ૪૮ આ. ૧૮)માં ફરમાવેલ છે કે; **"ખરેખર, ખુદા મોમનોથી ખુશ થયો છે કે જ્યારે તેઓએ તારી સાથે ઝાડ નીચે બૈયત કરી."** યાને ખુદાવંદતઆલાએ ફરમાવ્યું કે; "મારા બંદાઓમાંથી જેઓ તુબાના ઝાડ નીચે અલીની બૈયત કરે છે તેઓ તરફ રાજી થાઉ છું." કુરાને શરીફ (સુરા ૩૬ આ. ૧૨)માં એમ પણ ફરમાવેલ છે કે **"દરેક ચીજ અમે જાહેર ઈમામમાં ગણેલ છે.**

**જો તું તારી જાનની અંદર નજર કરશે તો, તે તને ખુલ્લો દેખાશે.**

**અરે તું ધુળ અને પાણી માટે ફક્ત મનોવિકાર ઉપર જ નજર નાંખતો નહિ,**

**પાક આંખોથી હકનું નુર જો, તું આ કે પેલા મારફત તેને જોઇ શકશે નહિ."**

કુરાને શરીફ (સુ. ૧૭ આ. ૭૧) **"તે દિવસે કે જે દિવસે અમે દરેક પ્રજાને તેના ઈમામના નામથી બોલાવીએ છીએ."** યાને આવતી કાલે, રોઝે કયામતના ખુદાવંદતઆલા દરેક કોમને તેમના ઈમામ અને પેશવા મારફત બોલાવશે.

Scanned with CamScanner

હ. રસુલ સ. હદીસમાં ફરમાવે છે કે: **"જો ઈમામ વગર એક પળવાર ઝમીન ખાલી રહે તો, તે તેની તમામ આબાદી સાથે તરતજ નાશ પામે."** અને એક બીજી હદીસમાં ફરમાવેલ છે કે; **"જે કોઇ પોતાના ઝમાનાના ઈમામની શનાખત મેળવ્યા વગર મરણ પામે છે તે જાહેલના મોતે મરે છે અને જાહેલો દોઝખમાં જાય છે."**

જો ઈમામે ઝમાનને સચ્ચાઇ પુર્વક નહિ ઓળખે તો, તારી હજાર (સાલની) બંદગી હશે તો પણ તું દોઝખમાં જશે.

જો ઈમામનું નામ તેની (ખુદાતઆલાની) પોતાની ઝાતને લાગુ પડેલ ન હોત અને જે કાંઇ કહેવામાં આવેલ છે; તે તેને પોતાને માટે ન હોત- કે જે ગૌરવશાળી અને ગુણગાન ગાવા યોગ્ય છે- તો એમ કેમ બને કે તેની (ઈમામની) હસ્તી અટકી જતાં દુનિયાની હસ્તી પણ અટકી જાય ? અને એવું કેમ બને કે જો તેની (ઈમામને) કોઇ ન ઓળખે તો તે કાફરના મોતે મરે અને તેની જગ્યા દોઝખમાં થાય ?

એક પ્રસંગે હ. ઈમામ ઝયનુલઆબેદીન (અ.)ને કોઇએ સવાલ પુછયો કે **"તમે ખુદાને કેવી રીતે પિછાણો છો ?"** તેઓશ્રીએ જવાબમાં ફરમાવ્યું કે **"ઝમાનાના તેના મર્દ** Imam of **મારફત."** પેલાએ પાછો સવાલ કર્યો કે **"જમાનાનો તેનો** the TIME

Scanned with CamScanner

મર્દ કોણ છે ?" જવાબમાં તેઓશ્રી એ ફરમાવ્યું કે "તેનો મુનીમ (ગુમાસ્તા) યાને ઝમાનાના ઈમામ, કે જે ખુદાતઆલાની સાબિતી (હુજ્જત) છે." તેને ખુદાવંદતઆલાએ મનુષ્ય જાત તરફ એટલા માટે મોકલ્યા છે કે તે તેની સાબિતી બને કે જે વગર માણસ પાસે સાબિતી હોઈ શકે નહિ."

પેલાએ સવાલ કર્યો "મારિફતે ઈલાહી શું છે ?" જવાબમાં તેઓશ્રીએ ફરમાવ્યું કે **"ખુદાની મારિફત એટલે ઝમાનાના ઈમામની ઓળખાણ."** ઈમામોમાંના એકે ફરમાવેલ છે કે : "જે જે ખુદાતઆલા માટે કહેવામાં આવેલ છે તે અમારા માટે કહેવામાં આવેલ છે."

ખરી બાબત એ છે કે, જે મહાન અને ગુણગાન ગાવા યોગ્ય છે તે કાયમુલ કયામત કહેવાય છે; હું કહું છું કે ખુદાવંદતઆલાનું જે કાંઈ જાહેર કે બાતુન છે તે તેનામાં છે. આ દુનિયામાં જે કાંઈ ચીજ નજરે પડે છે તેનો આદ (શરુઆત) હોય છે અને તેથી તેનો અંત પણ જરૂર હોય છે. જે કોઈ ચીજ અનંત છે તે અનાદી છે. કારણ કે આદ ફક્ત અંતનો એક ભાગ છે અને આદની સાથે અંતનો સંબંધ એટલે તેનો ફક્ત છેડો.

જુદા જુદા મઝહબો અને ફિરકાઓની શરૂઆતને જગતની બદલાતી સ્થિતઓની અસર સાથે સંબંધ હોય છે મજહબો અને ફિરકાઓને પણ આદ અને અંત હોય છે.

હદીશથી આ બાબત સ્પષ્ટ રીતે સમજાય છે કે "પિતાથી પુત્ર એમ પેઢી પછી પેઢી" - જે કોઇ, કોઇ વસ્તુની શોધ કરે છે, તે તેને જરૂર મળે છે; લોક જીવન દરમ્યાન, તેના વડવાઓ પાસે એ વસ્તુ હતીજ એ રીતે એ એને જડે છે.

"ખરેખર ખુદાતઆલા તરફના હુજ્જત વગર જમીન કદીપણ ખાલી રહી નથી." એની મતલબ એ છે કે, જેમ ખુદાવંદતઆલા ફરમાવે છે કે : "માણસો વચ્ચે અમે, તેને તેના વડવાઓથી શરૂ કરી, પેઢી દર પેઢી એક પછી બીજો ગાદીવારસ (વળી અહદ) નીમીને (યાને નસ કરીને) ઉત્તરોત્તર હુજ્જત બનાવેલ છે." ખુદાવંદતઆલા એ કુરાને શરીફ (સુરા ૫૮ આ. ૪)માં ફરમાવેલ છે કે; **"આ એટલા માટે છે કે તમે ખુદા અને તેના પયગમ્બરો ઉપર ઈમાન લાવો અને આ ખુદાની હદો (હુદુદેઅલ્લાહ) છે અને કાફરો માટે દુ:ખ દાયક શિક્ષા છે."** આની મતલબ એ છે કે જે કોઈ શખ્સ એ હદો યાને મહાન સીમાઓ તોડે છે, એ કાફર બને છે, તેને દુ:ખદાયક શિક્ષા થશે, ખુદા એવું ન કરે, જેમ એક કવિએ કહ્યું છે કે;-

"અગર તું ઝમાનાના ઈમામને ખાત્રીપુર્વક ઓળખશે નહિ, તો તેં હજારો (વર્ષ સુધી) બંદગી કરી હશે, તો પણ તું દોઝખમાં જશે."

આ ઉપરથી એ સાબિત થાય છે કે દરેક ચીઝને હદ હોવી જોઇએ, એજ પ્રમાણે દરેક નાતિકે બતાવેલ ધર્મ

Scanned with CamScanner

મનસુખ (રદ) થવો જોઇએ અને તેની જગ્યાએ નવો ધર્મ આવવો જોઇએ. દરેક ધર્મને આદ હોવાથી એ જરૂરનું છે કે તેનો અંત પણ હોય છે જ. ધર્મ અથવા ફિરકાના આવા અંતને તેની "કયામત" અથવા "હિસાબનો દિવસ" કહેવામાં આવે છે અને કેટલાએક મજહબોના છેવટના અંતને "કયામતુલ કિયામત" કહેવામાં આવે છે, જે શખ્સની મારફતનો અમલ થાય છે. તેને "કયામુલ કયામત' ગણવામાં આવે છે."

કોઈપણ ચીજમાં કમાલિયત (સમ્પુર્ણતા) મેળવવી એવું ધ્યેય હોવું જોઇએ. એ સંબંધમાં અગાઉ થઇ ગયેલાબધા ઈમામો સંમત છે. "મુબારક પ્રકરણો" (ફુસુલે મુબારકમાં) એવું લખેલ છે કે "કયામત વિશ્વમાં સદા સર્વદા છે અને કાયમનું તત્વ (નુર) જગતમાં હર જમાનામાં હમેશાં હાજર હોય છે. મજહબો અને ફિરકાઓની સમ્પુર્ણતા તેના ઉપર આધાર રાખે છે અને તેના વગર કોઈપણ ચીજ ટકી શકતી નથી કારણ કે તેજ (ફકત) શરીયતને બરાબર સમજે છે અને શરીયત કે જે સ્વરૂપે અલંકારોમાં છે તેનો ખરો અર્થ તેજ સમજાવી શકે છે."

અમે હમણાં એ સમજાવી ગયા કે, દરેક નબી જે આ દુનિયામાં નવા મજહબનો પાયો નાંખવા આવે છે, તેણે (પોતાની પાછળ) લોકોને અલંકારિક સ્વરૂપમાંથી બહાર કાઢી ખરી વહેદત (એક ઇશ્વરીવાદ)ના માર્ગે દોરી જવા માટે કોઇને પણ નિમી જવોજ જોઇએ. આવો પુરૂષ એજ કાયમુલ

Scanned with CamScanner

કયામત છે અને તે હમેશાં હૈયાત હોય છે.

"શરીયતના કાયદાની રૂએ લોકો તેને ગગનમાં શોધે છે, પણ તેની જહુરાતનું નુર પૃથ્વી ઉપર હમેશાં મૌજુદ છે."

જો એમ નહિ હતે તો આ જગત ઉપરના લોકો અલંકારિક રૂપનીજ માન્યતામાં જ (હમેશાં) રહી જાત.

કયામતે કયામત યાને કયામતોની કયામત એને કહેવામાં આવે છે કે જે વખતે "કાયમ" પોતે દુનિયા ઉપરના તમામ લોકોની સામે સજા આપનારી પોતાની વહેદતની તલવાર સાથે જાહેર થાય છે.

"રણશીંગડાના પહેલાં અવાજથી જગતના બધા લોકોને એ મૃત્યુવશ બનાવે છે અને બીજા અવાજથી પોતાના સર્વ શક્તિવાન હાથથી બધાને એ ફરી સજીવન કરે છે અને તેઓ અમર અને અનંત જીવન અને દૈવી હૈયાતી પ્રાપ્ત કરે છે."

જમીન અને આસમાનના માલિક આપણા મૌલા અબુલ હસન અલાજીક્રિયાસલ્લામની લખેલી "ફુસુલ મુબારક" (મુબારક પ્રકરણો) માં જણાવવામાં આવેલ છે કે, "અમે મહત્તા અને વહેદતની સજા કરનારી તલવાર વડે, પૃથ્વી ઉપરના બધા મનુષ્યોને કતલ કરીશું. એક વખત અમે તેમાંના કેટલાકને કતલ કરેલા છે. અને બીજી વખત અમે અમારૂં વચન પાળ્યું કે જેથી દરેક બાબત પુરી થઇ ગઇ અને અમે મૃત્યુને પણ કતલ કર્યું અને બધાને

Scanned with CamScanner

ફરી સજીવન કર્યા. ત્યાર પછી અવિનાશી કાયમની અમરતા વડે અને આવશ્યક સદા રહેનારી હસ્તી વડે અમે શરીયતના ઝમીનો આસમાન દુર કરી નાખ્યા છે અને હકીકતના ઝમીનો આસમાનને (તેની જગ્યાએ) ફેલાવી દીધા છે."

કુરાને શરીફ (સુર ૧૪ આ. ૪૮)માં ફરમાવેલ છે કે; "જે દિવસે આ ઝમીન બદલાઇ બીજી ઝમીન થશે અને તેમજ આકાશો પણ." હ. મુસ્તફા છેલ્લા યુગની શરૂઆતમાં પધાર્યા અને ફરમાવ્યું કે : "મારા પછી બીજી શરીયત થશે નહિ." એનો એજ અર્થ થઇ શકે કે તેના દૌરની (યાને તેમના ઝમાનાના અંતે) મહાન ક્યામત, ક્યામતે ક્યામત આવનાર છે.

નબીઓ અને બધાં ધર્મોમાં અપાયેલ સુચનો આને મળતાંજ છે. હ. આદમ અ.ના વખતમાં આપણા મૌલા મલિકસલ્લામ યાને શીશ નામે ઓળખાતા હતા; હ. આદમના અનુયાયીઓ "જાનીબ" (બીજી જગ્યાએ જણાવ્યા મુજબ સાબીયા) કહેવાય છે તેઓનું કહેવું છે કે, મલિકસલીમ આખર દિવસે પાછા પધારશે અને એ વખતે તે લોકોને પોતાની આજ્ઞાઓ આપશે. અને ઇલાહી જ્ઞાનના જે ભેદો શરીયતની અંદર છુપાયેલા છે તેનો તે ખુલાસો કરશે. હ. આદમ અને ઇબ્લીસની વાતમાં જે બનાવો બન્યા અને જે કાંઇ થયું તે બધાનો સંબંધ તેની સાથે છે.

હ. નુહ અ. ના વખતમાં આપણા મૌલા માલિક

Scanned with CamScanner

યઝદાકના નામે ઓળખાતા હતા અને તેઓશ્રીના અનુયાયીઓ બ્રાહ્મિમ કહેવાય છે; તેઓની માન્યતા છે કે આખરતના દિવસે પોતાની આજ્ઞાઓ આપવા, તેઓશ્રી પાછા પધારશે અને લાયક લોકોને બહેસ્તમાં મોકલશે અને પાપીઓને દોઝખમાં દાખલ કરશે. હ. નુહ પેયગમ્બરે તેઓશ્રી (હ.મલિક યઝદાક)ની પાસે ફરીયાદ કરી કે "કેટલાક લોકો તેમની દઆવતનો સ્વીકાર કરતા નથી." એ ઉપરથી તેઓશ્રીએ આજ્ઞા આપી કે, "દરેક બાબત શરીયતના જાહેરી સ્વરૂપમાં ડુબાડી દેવામાં આવે." એ મુજબ દરેક ચીજ ડુબાડી દેવામાં આવી. જેઓ હ. નુહ અ.ની કિશ્તીને વળગી રહ્યા, તેઓ જ ફક્ત બચવા પામ્યા. હ. રસુલ સ. ફરમાવે છે કે; "મારા હકદાર વારસો (ઝુરરીયત) નુહ પેયગમ્બરની કિશ્તી મિસાલ છે. જે કોઇ તેનો આશ્રય લે છે તેજ બચી જવા પામે છે અને જે કોઇ તેનાથી દુર ભાગે છે તે ડુબી મરે છે."

હ. ઈબ્રાહિમ અ.ના વખતમાં આપણા મૌલા મલિકુસ સલામના નામે ઓળખાતા હતા અને આજ સુધી આ હકીકતી કોમ તેઓશ્રીનું નામ પોતાની બંદગીમાં સન્માનપુર્વક લે છે. હ. ઈબ્રાહિમની એક કોમ ગબ્ર તરીકે ઓળખાય છે અને તેઓની પણ એવી માન્યતા છે કે હ. મલિકુસલામ આખરતના દિવસે પાછા પધારશે.

Scanned with CamScanner

હ. ઈબ્રાહિમની વાતમાં એઓશ્રીનું, સિતારા ચંદ્ર અને સુર્ય તરફ જોવું એ, દાઇ, બાબ અને હુજ્જતને લાગુ પડે છે. જ્યાં સુધી એઓશ્રીએ આપણા મૌલાની મુલાકાત લીધી નહિ ત્યાં સુધી તેઓશ્રીને કદીપણ ચેન પડયું નહિ અને જ્યારે તેઓશ્રીએ તેમની મુલાકાત લીધી ત્યારે તેમણે મૌલાની સેવા કરી અને તેમને દસોંદ દીધી. હ. ઈબ્રાહિમના જમાનાના આખરી વિભાગમાં ઝરતુસ્ત (પૈયગમ્બર) થયાં, તે આપણા મૌલાના હુજ્જત હતા.

હ. મુસા અ.ના વખતમાં આપણા મૌલા હ. ઝુલકરનયન તરીકે ઓળખાતા હતા. રાત્રે ઝાડ ઉપર નુરને જોવાની જે વાત છે, તેનો ભાવાર્થ શરીયતની જાહેરી બાજુ થાય છે. ઝાડ તે છે પુરૂષ યાને વ્યક્તિ અને નુરની મતલબ આપણા મૌલાની વહેદત-એક ઈશ્વરવાદનો સ્વિકાર થાય છે. હ. મુસા અ. આપણા મૌલાને શંબા, સબાથ કહીને સંબોધતા.

**હ. ઈસા અ.ના વખતમાં આપણા મૌલા હ. મઆદ તરીકે ઓળખાતા** અને આપણા હ. રસુલ સ.ના ઝમાનામાં તેઓશ્રી હ. મૌલા મુર્તઝાઅલીના નામથી ઓળખાતા હતા. તેમના નામ ઉપર નમન અને સલવાત.

હ. ઈસા (અ.)મે પાછા ફરવાનું અને કયામતનું કામ પુરૂં કરવાનું અને લોકોને ખુદાતઆલાના દિદાર કરાવવાનું જે વચન આપ્યું છે, તેના ભાવાર્થમાં હ. મૌલા મુર્તઝાઅલી

Scanned with CamScanner

તરફ ઈશારો રહેલો છે. હ. રસુલ સ. ફરમાવે છે કે "હ. અલી ઈબ્ને અબિતાલિબ રોઝે કયામતના વખતે પધારશે અને તેઓશ્રી એકલાજ કયામતનો વાવટો લહેરાવશે."

**બધા ઈમામો હ. મૌલા મુર્તઝાઅલી ખુદ પોતે જ છે** અને તે બધાં તેઓશ્રીમાં સમાયેલા છે.

"એક દીવામાંથી બીજો દીવો પ્રગટે છે તેમ."

તેઓ બધાં પોતાના અનોખા સત્વ તરીકે એકજ છે; કોઈ પ્રસંગે ઈમામ યુવાન દેખાય છે, કોઈ વખત વૃદ્ધ દેખાય છે વળી બીજી કોઈ વખતે તે એક બાળક (સ્વરૂપે) દેખાય છે. આમ બનવાનું કારણ એ છે કે જગત જેમ ચાલે છે તેમજ ચાલ્યા કરે. તેઓશ્રી બધા ભેદોના જહુર છે અને તે પોતે પોતાની જહુરાત જુદા જુદા ત્રીસ હજાર સ્વરૂપોમાં ફરમાવે છે; તે હમેશાં તેની (યાને ખુદાવંદતઆલાની) મખલુકાત ઉપર ત્રીસ હજાર વાર નજર ફેંકે છે, કે જેથી જગત વ્યવસ્થિત રહે.

તમામ કયામતોની કયામત, કે જેનો સઘળા પેયગમ્બરો અને સંત પુરૂષોએ વાયદો કર્યો છે, તે આ હતી અઢાર હજાર આલમના ધણી મૌલાના શાહ હસન અલા ઝકરીયાસલ્લામે, પોતાના તમામ ગૌરવ સાથે આલમોત ગઢમાં પ્રગટ થવાની ઇચ્છા ફરમાવી, જેવી રીતે તેઓશ્રીએ પોતે પોતાના ખુત્બામાં ફરમાવ્યું છે કેઃ

Scanned with CamScanner

'ઊઠો, કારણ કે કયામત આવી પહોંચી છે ! ખરેખર જે 'નિશાની'ની વાટ જોવાતી હતી, તે સત્ય નિવડેલ છે અને તે આ છે; બધી કયામતનો જે અંત છે, તે કયામત આવી પહોંચી છે, -એ દિવસ કે જે દિવસ ઇશારાઓ અને સુચનો મારફત જ્ઞાન મેળવવાનું બંધ પડે છે, એ દિવસ કે જ્યારે સ્પષ્ટીકરણો, સંતજનોની કહેવતો અને સુચનોથી જ્ઞાન મેળવવાનું બંધ પડે છે, અને શરીરો બંદગીમાં મશ્ગુલ બને છે; એ દિવસ કે જ્યારે કર્મ, વાચા, માર્ગદર્શક નિશાનો અને સુચનો પોતાના છેવટના ધ્યેય સુધી પહોંચી ગયા છે.

જે કોઇ શખ્સ પોતાની આંખોથી મુળ સત્વને જોઇ શકે છે, તેણે બધા સ્પષ્ટિકરણો અને દૈવી નિશાનીઓ જોઇ લીધી છે, પણ જે કોઇ તેને તેના નામે અને ગુણો દ્વારા જુએ છે, તે ગેર રસ્તે દોરવાયેલ છે અને વિમાસણમાં પડી ગયેલ છે અને (ખરા જ્ઞાનથી) વિમુખ થયેલ છે.

મૌલાના કાયમુલ કયામત, - તેઓશ્રીના નામ ઉપર નમન અને એમના નામનો જય હો ! - બધી હસ્તી ધરાવતી ચીજોના માલિક છે. તે એ મૌલા છે કે જે સ્વતંત્ર હસ્તી છે. તે સર્વસ્વ છે, તેની બરાબર કોઇ હસ્તી નથી. જે કાંઇ આવે છે તે બધું તેનામાંથી આવે છે. તેણે દયાના દરવાજાઓ ખોલી નાંખ્યા છે; તેણે બધાને પોતાની મારિફતના નુર વડે, જોતા, સાંભળતા, બોલતાં અને અવિનાશી જીવન

Scanned with CamScanner

જીવતા બનાવ્યા છે; તેની હૃદય વિશાળતા માટે તેનાજ ગુણગાન ગાવા ઘટે છે, જે કોઈ આ સમજે તેણે તે પ્રમાણે કરવું જોઈએ ! મહાનમાં મહાન તે એક જ છે તે ગૌરવશાળી તે એકલાજ છે કે જેનું સત્વ, મારિફત છે.

ત્યાર બાદ તેઓશ્રી ખુતબો પઢયા, જેની શરૂઆતના બોલો આ પ્રમાણે હતા, 'ઝિક્રતુ ફી-હી માઅલતમસા - હુ સૈય્યદુઅન નબ્લ...' અને ત્યાર પછી તેઓશ્રીએ એક કાગળ વાંચ્યો જેના શરૂઆતના શબ્દો આ હતા; 'નહનુલ-હાઝિરૂન અલ-મૌજુદુન...'

મૌલાના કાયમુલ કયામતની મદદથી, કયામતે કયામતની તારીખ સંબંધમાં થોડા એક ફકરાઓ લખશું, કે જે માટે પેયગમ્બરો અને મજહબના પેશવાઓએ આગાહીયો કરી છે અને એ વિષે બધાએ ખબર આપી છે અને સુચનો કર્યા છે. અને આ હક અને સીધે રસ્તે દોરવાયેલ મજહબે ઈસમાઈલી, કે જેને ખુદાવંદતઆલા પૃથ્વીના પુર્વ અને પશ્ચિમના વિભાગોમાં સાબિત કદમ બનાવે, તેનો આ અદના ગુલામ જે રીતે તે સમજેલ છે, તે રીતે મૌલાના એ ખુતબા ઉપર વિસ્તાર પુર્વકની સમજ સાથે એક નોંધ અને તેનો તરજુમો પણ લખશે. આ બધું મૌલા મૌલાના તરફના "મુબારક પ્રકરણો" માં આપવામાં આવશે.

હવે અમે 'સત્ર' અથવા 'આચ્છાદન' અને 'કશફ' યાને 'જહુરાત' ના સમયનો સવાલ હાથ ધરશું.

Scanned with CamScanner

નવા મજહબની સ્થાપના કરનાર, દરેક પેયગમ્બરના સમય દરમ્યાન, ઈમામ પોતે પોતાની પાક ઝાત (ઝાતે મુકકદસ)માંજ જહુરાત ફરમાવતા હતા અને રસુલોએ તેઓશ્રી તરફ આંગળી ચીંધી લોકોને બતાવવા પડતા હતા. આવી કોઈ જહુરાત બાદ બંદાઓની પરખ તરીકે આવા આચ્છાદનના સમયો, 'સત્ર' આવવા જોઈતા હતા. આ સમયે જો ઈમામના મુરીદો દ્રઢ ઈમાનદાર અને મારિફત અને સત્યના શોધકોમાંના નથી હોતા તો, તેઓ દિલ ખોઈ બેસે છે અને બાવરા બની જાય છે. પણ જો તેઓ મજબુત ઈમાન સાથે હકની તલાશ કરતા હોય છે તો, તેઓને સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે; તેઓ સમજી શકશે કે મૌલાના કયામુલ કયામત જગતમાં હમેશાં હાજર હોય છે જ, હમેશાં હતાજ અને હમેશાં રહેશેજ.

કોઈ વખત તે જાહેર તો કોઈ વખત છુપો, કોઈ વખત તે પિતા સ્વરૂપે તો કોઈ વખત પુત્ર, બાળક કે યુવાન અથવા વૃદ્ધ સ્વરૂપે અથવા કોઈ અન્ય વખતે માતાના ગર્ભાશયમાં તે હોય છે.

**"અલી તે હતો કે (જેણે) પોતાની માતાના પેટમાંથી હ. નબી (રસુલ સ.) ના કાનમાં કુરાને શરીફની માયના હૈયા ઉકેલથી કહી સંભળાવી."**

ખુદાવંદતઆલાએ કુરાને શરીફ (સુ. ૫૭ આ. ૩)માં ફરમાવેલ છે કે **"તે અવ્વલ (પહેલો) અને આખર (છેલ્લો)**

Scanned with CamScanner

જાહેર અને બાતિન (છુપો) છે અને તે સર્વ ચીજ જાણનાર છે."

કોઈ વખત તે વૃદ્ધ, બાળક કે યુવાન બને છે. કોઈ વખત તે મએરાજમાં આકાશે જાય છે, કોઈ વખત તે કુવાના ઊંડાણમાં ઉતરે છે. જ્ઞાનીજનને શાની ચિન્તા છે ? ભલેને તે એક સો સ્વરૂપમાં આવે. કોઈ વખત મુસ્તનસિર અને કોઈ વખત સલામુલ્લાહ (થઈને) !

આ બધું માણસ જાત સમજી શકે એવી સ્પષ્ટ રીતે વર્ણવેલું છે અને તેથી આલમ પોતાની જગ્યાએ રહી શકે. લોકો પોતાના ખુદના કરતાં આગળ જોઈ શકતા નથી, એથી જો એમ નહિ કરતે તો તેઓ પોતાના ઈમામને ઓળખી શકતે નહિ અને તેના તરફનો માર્ગ તેમને જડી શકત નહિ, જો આમ ન હોત તો, જેમ કહેવાયેલ છે કે:

"આ જગતની ઉત્પત્તિ પહેલાં કેટલાએક હજાર વર્ષ અગાઉ, મુસ્તફા અને અલી સાથે બેઠેલાં હતા." ખુદાની ખુદાઈ અને ઈલાહી રાજ્યમાં કાંઈ ફેરફાર થનાર નથી. આ પ્રમાણે તેઓ મનુષ્ય જાત આગળ જહુર ફરમાવે છે. કોઈ વખત એવું બને છે કે, ઈમાનદારોના પાપો ઘણા વધી જવાને કારણે ઈમામનો આચ્છાદનનો (સત્ર) અને તકીયો રાખવાનો સમય આવી લાગે છે, જેમકે કહેવામાં આવેલ છે કેઃ

"તું જમીન ઉપર ગુન્હાઓ (પાપ) કરે છે અને તને તેની ખબર નથી હોતી કે, તારા દુષ્ટ કૃત્યોને લીધે આકાશમાંના

Scanned with CamScanner

ચંદ્રને ગ્રહણ લાગે છે."

આવું ત્યારે જ બને છે કે જ્યારે આપણા મૌલા તેના તરફ ગુસ્સાભરી નજરે જુએ છે અને જ્યારે તે પોતાના બંદાઓ તરફ અનુકંપાની દ્રષ્ટિથી જુએ છે ત્યારે તેની દયામાંથી જહુરાત (કશફ)નો સમય પાછો આવે છે.

ઈમામની હાજરી અને જહુરાતનો સમય દિવસની મિસાલ છે અને મુહિકક (સત્યધારક) સુર્યની મિસાલ છે; આચ્છાદનનો સમય (સત્ર) રાત્રી મિસાલ છે, તેનો હુજ્જત ચંદ્ર મિસાલ છે અને દાઈઓ સિતારા મિસાલ છે. રાત્રે કે જ્યારે સુર્ય દેખાતો બંધ પડે છે ત્યારે પ્રકાશ ફક્ત ચંદ્ર અને સિતારાઓમાંથી આવે છે. એ મુજબ સત્ર અથવા આચ્છાદનના જમાનામાં કે જ્યારે હકીકતી લોકો મુહિક્કની પાક ઝાતના સીધા સમાગમમાં આવી શકતા નથી, ત્યારે તેઓ ઈમામ તરફથી તે સમયે નિમાયેલા શખ્સોની પિછાણ અને તાબેદારી કરીને સત ધર્મનો માર્ગ મેળવી શકે છે. આ શખ્સો તે મહાન હુજ્જત (પીર) બાબ યાને તેની મારિફ્ત મેળવવાનો પવિત્ર દરવાજો હોય છે, જેમ કે કહેલું છે કેઃ

> "તેને મળવાનો રસ્તો હુજ્જતના દિલની મારફ્ત રહેલો છે. હુજ્જત તેના દિલને મળતી સીધી ઈલાહી મદદ વડે દરેક બાબત જાણે છે."

હ. રસુલ સ. અને તેના વસીની વફાત બાદ તરતજ

Scanned with CamScanner

આવેલ "સત્ર" ના પહેલા જમાના દરમ્યાન (થયેલા) ઈમામોના વખતમાં હુજ્જત તરીકે હ. અબ્દુલા (મેયમુન) કુદાહ હતા. અને "સત્ર" ના બીજા દૌરમાં હુજ્જત તરીકે બાબા સૈયદના (હસન બિન સબ્બાહ) હતા અને કાયમ દાયમ નુર મૌલાના શાહ હાદી હતા, કે જેઓશ્રીનો ભેદ બાબા સૈય્યદના જાણતા હતા.

જેમ દિવસે જ્યારે સુર્ય આકાશમાં હોય છે, ત્યારે સિતારાઓ પ્રકાશ નથી આપતા, તેમ હ. મૌલાના અલી અ.ના વખતમાં સલમાને તેઓશ્રીની તરફેણનો બોધ ન્હોતો આપ્યો. જહુરાતના દરેક જમાનામાં મોમીનોએ મુહિકક- સત્યધારક (ઈમામ)ને ઓળખવાજ જોઈએ અને તેમના તરફનો સંદેશો, તેની તરફેણમાં દઆવત આપવાનું કાર્ય જેમને સુપ્રત થયેલું હોય, તેમના પાસેથી હકીકત અંને ઇઝાફી રૂપમાં સમજી લેવું ઘટે છે અને સત્ર યાને આચ્છાદનના ઝમાનામાં તેની મહાન દઆવતનું કામ તેના હુજ્જત અને તેના દાઈયોના હાથમાં હોય છે.

"(હ. રસુલ સ. બાદ) **લોકોનો એક રહેબર** (હુજ્જત) **થશે.**"
(કુરાને શરીફ સુરા ૨ આ. ૧૪૮)

વળી કોઈ વખત એવું પણ બને છે કે ઈમામ પોતાની જાતી ઝહુરાત વખતે પણ દઆવતનું કાર્ય (ધર્મ પ્રચારનું કામ) ચાલુ રાખવા માટે હુજ્જતની નિમણુંક કરે છે; પણ ઈમામ

Scanned with CamScanner

અને તેના હુજ્જત બેઉ અપ્રસિદ્ધ બની જાય, એ અસંભવિત છે. કયામતે કયામત પ્રસંગે, કે જ્યારે બધી બાબતોનું સ્પષ્ટીકરણ થાય ત્યારે, કોઇ ચીજ, આ સ્થુળ જાહેર જગતને લગતી અથવા રૂહાની વર્તુળ યાને બાતિનને લગતી કોઇ પણ ચીજ લોકોની નજર આડે આવી અડચણ કરતા થઇ શકશે નહિ. એ પ્રસંગે ન તો હુજ્જત અથવા ન તો કોઇ પણ દરજ્જાવાળો શખ્સ જાહેર હશે; તે વખતે તો કાયમ પોતેજ દરેક બાબતનું વજુદ બની રહેશે.

"કન્ઝુલ ઘરાયબ" નામની કિતાબમાં લખેલું છે કે, સાચા પેયગમ્બરો અને નેક સંત પુરૂષો ખુદાવંદતઆલાના ફરમાનથી આ જગતમાં આવ્યા હતા. તેમને ઈલાહી મદદ અને તઆલીમ મળી હતી અને એ મુજબ તેના વતી તેઓ કાર્ય કરતા હોવાથી, તેમને સોંપાયેલ કાર્ય તેના (ખુદાવંદતઆલા) માટે જ હોય એ ખરૂં છે.

નબીયો અને વસીયો (ઇમામો) વગર આ દુનિયા વ્યવસ્થાપુર્વક રહી શકે નહિ. જો મનુષ્યજાતના દરેક કાર્ય યોગ્ય અને વાજીબ ગણવામાં આવે તો, તેનુ પરિણામ એ આવે કે જગત હલાક થઇ જાય; કારણ કે મનુષ્ય પ્રાણીઓ જે કાર્યો કરી શકે છે, જેવાં કે ખુન બળાત્કારે કરેલો સંભોગ, દરેક શક્ય ભયંકર ગુન્હા બલ્કે અંદરો અંદર કાપાકાપી કરીને મનુષ્ય હત્યાકાંડ જેવા કૃત્યોને, એ પ્રમાણે તો કાયદેસરના ગણવા જોઇએ અને જો

Scanned with CamScanner

દરેક કાર્યને યોગ્ય ગણવામાં આવે તો, એ કૃત્યોને પણ વાજબ ગણવા જોઇએ; એ સાથે જો દરેક (સ્વતંત્ર પણે થતા) કાર્યને હરામ ગણવામાં આવે તો, જીવન અશકય બની જાય ! એ બેઉ અંતિમ પ્રકારો અસંભવીત અને મુર્ખાઇ ભરેલાં છે.

કયું કૃત્ય યોગ્ય અને કયું અયોગ્ય, એ ખરી રીતે ખરા કિરતાર સિવાય બીજું કોઇ જાણી શકનાર નથી; એટલા માટે એ જરૂરનું છે કે, ખુદાવંદતઆલા, પોતે પેદા કરેલ જગતની વ્યવસ્થામાં, મનુષ્યમાંથી કોઇ શખ્સને પસંદ કરી, તેને ઇલાહી પ્રેરણા યાને ઈલ્હામ દ્વારા અથવા સ્પષ્ટિકરણ યાને વહય દ્વારા કૃત્યોની આંકણી કરવાનું જ્ઞાન બક્ષે; જેઓ ઇલાહી આજ્ઞાઓનું જ્ઞાન અને કૃત્યોનું ધોરણ વહી દ્વારા મેળવે છે, તેઓ પયગમ્બરો કહેવાય છે. અને જેઓને ઈલ્હામ અથવા પ્રેરણા દ્વારા એ મળે છે, તેઓ ઈમામો અને ઔલીયાઓ કહેવાય છે. તેઓ ખરાબ અને સારા કૃત્યોનો ભેદ સમજાવે છે. અને કયું કૃત્ય ખરાબ અને કયું સારૂં છે તે બતાવી, લોકોએ કેવી રીતે વર્તવું એ સંબંધી આજ્ઞાઓ આપે છે. તેઓ જે કૃત્યો સારા ગણવામાં આવ્યા હોય તે કરવાને ફરમાન કરે છે અને દુષ્ટ કૃત્યો માટે મના કરે છે, કે જેથી દુનિયાની હાલત સુવ્યવસ્થિત રહે અને ખરાબ બને નહિ.

આવી આજ્ઞાઓ અને મનાઇ હુકમોને શરા "અથવા કાયદો અને તે કાયદો બાંધી આપનારને "સાહેબે શરીયત"

Scanned with CamScanner

કહેવામાં આવે છે, અગાઉની શરીયત અને કિતાબને રદ કરે એવી કિતાબ લાવનાર તરીકે દરેક ખાસ વખતે કોને મોકલવો તેનો નિર્ણય હિકમતે ઈલાહી કરે છે. જ્યારે આવા ખુદાઈ હુકમ આવે ત્યારે મોમીનોની ફરજ છે કે, તેવી કિતાબ અને શરીયતે પેયગમ્બર, કે જે તેની અગાઉ આવી ગયેલાઓની શરીયતને રદ કરે છે, તેમાં ઈમાન લાવે. મનસુખ યાને રદ થયેલીની મતલબ એ છે કે તે નકામી બને છે, જે શરીયત રદ બાતલ થાય તે નકામી બને છે. અને દરેકે તેનો ત્યાગ કરવો જોઈએ અને નવાં પયગમ્બરમાં ઈમાન લાવવું જોઈએ.

ખરો પયગમ્બર એ છે કે જેને માટે ખુદાવંદતઆલાએ કુરાને શરીફ (સુ. ૩૩ આ. ૪૦)માં ફરમાવેલ છે કે, **"મોહમદ તમારામાંના એકે પુરૂષનો બાપ નથી, પણ ખુદાનો પેયગમ્બર છે. અને પૈયગમ્બરોમાં ખાતેમ (છેલ્લો) છે."** તે એકલો જ શરીયત યાને કાયદો, તરીકત યાને રૂહાની પ્રગતીના કાનુનો, હકીકત યાને હકનું જ્ઞાન અને મારિફ્ત યાને ખુદાવંદતઆલાનું કેવળ જ્ઞાન આપનાર છે. જ્ઞાનના આ બધા પ્રકારો તેના જાનશીન (ઈમામો)માં મૌજુદ છે; તે હમેશાં મોજુદ હતા અને અત્યારે પણ મૌજુદ છે; અને તેના બધા મોજીઝા જેવા કે મેરાજ યાને આસમાનમાં જવું, ચંદ્રને (પોતાની આંગળીઓ વડે) ચીરી નાંખવો વગેરે બધા સાચા છે.

જે કોઈ શખ્સ જમાનાના ઈમામના ફરમાન વગર

આથી વિરૂદ્ધ વર્તે અને તેની શરીયતની સામે થાય, તે કાફર છે. અને ગમે તેટલો પશ્ચાતાપ કરશે, તો પણ તેનો સ્વિકાર થશે નહિ. ખરૂં જોતાં તે પોતાના (દુષ્ટ) મનોવિકારોને અનુસરે છે અને એ રીતે તે બેફરમાની અને કાફર બને છે. જેમ હ. રસુલ સ. ફરમાવે છે કે "જે કોઈ પોતાના ઝમાનાના ઈમામને ઓળખ્યા વગર મરણ પામે છે, તે કાફિરના મોતે મરે છે અને કાફરને રહેવાની જગ્યા દોઝખમાં છે પછી ભલે તે યહુદી, ખ્રિસ્તી કે જરથુસ્તી હોય."

આનું કારણ એ છે કે, જ્યારે જગતમાં કોઈ પેયગમ્બર યાને સાહેબે શરીયત ન હોય ત્યારે, તેના લોકો યાને તેની ઉમ્મત જુદી જુદી તરેહની મોહ માયા અને ઈન્દ્ર જાળમાં ફસાઈ ગયેલ હોય છે અને જો ઈમામે ઝમાન તેનો (યાને તેવી માયા-ઈન્દ્રજાળનો) નાશ ન કરે તો, સંભવિત છે કે બધા લોકો કાફર બની જાય ! -ખુદા આપણને એમાંથી બચાવે, - તે (ઈમામ) હ. રસુલના ભેદોને વિસ્મરણ થતાં યાને ભુલી જવામાંથી બચાવી રાખે છે અને એવા ભેદોની મદદથી તે બધાં લોકોને, તેઓની સમજશક્તિ પ્રમાણે ખુદાને રસ્તે બોલાવે છે અને તેઓને મારિફતનું શિક્ષણ આપે છે.

હ. રસુલિલ્લાહ (સ.)ની બાદ આવા સાચા ઈમામો અમીરૂલ મોમનીન હ. મૌલા મુર્તઝાઅલી અને રોઝે કયામત સુધી તેમની ગાદીયે આવનારા (જાનશીન) ઈમામો છે. હ. રસુલ ફરમાવે છે કે "જે કોઈ હ. અલી ઈબ્ને

Scanned with CamScanner

અબીતાલિબ અને તેના વંશમાં પેઢી દર પેઢી ઉતરી આવેલા હકદાર ગાદીવારસો સિવાય, બીજા કોઈને પોતાનો ધાર્મિક પેશવા માનીને તેની પૈરવી કરશે તે ઈસા ઈબ્ને મરીયમનો ઈમાનદાર મુરીદ હોય તો પણ તે લઆનતી કાફર છે." હ. રસુલ (સ.)ના આ કથન અનુસાર જે કોઈ બીજી માન્યતા સેવે છે તે કાફર છે.

અગાઉ થઈ ગયેલ નબીયોના મજહબો રદ બાતલ થાય છે, એમ અમે કહી ગયા તે સાથે એ પણ યાદ રાખવાનું છે કે, અગાઉ થઈ ગયેલા ઈમામોના ફરમાનો પણ રદ બાતલ થઈ શકે છે; એવું ઘણી વખત બન્યું છે. એવું બને છે કે પોતાના ઝમાનાને બરની કેટલીક જરૂરીયાતોને લીધે, કેટલાક ઈમામો અને પેગમ્બરોએ ખાસ પોતાના (સમય) પુરતા રીતરીવાજો દાખલ કરેલાં હોય છે અને પાછળથી તેમાંના કોઈ એક જમાનાની ખાસ જરૂરીયાતના હિતને ખાતર, પોતાની આગળ થઈ ગયેલાઓથી નક્કી કરેલાં ધારા ધોરણથી ઉલટી રીતે પણ વર્તે છે. આવા એકબીજાથી વિરૂદ્ધ ભાસતા ફરમાનમાંથી દરેકને જમાના પ્રમાણે ઓળખી કાઢવાની અગત્યતા છે અને સાચા ઈમામના મુરીદે જે અમુક પ્રસંગે જે મુજબ વર્તન રાખવાનું ફરમાન થાય, ત્યારેજ તે મુજબ વર્તવું જોઈએ. જેમકે કુરાને શરીફ (સુરા ૪ આ. ૫૯)માં ફરમાવેલ છે કેઃ "હે મોમનો ખુદાનો હુકમ ઉઠાવો, અને પેયગમ્બરનું અને તમારામાંના હુકમની સત્તા રાખનારા (ઉલુલ અમ્ર)નું

Scanned with CamScanner

**ફરમાન ઉઠાવો."** એટલા ખાતર કોઈએ પણ બે ફરમાની કરનારામાં અથવા છેતરપીંડી કરનારાઓમાં ભેળાવું નહિ જોઈએ, કે જેને માટે ખુદાતઆલાએ કુરાને શરીફ (સુરા ૨૫ આ. ૪૪)માં ફરમાવ્યું છે કે, "બલ્કે તેઓ વધારે આડે રસ્તે છે." ખુદાતઆલા એમાંથી આપણને બચાવે.

પાંચમો મસઅલો (સવાલ) "મઅઆદ" યાને ભવિષ્યના જીવન સંબંધી છે. આ માન્યતા એવી છે કે નીચે જણાવેલા ત્રણ રસ્તાઓમાંથી કોઈ એક રસ્તે વ્યક્તિગત રીતે આત્મા પોતાની અસલયાતમાં પાછો ફરે છે.

પહેલો રસ્તો નેક અને ફરમાન બરદાર આત્માઓનો છે, કે જેમના આ દુનિયામાં કરેલા સુકૃત્યો તેમના દુષ્ટકૃત્યોથી વજનમાં વધી જાય છે. તેઓ ગુનેહગાર, પાખંડી અથવા અધર્મી લોકો નથી. તેઓ આખરતની જીન્દગીને લગતી બાબતોને ભુલી ગયા નથી અને તેમણે આ દુનિયાના કામોને પેલી દુનિયાના કામો કરતાં વધારે અગત્યતા આપેલ નથી. તેમણે હમેશાં પોતાનો વખત, ખુદાતઆલાની બંદગી ગુજારવામાં, સવાબના કાર્યો કરવામાં, આ દુનિયા અને પેલી દુનિયાના જીવન માટે નકી થયેલા સુત્રો મુજબ સંભાળપુર્વક વર્તવામાં અને સમ્પુર્ણ ફરમાનબરદારીમાં ગાળેલો હોય છે. આ ઈમાનદારોનો આ સદગુણ એના જેવો છે જેમકે "છીલ્લી અનંત હદનું લુત વૃક્ષ" - (હદ એટલે) જેઓ મજહબી જ્ઞાન ધરાવે છે તેમની હદ. જે લોકોનું આ પ્રકારનું વર્તન

Scanned with CamScanner

હોય છે તેઓ જમણા હાથના અથવા જમણી પાંખના લોકો કહેવાય છે, તેઓ પવિત્ર અને નેક હોય છે. તેઓ સારી વર્તણુક રાખે છે અને પોતાના જમાનાના ઈમામની તેઓને શનાખત હોય છે. જેમકે કુરાને શરીફ (સુરા ૪ આ. ૮૫)માં ફરમાવેલ છે કે : **"જે કોઈ સારી દરખાસ્ત કરે છે તેને માટે તેમાંથી ભાગ છે, અને જે કોઈ ખરાબ દરખાસ્ત કરે છે, તેને માટે તેમાંથી કાંઈ ભાગ છે."** એ મુજબ તેમના નેક કામોનો બદલો તેમને જે રીતે અમે ખુલાસો કરી ગયા તે પ્રમાણે બહેસ્તમાં મળશે.

બીજા પ્રકારના લોકોના સમુહને ડાબા હાથના અથવા ડાબી પાંખના લોકો કહેવામાં આવે છે. તેઓ દૌલતની પાછળ અને દુનિયાના મોજમજાહ પાછળ રચ્યા પચ્યા રહેલા પાપીઓ અને પોતાના જ પોતે ગુન્હેગાર છે; અને તેઓ એ છે કે જેઓ ઈમામો અને પેયગમ્બરોના ફરમાનની અવગણના કરે છે. જેમકે હ. રસુલ સ. ફરમાવે છે કેઃ "આ દુનિયા મુડદાલ માંસ જેવી છે, તેની પાછળ ફક્ત કુતરાઓજ દોડે છે." આવા લોકો દોઝખમાં જશે કે જે તેમના કૃત્યોનો બદલો છે કે જેનો વાયદો કુરાને શરીફમાં આપવામાં આવેલ છે.

ત્રીજા પ્રકારના એ લોકો છે, કે જેઓ વહેદતના મહેલના વારસદારો, ખુદાવંદતઆલાના તખ્તના બંદાઓ અને ખુદાઈ વહેદતના નિવાસ્થાનના જીગરજાન કારભારીઓ છે; ખાલિકે તેને "મુકર્રબાંન" યાને સોબતીઓનું નામ આપેલ

Scanned with CamScanner

છે. જેમકે કુરાને શરીફ (સુરા ૫૬ આ. ૧૦-૧૧)માં ફરમાવેલું છે કે: **"આ તેજ લોકો છે કે જેઓ સહુ કરતાં (ખુદાને) નઝદિક છે. તેઓ અમન ભરેલી બહેશ્તની વાડીઓમાં છે."**

તેઓ બહેશ્ત અને દોઝખથી આગળ ગયેલા છે. તેઓને અનિવાર્ય ખુદાની શક્તિ યાને 'જબરૂત'ની ખુબીઓનો અનુભવ કરાવ્યા બાદ, આગળ જવા દેવામાં આવ્યા છે, કે જેથી તેઓ ખુદાઈ તાકાતની આલમ યાને 'મલકુત' નો અનુભવ મેળવે તે પયગમ્બરો અને ઔલીયાઓ છે, કે જેમને માટે કહેવામાં આવેલ છે કે:

"તારો ખુબસુરત ચહેરો જોઈશ નહિ, ત્યાં સુધી હું બહેશ્તમાં જવાનો નથી.

જો ત્યાં માશુક ન હોય તો, મારે બહેશ્તનું શું કામ છે?"

બીજા વિભાગમાંનો કોઈ શખ્સ યાને પાપીઓમાંનો કોઈ, જો કે પછી ભલે દેખાવ પુરતો, હ. મહમદ રસુલ સ. અને તેની આલ ઉપર, કે જેમ કુરાને શરીફ (સુરા ૩ આ.૩૪)માં ફરમાવ્યા મુજબ કે: "(તેમજ) તેમના વંશમાં કેટલાકને કેટલાક ઉપર શ્રેષ્ટતા આપી છે. અને ખુદા સાંભળનાર અને જાણનાર છે." અથવા આ આયાત (સુરા ૪ આ. ૫૯) મુજબ કે: **"હે મોમનો, ખુદાનો હુકમ ઉઠાવો અને પૈયગમ્બરનું તથા તમારામાંના હુકમની સત્તા રાખનારા (ઉલીલ અમ્ર)નું ફરમાન**

**ઉઠાવો."** તેમાં ઈમાન લાવતો હોય અને શહાદતનો કલમો જાહેર રીતે પડતો હોય અને તેને દિલથી ઈમાનદારી પુર્વક ટેકો આપતો હોય તો, તેણે (જાણ્યે અજાણ્યે) કરેલાં ગુન્હાના કાર્યોની સજા, થોડો વખત ભોગવી લીધા બાદ, તેનો બચાવ હ. રસુલ અને તેના ગાદીવારસ કે જેઓ (ખુદાતઆલાના) જીગરજાન વહીવટદારો છે, તે (ઈમામો) તરફથી કરવામાં આવશે. તેઓશ્રીના વચમાં પડવાથી આવા શખ્સોને ઉગારી લેવામાં આવશે. અને તેમને, જેઓને હમેશાં ભોગવવાની દુઃખદાયક શીક્ષા થયેલી છે, તેમના જેવી સ્થિતિમાં હમેશાંને માટે રહેવા દેવામાં આવશે નહિ.

જે લોકો આ સઘળા ઉપર અંતઃકરણપુર્વક ઈમાન નથી લાવતા, અને ઈમામોની ફરમાનબરદારી નથી કરતાં, બલ્કે પોતાના ઝમાનાના ઈમામને ઓળખતાએ નથી, તેઓ મુનકીર યાને બે ઈમાન છે અને તેઓનું રહેઠાણ સદાને માટે દોઝખમાં છે. જેઓ પોતાના ઝમાનાના ઈમામને ઓળખે નહિ અથવા પોતે પોતાને ન ઓળખે, તેઓ અધર્મીના મોતે મરે છે અને તેમના હાલ નેકજનોના જે હાલ બને છે તેથી ઉલટા બને છે. જેમકે કુરાને શરીફ (સુરા ૯૫ આ. ૫)માં ફરમાવેલ છે કેઃ "પછી અમે તેને હલકામાં હલકો બનાવ્યો." અને એ અગાઉ (સુરા ૯૫ આ. ૪-૫)માં ફરમાવવામાં આવેલ છે કે "ખરેખર અમે માણસને અતિ ઉત્તમ આકૃતિવાળો બનાવ્યો છે. જો તે પોતે પોતાને નથી ઓળખી

લેતો તો અમે તેને અધમમાં અધમ બનાવીએ છીએ." - આમાંથી આપણને ખુદાતઆલા બચાવે.

"જો તું તારા જમાનાના ઇમામને સત્યતાપુર્વક નહિ ઓળખે તો, તું દોઝખમાં જશે; પછી ભલે તેં હજાર વર્ષ સુધી બંદગી કરી હોય."

પેલી એક નંબરની તજલ્લીમાં જે કાંઇ સંક્ષિપ્તરૂપમાં આપવામાં આવેલ છે, તે બધું અહિં વિસ્તારપુર્વક આપવામાં આવેલ છે; જેમકે એક ઠેકાણે ફરમાવેલ છે કેઃ "દયાળુ ખુદાએ આદમને ખાસ પોતાની સુરત જેવો બનાવેલ છે."

**"જ્યારે અમે આદમને બહાર મોકલ્યો, ત્યારે અમે અમારી પોતાની જમાલિયત (સૌંદર્ય) રણમાં મુકી દીધી."**

હદીસમાં વર્ણન છે તેમ ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કેઃ "હું એક છુપો ખજાનો હતો અને મને ઇચ્છા થઇ કે હું ઓળખાઉં એટલા માટે મેં મખલુકાત પેદા કરી, કે જેથી તેઓ મને ઓળખે." આની મતલબ એ છે કે ખુદાવંદતઆલા ફરમાવે છે કેઃ "હું છુપાયેલો હતો અને મને જાહેર થવાની ઇચ્છા થઇ, તે પછી મેં 'અકલેકુલ' અને 'નફસેકુલ' ને પેદા કર્યા અને એ બે નુર પ્રત્યેના ઇશ્કમાંથી મેં દુનિયા અને દુનિયાના લોકોને પેદા કર્યા કે જેથી હું જાહેર થઇ જાઉં -અને મારી ઇચ્છા પુરી થઇ."

Scanned with CamScanner

કામિલ ઈન્સાન કે જે પોતે ઈલાહી જમાલીયત (સૌંદર્ય) અને જલાલત (જલવો)ના જહુર હોવાથી, બધી મખલુકાતના તાજ તરીકે પોતે બધી જોખમદારીનો બોજો ઉપાડવાનું પોતે કબુલ કર્યું. આ વિષે એક ડાહ્યા જ્ઞાની માણસે કહ્યું છે કેઃ "આસમાન જોખમદારીનો બોજો ઉપાડી શક્યું નહિ (એટલે) કર્મનું દોષાર્પણ મારા વિનયી નામ ઉપર આવી પડયું."

હકીકતનો આખો જમેલો માણસમાં સમાયેલ છે, એવા રૂપમાં કે વિશ્વમાં વિખરાયેલા પડેલા મહાન જથ્થામાં જે કાંઇ છે, તે બધાનો માવો તત્વરૂપે ઇન્સાનમાં રહેલો છે. આની મતલબ એ છે કે, આકાશમાં જે જે દેખાય છે, તે બધું જીવાત્મામાં રહેલું છે. જે કોઇ શખ્સ પોતાના ઝમાનાના ઇમામની શનાખતમાં વાસલ થાય છે, તે ઈલાહી દરબારનો ખાસ ખાદિમ બને છે. ત્યાર પછી તેને બેઉ જહાનમાં સુખ મેળવવાનો માર્ગ પ્રાપ્ત થાય છે, કે જે પોતે પોતાને ઓળખવાનું જ્ઞાન છે અને જે જીવનના મુળ અને તેના અંતિમ હેતુના જ્ઞાનનો બનેલો છે. મઓતબર હદીસમાં ફરમાવેલ છે કેઃ "જેણે પોતાના નફસને ઓળખ્યો તેણે પોતાના રબ (ખુદા) ને ઓળખ્યો."

"પોતાના વજુદને ઓળખનાર થા,
પછી માણસોમાં પ્રથમ દરજ્જાનો બન."

Scanned with CamScanner

કોઈ શખ્સ, જેવો પોતાને ઓળખવાનું જ્ઞાન હાંસલ કરે છે, કે તરતજ તે પોતાના ઝમાનાના ઈમામની શનાખત મેળવે છે. તેનું સ્થાન મખલુકાતમાં ઉંચ બને છે અને તે સન્માનના મહાન દરજ્જે પહોંચે છે. જેમકે કુરાને શરીફ (સુરા ૫ આ. ૪)માં ફરમાવેલ છે કે: **"અમે માણસને અતિ ઉત્તમ આકૃતિવાળો બનાવ્યો છે"** એટલે તો એ "જમણા હાથ"માં ના લોકોમાંનો એક બને છે. જેમકે કુરાને શરીફ (સુરા ૯૮ આ. ૮) "તેઓનો બદલો તેઓના પરવરદીગાર પાસે નિરંતર રહેવાની વાડિયો છે કે જેની નીચે નદીઓ વહે છે - તેમાં તેઓ હંમેશા નિરંતર રહેનાર છે. ખુદા તેઓથી ખુશ છે."

અલહમદોલિલ્લાહ(બધા વખાણ ખુદાના છે) અને શુકરીનઅલ્લાહ (અલ્લાહનો આભાર) કે આજ કાલ હકીકતના આ જ્ઞાનનો એટલો બધો ફેલાવો થયેલ છે કે, જેઓ તે સાંભળે છે તેઓ તેને ખોટું કહી શકતા નથી અને જેઓ તેનો ઈન્કાર કરતા હતા, તેમાંના ઘણાઓએ હાલમાં તેનો સ્વિકાર કર્યો છે. આપણે ઉમેદ રાખીએ છીએ કે, આપણા મૌલાના ફઝલો કરમથી તેઓ સમ્પુર્ણ ઈમાની બને અને સચ્ચાઈના રહેઠાણમાં "દિવાને તક્કરૂબ" યાને સુગમભર્યા પ્રવેશના દિવાનખાનાના દરવાજે, અગત્યના અને ખાસ બંદાઓ તરીકે હુકમની રાહ જોતાં, હારબંધ જેઓ બેઠેલા છે, તે કોમના સભાસદો બને.

Scanned with CamScanner

હ. રસુલ સ. પછી તેના વસી યાને તેના પછીનો વહીવટ કરનાર, તેની ઉમ્મતની બધી મુશ્કેલીઓ દુર કરે છે. અને લોકોને ગુમરાહ થતાં, નાફરમાનીના કામો કરતાં અથવા બળવો જગાડતાં અટકાવે છે. તે પોતાના પછી પોતાની જગ્યાએ બીજા ઈમામની નિમણુંક કરે છે અને તેને ઈલાહી ભેદોનું જ્ઞાન સુપ્રદ કરે છે.

આવા દરેક નાતિક (પૈયગમ્બર) સાથે એક એમ સંખ્યામાં છ વસીયો થયેલા છે; હ. આદમ અ.ના વખતમાં હ. શીશ, હ. નુહ અ.ના વખતમાં હ. શામ, હ. ઈબ્રાહિમ અ.ના વખતમાં હ. ઈસમાઈલ, હ. મુસા અ.ના વખતમાં હ. હારૂન, હ. ઈસા અ.ના વખતમાં સમઉનસફા અને હ. મહમદ રસુલના વખતમાં અમીરૂલ મોમનીન (હ. મૌલા મુર્તઝાઅલી.)

બધાં પેયગમ્બરો, ઔલીયાઓ અને પાક ને પવિત્ર પુરૂષોમાં અમીરૂલ મોમનીન હ. અલી સર્વથી મહાન છે. કુરાને શરીફ અને હદીસમાં તેઓશ્રીના સંબંધમાં ઘણા બધા સીધા સુચનો છે. જેવાં કે સુરે "તબરકા", "સુરે યાસીન", સુરે "હઅલતા" અને આયાતો જેવી કે "અલ્લાહ નુરૂસમાવાત વલ અર્ઝે", "ઈન્ના અન્ઝલના" ની સુરા પણ તેઓશ્રીના સંબંધમાં છે. જેમ ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કે: જેમ રમઝાન મહિનો બીજા એક હજાર મહિનાઓ કરતાં બહેતર છે તેમ ઈમામે ઝમાન, હજાર નબીઓ અને રસુલો

Scanned with CamScanner

કરતાં અફઝલ છે.

આની મતલબ એ છે કે, નબુવતનું નુર વલાયત (યાને ઈમામપણા)માંથી મળેલું છે. હ. અલી માટે હ. રસુલ સ.નું આ સંબોધન કે "મારૂં ગોશ્ત તારા ગોશ્તમાંથી છે, મારૂં લોહી તારા લોહીમાંથી છે. મારૂં શરીર તારા શરીરમાંથી છે અને મારો રૂહ તારા રૂહમાંથી છે." તેની બરોબરી કરી શકે એવું બીજું કોઈ માન છે ? અને હ. મૌલા મુર્તઝાઅલી સંબંધી હદીસમાં હ. રસુલ સ. ફરમાવે છે કે "હું ઈલ્મનું શહેર છું અને (હ.) અલી તેનો દરવાજો છે".

"મેં તેઓશ્રી (હ. રસુલ સ.)ના મુખ મુબારકથી બોલાયેલા જવાહીર જેવા કલામો, આત્માને ઉન્નત બનાવી દે એવા, તેઓશ્રીના રત્ન જેવા હોઠોથી ઉચ્ચારાયેલી હદીસોમાં સાંભળ્યા કેઃ "હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે."

જેના દરવાજાનો ચોકીદાર કુતરો હું છું. તેના માટેની આ હદીસ કેટલી મર્તબાવાળી છે ?

બીજા એક કાવ્યમાં કહેલું છે કેઃ-

"અગર સમુદ્રો શાહી બની જાય અને બધા ઝાડોની
કલમ થઈ જાય, સાત આસમાનો કાગળ બને
અને જીબ્રિલ તેના વખાણ કરવા લાગે (અને જો)
બધાં જીન્નો અને માણસો "શાહના વખાણ લખવા

Scanned with CamScanner

માંડે તો, એક હજારમાંથી એક તુકકો પણ લખી શકાય નહિ."

એ સમજવાની જરૂર છે કે ઈમામ દીનના રાજા છે અને લોકોની ભલાઈ અને ધાર્મિક જીન્દગીના ફાયદા સારૂં પોતાને યોગ્ય લાગે તેવા ફરમાનો તેઓશ્રી કરે છે. તેઓશ્રીની કુદરત અતિ મહાન અને સમજમાં ન ઉતરી શકે એવી અતિ ગુઢ, ભેદી પ્રદેશ અને અચળ અને અચુક આજ્ઞાઓના ડહાપણ સાથે સંબંધ રાખે છે. જેમકે હદીસમાં ફરમાવેલ છે કે: "જો પૃથ્વી ઈમામ વગર એક પળ પણ ખાલી રહે, તો તે નાશ પામે." કારણકે તે આસમાન અને પૃથ્વીનું કેન્દ્ર છે અને તેના વગર પૃથ્વી ટકી શકતી નથી.

ખરા વારસદાર ઈમામ યાને 'મુસ્તકર' અને ટુંક વખત માટેના કામચલાઉ ઈમામ 'મુસ્તેઉદા' વચ્ચેના તફાવત વિષે હવે અમારે ખુલાસો કરવાનો છે. ઈમામ હસન અને ઈમામ હુસેન સંબંધમાં બન્યું તેમ એ બેઉ વચ્ચેનો તફાવત ફકત વારસાના હકને લગતા સવાલમાંજ રહેલ છે.

(ત્યાર પછી ઈમામ મુસ્તકર યાને સાચા ઈમામ કે જે ઈમામતનો ધણી છે અને જે પોતાના ફરઝંદને ઈમામતની ગાદી સોંપી શકે છે અને ઈમામે મુસ્તઉદા યાને કામ ચલાઉ ઈમામ કે જેને પોતાના ફરઝંદને ઈમામત સોંપવાનો હક નથી તેનો ખુલાસો છે. હઝરત હસન કામચલાઉ ઈમામ હતા જ્યારે ઈમામતના ધણી હ. ઈમામ હુસેન કે જેના વંશમાં ઈમામત ચાલતી આવે છે તે ઈમામે મુસ્તકર હતા,

Scanned with CamScanner

વગેરે સમજ આપેલી છે. હ. શાહ ઈસમાઈલ ઈમામે મુસ્તકર હતા એ વિષે ખુલાસો કરતાં લેખક જણાવે છે કેઃ)

'રોઝતુલ-તસલીમ' નામની કિતાબમાં જણાવ્યા મુજબ બધા જાણે છે કે, જ્યારે મુસા કાઝમને બગદાદના ખલીફાએ કેદમાં નાંખ્યા હતા ત્યારે તેના દુશ્મનોએ તેને કહ્યું કેઃ "તારો ભાઈ ઈમામ ઈસમાઈલ, તારૂં સ્થાન પડાવી લેવાની કોશિષ કરે છે." ત્યારે તેણે જવાબ આપ્યો કે "તમે આવું જુઠું બોલવાની હિંમત કેમ કરો છો ? તે એ શખ્સ છે કે જેની નિમણુંક ખુદાતઆલા અને તેના રસુલ તરફથી થયેલી છે." જેમકે કુરાને શરીફ (સુરા ૩ આ. ૩૪)માં ફરમાવેલ છે કે **"તેમના વંશમાં કેટલાકને કેટલાક ઉપર, અને ખુદા સાંભળનાર (અને) જાણનાર છે."** તે પછી તેણે શાહ ઈસમાઈલ માટે દુઆ માંગી કે "યા અલ્લાહ મારા વારસોને હ. ઈસમાઈલના વારસદારોના આશીર્વાદોથી વિમુખ નહિ રાખજે." આ બાબતનું વર્ણન "ઉમદતુત-તાલિબ" નામની કિતાબમાં છે કે જે હ. પેયગમ્બર અને તેના જાનશીનો માટે લખાયેલી (ઘણીજ) મઓતબર કિતાબોમાંની એક છે.

આ બાબત હ. ઈસાક અને હ. ઈસમાઈલ પેયગમ્બરોને બરાબર મળતી આવે છે. હ. ઈસહાકના કેટલા બધા વંશધરો નાશ પામ્યા છે અને આખરે નબુવત અને ઈમામત

Scanned with CamScanner

હ. ઈસમાઈલનાજ વંશમાં રહેવા પામી. હવે આપણે ખોટી રોશનીમાં, આવી બાબતો જોવાની ઈચ્છાને વશ રાખવી જોઈએ અથવા એવી બાબતો તરફ લક્ષ આપવું જોઈએ નહિ.

યાદ રાખ કે ઝમાનાના ઈમામની પૈરવી અને તાબેદારી કરવાની તારા ઉપર ફરજ છે; તે જે કાંઈ ફરમાન કરે તે ઉપર અમલ કરવા તારે હમેશાં તૈયાર રહેવાનું છે. ઈમામતની હસ્તી, જગત, આકાશ અને હ. આદમની ઉત્પત્તિ પહેલાં હતી, પણ તે હ. ઈબ્રાહિમ અ.ના વખતથી પિતાથી પુત્ર નસલ બ નસલ ઉતરે એ રીતે કાયમની બની. જેમકે કુરાને શરીફ (સુરા ૩ આ. ૩૩)માં ફરમાવેલ છે કે **"ખરેખર ખુદાએ આદમને અને નુહને અને ઈબ્રાહિમના વંશને અને એમરાનના વંશને સર્વ આલમ ઉપર પસંદ કર્યા છે."** એટલે કે "ખરેખર મેં આદમ અને નુહ અને ઈમરાનના લોકોને પસંદ કર્યા છે." પાછળ જણાવેલ (ઈમરાન) શબ્દ હ. અબુતાલિબ અ. માટે છે, કારણ કે "ઝુરિય્યતી બઆઝા મીન બઆઝીન" રોઝે કયામત સુધી એક પછી એક ગાદીવારસો (કુરાને શરીફ સુરા ૩ આ. ૩૪) એટલે કે ઈમામો દરેક ઝમાનામાં અને અત્યારે ઈતરત યાને હ. રસુલના ગાદીવારસો તરીકે ચાલુ છે.

ઈમામ કોઈ કોઈ વખતે પોતાની (ઈમામતની) "નસે સરેહ" યાને જાહેર રીતે થયેલી નિમણુંકથી, તો કોઈ વખત "નસે ખફી" યાને અર્થસુચક સુચન દ્વારા મેળવે છે. એટલા

Scanned with CamScanner

માટે એ જરૂરનું છે કે, ઈમામે કાંતો પોતાના ગાદીવારસ (વલી અહદ) તરીકે પોતાના ફરજંદોમાંથી કોઇ એકની નિમણુંક કરવી જોઇએ અથવા ખુલ્લે ખુલ્લું જાહેર કરી દેવું જોઇએ કે પોતાના બાદ ફલાણો ફલાણો ઈમામ થનાર છે. એની સાથે ઈમામ પોતાના ફરજંદમાંથી એક ઉપર "નસ" કરે તેમાં એવી કાંઇક બાબત સમાયેલી હોવી જોઇએ કે જે ઈમામત સાથે ચોક્કસ રીતે સંબંધ ધરાવતી હોય, અથવા તેણે અસાસને સુચનાઓ આપવી જોઇએ, અથવા ઈમામે આ બાબત પોતાના સંપુર્ણ વિશ્વાસુ હુજ્જતો અથવા દાઇયોમાંથી એકને સાફ સાફ રીતે અને ચોખા શબ્દોમાં કહેવી જોઇએ.

એ મુજબ ઈમામો એ છે કે, જેઓ ખુદાના મક્કરબાન યાને નજીક રહેનારા, તેના વિશ્વાસુ અને તેના પસંદ કરેલા છે અને શીયાઓ અથવા ઈમામોના અનુયાઇયો એ લોકો છે કે, જેમને (કયામતના દિવસે) જમણા હાથ ઉપર જગ્યા આપવામાં આવશે. હદીસમાં જે સારો "શબ્દ" વપરાયેલ છે તે તેમનો રાહ છે. "તેઓ કે જે સારી રીતભાત અને આચરણવાળા છે તેમને તેમનો બદલો મળશે એક મહાન બદલો." એટલે કે "જે કોઇ લોકોને સદવર્તન માટે બોધ આપે છે તેમને તેનાથી બમણું શીખવીશ." વગેરે, - એથી કુદરતી રીતે આ બધા લોકો સદવર્તનના બદલાની આશામાં રહીને પોતાનું વર્તન રાખે.

Scanned with CamScanner

આવા કારણને લીધે એ અગત્યનું છે કે, હુજ્જત, દાઇ અને તેનાથી નીચા દરજ્જાવાળા ધર્મ પ્રચાર કે પોતાની શક્તિ અને બુધ્ધિ અનુસાર મજહબી દઆવતનું યાને ધાર્મિક પ્રચારનું કાર્ય આગળને આગળ ધપાવ્યે રાખવું જોઇએ. એવું કહેવામાં આવ્યું છે કે એક નાની સરખી કીડી એના દરમાં હોય અને એને દઆવત કરવાથી દઆવતના કાર્યનો ફાયદો થાય એમ હોય તો, એક દાઇએ તેના દર પાસે એ આશામાં વર્ષો સુધી રાહ જોઇ બેસી રહેવું જોઇએ કે નશીબજોગે તે બહાર નીકળે, ને તેને બોધ આપી શકાય, કે કદાચ તે કીડીમાંથી દીનને કુવ્વત મળી જાય અને તેના સવાબમાં તેને (યાને દાઇને) હિસ્સો મળે.

આવા દરજ્જાવાળા એ લોકો છે; કે જેમને રોઝે કયામતના જમણી બાજુ મળશે; આ બધાઓએ, પછી તે હુજ્જત યા દાઇ યા સાધારણ ધર્મ પ્રચારક યા શિક્ષક યા મુસ્તજીબ હોય, તેઓએ ખુદાતઆલાનો ડર રાખવો જોઇએ. તેમણે પવિત્ર, વિચારોમાં પાક, પરહેઝગારીમાં ચુસ્ત, ફરમાનબરદાર, સત્યવક્તા અને પ્રમાણીક અને ખરેખરા ઉદાર બનવું જોઇએ અને તેમણે આપણા મૌલાના દઆવતના કાર્યમાં પુરેપુરૂં ઇમાન રાખવું જોઇએ.

કુરાને શરીફ (સુરા ૪ આ. ૫૯)માં ફરમાવેલ છે કે: **"હે મોમનો, ખુદાનો હુકમ ઉઠાવો,**

**અને પૈગમ્બરનું અને તમારામાંના હોકમની સત્તા રાખનાર (ઉલીલ અમ્ર)નું ફરમાન ઉઠાવો"** તે મુજબ તેમણે તેમના (ઇમામના) માટેની કોઇ પણ સેવા બજાવવા ખડે પગે તૈયાર રહેવું જોઇએ. તેમણે દીનની મજબુતાઇનું કાર્ય કરવું જોઇએ અને પોતાની ફરજ સમજવી જોઇએ, કે જેથી બીજા દરજ્જાવાળા કરતાં દઆવતના કાર્યનો વધારે મોટો સવાબ તેમને મળે. દીન અને પરહેઝગારી દઆવતના કાર્ય દ્વારા જ ટકી શકે છે અને એમાં જે કોઇ જેટલો વધારે બળવાન હોય તેટલો તેને વધારે સવાબ મળે છે.

'નસાહી' નામની કિતાબમાં લખેલું છે કે :-

"હે મોમીનો તેના હુકમોનું પાલન કરો,
એને પ્રતાપે જ હ. પયગમ્બર ખુદાઇ વહી
મેળવવા પામ્યા."

મોમીને પવિત્ર અને પરહેઝગાર બનવું જોઇએ જેમકે કુરાને શરીફ (સુરા ૪૯ આ. ૧૩)માં ફરમાવેલ છે કે: **"ખરેખર ખુદા પાસે તમારામાંનો વધારે માનવંત તેજ છે -કે જે તમારામાં વધારે પરહેઝગાર છે."** જે 'વાજબુલવજુદ' (દરેક હસ્તીનું મુળ છે) તેને આજ્ઞાક્તિપણે અનુસરવાની તમારી ફરજની અગત્યતા સમજો. તમને લાજમ છે કે, હાલતા, ચાલતા, બોલતા કે ઉંઘતા દરેક હાલતમાં ખુદાતઆલાને હાજર નાજર સમજો. એવી રીતે જીવન જીવો કે ખુદાતઆલા કે જે હમેશાં તમને જુએ છે તેની

Scanned with CamScanner

પાસે તમને શરમિન્દા થવું ન પડે; સાચા રહેવાની ટેવ પાડો કારણ કે તે, બલા દુર કરવાનો ઈલાજ છે. તમારી આવકમાંથી દાન આપો કારણ કે હ. રસુલ સ. ફરમાવે છે કે : "દાન આપવાથી માલમાં બરકત થાય છે." અને પોતાના માલમાંથી પેગમ્બર અને તેની આલનો ભાગ માલેવાજબાત કાઢવો જોઈએ અને જે કોઈ અલ્લાહના હકમાં એક દિનાર ખર્ચ કરે છે, તેને દુનિયામાં એકસો અને આખરતમાં એક હજાર બરકત રૂપે મળે છે અને હદીસમાં ફરમાવેલું છે કેઃ **"જે કોઈ ધરમને માટે સખાવત તરીકે નાણું ખર્ચે છે તેના બદલામાં દસ ગણું (નાણું) તેને મળશે"** આને 'હસના'નું કરજ કહેવામાં આવે છે. કુરાને શરીફ (સુરા ૫૭ આ. ૧૮)માં ફરમાવેલું છે કે "ખરેખર દાન આપનાર પુરૂષો અને દાન આપનાર સ્ત્રીઓ કે જેઓએ ખુદાને સારી ધીરજથી ધીર્યું છે." અને ફરમાવે છે કે "આ દુનિયામાં એકસો ના આખરતમાં એક હજાર બની જશે." -અને "સારી ધીરધાર" (હસના)ના બદલા તરીકેનું આ પરિણામ છે.

પોતાના હમદીનો અને ભાઈઓને મદદ કરવી એ મુળભુત ધાર્મિક ફરજ છે, -તે બજાવવામાં ઢીલા બનો નહિ કારણકે એથી મોટો રૂહાની લાભ પ્રાપ્ત થાય છે. ખોરાક, વાતચીત અને નિંદ્રામાં મર્યાદાશીલ, રહેવાથી મોમીનના વિચારો પાક બને છે. દુન્યવી બાબતોમાં તમે તમારું અભિમાન

Scanned with CamScanner

બતાવો નહિ અને જેઓ ગરીબ છે તેમને તરછોડો નહિ -આવું કાર્ય તો ફકત મુર્ખાઓ અને બેઈમાનોમાંના નીચ માણસનું છે ખુદાતઆલા પાસે આજીજીપુર્વક દુઆ માંગો કે, તે તમને સત્ય અને પાકું ઈમાન અને મારીફત બક્ષે.

મોમીન બનવાનો હેતુ બીજાઓને દાખલા રૂપ બનવાનો છે, કે જેથી તેઓ જુએ અને વિચાર કરે કે, "હું શા માટે મોમીન જેવો ન થાઉ ?" ઈર્ષા અને વૈરવૃત્તિને દાબી દો અને ધિક્કારને તમારા દિલમાં દાખલ થવા આપો નહી, કારણકે, ધિક્કાર, કિન્નો અને જોરજુલમ મોમીનોનું ઈમાન હરી લે છે. તમારા દિલમાંથી એકબીજાની દુશ્મની દુર કરી તેને પાક બનાવો, કારણ કે પોતાના દિલમાં એને સ્થાન આપવું એ મોમીન માટે વાજબ નથી. તેનું દિલ ખુદાતઆલાનું ઘર છે; અથવા જેમ હ. રસુલ સ. ફરમાવે છે તેમઃ- "મોમીન ખુદાતઆલાનું તખ્ત છે." આની મતલબ એ છે કે જે કોઈ પોતાના દિલમાં કિન્નો કે ધિકકાર રાખે છે, તે ખુદાના ઘરને "અપવિત્ર" કરે છે અને જો ઘર અપવિત્ર બની જાય તો, ઘરનો ધણી તેમાં રહી શકે નહિ અને એ મુજબ ઈમાનદાર પોતાનું ઈમાન ખોઈ બેસે છે.

મઝહબના દુશ્મનો સિવાય બીજી બાબતોમાં ધર્માન્ધતા (તઆસુબ) નહિ રાખો. હ. રસલ અને તેની ઈતરતના મિત્રોને જુઠા કહો નહિ; અને દરેક તરફ વિનયી બનો,

Scanned with CamScanner

હમેશાં ઉદારવૃત્તિ અને પરોપકારની નીતિને અનુસરો, આ ત્રણ ગુણો બધા ધાર્મિક કાર્યોની છુપી ધરીયો છે.

જો તમારા પોતામાં ઝઘડો થાય તો, સુલેહ સ્થાપવા તમારામાંથી બનતું બધું કરો; તમારી નમ્રતા અને હલીમીને આદર્શ બનાવો-એથી તમે તમારા જીવન અને તમારી હાલત બહેશ્તવાસીઓના જેવી બનાવી શકશો.

ઈમામે ઝમાન તરફના પ્રતિનિધિઓથી તમારૂં મોઢું ફેરવશો નહિ (યાને તેમની અવગણના કરશો નહિ); દીનમાં પાકા બનો કારણ કે આ દુનિયા ફક્ત ઉધાર વસ્તુ છે; જેમ કુરાને શરીફ (સુરા ૫૮ આ. ૪)માં ફરમાવેલ છે કે; "આ એટલા માટે છે કે, તમે ખુદા અને તેના પેયગમ્બરો ઉપર ઈમાન લાવો; અને આ અલ્લાહની હદો છે; અને કાફરો માટે દુઃખદાયક શિક્ષા છે."

મારા વહાલા દોસ્ત, તારા જીવની ચિન્તા કર, અને ખરાબ અને ગુસ્સા ભરેલાં કૃત્યોથી જેમ બને તેમ દુર ભાગ તારા રૂહના કિમતી જવાહીરને તારી જવાનીમાં વેડફી નાંખ નહિ.

આ બાબતમાં બાબા સૈયદના (યાને હસનબિનસબ્બાહ) ફરમાવે છે કે: "બેહદ શુક્રના હ. મહમદ રસુલ સ.ની ઝાતના, જે બધા પયગમ્બરોમાંથી પસંદ કરાયેલા છે કે, જેણે બધા સાહેબે શરીયતોમાંથી મુખ્ય મુદ્દાઓ એકઠા કર્યા." જેમકે કુરાને શરીફમાં (સુરા ૨ આ. ૧૫૭)માં ફરમાવેલ

Scanned with CamScanner

છે કે: "આવા લોકો ઉપર પોતાના પરવરદિગાર તરફથી સલવાત અને રહેમત છે અને તે તેઓ છે કે જેઓ ખરે રસ્તે દોરવાયા છે."

તે શખ્સના બેહદ વખાણ અને શુક્રના કે જે પોતાની ઝાતને એવી જાહેર કરે છે, કે જે માટે હ. રસુલ સ. ફરમાવે છે કે: **"હ. આદમને પેદા કર્યા તે પહેલા હું અને અલી બેઉ ખુદાતઆલા આગળ એક નુર હતા."** અને તવહીદના સવાલ યાને ખુદાની વહેદાનીયતના કલમા વિષે ખુલાસો કરતાં, જે ખરી હકીકત છે તે બાબત સમજાવતાં ફરમાવ્યું કે : "હું અને અલી એકજ નુરમાંથી પેદા થયા છીએ. હું અલી છું અને હું તેનામાંથી છું"; એટલે કે "હું તેની ઝાતમાંથી છું." અને આ દુનિયાના રહેઠાણમાં તેનું અતુળ બળ અને સત્તા માટે ખુલાસો કરતા, હ. રસુલ સ. પોતાના કમાલ ખુતબામાં (તેનો મર્તબો કે જે તેની અસલ કમાલિયતા જેટલોજ ઉંચો છે તે વિષે) ફરમાવે છે કે: "હું હિકમતનું ઘર છું અને અલી તેનો દરવાજો છે."

તે ડહાપણના દ્વાર ખોલવા અને મારીફત અને આત્મિક દ્રષ્ટિના દરવાજાનું તાળું ખોલવા આવ્યા છે અને તેના જાનશીનો ઉપર સલવાત કે જેમાંના હર એક, જેઓ જાહેલીયત અને ગુન્હાઓના

Scanned with CamScanner

રણમાં પોતાનો માર્ગ ભુલી ગયા છે, તેમને દરેકને માટે માર્ગદર્શક આકાશી સિતારા જેવા છે; અને ખાસ કરીને તે પાક ઝાત ઉપર સલવાત કે જેની ગણના, અસ્તિત્વની અનેકતામાં અને હસ્તીના વર્તુળના પરિઘના મધ્ય બિન્દુમાં, પાક કુદરતના નુકતા સિવાય, બીજી કાંઇ થઇ શકતી નથી. આ પવિત્ર જહુરાતના વખાણ અને ગુણગાન માટે અદના કે આલાની ભાષામાં યથાયોગ્ય શબ્દો મળી શકે એમ નથી.

ઓ તું, કુલ જહાનના આત્માની સીફત,
ઓ તું, બધાના ઈમાનો અમાનની પ્રાપ્તિ,
તારા સિવાય સત શબ્દ ઉચ્ચારનાર કોઇ નથી;
બેઉ જહાનમાં બધી ઝબાનોથી બોલી શકે;
જો કે ખુદાવંદતઆલાએ હ. રસુલને મોકલ્યા
છે, છતાં તારા સિવાય બધાનો આત્મા યાને
રૂહ બીજો કોઇ નથી. બધા સાથે તું સંગાથી
તરીકે હતો, અને તારાથી બધાના દિલ અને
જાન જળહળિત (મુન્નવર) છે.

તેમના ઉપર અને તેમના જાનશીન પાક આલ (ઈમામ) ઉપર સલવાત હોજો.

બાદઃ ઘણા લાંબા વખતથી મારો જાહેર અને છુપો ઈરાદો અને ઈચ્છા હતી કે, ઈમાનદારોના સરદાર અને પવિત્ર જનોના ઈમામ, દીનના કેન્દ્ર, મગરૂરોને મહાત કરનારા અને કાફરોને કતલ કરનાર, અલી ઇબ્ને અબુતાલિબ- જેમના ઉપર ખુદાવંદતઆલાના

Scanned with CamScanner

મહાન આશીર્વાદો ઉતરો વિષેના "ખુત્બાનું" ખુલાસાવાર વર્ણન (વાળી એક કિતાબ) લખ્યું. આ કિતાબનું નામ 'ખુતાબતુલ બયાન' અથવા જેમ બીજાઓ તેને 'ખુત્બએ અનાબાત' 'અથવા વસીની નીમણુંકનો ખુત્બો' વગેરે માને છે. હ. રસુલ સ.ના સુખનો ઉપર આ રચાયેલ છે. આ પવિત્ર સુખનોનું પૃથ્થકરણ અથવા સંયોજનથી જોડાણ કેવી રીતે કરી શકાય કે જેથી મઝહબના બાહ્ય સ્વરૂપ જાહેર સાથે અથડામણ ન થાય અથવા અહલે શરીયતને વાંધા રૂપ ન દેખાય.

આના જવાબમાં હું જણાવીશ કે, એક હદીસમાં ફરમાવેલ છે કે : ખુદાનો બન્દો, ભક્તિના કાર્યોની મદદથી મારી પાસે આવવા માટે, (દરેક ઈમાનદારો માટે જેનો હુકમ થયેલો છે તે ઉપરાંતના) ધાર્મિક અહકામો બજાવવામાં, જ્યાં સુધી હું રાજી થાઉ ત્યાંસુધી, કદી પણ પાછી પાની કરતો નથી અને જ્યારે હું, ખુદા ખરેખર, તેને ચહાવા માંડું છું ત્યારે તેના કાન બની જાઉ છું કે જેનાથી તે સાંભળે છે અને તેની નજર (બની જાઉ છું) કે જેનાથી તે જુએ છે, તેનો હાથ (બની જાઉ છું) કે જેનાથી તે ગ્રહણ કરે છે અને તેના પગ (બની જાઉ છું) કે જેનાથી તે ચાલે છે.

આ ફકરામાં જે મતલબ છે તે આ છે; મનુષ્યના અવયવો અને તેના કાર્યો કે જે તેના હાથ પગ વગેરેથી થાય છે, અથવા સાંભળવાના ને જોવાના કાર્યો વગેરેનો સંબંધ મનુષ્યની પ્રકૃત્તિ સાથે રાખે છે. બેઉ હદીસોમાં જે

Scanned with CamScanner

જે કામો આપેલા છે તેનું એજ પ્રમાણે છે. એતો ખુલ્લું છે કે જીવનનો માલિક બધા સત્યનો ધારક છે. અને આવી હાલતવાળો શખ્સ જે કાંઇ કહે કે સાંભળે તે તેજ ખુદાતઆલા છે. આવા ઉંચ દરજ્જે જે લોકો પહોંચ્યા છે તેમાંના કેટલાક કેટલીક વખત એવું બોલવા માંડે છે કે, જે સાધારણ માણસને વાંધાભર્યું અને શરીયતની જાહેર બાજુથી વિરૂદ્ધ જતું લાગે; દાખલા તરીકે (પેલું પ્રખ્યાત વાક્ય) **"અનલહક વ સુબ્હાની"** યાને **"હું હક (ખુદા) છું અને હું વખાણને પાત્ર છું".** હ.રસુલ સ. ફરમાવ્યું છે કે **"હ. મુસા સાથે હમકલામ કરનાર જે નુર હતું તે મારૂં અને અલીનું નુર હતું."**

**"**અલ્લાહ, મહમદ અને અલી એકજ છે. અને એકજ (વસતુ) છે, પણ જેઓની નજરમાં ખામી છે, તેઓને ત્રણે જુદા જુદા દેખાય છે.**"**

અમે આ બાબતને આ પ્રમાણે સમજાવશું: ચારે બાજું ધગધગતા કોલસાવાળી આગની વચ્ચે, જ્યારે લોખંડ રાખવામાં આવે છે, અને આગને ભડકાવવામાં આવે છે, ત્યારે લોખંડ આગની જવાળામાં ખુલ્લું અને તેની સાથે બીલકુલ સમાગમમાં રહેવાથી, તેની કાળાશ, નક્કરપણું અને અશુદ્ધિ દુર થઇ, તે વિશુદ્ધ બને છે અને ખુદ અગ્નિમાં જે જે ગુણો રહેલા છે, તે બધા ગુણો ધરાવવાની સ્થિતિએ તે પહોંચી જાય છે, એટલે કે તણખા ઉડાડવા યા બાળવાનો અગ્નિનો

Scanned with CamScanner

જે આખરી સ્વભાવ છે, તે એ મુજબ લોખંડમાં આવી જાય છે; એજ પ્રમાણે અલ્લાહતઆલાનો બંદો પોતાના પાક અને નેક કૃત્યોથી ખુદાતઆલાની ખાસ ખુશી મેળવવાનું ખાસ લક્ષણ પ્રાપ્ત કરે છે ત્યારે, અમે ઉપર કહી ગયા તેમ, તે ખુદ ખુદાતઆલાના હાથ, પગ, કાન અને આંખ બની જાય છે. એ મુજબ તેનું દરેક કાર્ય ખરી રીતે ખુદાનું કાર્ય અથવા સિફત હોય છે; જેમકે હ. રસુલ સ. ફરમાવે છે કે : (કુરાને શરીફ સુરા ૮ આ. ૧૭) "જ્યારે તેં ફેંકી ત્યારે તેં ફેંકી ન્હોતી પણ અલ્લાહે ફેંકી હતી." જો કે જાહેર રીતે ફેંકવાની ક્રિયા હ. રસુલ સ. કરી હતી, છતાં હકીકતમાં એ કાર્ય હકતઆલાનું હતું.

હ. મૌલા મુર્તઝાઅલી અ.ના દરજ્જાને લગતી આ હદીસમાં, હ. રસુલ સ. ફરમાવે છે કે **"તે (અલી) અલ્લાહ અને તેના રસુલનો મહેબુબ છે."** અને જ્યારે ખુદાતઆલાએ તેને પોતાનો દોસ્ત અને મહેબુબ તરીકે સંબોધેલ છે, પછી એ બાબતમાં ચુંનેચરાં કોણ કરી શકે ?

એક બીજી હદીસમાં હ. રસુલ સ. ફરમાવે છે કે : **"ખુદાની જાત સાથે મારા અને અલીનાં વખાણ થયેલાં છે."** અને તેઓશ્રીએ ફરમાવ્યું છે કે : "હું અલ્લાહનો કલામ ઉપદેશક (નાતિક) અને ખુદાતઆલા સાથે વાતોચિતો કરનારો છું." -એટલે કે વાતચિતનો વહેવાર, એ મિત્રતા અને દોસ્તીના દાવાની ઉચામાં ઉચી હદ હોવાથી, જે કોઇ આ દરજ્જે

Scanned with CamScanner

પહોંચે છે, તે એના જેવો છે કે, જેના વખાણ ખુદાતઆલા કે જે **"એકજ"** છે તેની ઝાત સાથે થયેલાં છે.

એ પ્રમાણે હ. રસુલ સ. તેઓશ્રીને "ખુદાતઆલાના કલામ" તરીકે સંબોધે છે અને ખુદાતઆલાએ બેઉને પોતાના અમ્રથી પેદા કરીને હસ્તીમાં લાવેલ છે; જેમ કે, કલામે અલ્લાહમાં છે કે (કુરાને શરીફ સુરા ૩૬ આ. ૮૧) **"માત્ર તેનો હોકમ જ્યારે તે કંઈ ચીઝ પેદા કરવા ઈરાદો કરે છે ત્યારે એજ છે કે તે તેને કહે છે કે : "થા" પછી તે થાય છે."** એમાં અમે ઉમેરીશું કેઃ "કોઈ ચીઝને હસ્તીમાં લાવવું." ઈજાદનો અર્થ એ છે કેઃ "અમુક ચીઝ જાહેર દેખાય" વળી કુરાને શરીફ (સુરા ૮ આ. ૭)માં પણ ફરમાવેલ છે કેઃ "પણ ખુદા એમ ઈચ્છે છે કે, તે પોતાના શબ્દો વડે સત્ય જાહેર કરે અને કાફરોને મુળથી કાપી નાંખે." એટલે કે, ખુદા ઈચ્છે છે કે, તે પોતાના કલામોથી સત્યને સત્ય ઠરાવે, અને જુઠાણાને પણ પોતાના કલામોથી ખોટું ઠરાવે.

આ પ્રમાણે એ સાબિત થયું કે, બધી બાબતો હક તરફના ઈમામની મુનસફી ઉપર આધાર રાખે છે અને તેના અખત્યાર નીચે છે; જેવી રીતે કે કુરાને શરીફ (સુરા ૭ આ. ૫૪)માં ફરમાવેલ છે કેઃ "અને સુર્ય અને ચંદ્ર અને સિતારાઓ તેના હુકમોને આધિન થયેલા છે." અથવા (સુરા ૧૭ આ. ૮૫) "અને તેઓ તેને રૂહ વિષે પુછે છે; "કહે રૂહ મારા પરવરદિગારના હુકમથી છે." કારણ કે ઈમામ

Scanned with CamScanner

**"હું અલ્લાહનો અમ્ર અને રૂહ છું"** ની જેમ છે. અને અલ્લાહનો **"અમ્ર"** એ છે કે, જેનાથી (ઇલાહી) હુકમનો શબ્દ **"થા"** ઉત્પન્ન થયો. એ મુજબ કુરાને શરીફ (સુરા ૫૭ આ. ૩)માં ફરમાવેલ છે કેઃ **"તે પહેલો અને છેલ્લો અને જાહેર અને બાતિન છે અને તે સર્વે ચીઝ જાણનાર છે."** તે, દરેક રૂહ કે જે "નુર" પ્રેરણા અથવા ઉપદેશક (નાતિક)ના શબ્દથી મળેલ ખબર દ્વારા જે કાંઇ જુએ છે, તેને બરાબર બંધબેસતું આવે છે.

ખુદાવંદતઆલાએ ફરમાવ્યું છે કે અમીર યાને હ. અલી, ઇલાહી ફરમાન "થા" (કુન) શબ્દ છે. એ ઉપરથી એ ખુલ્લું સમજાય છે કે જેમ તેમણે કહેલું છે કે : "તેમની માતાઓના ગર્ભસ્થાનમાં માણસોનો ઘાટ ઘડનાર હું છું" એ બરાબર છે. કારણ કે કુદરતની સપાટી ઉપર જે જે ઘાટ દેખાય છે અને આ દુનિયામાં હસ્તી ધરાવતી દરેક ચીઝ ઉપર એની મહોર છે, તે (અસલના) ઇલાહી ફરમાનનાં "શબ્દ" થીજ ઉત્પન્ન થાય છે.

ઇમામ પોતે એમ કહે છે કે; "અમે ખુદાતઆલાના કલામ છીએ." એ બિલકુલ ખરૂં છે, કારણ કે જો કદાચ આ દુનિયામાંની ચીજોમાંથી તે અદ્રશ્ય થઇ જાય તો, દરેક ચીજ નાશ પામે અને એટલા માટે તો હ. અલી અ.એ ફરમાવ્યું છે કેઃ

"તારી દવા તારામાં જ છે, જો કે તું પોતે એ સમજી

Scanned with CamScanner

શકતો નથી. પણ જ્યારે તેની ગેરહાજરી હોય છે ત્યારે તને તેની ખોટ માલમ પડે છે." અને તેઓશ્રીએ એમ પણ ફરમાવ્યું છે કે **"તું તને સુક્ષ્મમાં સુક્ષ્મરૂપે હો અને તેમાં બ્રહ્માંડનો સમાવેશ થયેલ હોય એ મુજબ ચિન્તન કર."**

હ. રસુલ સ. ના વચનો બીજા રૂપમાં કહીએ તો "હ. અલી પોતે જેમ પોતામાં સમાયેલો છે તેજ મુજબ બ્રહ્માંડમાં પણ સમાયેલો છે. તું કિતાબે મુબીન છે જે "એક" દરેક ચીજને જાહેરમાં લાવે છે, તે પોતે પોતાને તેના અક્ષરોમાં જાહેરાતમાં લાવે છે." એટલા માટેજ ખુદાતાલાના (ઔલીયા) સતપુરૂષોએ કહેલ છે કે "હું કુરાન અને તેનું પહેલું પ્રકરણ છું અને રૂહનો રૂહ છું. અને જે રૂહાનીઓ તેની (ખુદાવંદતઆલાની) બધાથી વધારે નજીક છે, તેમાંથી છું." અને હ. રસુલ ફરમાવે છે કેઃ **"ઓ અલી તમે બધા નબીઓ સાથે છુપાયેલા હતા અને મારી સાથે તમે જાહેર થયા છો."** અને વધુમાં તેઓશ્રીએ ફરમાવ્યું કે : "તમે ખુદાતઆલાની કિતાબ છો. તમે ખુદાતઆલાનો ભેદ છો, કારણ કે તમારી ભેદી જાતને ખુદાતઆલા સિવાય કોઇ ઓળખી શકતું નથી ખુદાતઆલાએ પોતાના કલામમાં જે ઇલાહી ભેદ ખુલ્લો કરી આપેલ છે તે બધું તમારા અને મારા મહાન દરજ્જા સંબંધમાં છે."

હ. રસુલ સ. વળી ફરમાવ્યું કે : "આકાશી કિતાબો જેવી કે તૌરત, ઇન્જીલ, ઝબુરમાં જે ઇલાહી ભેદો છે, તે બધાનો સમાવેશ કુરાને શરીફમાં કરવામાં આવેલ છે, અને

Scanned with CamScanner

કુરાને શરીફમાં જે કાંઇ છે, તે બધાનો સમાવેશ તેના પહેલા પ્રકરણમાં કરવામાં આવેલ છે : અને "**ફાતેહા**"માં જે કાંઇ છે, તે બધાનો સમાવેશ "**બિસ્મીલ્લાહ**" માં યાને "ખુદાના નામથી શરૂ કરૂં છું" માં કરવામાં આવેલ છે અને આ કલમામાં જે કાંઇ છે, તે બધું તેના પહેલા અક્ષર "**બ**" (بِ) બેમાં અને આખરે તે અક્ષરની નીચેના **નુકતા** (ભીંડા) માં સમાયેલ છે."

**આ મુજબ એ સ્પષ્ટ સમજાય છે કે, "અલી" એ નુકતાનો, ઇલાહી ભેદનો અને બધી આકાશી કિતાબોના મર્મનો અર્થ છે;** અને બધી ઉતરેલી કિતાબોમાંના બધા નબીઓ સાથે તે હતો એ મુજબ બધી આકાશી અપ્રગટ કિતાબોનો ભેદ તેની પાસે છે અને બધી આકાશી અપ્રગટ કિતાબોની સંપુર્ણતા હ. રસુલ સ.માં છે. એટલે એ ખુલ્લું સમજાય છે કે, તે હ. અલીમાં સંપુર્ણ થયેલ છે. અને જે કોઇ આ નાઝિલ થયેલી કિતાબોના જાહેરી અર્થને વળગી રહેવાનું યોગ્ય ધારે છે તે, ગબ્ર અથવા ખ્રિસ્તી અથવા યહુદી અથવા આર્મેનિયન અથવા હિંદુ અથવા કાફર અથવા પાખંડી મતના જેવો બની જાય છે. આ પ્રમાણે તેવો શખ્સ કાફર સ્ત્રી અથવા પુરૂષ કે જેઓ 'ખોટે રસ્તે' જાય છે તેમાંનો એક બની જાય છે અને (જે કોઇ શખ્સ તાવિલી અર્થમાં જ્ઞાન પ્રાપ્ત કરે છે અને (ઇમામતની) શનાખત મેળવે છે તે મોક્ષ અને મુક્તિ મેળવે છે)

Scanned with CamScanner

હ. નબી રસુલ સ.ના કહેવા મુજબ તે તેનો જાની
દોસ્ત હતો,
તેની સાથેનો છુપો સંગાથી "અલી" હતો;
બધા નબીયો સાથે ભેદભરી રીતે એ હતો;
આ રીતે ખુદાઇ ઉચ્ચારણે જહુરાત ફરમાવી.
બધી (મજહબી) તરકીબોની અસલીયાત
"અલી" ની ઝાત હોવાથી, બધા પ્રકારના
શિક્ષણના શબ્દો તેનાથી મળે છે.

હ. મુસા અ.ની બાબતમાં ખુદાવંદતઆલા ફરમાવે છે કે, જ્યારે તે આગની નજીક પહોંચ્યો ત્યારે, આગે બુમ મારી કહ્યું : "તહકીક હું ખુદા છું" કુરાને શરીફ (સુરા ૨૦ આ. ૧૧-૧૨)માં ફરમાવેલું છે કે : "પછી જ્યારે તે આગ પાસે આવ્યો ત્યારે તેને નેદા (આકાશવાણી) આવી કે, હે મુસા, તહકીક હું તારો પરવરદેગાર છું માટે તું તારા બન્ને જોડા કાઢ." અને ખુદાતઆલાએ જ્યારે અગ્નિને મોકલી ત્યારે કોહેતુર બળવા લાગ્યો. તેણે (ખુદાતઆલાએ) ફરમાવ્યું : "તહકીક, હું રબ્બલઆલમિન અલ્લાહ છું."

એ મુજબ જેની અસલીયત ખુદાઇ નુરની છે, તેનામાં હકીકત (ખરૂં સત્ય) જહુર ફરમાવે છે. જેવી રીતે પહેલા દાખલામાં કુરાને શરીફની આયાતોમાં ફરમાવેલ છે, જેનું સ્પષ્ટીકરણ હ. રસુલ સ.ના કલામથી થાય છે કે : "તહકીક હું અલ્લાહની સાથે છું અને હું અને અલી ખુદાની

Scanned with CamScanner

હજુરમાં (નુર) રોશનીઓ છીએ કે, જે હ. આદમ અ.ની ઉત્પત્તિ પહેલાં ચૌદ હજાર વર્ષથી હસ્તીમાં હતું અને જ્યારે તેને પેદા કરવામાં આવ્યો હતો ત્યારે આ "નુર"ને તેના વંશજને સુપ્રદ કરવામાં અને તે વિણઅટકયે પિતાથી પુત્રને સોંપાતુ આવ્યું અને છેવટે તે બે શાખાઓમાં વહેંચાઇ ગયું, એક હ. અબ્દુલ્લાહ (હ. રસુલ સ.ના પિતા)ના કુટુંબમાં આવ્યું અને બીજું હ. અબુતાલિબના કુટુંબમાં કે જે હ. અલીની શાખા છે તેમાં આવ્યું; એ મુજબ અલી મારામાંથી છે અને હું અલીમાંથી છું."

વળી એક બીજી હદીસમાં હ. રસુલ સ. ફરમાવે છે કે : "હું અને અલી બેઉ એક જ નુરમાંથી છીએ." અને કુરાને શરીફ (સુરા ૨૪ આ. ૩૫)માં ફરમાવેલ છે કે: "અલ્લાહ આકાશો અને પૃથ્વીનું નુર છે, તેના નુરનું દ્રષ્ટાંત એક ગોખલા જેવું છે કે, જેમાં દીવો છે." એ પ્રમાણે ખુદાવંદતઆલા આકાશ અને જમીનનું નુર છે અને બધી રોશનીઓ હ. મહમદના નુરમાંથી નીકળેલાં કિરણો છે, એટલે એ મુજબ હ. અલી તે નુરનું મુળ છે; કારણ કે હ. રસુલ સ. ખરેખર નુરે હક છે અને તેનું મુળ હ. અલી અ. છે.

**"અલી" તે છે જેણે નબુવતની પ્રભાતને પરોઢિયું બનાવી દીધું.**
**"મહમદ" છે તે મહોરની વિંટી છે અને અલી તેના જવાહીર ઉપરની છાપ છે."**

Scanned with CamScanner

એજ મુજબ હ. રસુલ સ. ફરમાવ્યું છે કેઃ "હું તે નુર છું કે જેમાંથી હ. મુસા(અ.)એ હિદાયતી નુર મેળવ્યું એટલે કે હ. અલી અ. તે નુર છે, જેનો સ્વિકાર હ. મુસા(અ.)એ હિદાયત મેળવવા કર્યો હતો. જે અગ્નિએ પોકારીને કહ્યું કે, : હું તારો ખુદા છું." તે તેનું નુર હતું.

હ. રસુલ સ. ફરમાવે છે કે : **"બધી ચીજોનો મૌલા (કુન) "થા" શબ્દ છે અને હ. અલી ખુદ તે "શબ્દ" છે."** હ. રસુલ વળી ફરમાવે છે કે ' હું અને અલી એકજ નુરમાંથી છીએ."

નબુવતનો મર્તબો ખલ્ક સાથે સંબંધ રાખે છે અને હ. જીબ્રિલ દ્વારા મળતી વહી સુધીની જ તેની હદ હોય છે; જ્યાં સુધી આવી રીતે વહી તેમના ઉપર મોકલવામાં નથી આવતી ત્યાં સુધી આ કાર્ય માટે તેમની નિમણુંક થતી નથી, એ ઉપરથી સાફ સાફ સાબિત થાય છે કે, તેમના કાર્યનો આધાર હ. જીબ્રિલની કામગીરી ઉપર રહે છે, કે જે માટે કુરાને શરીફ (સુરા ૫૩ આ. ૩-૪)માં સાફ જણાવવામાં આવેલ છે કે : "અને તે પોતાની ઇચ્છા પ્રમાણે બોલતો નથી. વહ્ય સિવાય બીજું કાંઇ નથી કે જે તેને વહી કરવામાં આવે છે." અને ખુદાતાલા તરફથી હ. રસુલ ઉપર વહી લાવનાર જીબ્રિલ એક ફિરસ્તો છે. જેમકે કુરાને શરીફ (સુ. ૫ આ. ૬૭)માં ફરમાવેલ છે કે : "હે પેગમ્બર, તારા પરવરદેગાર તરફથી જે સંદેશો તારા તરફ નીચે મોકલવામાં

Scanned with CamScanner

આવેલ છે તે તું પહોંચાડ." આના ટેકામાં છે કે :- "આથી વધારે કાંઇ કરવાનું તારૂં કામ નથી." નબુવતના આ કાર્યની વ્યાખ્યા કુરાને શરીફ (સુ.૧૩ આ. ૪૦)માં કરવામાં આવેલ છે કે "માત્ર તારા ઉપર સંદેશો પહોંચાડવાનું કામ છે અને અમારા ઉપર હિસાબ લેવાનું છે."

હ. અલીનો દરજ્જો 'વલાયતનો' છે; તેની (અને ખુદાતઆલાની) વચ્ચે કોઇ હોતું નથી, પણ વચ્ચે પડવાની આડ વગર તે ખુદાતઆલાને જોઇ શકે છે. વળી હ. રસુલ સ. ફરમાવે છે કે : "**હું તન્ઝીલ ઉપરથી લડાઇ કરૂં છું. અને અલી તાવિલ ઉપરથી.**" પણ તાવિલ ખુદ ખુદાતઆલાનો મર્તબો છે, જેમકે કુરાને શરીફ (સુરા ૩ આ. ૭)માં ફરમાવેલ છે કે : "પણ તેનો અર્થ ખુદાતઆલા સિવાય બીજો કોઇ જાણતો નથી અને જેઓ (અલ રાસેખુન ફિ ઇલ્મ) જ્ઞાનમાં દ્રઢ છે." આની મતલબ એ છે કે અલી અને મહમદ હકીકતમાં એકજ સત્વમાંના હોવાથી, તેઓ દેખાવે અને શરીરોમાં જુદા હોવા છતાં, તેઓ બેઉની અસલીયાતમાં કાંઇ જુદાપણું નથી બલ્કે તેઓએ તવહીદ અને મુશ્કેલ બાબતો સંબંધી જે કાંઇ ફરમાવ્યું છે, તે બધા વલાયતના દરજ્જાના સુખુનો છે કારણ કે હ. રસુલ સ. નબુવત અને વલાયત બેઉ મર્તબા ધરાવે છે.

ઈમામનો વલાયતનો મર્તબો મખફી છે અને નબુવત જાહેર અને ખુલ્લી છે, પણ તેની ગાદીએ

Scanned with CamScanner

આવનાર અથવા વલીયુલ્લાહનો મર્તબો નબુવતના મર્તબા કરતાં અફઝલ યાને વધારે ચઢિયાતો છે. એટલા માટે **"અલી" ની વલાયત નબીઓની નબુવત કરતા ઉચ્ચતર (અફઝલ) છે.** કારણ કે અમીરૂલ મોમનીનની વલાયત હ. રસુલ સ.ની વલાયતની માફકજ છે, કે જે બાબતમાં હ. રસુલ સ. ફરમાવે છે કે : 'ખુદાતઆલાના (સિધા) મેળાપની મને એવી પળો મળે છે, કે જે ફક્ત ઉંચામાં ઉંચા દરજ્જાના ફિરસ્તા અને નબીઓને જ પ્રાપ્ત થાય છે.' આની મતલબ એ છે કે, કેટલીક પળોમાં હ. રસુલ ખુદાતઆલા સાથે (સિધો) સમાગમ રાખે છે, કે જે મોકો ફિરસ્તાઓમાં ઉંચો મર્તબો ધરાવનાર હ. જીબ્રિલ જેવા અને પોતાના જેવા નબી, કે જેને નબુવતનો મર્તબો કે જે વલાયતનો મર્તબાને અને હ. રસુલના દરજ્જાને લગતો છે, તે મળેલો છે, તે સિવાય બીજા કોઈને લભ્ય નથી.

એ પ્રમાણે પેલો અઘરો વિષય યાને "ફનાફિલ્લાહ" (યાને ખુદાતઆલાની ઝાતમાં ફના થઈ જવું) અને બકાબિલ્લાહ (યાને ખુદાની ઝાતમાં હમેશનું જીવન યાને અમર પદ મેળવવું) બાબતમાં હ. રસુલ સ. જે વર્ણન કર્યું છે તે કદાચ તે છે.

વળી હ. રસુલ સ. ફરમાવે છે કે "બે (ب) નીચેનો નુકતો અને મખફી કિતાબ હું છું." વળી તેઓશ્રીએ ફરમાવ્યું છે કેઃ "મારિફત એક નુકતા જેવી છે

Scanned with CamScanner

પણ અજ્ઞાનોએ તેને ઘણા પ્રમાણમાં વિસ્તારી દીધેલ છે." આ નુકતો એટલે "બિસ્મીલ્લાહ" (ખુદાતઆલાના નામથી શરૂ કરૂં છું) ના સુત્રના પહેલા અક્ષર બે (ب) નીચેનો નુકતો જેમ નુકતામાંથી બધા અક્ષરો બન્યા છે તેમ ઇલાહી ઝાત કે જે એક નુકતા મિસાલ છે તેમાંથી બધી ચીજો ઉત્પન્ન થાય છે. મારિફત ફક્ત એક નુકતો છે એમ જે કહેવાય છે તે (નુકતો) તેની પાક ઝાત છે. કારણ કે તેની ઝાત દરેક પ્રકારના જ્ઞાનનું સારતત્વ છે. બધા નબીઓ કે જેમના ઉપર પવિત્ર કિતાબો ઉતરેલી છે અને આ બધી આકાશી કિતાબો આ અક્ષરોથી જુદી હોઇ શકતી નથી અને અક્ષરો 'નુકતાથી' છુટા હોઇ શકે નહિ, એ મુજબ નુકતો બધાના મુળમાં રહીને તેમના સ્વરૂપો ઘડે છે. એટલા માટે તો હ. રસુલ સ. ફરમાવે છે કેઃ "ઓ અલી, તું બધા નબીઓ સાથે છુપી રીતે હતો અને મારી સાથે તું જાહેર રીતે આવેલો છે." આની મતલબ એ છે કે : "હે અલી તું ખુદાઈ ભેદ હતો અને ખુદ ખુદાઈ ભેદ મહમદ રૂપે પોતાની જહુરાત ફરમાવી છે."

(અદમ) સુન્ય નબુવતના રૂપમાં હકીકતી ચીજ
બની ગઈ,

દરેક નુકતો કે જે ગુણો ધરાવવાને શક્તિશાળી
હતો, તે જીવંત બની ગયો છે.

દરેક ચીજનાં બળ અને વૃદ્ધિ ફના થયા છે ફક્ત

Scanned with CamScanner

ખુદાની ઝાત બાકી છે.
જ્યારે વસીની જહુરાત થઈ ત્યારે ઝમાનાના નુરે
"મય" માંથી દેખાવ દીધો.

આસમાનો અને તેમાંનું બધું ખુદાઈ અમ્રને લીધેજ ટકી રહે છે, તે વગર તે હૈયાત રહી શકે નહિ. ખુદાતઆલાની ઈચ્છા અને તેના ફરમાનથી "તેનો કલામ" હ. રસુલએ જણાવેલા નુકત્તામાં (કે જેને તેઓએ પોતે બે (ب) નીચેનો નુકતો કહેલ છે તેમાં) જહૂર ફરમાવેલ છે. જો તે આસમાનો ઝમીનમાંથી ગયબ થઈ જાય તો ચીજો હૈયાત કેમ રહી શકે ? એ પ્રમાણે દરેક ચીજ 'અલી' માંથી ઉદભવે છે, જેવી રીતે કે હદીસમાં ફરમાવેલ છે કે : **"તે કુરાન સાથે છે અને કુરાન તેની સાથે છે."** કારણ કે કુરાનના અક્ષરો "નુકતા" વગર લખી શકાય નહિ અને ખુદ ખુદાવંદતઆલાએ તેને "નુકતો" કહેલ છે.

નુકતામાંથી અલિફ થયો અને "અલીફ" બધા
શબ્દો બની ગયો;

એથી દરેક અક્ષર રૂપે "અલીફ" જુદા જુદા નામે
ઓળખાય છે.

"કશફે કબીર" અને "જામે કબીર"માં એવું લખવામાં આવેલ છે કે હ. રસુલ સ. ફરમાવ્યું છે કે: **"હું ખુદાવંદતઆલાનો બોલતો કલામ છું."**

જેમકે એક શાયરે કહ્યું છે કેઃ-

Scanned with CamScanner

ચુન બુવદ અલી કલામે નાતિક,
મખસુસ બુવદ બ ઝાતે ખાલિક.

અર્થ:અલી જો 'બોલતો કલામ' હોય, તો એ ચોક્કસ
સર્જનહારની ઝાત છે.

બીજા એક કવિએ કહ્યું છે કેઃ-

તે આંધળી આંખ અને કન્દીલની રોશનીનો કે,
નાસ્તિકને બતાવવામાં આવતા મોજીઝો
જોવાના હક્કનો કિસ્સો છે ?

હ. રસુલ સ. ફરમાવે છે કે : "ખુદા કોઈ એવી વસ્તુ નથી કે તે તેની હસ્તી માટે શક લાવી શકાય, તહકીક તે આખી આલમમાં જાહેર છે."

એક શાયરે કહ્યું છે કે :

"જો ખુદાતઆલા આખા જગતને "એક"માં સમાવી દે તો એમાં કાંઈ અજબ થવા જેવું નથી."
જે કોઈ આ સમજે છે, તે જાણે છે કે, આવો પ્રભાવશાળી અલી છે, કે જે મનુષ્યજાતના પેશવા (ઈમામ) તરીકે તખ્ત ઉપર બિરાજે છે.

એક બીજો કવિ કહે છે કે :-

"હ. મૌલા મુર્તઝાઅલીના અસલ સ્વરૂપ (ઝાત) વિષે ખુલાસો કરતી આખી હકીકતને સંપુર્ણપણે તપાસી અભ્યાસ

Scanned with CamScanner

કરશે તો તને સાફ સાફ સમજાશે કે, વલ્લાહ, બધી ઝબાનો મારફત જે કોઇ (એક) બોલે છે તે 'અલી' છે."

હ. રસુલ સ. ફરમાવે છે કે : "(હ. મૌલા મુર્તઝા)અલીના ચહેરા (મુબારક) માંથી નીકળતી રોશની (નુર)માંથી ખુદાવંદતઆલાએ સીંતેર હજાર ફિરસ્તાઓ પેદા કર્યા છે, કે જેઓ કયામત સુધી તેના અને તેના દોસ્તો માટે દયાની યાચના કર્યા કરે છે."

વળી હ. રસુલ સ. ફરમાવે છે કેઃ મને જ્યારે મએરાજની રાતે આસમાન ઉપર લઇ જવામાં આવ્યો અને જ્યારે હું તેની એક બાજુએથી પસાર થતો હતો ત્યારે, મેં એક ફિરસ્તાને નુરાની મિમ્બર ઉપર બેઠેલો અને તેની આજુબાજુ બીજા ફિરસ્તાઓને ઉભેલાં જોયા; મેં જીબ્રિલને પુછયું કે "આ ફિરસ્તો કોણ છે ?" જીબ્રિલે જવાબ આપ્યો કે : "નજીક આવો તેને સલામ કરો." જ્યારે હું તેની નજીક ગયો અને સલામ કરી ત્યારે મેં જોયું કે તે તો મારો પિત્રાઇ ભાઇ હ. અલી ઇબ્ને અબુતાલિબ હતા.

મેં જીબ્રિલને પુછયું કે : "મારા પહેલાં ચોથા આસમાને તેઓશ્રી ક્યારે આવી ગયા ?" જીબ્રિલે જવાબ આપ્યો કેઃ "ઓ રસુલે ખુદા, અલી મજહર અજાયેબ છે. તે આકાશો અને પૃથ્વીનું આધારભુત મધ્યસ્થ કેન્દ્ર છે. તેના વગર આસમાનો અને પૃથ્વી ટકી શકે નહિ, પણ અલીના આરઝુમન્દ ફિરસ્તાઓએ ખુદાવંદતઆલા પાસે આજીજી કરી,

Scanned with CamScanner

એ ઉપરથી ખુદાવંદતઆલાએ હ. અલીના નુરમાંથી એક ફિરસ્તો પયદા કર્યો છે અને હવે તેઓ બધી જુમેરાત અને જુમાના દિવસે સીંતેર હજાર વખત તેની મુલાકાત લે છે અને ખુદાવંદતઆલાની બંદગી ગુજારી તેના ગુણગાન ગાય છે."

(ઈમામ) હ. મહમદ બાકિર સ.ની (લખેલી) "મનાકિબ"માં લખેલું છે કે હ. રસુલ સ. ફરમાવ્યું છે કે "ખુદાવંદતઆલાની મારી મએરાજ વખતે અલ્લાહે મારી સાથે હ. અલી ઈબ્ને અબિતાલિબની ઝબાનથી વાતચિત કરી. મેં પુછ્યું : "ઓ મારા પરવરદિગાર, આપ મારી સાથે વાતચિત કરો છો કે અલી વાત કરે છે ?" ખુદાવંદતઆલા તરફથી મને જવાબ મળ્યો કે : "હે મહમદ, દુનિયામાંની કોઈ પણ ચીજ સાથે મારી સરખામણી થઈ શકે નહિ; એટલે એક મનુષ્ય પ્રાણી જેવો મને માની લેવો અથવા કોઈ પણ ચીજ સાથે મારી સરખામણી કરવી એ સારૂં નથી અથવા એ પણ ઠીક નથી કે, હું અમુક ચીજ છું એવી રીતે મને જોવામાં આવે. મેં તને મારાપોતાના નુરમાંથી પેદા કરેલ છે અને તારા નુરમાંથી અલીને પેદા કરવામાં આવેલ છે, એટલે તારા દિલનો ખુણે ખુણો તપાસતા મેં અલીને જોયો, અને અલી ઈબ્ને અબિતાલિબ કરતા મને કોઈ વધારે પ્યારૂં નહિ હોવાથી, મેં તારી સાથે અલીની ઝબાનથી વાતચીત કરી, કે જેથી તારૂં દિલ શાંતિ અનુભવે અને ધાકથી

Scanned with CamScanner

ધ્રુજે નહિ."

હ. રસુલ સ. ફરમાવે છે કે ; **"અલીની મહોબત જેમ આગ લાકડાને બાળી નાંખે છે, તેમ પાપોનો નાશ કરી નાંખે છે."**

હ, રસુલ સ. ફરમાવે છે કે: 'જો અલી ઈબ્ને અબિતાલિબની મહોબત માટે મનુષ્ય જાત એકત્ર થઈ શકે તેમ હોત, તો ઝહન્નમની આગ ખુદાવંદતઆલાએ પેદા કરી ન હોત.'

વળી હ. રસુલ સ. ફરમાવે છે કે : "ખુદાતઆલાએ મારી સાથે કરાર કર્યો છે કે, રસુલ, અલી અને તેના જાનશીન (ઈમામો) તરફની મહોબત વગરના બંદાઓમાંથી કોઈને પણ ઈમાનદાર ગણવામાં આવશે નહિ."

તેઓશ્રીએ ફરમાવ્યું છે કે : "જે કોઈએ અલી અને મારા જાનશીનોનો દામન પકડી રાખેલ છે, (સમજોકે) તેણે મારો દામન પકડયો છે અને જે કોઈએ મારા તરફ પ્યાર રાખ્યો છે, (સમજોકે) તેણે ખુદાવંદતઆલા તરફ પ્યાર રાખ્યો છે. વળી તેઓશ્રીએ ફરમાવેલ છે કે : "જે કોઈ અલી અને તેના જાનશીન (ઈમામો)થી નફરત કરે છે (સમજોકે) તે મારાથી નફરત કરે છે અને મારાથી નફરત કરવી એ ખુદાવંદતઆલાથી નફરત કરવા બરાબર છે."

હ. રસુલે ખુદાએ જે ફરમાવ્યું છે તે બરહક છે. આપણા મૌલા પોતાના આશીર્વાદો પોતાના બંદાઓ ઉપર ઉતારે અને તેમને પોતાની દયા અને હૃદયવિશાળતાથી પોતાનો કુદરતી હાથ આપીને ધર્મિષ્ટ બનાવે !

Scanned with CamScanner

# પ્રકરણ ૬ ઠું

## જીસ્માની અને રૂહાની આલમો અને ચીજોના આદ અને અંત અને "મુસ્તાજીબ" થી "ઈમામ" સુધીના દરજ્જાઓ વિષે.

આ પહેલાના પ્રકરણોમાં અમે સાબિત કરી ગયા છીએ કે, ખુદાવંદતઆલાજ ફક્ત સ્વતંત્ર હસ્તી રૂપ છે; જે કાંઇ અસ્તિત્વમાં છે તે તેના થકીજ હૈયાતી ભોગવે છે. જે કોઇ વસ્તુ ખુદાતઆલાની હસ્તીથી વિખુટી પડે છે, તેનો તદ્દન નાશ થાય છે; એટલા માટે આ વ્યવસ્થિત દુનિયા, ઉંચામાં ઉંચા દિવ્ય નભોમંડળથી માંડીને, ઠેઠ પૃથ્વીના મધ્ય બિન્દુ સુધી, ફક્ત ખુદાતઆલાની હસ્તી ઉપર જ ટકેલ છે : એટલે કે તે કોઇ એવી શક્તિના આધારે છે, કે જેને હસ્તીમાં લાવનાર ખુદાઇ તાકાતના સ્વરૂપોમાંનુ એક છે. આકાશો પિતાની જેમ છે, રોશનીઓ ભાષા માફક છે અને જડ પદાર્થ વનસ્પતિ અને પશુઓ તેના ફરજંદો છે આકાશોમાં વ્યાપક (આ શક્તિ) પિતા તરીકે અને બીજમાં વ્યાપક (આ શક્તિ) માતા તરીકે અને નજરે દેખાતી જડ પ્રકૃતિમાંની એ શક્તિ તેમના બાળકો તરીકે છે.

આ બધા સ્વરૂપો સંયોજીતપણે મનુષ્યમાં એકત્રિત થયા છે; અને ખુદાઇ શક્તિના આવા બધાં સ્વરૂપો આવી

Scanned with CamScanner

રીતે મનુષ્ય દેહમાં સંયોજીતપણે ફરી એકત્રીત થયેલાં છે એટલે ખુદ ખુદાવંદતઆલાને તેવી દેહ અથવા સ્વરૂપ હોવું જોઇએ. જગત મનુષ્યની સિફ્રતો (ગુણો)ની વિસ્તૃત વ્યવસ્થા સિવાય બીજું કાંઇ નથી; અને મનુષ્ય જગતની સિફ્રતો (અથવા તત્વોનું) એકીકરણ છે; આ પ્રમાણે હકીકતમાં મનુષ્ય વિશ્વ (સ્વરૂપ) છે. જે જે તત્વોનો તે બનેલો છે તે બધાં પોત પોતાની યોગ્ય જગ્યા (મરકઝ)માં પાછા ફરનાર છે, એટલા ખાતર આપણે આ વેરવિખેર પડેલાં તત્વો, કે જેનો મનુષ્ય બનેલો છે, તેને આલમે મૌજુદાત કહી શકીયે છીએ.

આત્મિક અથવા આત્માઓની જગત (આલમે અરવાહ)નો અર્થ સત્યની દુનિયા, (આલમે હકાયક) એટલે કે દીનની અંદર જે ખ્યાલોનું વર્ણન છે તે દુનિયા થાય છે. દરેક ચીજનું અસ્તિત્વ તેના ખરા નમુના (હકીકત) ઉપર આધાર રાખે છે, કે જેના તળમાં દરેક જાતના પદાર્થોનો વર્ગ રહેલો છે. બધા પદાર્થોના પડમાં રહેલાં સત્ય (હકીકત)નું સ્પષ્ટીકરણ દીનનાં ખ્યાલોમાં થયેલ છે. રૂહાની જગત તે જીવનનું જગત છે, જ્યારે સ્થુળ જગત તે શારીરિક અને ભૌતિક પદાર્થનું જગત છે; બેઉ ભેગાં હોય છે ત્યારે સંપુર્ણ હોય છે, પણ જુદા જુદા હોય ત્યારે તેઓ કોઇ ચીજ નથી.

"મુબારક પ્રકરણો" (ફુસુલે મુબારક)માં એવું વર્ણન છે, કે શરીર અને જીવાત્મા ભેગો મળે ત્યારે શરીર બને છે અને જીવાત્મા અને (કારણ) શરીર ભેગા મળે ત્યારે જાન

Scanned with CamScanner

(જીવન) બને છે. સાત્વિક અને શારીરિક જ્ઞાનેન્દ્રિયો ભેગી મળતાં તારતમ્ય (સારાંશ) બને છે અને શારીરિક જ્ઞાનેન્દ્રિયો અને સત્વ બેઉ ભેગા મળતાં ઐહિક ખ્યાલો બને છે; કારણ કે જો તમે કોઈ જીવંત જીવાત્માને તે અન્યોન્ય સંબંધ રાખનાર છે, એવા મુદ્દાથી જોશો તો તે તમને શરીર દેખાશે અને જો તમે શરીરને કેવળ સત્યની દ્રષ્ટિએ જોશો, તો તે એક જીવંત આત્મા સિવાય બીજું કાંઈ નથી (એમ જણાશે). અને જો ગહન ખ્યાલ અને અન્યોન્ય સંબંધની દ્રષ્ટિએથી એને જોવામાં આવશે, તો તે શારીરિક ઈન્દ્રિઓ દ્વારા આવતા ખ્યાલો સિવાય બીજું કાંઈ નથી (એમ દેખાશે). જેવી રીતે કે શારીરિક ઈન્દ્રીયો દ્વારા મળેલ ખ્યાલને હકીકતી દ્રષ્ટિએ જોતાં તે ગહન ખ્યાલ નજરે પડે છે. જો તમે ખુદ હકીકત (સત્ય)ને અન્યોન્ય સંબંધની દ્રષ્ટિએ જોશો, તો તે અન્યોન્ય સંબંધ ધરાવનાર તરીકે જણાશે અને અન્યોન્ય સંબંધ ધરાવનારને હકીકતી દ્રષ્ટિએ જોશો, તો તે હકીકત (સત્ય) દેખાશે. અને જે કોઈ ખુદાઈ વહેદાનીયતને અન્યોન્ય સંબંધ ધરાવનારી દ્રષ્ટિએ જુએ છે, તો તે તેને અનેક સ્વરૂપે દેખાય છે; પણ જો તે મખલુકાતના અનેક સ્વરૂપોને હકીકતી દ્રષ્ટિએ જોશે, તો તેને ખુદાતઆલાની એકતા (વહેદાનીયત) દેખાશે.

એજ 'ફુસુલે મુબારક' માં એમ લખવામાં આવ્યું છે કે, જે કાંઈ કેવળ સત્ય છે તેને અન્યોન્ય સંબંધ ધરાવવા સાથે કાંઈ નિસબત નથી અને જે કોઈ વસ્તુ ફક્ત અન્યોન્ય

Scanned with CamScanner

સંબંધ ધરાવનાર છે, તેને હકીકત (સત્ય) સાથે કાંઇ લાગતું વળગતું નથી; અને જે કાંઇ હકીકતમાંથી અન્યોન્ય સંબંધ ધરાવનાર હોય છે, તેને બેમાંથી એકે સાથે નિસબત નથી અને જે કાંઇ કેવળ સત્ય છે અને અન્યોન્ય સંબંધી તરીકે સંબંધ રાખનાર છે, તે આ બેઉ વર્ગમાંનું છે. એ મુજબ જે કોઇ સત્ય અને અન્યોન્ય સંબંધધારકને બરાબર રીતે પારખી કાઢે છે, તે ખોટા અને કલ્પિત ખ્યાલોથી મુક્ત રહે છે.

મુબારક પ્રકરણોમાં એમ પણ જણાવેલું છે કે, કયામતના દિવસે કે જ્યારે બધા જોઇ શકે એવી દેહમાં ખુદાતઆલા પોતાની જહુરાત ફરમાવશે, ત્યારે શરીયત નિરૂપયોગી અને કલ્પિત દેખાશે.

અમે હમણાં જ જણાવી ગયા છીએ કે, આખરતના દિવસે દરેક ચીજ જીવંત બનશે. જેમકે કુરાને શરીફ (સુરા ૨૯ આ. ૬૪)માં ફરમાવેલ છે કે : "અને આ સંસારની ઝીન્દગી રમત અને ખેલ સિવાય બીજું કાંઇ નથી અને આવતી ઝીંદગીનું રહેઠાણ નિરંતર ઝીન્દગીનું રહેઠાણ છે, જો તેઓ સમજે તો !" આની મતલબ એ છે કે જેણે હકીકત સંબંધી જ્ઞાન હાંસલ કર્યું છે, તેના સિવાય બીજો કોઇ જીવંત નથી. જેમકે કુરાને શરીફ (સુરા ૧૬ આ. ૨૧)માં ફરમાવેલું છે કેઃ "તેઓ મુએલા છે, જીવ વગરના છે." અને આવતી જીંદગી (કેવળ) ધાર્મિક હકીકતનું રાજ્ય

Scanned with CamScanner

(રૂહાનીયત) છે.

એ પ્રમાણે જગત એ મનુષ્ય (માફક) છે. હ. રસુલ સ. ફરમાવે છે કે, આવતી જીંદગીમાં પત્થર અને જમીનની સુકી માટીને વાચા થશે, અને 'માણસ' સિવાય કોઇ બોલી શકે નહિ, એટલે એ સાબિત થાય છે કે, આવતી જીંદગીમાં દરેક વસ્તુ પોતાની અસલિયતમાં મળી જશે અને જે સ્વરૂપમાં તેને (માણસને) પેદા કરવામાં આવેલ છે, તે અસલ સ્વરૂપમાં માણસનું સ્વરૂપ છે. આ ઈન્દ્રિયોનું જગત કુરાને શરીફમાં ફરમાવ્યું છે તેના જેવું છે. જેમ કેઃ (સુરા ૪૮ આ. ૧૦) **"ખુદાનો હાથ તેઓના હાથ ઉપર છે. પછી જે કોઇ વચન તોડે છે તે માત્ર પોતાની વિરૂદ્ વચન તોડે છે, અને જે કોઇ વચન પુરૂં પાળે છે કે જે તેણે ખુદાને આપ્યું છે તેને ખુદા જલ્દીથી મોટો બદલો આપશે."** આની મતલબ એ છે કે, તેના (ખુદાતઆલાના) હાથ ઉપર કોઈનો હાથ નથી, કારણ કે તેનો ભેદ એ ખુદાઈ ભેદ છે, તેના કાન તે ખુદાના કાન છે તેની આંખો તે ખુદાની આંખો છે, તેની જીભ તેનું મ્હો, તેની ઝબાન, તેના ફરમાન, તેણે કરેલી મનાઈયો બધું ખુદાનું જ છે; અને હલાલ કે હરામના ફરમાનોને રદ કરવા કે યા તેમાં ફેરફાર કરવા, એ બધું તેના હાથમાં છે. તે તેજ છે કે જે ફરમાનો કરે છે. જેમ કે ખુદાતઆલાએ કુરાને શરીફ (સુ. ૫ આ. ૫૫)માં ફરમાવ્યું છે કે **"માત્ર તમારા દોસ્ત ખુદા અને તેનો પયગમ્બર છે."** અને **"તહકીક હું પૃથ્વી ઉપર ખુદાનો ખલિફો છું."**

Scanned with CamScanner

"તેઓના હાથ ઉપર ખુદાનો હાથ છે." એ સ્પષ્ટિકરણ તેના માટે છે. કારણ કે તેના હાથ ઉપર બીજા કોઇનો હાથ કદી પણ હશે નહિ.

શરીયત, આ દુનિયાના કાનુનો, અને બધા ઈમાનદાર અને પવિત્ર મોમનોનું પાછા ફરવું, તે બધું આપણા મૌલા જે અઝીમુશાન છે, તેઓશ્રીના પાક ઝાતને લાગુ પડે છે. જેમકે કુરાને શરીફ (સુરા ૨૧ આ. ૯૩)માં ફરમાવેલ છે કેઃ **"તેઓ સઘળા અમારા તરફ પાછા ફરનાર છે."** અને (સુરા ૯૬ આ. ૮) **"ખરેખર, તારા પરવરદિગાર તરફ પાછું ફરવાનું છે."** અને (સુરા ૨. આ. ૧૫૬) **"ખરેખર અમે ખુદાને (આધિન) છીએ અને ખરેખર અમે તેની તરફ પાછા ફરનાર છીએ."**

જે કોઇ શખ્સ ઈમામની શનાખત મેળવે છે, તે શખ્સની દુનિયા એક અમર જીવન અને અનંત હૈયાતીની દુનિયા છે; પણ બેઈમાનીયો અને સ્વધર્મ છોડનારાઓનો અંત સદાની બિન હસ્તી અને આખરી નાશ સિવાય બીજું કાંઇ નથી કે જે આત્મિક દોઝખ છે. તેમાંના કેટલાક પશુ સ્વરૂપમાં પાછા ફરે, તો પણ તેઓ અંતે તો એકબીજાને મારી નાંખશે.

અમે હમણાં જ જણાવી ગયા તેમ તેઓ હકની શનાખત કદીપણ મેળવી શકશે નહિ, -સિવાય કે રફતે રફતે !

Scanned with CamScanner

અમે હમણાં જ બતાવી ગયા તેમ, જે લોકો પાસે હક છે તે લોકો એ છે કે, જેઓ આપણા મૌલાની દઆવતનો દીન પાળે છે. જે કોઇ એ લોકો સાથે ભળતો નથી, તેને ખુદા તરફનો માર્ગ જડતો નથી અને જ્યાં સુધી તે તેને નથી જડતો, ત્યાં સુધી તે ખુદાતઆલા કે જે અમર જીવન અખંડ હૈયાતી છે, તેનાથી તે ઘણો દુર પડી જાય છે અને એ બિનહૈયાતી (નાશ)ની સ્થિતિમાં જઇ પડે છે.

એ પ્રમાણે એ સાબિત થાય છે કે જે લોકોની મદદથી કોઇ પણ શખ્સ મુક્તિ મેળવી શકે છે, તે દઆવત અને સત્યપંથના લોકો છે.

અહલેતઝાદ (યાને દીનના દુશ્મનો)ની મુક્તિનો આધાર, સત્યની શોધ કરવામાં, સત્યના ઉચ માર્ગે ડગલા ભરવામાં અને આસ્તે આસ્તે આગળ વધનારા યાને અહલેતરતુબ અને ઇસમાઇલી કોમમાં (એક સભાસદ થઇ) ભળવામાં રહેલો છે. અને ત્યાર બાદ જો તેઓ પોતાથી બનતી કોશિશ કરે, તો તેઓ પણ અહલેવહેદતના લોકોમાં આવી જશે; અને જે મોમીનો સદગુણી અને સદાચારી છે અને ખુદાતઆલાની ઇબાદત બંદગી ગુજારવામાં પોતાની ફરજ જેઓ ચુકતા નથી, તેઓ ફિરસ્તા બની જાય છે. પણ જેઓ ખુદાતઆલાથી મ્હોં ફેરવે છે, અથવા જેઓ બીજાઓને આડે રસ્તે લઇ જાય છે, તેઓ ખરેખરા દાનવો અને દૈત્યો છે.

Scanned with CamScanner

અને જેઓની એટલી નેકી નથી, કે જે ફિરસ્તાના દરજ્જે પહોંચી શકે અથવા જેઓની એટલી બુરાઇ નથી, કે તેઓ શયતાનની પંક્તિના ગણાય, તેઓ પારીસ બનશે (યાને એ લોકો કે જેમને માટે સિફારસ કરવામાં આવશે.)

બધાનો સાર એ છે કે અર્ષ કુર્ષ, યાને ખુદાઇ તખ્ત લોહ કલમ, બહેસ્ત અને દોઝખ એ બધુ માણસ (ના આત્મા)ને લાગુ પડે છે. એ મુજબ બહેશ્ત એ મનુષ્યની એ હાલત છે કે જે ખુદા તરફ અને તેની ખુદાઇ તરફ તેને બોલાવે છે. આ સ્વરૂપ સવાબ (ભલાઇ)નું છે. એટલા માટે તો હ. રસુલ સ. ફરમાવે છે કે : "સલમાન બહેશ્તની જાન (આત્મા) છે." અને દોઝખ એ મનુષ્યની એ હાલત છે કે જે લોકોને ખુદા અને તેની ખુદાઇથી દુર રાખે છે; આવો શખ્સ ખુદ પોતાને અને તમામ દોઝખીઓને આઝાબ (દુ:ખ)પહોંચાડનાર છે.

બાબા સૈયદના ફરમાવે છે કે : "જો કાળા પત્થરને આઝાબ પહોંચાડવાનો હોય, તો તેને દુષ્ટ માણસનું નામ આપવામાં આવે છે." તેથી એમ બને છે કે ભવિષ્ય જીવનમાં કાળો અથવા સફેદ પત્થર એક મનુષ્ય પ્રાણી (જેવો) હોય છે અને કોઇ પણ શખ્સ જ્યાં સુધી દરેક વસ્તુને તેની સમક્ષ દેખાતી અને ચેતનવંતી ન બને ત્યાં સુધી કલ્પિત માન્યતામાંથી બહાર નીકળી શકતો નથી.

આપણા મૌલાની મદદથી આ બાબત વિષે અમે નફસે નાતિક યાને અંતરાત્માના અવાજ વિષેના પ્રકરણમાં

Scanned with CamScanner

વધારે વર્ણન કરશું અને દરેક વસ્તુના આદ અને અંત એ શું છે ? તે વિષે વિગતવાર સમજાવશું.

એક મોમીન જે સદગુણી અને ખુદાતઆલાનો ભક્ત હોય છે, તેને તેના જમાનાના ઈમામ કે જેની શનાખત તેને હોય છે. તે પોતાની દયા અને ટેકાથી મદદ આપે છે અને તેથી તે ખુદાઈ મારિફ઼તનો ઘણોજ આરઝુમન્દ બને છે, અને તેનામાં ભળી જવાના રસ્તાની શોધ કરે છે. ત્યાર બાદ તે (૭૨) ફ઼િરકામાં રખડી રઝળીને જુએ છે, તો તેને તેમાંના જુઠાણાની સમજ પડે છે અને તેને ખાત્રી થાય છે કે, બીજાની માફ઼ક તેણે ખુદાતઆલાની પુજા નથી કરી, પણ તેણે પોતાનીજ કલ્પનાઓ અને તંરગોને જ પુજ્યા છે. તેને એના પ્રશ્ચ્યાતાપનો અગ્નિ કોતરી ખાય છે, તેની ખુદી કે બેખુદી અથવા તેના વ્યક્તિત્વને બાળવા માંડે છે, -બધું બળીને ખાક બને છે. આપણા મૌલા કે જે તેને સન્માર્ગે દોરવે છે, તેની મદદથી તેને સાચા દીનના હુદુદ (દઆવતની દરજ્જાવાર વ્યક્તિઓ)માંથી કોઈનો એટલે કે દાઈ અથવા કાબેલ મઓલ્લીમ (શીક્ષક)નો તેને ભેટો થઈ જાય છે.

સાચો ઉસ્તાદ તેને ઘણી રીતે ચકાસી જુએ છે અને જો તે તેને આપણા મૌલાનો ગુલામ થવાને યોગ્ય જણાય તો ત્યાર પછી તે જે પ્રમાણમાં સમજવાને શક્તિવાન હોય તેટલા પ્રમાણમાં તેને દઆવતનો સિદ્ધાંત સમજાવે છે. અને તે તેનો દિલોજાનથી સ્વિકાર કરે છે. ત્યાર બાદ તેને

Scanned with CamScanner

જુદી જુદી જાતના કાનુનો અને બંધનોને તાબે થવું પડે છે, કે જેમાં તે પાછો હઠતો નથી. આ નવો ખાદિમ કે જે પુર્ણ શ્રધ્ધાળું હોય છે, તેને મુસ્તાજીબ (એટલે કે ધર્મના છુપા સિદ્ધાંતોને લગતા સવાલો પુછવાનો અધિકારી)નુ નામ આપવામાં આવે છે અને સાચા ઈમાનના ઉસુલો અને તેની સાબિતીઓ બાબતનું શિક્ષણ શિક્ષક તેને આપે છે.

આ સંબંધમાં ખુદાવંદતઆલા કુરાને શરીફ (સુરા ૨ આ. ૨૬)માં ફરમાવે છે કે **"ખરેખર ખુદા એક મચ્છર કે તે કરતા કોઈ જરા મોટાનો દાખલો આપવાને શરમાતો નથી."**

મચ્છર (યા મગતરૂ) હકીકતના જ્ઞાનજળમાંથી ઉત્પન્ન થાય છે. ઉડી શકનાર બધા પ્રાણીઓમાં તે સર્વથી નબળું છે. આકાશ તરફ ઉડવું એ હાથીને દ્વેષ થવાનું કારણ આપનાર સુચન છે; કારણ કે તે વિધવિધ પક્ષીઓ અને આસમાનના તારાઓ વચ્ચે ઉડી શકે છે. આસમાનના તારા અને પક્ષીઓની મતલબ સત્ય ધર્મના જુદા જુદા દરજ્જાવાળાઓ છે. હાથી વજનદાર પ્રાણી છે અને તેને હંમેશા જમીન ઉપર જ ચાલવાનું છે, તે આકાશ તરફ નજર પણ કરી શકતો નથી. તે જાહેરી શરીયતના પાબંદોમાં આલિમ જેવો છે, પણ મચ્છર (જાહેરી બાબતો રૂપ) ચામડીમાં પેસી શકે છે. આ જાહેરી શરીયત અનુસરનારાઓને મહાત કરવાના અને તેના સિદ્ધાંતોનું વજન તેના અનુયાઇઓની

Scanned with CamScanner

નજરમાં હલકું બનાવવાના મુસ્તાજીબના કામનું એક અલંકારિક રૂપ છે.

જ્યારે મુસ્તાજીબ પોતાના શિક્ષણમાં પરિપકવ બને છે અને તેણે મેળવેલું શિક્ષણ એટલી હદે પહોંચેલું હોય કે, તે બીજાઓને શિક્ષણ આપીને તેમને તેમની ભુલોમાંથી બહાર કાઢી શકે, ત્યારે "માઝુને અસગર" યાને "ઉતરતા દરજ્જાનો લોકોને (બોધ કરવાનો) પરવાનો ધરાવનાર" ઇલ્કાબ ઉચા દરજ્જાના માઝુન અથવા મુઅલ્લીમ (શિક્ષક) તરફથી તેને મળે છે. એ પ્રમાણે તે પેલા મજહબોના લોકોમાં કામ કરવાનો, અધિકારી બને છે અને મઓલ્લીમ (યાને શિક્ષક) તેને તેમની વચ્ચે કામ કરવાનો પરવાનો આપે છે. આમાં જ્યારે તે સફળતા મેળવે છે અને વધુ ઉચા દરજ્જા માટે માંગણી કરે છે, ત્યારે હુજ્જત તેને 'માઝુને અકબર' યાને 'ઉચા દરજ્જાના માઝુન' એવો ઇલ્કાબ આપે છે. આ દરજ્જો તેને જરૂર લાગે એવા કોઈપણ લોકોમાં બોધ (દઆવત) કરવાની છુટ આપે છે. આથી હજુ ઉચ દરજ્જો પ્રાપ્ત કરવાની જો તે કોશિશ કરે, તો તે મુઅલ્લીમ યાને શિક્ષક બને છે અને મહાન હુજ્જત તેને ઇલાકાઓમાંથી એકાદ ઇલાકામાં નિમણુંક કરે છે. આ પ્રમાણે જે બાર "લાહિકો" કે જેમને જુદા જુદા ઇલાકાઓ સોંપવામાં આવેલા હોય છે તેમાંનો એક બને છે; તે ઇલાકા અથવા જીલ્લામાં વસનાર હરેક મોમન અથવા મુસ્તાજીબ તેના ફરમાન પ્રમાણે વર્તે છે.

Scanned with CamScanner

આ દરજ્જાઓથી વધારાનો એક દરજ્જો દાઇનો છે. આ દરજ્જાવાળાને ખાસ અમુક જીલ્લાની સોંપણી નથી થતી, પણ તેને સંપુર્ણ અધિકાર હોય છે કે, તે દઆવત યાને ધાર્મિક પ્રચારનું કાર્ય ચાલુ રાખે; એનાથી ઉપરનો મહાનમાં મહાન હુજ્જતનો છે અને એનાથી ઉપરનો દરજ્જો ઇમામનો દરજ્જો છે. ઇમામ અને મહાન હુજ્જત બેઉ દરમિયાન વચલી કોઇ વ્યક્તિ નથી હોતી. હુજ્જત દૈવી જ્ઞાન ધરાવે છે અને તે માસુમ (ગુન્હા રહિત) અથવા કદી ભુલ ન કરે એવા હોય છે. તે અકલે અવ્વલ સાથે વહેવાર રાખે છે. જેમ ખુદાતઆલાની મારિફ્ત ખુદાતઆલા દ્વારા સિવાય કોઇ મેળવી શકતું નથી, તેમ તેના વગર કોઇ પણ શખ્સ મૌલાની શનાખત મેળવી શકતું નથી. ખુદાતઆલાની ખરેખરી શનાખત એકજ શખ્સને હોય છે. આ શખ્સ તે મહાન હુજ્જત (પીર) છે, બીજા બધાં લોકો તેના દ્વારાજ આપણા મૌલાની શનાખત મેળવી શકે છે, કારણ કે અક્કલના ઝળકાટ અને જહુરાત તેનામાં જ ફક્ત માલુમ પડે છે. તે ઇલ્મનો દરવાજો અને આપણા મૌલાની દયા અને ગૌરવનું દ્વાર છે. શકોશુબ્હા નિવારણ કરવાનું અને હકીકત (સત્ય)ના કાનુનો જાણવાનું તે સાધન છે; તે દરેક સાચા મોમીનોનો સરદાર અને હાકમ છે. જે કોઇ તેની નાફરમાની કરે છે, તે દોઝખમાં જાય છે, જ્યાં તે કાયમની સજા ભોગવે છે. ઇલાહી સિફાતો અને તેની મહાન ખાસિયતોની જહુરાત હુજ્જતમાં સંપુર્ણ પણે હોય છે. સાત્વિક રીતે બધાં હુજ્જતો

Scanned with CamScanner

એક સરખા છે. ઈમામ કે જે તેના સંપુર્ણ જહુરાતના સમયે મહાન કયામતના કાયમ છે, તે તેમનાથી ઘણાજ નજીક છે; હકીકત (સત્ય)ના ભેદોના તેના દ્વારા થતાં સ્પષ્ટિકરણમાં હુજ્જત કરતાં મહાન દરજ્જો ધરાવે છે.

જે કોઈ શખ્સ ઉપર આપણા મૌલાની દયા ઉતરે છે તે સજામાંથી મુક્તિ મેળવે છે; અને જે કોઈ તેને આધિન છે, તે હમેશાં એજ હાલતમાં રહેશે.

મૌલા આપણને મદદ કરનાર મિત્રો બક્ષે અને પોતાના બંદાઓ માટે પોતાની દયાનો દરવાજો ખુલ્લો રાખે ! અમે અત્રે જે દરજ્જાઓ ગણાવ્યા તે સાત છે; જો મૌલા મદદગાર થશે તો તેનો ગુઢાર્થ અમે સાતમા પ્રકરણમાં સમજાવશું.

Scanned with CamScanner

## પ્રકરણ ૭મું

## જુદા જુદા કેટલાક રૂપાલંકારિક વાક્યોમાં સમાયેલા ભાવાર્થની સમજણ; આ કિતાબને સાત પ્રકરણોમાં વહેંચી નાંખવાના કારણો; વિશ્વ અને મનુષ્ય વ્યક્તિત્વ વચ્ચેના સંબંધની ટુંક વિગત વિષે.

આ બધું હું આપણા મૌલા જે મહાન છે અને દરેક વખાણને પાત્ર છે તેની મદદથી ખુલાસાવાર સમજાવીશ.

### શરીયતી અહકામોમાં રહેલો ભાવાર્થ.

"તહારત" (શાસ્ત્રોક્ત વિશુદ્ધિ) આની મતલબ આ છે; બોધની જાહેરી બાજુનેજ વળગી રહેનારા જે કાર્યો કરે તેવા કાર્યોમાંથી પોતાને પાક કરવું.

"વજુ કરવું" એટલે ઈમામની શનાખત તરફ વળવું; કારણ કે તાવિલી હદમાં પાણીનો અર્થ ઇલ્મી હકીકત ગણાય છે. જાહેરી લોકોના કૃત્યોમાંથી જ્યારે ખુદાનો બંદો પોતે પાક થાય છે, ત્યારે તેને ધર્મનું જ્ઞાન કે જે ઈમામની શનાખત છે, તે પ્રાપ્ત થાય છે. અને જ્યારે જ્યારે તે જાહેરી (કર્મ કાન્ડ)માં પડી જાય છે, ત્યારે ત્યારે તેને ફરી પાક થવા માટે હકીકતી જ્ઞાન તરફ પાછું ફરવું પડે છે. માથું, હાથ, નસ્કોરાં અને મોઢું ધોવું એનો અર્થ દાઇ, લાહિક અને મુલ્લીમની

Scanned with CamScanner

ઓળખાણ મેળવવી એવો થાય છે. ચહેરો અને બેઉ હાથ કોણી સુધી ધોવા એનો અર્થ બેઉ મુળ પાયા (શાહ અને પીર)ની શનાખત મેળવવી એવો થાય છે. માથાને અને પગને સ્પર્શ કરવો એનો અર્થ બેઉ મુળભુત સિદ્ધાંતોનું જ્ઞાન અને હલકી પ્રકૃતિના માણસો અથવા સત્પંથ ધર્મના દુશ્મનો સાથે વાતચિત કરવાની મનાઇ અને અહલે જાહેર યાને જાહેર પરસ્ત લોકોને છુપા શિક્ષણની વાતો કરવાથી દુર રહેવું એવો થાય છે.

'જનાબત' (યાને શાસ્ત્રોકત વિશુદ્ધિના બદલામાં કરી શકાતી શુદ્ધિ)નો અર્થ એ થાય છે કે, જો હુજ્જતના સમાગમમાં આવવાની શક્યતા ન હોય તો તેણે પોતાની શુદ્ધિ દાઇ અથવા મુઅલ્લીમ અથવા માઝુન (ધર્મમાં સંપુર્ણ પારંગત)ની મદદથી પાક થવાની કોશીશ કરવી જોઇએ.

'જનાબત' બે પ્રકારની હોય છે. સ્ત્રી સમાગમથી થતી અને બીજી સ્વપ્નદોષથી થતી નાપાકી. સ્ત્રી સમાગમનો તાવીલી અર્થ એ છે કે, જો તેમાં તેની કાંઇ ભુલચુક થઇ જાય તો, શિક્ષકે પોતે ખુદા તરફથી મળતાં પરબારા જ્ઞાન યાને (ઇલ્મે તાય્યીદ) કે જે વહેતા પાણીની માફક છે, તેનાથી પોતાને શુદ્ધ કરવું જોઇએ; પણ જો તેને અસલ (તાય્યીદ) જ્ઞાન મળી શકે તેમ ન હોય, તો તેણે તઆલીમ (શિક્ષણ)માંથી મળતા જ્ઞાનથી પોતે શુદ્ધ થવું જોઇએ. -અને આ (ક્રિયા) તયામુમના જેવી છે. સ્વપ્નદોષ (ઇહતલામ) એ યૌવનની

Scanned with CamScanner

નિશાની છે. આની મતલબ એ છે કે જ્યારે એક મોમીન પુખ્ત વયે પહોંચે છે, ત્યારે તેને અસલ જ્ઞાન (તાવ્વીદ) અને મઝહબી કેળવણીની મદદથી શિક્ષણ મળેલું હોવાથી, તેણે પોતાની જાતને જાહેરી ઇલ્મના શિક્ષણથી મુક્ત કરવી જોઈએ છે.

'નમાઝ', આનો અર્થ પયવસ્તગી (સમાગમમાં આવવું) એવો થાય છે, કારણ કે સલાત, દુઆ બંદગી, "વસલાત" એટલે સમાગમ - "ભેટો" શબ્દમાંથી ઉત્પન્ન થયેલ છે. આનો ભાવાર્થ તહારત યાને વિશુદ્ધ થયા બાદ, એટલે કે દીનના દુશ્મનોની દોસ્તીનો ત્યાગ કર્યા બાદ, ઈમામની શનાખતની હદે પહોંચવું અથવા આવી જવું એવો થાય છે.

બાન્ગે નમાઝ યાને નમાઝ માટે બોલાવવું એનો અર્થ દઆવત છે, એટલે કે અહલેહક યાને સત્યના શોધકોને ઈમામની શનાખત અને તેની મારિફ્ત હાંસલ કરવા બોલાવવા એવો થાય છે. આ એક ઘણીજ અગત્યની બાબત છે, - એ જ કારણસર કોઈ પણ વ્યક્તિએ (યાને બાંગીએ) બોલવું પડે છે કે "સર્વોત્તમ કાર્ય માટે આવો." ખરેખર આજ કાર્ય સર્વોત્તમ છે. હ.રસુલ સ. ફરમાવે છે કે, "મુઆઝ્ઝીનો યાને નમાઝ માટે લોકોને બોલાવનાર શખ્સો એ લોકો છે કે, જેમની ગરદનો રોઝે કયામતના સહુથી લાંબી હશે."

આની મતલબ એ છે કે, હ. રસુલ (સ.) દાઈઓને લાંબી ડોકવાળા તરીકે સંબોધે છે, જેનો તાવીલી અર્થ લોકોને

સારી રીતે જાણનાર એવો થાય છે. જે કોઇ શરીયતના ગુઢાર્થ જાણી ગયા છે, તેઓ હકીકતને દરજ્જે પહોંચી ગયા છે અને જેઓએ ઈમામની શનાખત મેળવી છે, તેઓ અખંડિત બંદગી કરનારની હાલતે પહોંચી ગયેલ છે. જેમ કે કુરાને શરીફ (સુ. ૭૦ આ. ૨૩)માં ફરમાવેલ છે કે; "તેઓ કે જેઓ પોતાની દુઆ બંદગીમાં મશગુલ રહે છે." આવા લોકો શરીયતના જાહેરી અહકામોની પાબંદીમાંથી મુક્ત છે. શરાહ (કાયદા કાનુન) બાબતમાં કુરાને શરીફ (સુ. ૫૭ આ. ૧૩)માં ફરમાવેલ છે કે, "તેના અંદરના ભાગમાં રહેમત છે અને તેના બહારના ભાગમાં મોઢા આગળની શિક્ષા છે." મનુષ્યનું શરીર છે તે એક કબર છે અને કબરની પીડાઓ શરીયતના અહકામોની પાબંદી છે. દોઝખના રખેવાળ 'નકીર' અને 'મુનકીર' જાહેરી દુનિયામાં પીડા પહોંચાડનાર રિબાવનારાઓ છે.

આપણા મૌલા, કાયમુલ કયામત ઝમાનાના ઈમામ છે- તેના નામ ઉપર તેમજ તેના નામનો જય હો! - રોઝે કયામતના તેના કાયદા કાનુનો શરીયતના અહકામોમાં રહેલો ભાવાર્થ છે.

**બદલો પહોંચાડનારા ફિરસ્તાઓની** મતલબ દીનના દરજ્જાઓ (હુદુદે દીન) થાય છે. બહેશ્ત નિવાશીઓ એમને ગણવામાં આવે છે કે, જેઓને શરીયતના જાહેરી સ્વરૂપમાંથી મુક્તિ મળેલી છે અને જેઓ તેનો

Scanned with CamScanner

બાતુની અર્થ સમજી શકયા છે. તેમને આ દુનિયામાં મળેલો બદલો તેમની શરીયતની પાબન્દીમાંથી મળેલી મુક્તિ છે. હ. રસુલ સ. ફરમાવે છે કે; "તેમના ઉપરની શિક્ષા અને તોક નાબુદ થાય છે."

**રોઝે કયામતનો અર્થ** જેમ કુરાને શરીફ (સુરા ૮૬ આ. ૯)માં ફરમાવવામાં આવેલ છે કે; **"તે દિવસે,** (કે જે દિવસે) **છુપા વિચારો ખુલ્લા થાય છે."** એવો થાય છે.

**જામે મસ્જીદનો** અર્થ હુજ્જત થાય છે; કારણ કે તેની આસપાસ બધાં ભેગા મળે છે. બીજી મસ્જીદોને મુઅલ્લીમો (શિક્ષકો) છે. **કિબ્લા તરફ વળવું** એનો અર્થ હુજ્જત તરફ દરેકે વળવાની ફરજ એવો થાય છે; પણ હુજ્જતે ફક્ત ઈમામ તરફ વળવાનું છે.

**'રોજા'** રાખવાનો અર્થ તકીયો રાખવો એવો થાય છે; એટલે કે આગમચેતી તરીકે તકીયો કરવો અને દઆવતના ધાર્મિક સિધ્ધાંતો દુશ્મનોથી છુપા રાખવા. **'રોજા'** પુરા થયા બાદ ઈદના દિવસનો અર્થ 'કયામતે કયામત' યાને મહાન કયામત થાય છે, કે જ્યારે 'કાયમ'ના હુકમના સર્વશક્તિમાન પણાને લીધે દલીલો અને સાબિતિથી બધા લોકો મહાત થઇ જશે.

**'જગાત'** અથવા ધાર્મિક કર, નો અર્થ ધાર્મિક તાલીમ આપવી અને મોમીનોની સમજશક્તિના પ્રમાણમાં, તેમના મગજમાં ઉતારવી એવો થાય છે. આખી દુનિયા ઉપરની

Scanned with CamScanner

જગાત વસુલ કરવા માટે નિમાયેલ એક કારભારી હોય છે, કે જે જુદા જુદા લોકોને તેમના સોગંદનામા (બૈયત)ના પ્રમાણમાં એ વહેંચી આપે છે દરેક પ્રકારનું ધાર્મિક જ્ઞાન ઇમામ પાસે જ હોય છે અને તે દરેકને તેના આગળ વધતા દરજ્જાના પ્રમાણમાં પહોંચાડી આપે છે. તેની વાટણી કરનાર હુજ્જત છે, કે જેને જેટલી જરૂર હોય, એ પ્રમાણમાં વહેંચી આપે છે.

'હજ' અથવા કાબાની યાત્રાની મતલબ એ છે કે, પોતાની અગાઉની માન્યતાઓનો આસ્તે આસ્તે ત્યાગ કરી, મુસ્તાજીબને દરજ્જેથી હુજ્જતના દરજ્જા સુધી પહોંચવા ક્રમવાર આગળ વધવું.

**લબ્બેયકા** ઉચ્ચારણની મતલબ એ છે કે, દાઇના બોધનો સ્વીકાર કરવો અને **ઇહરામ** યાને હજનો ખાસ પોષાક ધારણ કરવો એની મતલબ એ છે કે, જેઓ ફકત શરીયતની જાહેરી બાજુને વળગેલા છે, તેમની સંગત અને તેવી (જાહેરી) ક્રિયાઓથી દુર રહેવું.

જ્યાં સુધી હજ પુરી ન થાય ત્યાં સુધી શિકાર કરવો, કબજો લેવો, અથવા સ્ત્રી સમાગમ કરવો વગેરે બધાની મનાઇ છે. આની મતલબ એ છે કે, જે કોઇ જાહેર પરસ્ત લોકોનો ત્યાગ કરે છે, તેણે જ્યાં સુધી સત્ય હકીકતી ધર્મના કાબા અને કિબ્લા સુધી પહોંચીને દઆવત ચાલુ કરવા માટેની મંજુરી પોતે મેળવે નહિ, ત્યાં સુધી કોઇને પણ દઆવત કરવી જોઇએ નહિ.

Scanned with CamScanner

**(હજની ક્રિયામાં) દોડવું** યાને તવાફ કરવા એની મતલબ એ છે કે, ઈમામ પાસે પહોંચવાની ઉતાવળ કરવી. જામઅ અને કસ્ત્ર જેવી હજની ક્રિયાઓનો ઈશારો પીર (હુજ્જત) અને શાહ (ઈમામ) તરફ છે. **પત્થર ફેંકવાની** મતલબ એ છે કે શયતાન જેવા લોકોને હાંકી કાઢવા. **ઝમઝમના કુવાનું પાણી** લઈ લેવાની મતલબ એ છે કે, મજહબના ઈલ્મની શોધ પાછળ મંડયા રહેવું અને ઈહરામ (હજ માટેનો ખાસ પહેરવેશ) ઉતારી નાંખવો એની મતલબ એ છે કે શરીયતનો તોક ઉતારી નાંખવો.

**"માસિક માંદગી"** (દરમિયાન જે જે પ્રતિબંધો છે તે)ની મતલબ આ પ્રમાણે છે; દરેક ઉંચા દરજ્જાના લાહીક (ધર્માધિકાર) અથવા મુઅલ્લીમ (શિક્ષક)ને મઝહબમાં કાંઇ શંકા જેવું લાગે તો તેણે બીજાઓને તઆલિમ આપવાનો પોતાનો અધિકાર હોય છતાં, જ્યાં સુધી પોતે પોતાની શંકાનું નિવારણ મેળવી ન શકે ત્યાં સુધી, તેણે નમાઝ પડવાથી યાને દઆવતના કાર્યથી દુર રહેવું જોઇએ. ગર્ભવંતી સ્ત્રીઓને માસિક માંદગી નથી આવતી, એટલે કે જેઓએ હકીકતી જ્ઞાન ધારણ કરેલ હોય છે, તેઓ શંકા કુશંકાથી મુક્ત બનેલા છે. જેમ એક ઘરડી ઓરતને માસિક માંદગી નથી આવતી તેમ જેઓ ધર્મ અંગિકાર કર્યાની હાલતમાં લાંબા વખત સુધી રહેલા હોય છે, તેઓને શંકા કુશંકા નથી આવતી. **"ઈસ્તીહદા"** (માસિક માંદગી બાદ શુદ્ધ થવાની

ક્રિયા) એ દરેક રીતે મુઅલ્લીમને અને જે કોઇને ધર્મ બાબતમાં કાંઇ શંકા જેવું હોય તેનું નિવારણ થાય ત્યાં સુધી તેને પુછપરછ કરતાં રહેવાને લાગુ પડે છે.

પોષાક અને ખાસ કરીને કોઈની નગ્નવસ્થાને ઢાંકવું એની મતલબ એ છે કે, મખફી બાબતો અને કરારો વિશ્વાસ રાખવા યોગ્ય ન હોય તેવાઓથી છુપા રાખવા.

**"કરેલા ગુન્હાની માફી માંગતી વખતે સિજદો કરવો"**, એની મતલબ એ છે કે એક મોમીન કે જે સંપુણ આગળ વધેલ (માઝુન) અથવા દાઈ હોય, તે જો કાંઇ ભુલ કરી બેસે તો તેણે ઉંચ પ્રકારના (બાતુની) ઇલ્મ માટે હુજ્જત કે જેની પાસે તે હોય છે, તેની પાસે પાછું જવું જોઇએ; કારણ કે સિજદો એ નાતિક અથવા હુજ્જતની મિસાલ છે.

**'સફર'** યાને મુસાફરી કરવી તેની મતલબ એ છે કે, ધાર્મિક સિધ્ધાંતોના અભ્યાસમાં યાને તઆલીમી દરજ્જાઓમાં આગળ વધવું.

**'નિકાહ'** યાને શાદીની મતલબ મુઅલ્લીમ અને તેના ફરમાનોના બીજના ગર્ભ ધારણ કરવાની ક્રિયા યાને તેની દઆવતના બોલ અંગિકાર કરવા સાથે સંબંધ રાખે છે.

Scanned with CamScanner

**'ફારગતી'** યાને છુટાછેડાની મતલબ એ છે કે કુપાત્ર લોકો યાને ધર્મના બોલને માટે જેઓ વિશ્વાસને પાત્ર નથી તેવા લોકોથી દુર રહેવું તે.

**"મોત"ની** મતલબ એ છે કે, સત્યજ્ઞાન યાને (મારિફત) યાને હકીકતી ધર્મ મેળવવામાં નિષ્ફળ થવું. **મૈયત ઉપરની નમાઝની** મતલબ આ છે. જ્યારે કોઈ શિષ્ય અજ્ઞાનતામાં પડી જાય છે યાને કે તે પોતે મરણ પામે છે, અથવા તેનાં હકીકતી રૂહને ખોટી તઆલીમથી કતલ કરવામાં આવે છે, ત્યારે તેનો ધાર્મિક શિક્ષક તેને સત્ય જ્ઞાનનો બોધ આપી મદદ કરે છે. જો તે તેનો સ્વિકાર કરે છે, તો તે હ. ઈસા પેયગમ્બરની ફુંકથી સજીવન થયો હોય, એમ સજીવન થાય છે. નહિ તો તેને છિછરા જ્ઞાન (જાહેરી ઈલ્મ)ની મુર્ખાઈની ધુળમાં દફનાવી દેવાય છે અને તેમાં સડીને જુદા જુદા તત્વો સાથે ભળી જાય છે.

## કુરાને શરીફની કેટલીક ચુંટેલી આયાતોનો તાવીલી અર્થ.

આ રસાલામાં અમે શરીયતના જુદા જુદા અહકામો કુરાને શરીફમાં દેખાતા જાહેરી અર્થમાં અને રૂપાલંકારોમાં સમાયેલા ગુઢાર્થનો કેટલોક તાવીલી અર્થ અને તેની ખુલાસાવાર સમજણ સુધાં ઉપર આપી ગયા છીએ, છતાં કુરાને શરીફની બીજી વધુ આયાતોનો તાવીલી અર્થ હવે અમે સમજાવીએ છીએ.

Scanned with CamScanner

ખુદાવંદતઆલા (કુરાને શરીફ સુ. ૪ આ. ૧૬૦)માં ફરમાવે છે કે; **"જેઓ યહુદી થયા છે તેઓના ઝુલ્મને લીધે, અમે જે પાક ચીજો તેઓના માટે હલાલ થયેલી હતી, તે તેઓના ઉપર હરામ કરી."** આની મતલબ એ છે કે, જેઓ હ. રસુલ સ.ના સમાગમમાં હતા, તેઓએ એક ભયંકર ગુન્હો કર્યો યાને તેમણે તેઓશ્રીના પોતાના વસીને ખલીફો નિમવાના ફરમાનનો અમલ, કોઇ ભલતાને તે જગ્યાએ નિમણુંક કરીને કર્યો, -અને ઝુલ્મ (ભયંકર ગુન્હા) નો અર્થ ગેરકાયદેસર હોય તેવું કાર્ય કરવું એવો થાય છે. આપણે આગલા પ્રકરણોમાં જોઇ ગયા તેમ ખિલાફત ઉપરનો હક ફકત હ. રસુલ સ.ના વસીનો છે એટલા માટે પાક ખોરાક યાને કુરાને શરીફની તાવીલ કે, જે પાક છે તે તેમને માટે હરામ ઠરાવવામાં આવેલ છે. એનો અધિકાર હ. અલી અ.ને છે (કે જેમાં કોઇ જરાએ ચંચુપાત કરી શકે તેમ નથી.) કારણ કે આખું કુરાને શરીફ તેમના કબજામાં છોડી જવામાં આવેલ છે, જ્યારે તેમાં સ્પષ્ટ દેખાતી શંકાઓ અને જબરદસ્તીથી લેવાયેલ કબજો અથવા તો ધર્મનું ઉપર ઉપરનું ઇલ્મ જાહેર પરસ્ત લોકો પાસે રહ્યું છે.

શરીયતના અહકામોનાં ગુઢાર્થનું જ્ઞાન અને નાખવામાં આવેલ એના બોજાની નાબુદી એ લોકો માટે નથી, કે જેઓ મઝહબના જાહેરી બાજુને વળગી રહેલા છે. આનું

Scanned with CamScanner

સુચન કુરાને શરીફ (સુ. ૫ આ. ૫)માં છે કે; **"આજ દિવસે તમારા માટે પાક ચીજો હલાલ થઇ છે."** દિવસ એ સમયને કહેવામાં આવે છે કે, જ્યારે સુર્ય દેખાય છે. અને એ ઇમામતના સુર્યના દેખાવનું પાક નુર છે અને જે કોઇ ઇમામતની રોશનીમાં પહોંચે છે અને તેનાથી તેને જોઇ શકે છે, તે દરેકને માટે સારી ચીજો હલાલ છે; જેમકે કુરાને શરીફની (સુ. ૭ આ. ૩૨)માં પણ ફરમાવેલ છે કે; **"કહે, કે ખુદાએ મુકર્રર કરેલા શોભિતા વસ્ત્રો કે જે પોતાના બંદા માટે બહાર લાવ્યો છે અને ખોરાકમાંની પાક ચીજો કોણે હરામ કરી છે ?"** આની મતલબ એ છે કે: "હે મહમદ કહે કે (ધર્મના) ગુઢાર્થનો અર્થ શોધવાનો માર્ગ એ લોકો માટે બંધ છે, કે જેઓ (જાહેરી) તાબેદારી, પુજા અને નમાજ પડે છે અને સુશોભિત પોષાક અને ઘરેણાં તેમના માટે હરામ અને અયોગ્ય ઠરાવવામાં આવ્યા છે; કારણ કે ખુદાવંદતઆલાએ આ પાક દાગીના (ફક્ત) પોતાના (સંપુર્ણ ભક્તિભાવવાળા) બંદાઓ માટે બનાવ્યા છે."

કુરાને શરીફ (સુરા ૪૧ આ. ૪૪)માં પણ ફરમાવેલ છે કે, **"કહે, આ જેઓ ઇમાન લાવ્યા છે તેઓને માટે એક હિદાયત અને શેફા આપનાર છે."** -એક હિદાયત અને શેફા આપનાર યાને સજા કરવાની દવા, એટલે કે (આ દાગીના) એ કુરાને શરીફની એ આયાતો છે કે, જે મોમીનોને લગતી છે અને તે, તેમને સત્યપંથે દોરી જનાર અને

Scanned with CamScanner

બિમારીની દવા રૂપ છે. ભુલ અને નામોશી એમને વાસ્તે છે કે, જેઓ મઝહબની જાહેરી બાજુને ચીટકી બેસે છે અને એવી ચોક્કસ માન્યતા ધરાવે છે કે, કુરાને શરીફનો તાવીલી અર્થ થઇ શકે જ નહિ. "પાક રોટી" હકીકતની દુનિયા છે, કે જે શક અને ગુન્હાના ડાઘ રહિત છે અને તે, પોતાના ઈમામે ઝમાનની શનાખત જેમને છે, તેમને તેઓનાથી ઉંચા દરજ્જાવાળાઓનું જેટલું જ્ઞાન તેઓ ધરાવતા હોય તેટલા પ્રમાણમાં મળે છે.

કુરાને શરીફ (સુરા ૩૩ આ. ૭)માં ફરમાવેલું છે કે; **"અને જ્યારે અમે પેયગમ્બરો પાસેથી તેઓનું વચન લીધું અને તારી પાસેથી અને નુહ અને ઈબ્રાહીમ અને મુસા અને મરીયમના પુત્ર ઈસા પાસેથી પણ; અમે તેઓની પાસેથી દ્રઢ વચન લીધુ."** આની મતલબ એ છે કે: "હે મહમદ, બધા પયગમ્બરો પાસેથી અમે ઈમામત માટે બૈયત લીધી છે કે જેઓએ ગદીરે ખુમનો કરાર પાળવાનો છે; એટલે કે તેમણે લોકોને પોતાના વસીયોના હકો જાળવીને કાયમુલ કયામતના રસ્તે દોરી લઇ જવાના છે, કે જેઓ પહેલા અને છેલ્લા દિવસની તાવીલના વાલી છે."

કુરાને શરીફ (સુરા ૧૧૦ આ. ૧-૨-૩)માં ફરમાવેલ છે કે **"જ્યારે ખુદાની મદદ અને ફતેહ આવશે અને તું લોકોને જોઇશ કે તેઓ ખુદાના ધર્મમાં ટોળાબંધ દાખલ થાય છે, ત્યારે તારા પરવરદેગારના વખાણ કરી, તેની પવિત્રતા યાદ**

Scanned with CamScanner

**કર અને તેની પાસે માફી માંગ. ખરેખર તે પશ્ચ્યાતાપ સ્વિકારનાર છે."** આની મતલબ એ છે કે; "જ્યારે ક્યામુલ કયામત પોતાની ઝહુરાત ફરમાવશે, ત્યારે હકીકતી દીનમાં દાખલ થવા લોકોના ટોળે ટોળાં આવશે. એ વખતે માફી મેળવવા બંદગી ગુજારજે અને જાહેરની લગતી ક્રિયાકાંડનો રસ્તો તજી ખુદાતઆલા તરફ વળજે."

મજહબનું બહારનું સ્વરૂપ કે જે માત્ર રૂપક છે તેમાંથી વળીને દરેકને તેની અંદર જે અર્થ સમાયેલ છે, તે તરફ જવું જોઇએ.

કુરાને શરીફ (સુરા ૨. આ. ૭)માં ફરમાવેલ છે કે **"ખુદાએ તેઓના અંતઃકરણ ઉપર અને તેઓના કાન ઉપર મહોર મારી છે અને તેઓની આંખો ઉપર પડદો છે."** આની મતલબ એ છે કે જે લોકો મજહબના ફકત જાહેરી સ્વરૂપને જ પકડી રાખે છે, તેઓના દિલો, આંખો અને કાનો બંધ કરી, ખુદાતઆલાએ તેના ઉપર મહોર મારી છે, એથી તેઓને હકીકત (સત્ય)નો રસ્તો હાથ આવી શકતો નથી.

કુરાને શરીફ (સુ. ૪ આ. ૫૧)માં ફરમાવેલ છે કે; **"તેઓ જેબ્ત અને તાઘુતને માને છે."** યાને તેઓ એવા પેશવાઓમાં ઈમાન રાખે છે, કે જેઓ તેમને ઉંધે રસ્તે દોરવે છે અને ગુનેહગાર બનાવે છે. જેમકે કુરાને શરીફની એક બીજી આયાત (સુરા ૨. આ. ૧૮ અથવા ૧૭૧)માં ફરમાવેલું છે કે; "તેઓ બહેરા, મુંગા અને આંધળા છે

Scanned with CamScanner

તેથી તેઓ (અધર્મ માંથી) પાછા ફરશે નહિ. (યાને ભુલોમાંથી પાછા ફરશે નહિ)" ખરા ઇમામોને લગતી બાબતોમાં જેઓ આંધળા અને બહેરા છે અને ખોટા આગેવાનો ઉપર ઇમાન રાખે છે, એવાઓના દિલો અને આંખો ઉપર મહોર મારેલી છે. તેમને લાગુ પડતી એના જેવી બીજી ઘણીએ આયાતો છે.

ખરા ઇમામો સંબંધમાં કુરાને શરીફ (સુરા ૨ આ. ૨૫૭)માં ફરમાવેલું છે કેઃ **"ખુદા મોમનોનો દોસ્ત છે તે તેમને અંધારામાંથી બહાર અજવાળા તરફ લાવે છે."** યાને તેઓ-(ઇમામો) આખી પૃથ્વીને પ્રકાશીત બનાવે છે. ખરા ઇમામોના સંબંધમાં એવું પણ ફરમાવેલ છે કે (સુરા ૨૪ આ. ૩૫) **"અલ્લાહ આકાશો અને પૃથ્વીનું નુર છે, તેના નુરનું દ્રષ્ટાંત એક ગોખલાના જેવું છે કે જેમાં દિવો છે."**

આની મતલબ એ છે કે, હકતઆલાનું નુર એ જમાનાના ઇમામ (પોતે) છે. તે આકાશો અને પૃથ્વીમાં પ્રકાશીત છે અને તેમને પ્રકાશથી ભરી દે છે. તે હ. રસુલ સ.ના ગોખલામાંથી પ્રકાશીત છે કે, જેના પ્રકાશથી માણસ જાતને દોરવણી મળે છે. દીવો એ હ. અલી અ.નું દિલ છે, કે જે હ. રસુલ સ.ના વસી છે, -તે પોતાના ગાદી નશીનો (ઝરય્યતી)ના ઝગમગતા સિતારા (વંશ પરંપરા ઉતરી આવતા ઇમામો)માં જળહળે છે, જે મુબારક જીતવૃક્ષ યાને ખુદાવંદતઆલાના દોસ્ત હ. ઇબ્રાહીમ અ. અને

Scanned with CamScanner

હ. ઈમરાન અ.ના વંશધર હ. અલીમાંથી પ્રકાશીત છે. હ. રસુલ સ. હ. ઈબ્રાહીમ અ.ના વંશમાંથી અને હ. અલી અ. હ. ઈમરાન અ.ના વંશમાંથી ઉતરી આવેલા છે, જેમકે કુરાને શરીફની આયાત (સુરા ૩ આ. ૩૩)માં ફરમાવેલ છે કે **"ખરેખર ખુદાએ આદમને અને નુહને અને ઈબરાહીમના વંશને અને એમરાનના વંશને સર્વ આલમ ઉપર પંસદ કર્યા છે."**

તુબા.... અર્શમાંથી (આવે છે) તેને આવકારૂં છું.
દરેક અંતઃકરણ કે જે ઈમામે ઝમાનનું તાબેદાર છે.

અમે ત્રીજા પ્રકરણમાં ખુલાસો કરી ગયા છીએ કે, નીચેની આયાત ખોટા ઈમામો (ઈમામોને બાતીલ)ના સંબંધમાં છે. કુરાને શરીફ (સુ. ૨ આ. ૨૫૭) **"અને જેઓ કાફેર થયા છે, તેઓના મિત્ર તાઘુત છે. તેઓ તેમને અજવાળામાંથી બહાર અંધારા તરફ લાવે છે."** તાઘુત નામ તુઘયન નાફરમાની, એટલે કે અમ્ર ઈલાહી યાને ખરા ઈમામોની બિનતાબેદારીમાંથી ઉત્પન્ન થયેલ છે (સુરા ૬ આ. ૧૨૩)માં ફરમાવેલું છે કેઃ **"શું જે માણસ મરી ગયો હતો, પછી જેને અમે સજીવન કર્યો છે ?"** એટલે કે તે ધાર્મિક અજ્ઞાનતામાં મરણ પામ્યો હતો, તેને અમે ધાર્મિક ઈલ્મથી સજીવન કર્યો છે. (સુરા ૧૫ આ. ૯૯)માં ફરમાવેલ છે કેઃ **"જ્યાં સુધી તારામાં યકીન આવે ત્યાં સુધી તું તારા પરવરદિગારની બંદગી કર."** એટલે કે જ્યાં સુધી કોઈ પણ શખ્સ

Scanned with CamScanner

પુરતી સમજ સાથે પાકો ઈમાનદાર ન બને, ત્યાં સુધી તેણે શરીયતનો બોજો ઉપાડવાનો છે.

વળી કુરાને શરીફ (સુ. ૨૪ આ. ૩૧)માં ફરમાવેલ છે કે, **"તેઓએ પોતાનો શણગાર કોઈને બતાવવો જોઈએ નહિ, મગર પોતાના પતિઓને અથવા પોતાના પિતાઓને અથવા પોતાના પતિઓના પિતાઓને."** સ્ત્રીઓ કે જેની મતલબ નવા મુરીદો છે, તેમણે ધર્મના છુપા સિધ્ધાંતો કોઈ પાસે ખુલ્લાં કરવા જોઈએ નહિ. શિક્ષકોને પુરૂષો સાથે અને નવા મુરીદોને સ્ત્રીઓ સાથે સરખાવેલ છે, તેમણે ધાર્મિક સિધ્ધાંતો અને દઆવતને લગતી હકીકતો, જે તેઓ જાણતા હોય, તે દુશ્મનોને જણાવવી જોઈએ નહિ. આ બાબતો વિષે ફક્ત તેમના પતિઓ યાને તેમના શિક્ષકો સાથે જ વાતચિત કરી શકે.

વળી કુરાને શરીફ (સુ. ૫ આ. ૯૫)માં એમ પણ ફરમાવેલું છે કે, **"હે મોમિનો, તમે શિકાર કરો નહિ, જ્યારે તમે મોહરેમ** (હજ વખતે એહરામનો પોષાક પહેરવો) **હો."** એટલે કે કોઈ પણ શખ્સે ખાસ પરવાનગી સિવાય અને સુચના મેળવ્યા વગર દઆવતનું કાર્ય કરવું જોઈએ નહિ, પણ નાના સર્પો, વીંછીઓ અને નુકશાન કરે એવા ભયંકર મોટા સાપોને હર કોઈ મારી શકે છે. આની મતલબ એ છે કે હરકોઈ

Scanned with CamScanner

શખ્સ દીનના ખુલ્લા શત્રુઓ અને ગોંગ અને માગોંગ જેવા કે જેઓ ઈમાનદારોને ડરાવે છે અને જેમનો હ. ઈબ્રાહીમ અ. નાશ કરેલ છે. આ લોકો મઝહબની જાહેરી બાજુને જ વળગી રહેતા હતા-તેવાઓની સાથે લડી શકે છે અને તેમના આગેવાનને તેના ખભા ઉપર કુહાડીનો ઘા કરીને તેણે મારી નાંખ્યો. એ વિષે જે વાર્તા છે તેની મતલબ એ છે કે તેણે તેમને તેમની પોતાની દલીલોથી મહાત કર્યા.

કુરાને શરીફ સુરા. (૧૬ આ. ૯૦)માં ફરમાવેલ છે કે, **"ખરેખર ખુદા ન્યાય કરવાને અને ભલું કરવાને.... હોકમ કરે છે."** ન્યાયનો અર્થ નબુવત છે કારણ કે ન્યાયની મતલબ શરીયત અને રસુલ બેઉ થાય છે અને ભલાઈ કરવીનો અર્થ વસી યાને હ. મૌલા અલીના દરજ્જા સાથે સંબંધ રાખે છે. કારણ કે તે (ભલાઈ) તેમણે કેટલાકો તરફ બતાવેલી ખાસ મહેરબાનીને લાગુ પડે છે. વસીનો આ દરજ્જો એવો છે કે જે હંમેશાથી રહેતો આવ્યો છે અને હમેશાં રહેશે, કારણ કે કુરાને શરીફ (સુ. ૫૭ આ. ૩) **"તે અવ્વલ અને આખર છે અને જાહેર અને બાતુન છે, અને તે બધી બાબતો જાણનાર છે. તે કેટલાક લોકોને પસંદ કરે છે કે જેને તે તાવીલ (ગુઢાર્થ)નું સ્પષ્ટીકરણ કરે છે."** હદીસમાં ફરમાવેલું છે કે "ભલાઈ કરવી તેની મતલબ એ છે કે તમે તેને તમારી આગળ હાજર નાજર

Scanned with CamScanner

જોતા હોવાથી તેની બંદગી કરો છો." અને મૌલાના (હ. મૌલા મુર્તઝાઅલી) ફરમાવે છે કે, "જો હું ખુદાતઆલાને જોઇ શક્યો ન હોત અને જો તેણે વ્યભિચાર માટે મના ફરમાવી નહોત તો મેં તેની બંદગી કરી ન હોત." દીનની તાબેદારી કરવામાં આપણા મૌલા આપણને મદદ કરે એવી દુઆ માગું છું.

**આ રસાલાને સાત પ્રકરણોમાં વહેંચી નાંખવાનું કારણ**

અમે કુરાને શરીફના ગુઢાર્થ (તાવીલ)ની કેટલીક સમજણ આપી છે કે જેના વગર આ કૃતિ ખાલી રહેવા ન પામે. હવે અમે એ ખુલાસો કરવાના છીએ કે, આ કિતાબમાં સાત પ્રકરણો શા માટે રાખવામાં આવ્યા છે ?!

હકીકતી દીનની વ્યવસ્થા, તેનો પાયો (અસાસ) અને તેનો ધર્મ પ્રચાર (નાતિક) તરફ નજર કરતાં આપણને જણાય છે કે ઇમામ, બાબ, અસાસથી મુસ્તજીબ સુધીના મર્તબાઓમાં સાત દરજ્જા છે. બ્રહ્માન્ડ અને માનવ સ્વભાવ તપાસતાં આપણને જણાય છે કે, તેમાંની દરેક વસ્તુઓમાં સાત એકમો સમાયેલા છે કુરાને શરીફ (સુરા ૪૧ આ. ૫૩)માં ફરમાવેલું છે કે, **"અમે જલ્દીથી તેમને અમારી નીશાનીઓ પૃથ્વીના કિનારાઓમાં અને તેઓના પંડમાં દેખાડીશું."** એટલે કે, "અમે તેમને દીનના હુદુદો યાને (મર્તબાઓ)ના દરજ્જાઓ વિશ્વમાં અને તેમના પોતાના સ્વભાવમાં બતાવશું." આમાંના કેટલાક અમે અત્રે આપીએ છીએ.

Scanned with CamScanner

સહુથી પહેલા તો પહેલા સાત દરજ્જાઓની હદની સંખ્યા કમાલ આંકડો છે. કમાલિયતનો અર્થ એ છે કે, તે એવી સાત સંખ્યાઓનો બનેલો છે કે, જેઓ સાદા આંકડા તરીકે સંપુર્ણતાવાળા છે અને તે આવા (પાકા) આંકડાનો સરવાળો છે. આ સંખ્યા ત્રણ પ્રકારની બનેલી છે. પહેલો નાતિક, બીજો અસાસ અને ત્રીજો બાબ. તે દરેક રીતે એકલાજ હોવામાં જ સંપુર્ણતાવાળા છે. જો જોડીયા તરીકે ગણીએ તો તેઓની સંખ્યા ચાર થાય, ચારમાં ત્રણ ઉમેરીએ તો સાત થાય. આપણે જોઇએ છીએ કે વિશ્વ અને માણસની અસલીયાતની દરેક વસ્તુ એજ ધોરણે મેળવવાથી બનેલી છે, છતાં એક બીજો આઠનો પ્રકાર પણ છે, એ પણ સાતમાંથી ઉત્પન્ન થયેલો છે, કારણ કે એક કે જે વલાયતના દરજ્જા જેવો છે, ત્યાંથી ગણતા ફકત સાતનીજ સંખ્યા થશે અને હજી એક બીજો પ્રકાર બારનો બનેલો છે અને આ. ૪ અને ૩નો બનેલો છે કે જેનો સરવાળો સાત થાય છે. આ પ્રમાણે દરેક સંખ્યાને ટુંકાવતા સાત બને છે. આસમાનો સાત છે. જેમાં સાત ગ્રહો છે, જમીનો સાત છે, સમુદ્રો સાત છે, પ્રદેશો સાત છે, જોરદાર વસ્તુ સાત છે, અઠવાડિયાના દિવસો સાત છે, આ મુજબ સાત વખત સાત બને છે.

મનુષ્યના શરીરમાં સાત વિભાગો છે; બે હાથ, બે પગ અને પગલાં, એક મ્હોં, નાક, દિલ, કાળજુ હોજરી

Scanned with CamScanner

ફેફસા, બરોળ, ગુર્દા. બીજી રીતે જોઇએ તો વાળ, ચામડી માસ હાડકા, નસો, ચરબી અને લોહી. તેમજ જ્ઞાનનેન્દ્રિયો; શ્રવણ, નજર, સ્વાદ, ગંધ, વૃદ્ધિ, બુદ્ધિ અને કલ્પનાશક્તિ. પ્રેરણાના સાત પ્રકાર છે; આકર્ષણ, સ્પર્શ, પાચન પ્રત્યાકર્ષણ, સુચન, વૃદ્ધિ અને પ્રજોત્પાદન. મનુષ્ય સાત દ્રવ્યોમાંથી ઉત્પન્ન થએલ (Plasm સલાલેહ) માટી, વિર્ય, ઘટ્ટ બની ગયેલું લોહી, ગર્ભ, માંસ અને હાડકાં. એવું ફરમાવેલું છે કે, "અમે તેને સંપુર્ણ (સ્વરૂપમાં) પેદા કરેલ છે." મિશ્રણમાંથી જ મજબુતી મળે છે અને મનુષ્ય જીવન સાત પ્રકારની કળામાંથી પસાર થાય છે; તાજું જન્મેલું બાળક, નાનકડું બાળક, બચ્ચું, છોકરો, યુવાન, આધેડ વયનો અને બુઢ્ઢો. આ પ્રમાણે બધું સાત સંખ્યામાં દેખાય છે.

"રસુલિલ્લાહ" (અરબીમા) સાત અક્ષરોથી જ લખાય છે. એજ પ્રમાણે "લા ઈલાહા ઈલલ્લાહ"નો કલમો (લખાય છે.) કુરાને શરીફના સાત વિભાગો (કિસ્માત) છે; તેમાં સાત લાંબા પ્રકરણો છે. સાત પ્રકરણો 'મીમ' અક્ષરથી શરૂ થાય છે. (પહેલા પ્રકરણોમા) સાત આયાતો છે. "બિસ્મીલ્લાહ" નો કલમો સાત અક્ષરોનો બનેલો છે.

ધાર્મિક કાનુનો (શરીઅત) છ જમાનામાં સાત સાહેબે શરીયત યાને શરીયતના સ્થાપકો થયા છે; હ. આદમ, હ. નુહ, હ. ઈબ્રાહિમ, હ. મુસા, હ. ઈસા, અને હ. મહમદ રસુલિલ્લાહ સ. અને એક છે તે કાયમ - તેના નામ

Scanned with CamScanner

ઉપર નમન અને તેના નામનો જય હો, **-વસીઓ પણ સાત છે. હ. શીશ, હ. શામ, હ.ઇસ્માઇલ, હ. હારૂન, હ. સમઉનસફા, અને હ. મૌલાના અલી** હદીસમાં ફરમાવેલું છે કે: "(અલ્લાહે) તેમને સાતમાંથી પેદા કર્યા છે, તેમને સાતમાંથી રોજી આપી છે અને તેમણે અલ્લાહને સાત વખત સુજીદા કર્યા છે."

સ્વાદ સાત પ્રકારના અને રંગ પણ સાત પ્રકારના છે. "ઇલા અલ્લાહ"નો એક કાંટો છે કે જેના ઉપર બધાં ધાર્મિક અહકામોનું વજન સરખું થાય છે. અક્ષરોનું (છુપા અર્થનું) જ્ઞાન બધાં વિદ્વાનનો પાયો છે. એટલા માટે હું કહું છું કે, તવહીદનાં કલમામાં બે વિગતો સમાયેલી છે. એક નકારાત્મક અને બીજી હકારાત્મક અને સાત જવાહીરો.

"લા અલ્લાહ" નો કલમો ચાર તત્વોનો બનેલો છે. 'લાઇલાહા ઇલ અલ્લાહ' વાક્યનું લખાણ અક્ષરોના સાત જુથનું બનેલું છે કે જેઓ એકબીજાથી જોડાયેલા છે તેમાં બાર અક્ષરો છે બધા મળીને ૨૮ છે.

(એ મુજબ લેખક આવી ગર્ભિત સંખ્યા સાત, બાર, અઠાવીસ વગેરે માટેની કલ્પનઓ ચાલુ આપ્યે જાય છે અને તેના ગર્ભમાં રહેલી મતલબને ખુલ્લી કરવા તેમને જુદા જુદા ગ્રહો, તત્વો, શારરિક ગુણો વગેરે સાથે જુના વિચારો મુજબ સરખામણી કરી સમજાવવાનો પ્રયત્ન કરે છે. આ બધી બાબતોનું પુનરાવર્તન કરવાની કાંઇ અગત્ય નથી.)

Scanned with CamScanner

એજ મુજબ ધાર્મિક વર્તુળ પણ સાત સાતના જુથનું બનેલું અમને જણાય છે. જેવું કે નાતિકો અને અસાસ. મોમીનોના ત્રણ દરજ્જાવાળા લોકો (તન્ઝીલ) સ્પષ્ટીકરણ નાતિકો પાસેથી અને તાવીલ યાને ગુઢાર્થનો ખુલાસો અસાસ પાસેથી મેળવે છે; આ ત્રણ દરજ્જાવાળા લોકો મુસ્તાજીબ, માઝુન અને મુઅલ્લીમ તરીકે ઓળખાય છે. બીજા ચાર મર્તબાવાળા લોકો ખાસ મહેરબાનીથી (જ્ઞાન) મેળવે છે. અતા, લાહીક, હુજ્જત અને બે અસાસો, જમાનાના દરેક દૌરમાં સાત ઈમામો હોય છે લાહીક બાર હોય છે. બધાં મળીને એ સંખ્યા ૨૮ની થાય છે.

આવી બાબતોના મુળ રૂપ ગણાતા "લાઈલાહા ઈલ અલ્લાહ" નું ઉચ્ચારણ ૧૨ અક્ષરોનું બનેલું છે. હઝરત મહમદ રસુલિલ્લાહનું ઉચ્ચારણ અને અમીરૂલ મોમનીન અલી ઈબ્ને અબિતાલિબ, "મહમદ ઈબ્ને ઈસ્માઈલ" નું પણ એજ પ્રમાણે છે. એજ મુજબ અઢાર હજાર આલમના ધણી જેના નામના ઉચ્ચારણ ઉપર નમન અને જેના નામનો જય હો, કાયમનું નામ મૌલાના મુસ્તનસિરબિલ્લાહનું નામ પણ ૧૨ અક્ષરોનું બનેલું છે.

અલ્લાહતાલાએ ફરમાવ્યું છે કેઃ **"દરેક વસ્તુઓનો સરજનહાર અને દરેક જીવંત પ્રાણીયોનો પરવરદિગાર."** અને એક બીજી જગ્યાએ ફરમાવેલ છે કે; **"તે કદી મરે નહિ**

Scanned with CamScanner

**એવો સદા હૈયાત રહેવાવાળો દયાળું (છે) જેનું નુર આકાશોમાં, પૃથ્વી ઉપર અને મનુષ્ય પ્રાણીઓમાં કદીપણ બુઝાઇ જતું નથી."** કુરાને શરીફ સુરા. (૩૦ આ. ૩૦)માં નાતિકને સંબોધીને આ પ્રમાણે ફરમાવેલ છે. **"માટે તું તારો ચહેરો હનીફ ધર્મ માટે સીધો રાખ, ખુદાના ફેતરત કે જે સહિત ખુદાએ માણસોને ઉત્પન્ન કર્યા છે. ખુદાની ઉત્પતિમાં કાંઇ ફેરફાર બનવાનો નથી. આજ (ખરો) વજનદાર ધર્મ છે."**

ખુદાતઆલાના કલામો ઉપરથી એ સાબિત થયું છે કે, **"તે દયાળુ ખુદાતઆલાએ પોતાની સુરત ઉપરથી આદમને ઉત્પન્ન કરેલ છે."** અને કુરાને શરીફ (સુ. ૨ આ. ૩૪)માં ફરમાવેલ છે કે **"અને જ્યારે અમે ફિરસ્તાઓને ફરમાન કર્યું કે તમે સઘળા આદમને સિજદો કરો ત્યારે તેઓ સઘળાએ સિજદો કર્યો પણ ઇબ્લીસે ના પાડી અને આપવડાઇ કરી અને તે કાફરોમાંનો હતો."** તેણે કહ્યું "સિજદો ફક્ત ખુદાતઆલાને જ થઇ શકે, પણ આદમને માટીમાંથી ઉત્પન્ન કરવામાં આવ્યો છે અને માટી કાળો પદાર્થ છે. હું આગની પેદાશ છું." આગ નુરની પેદાશ છે. આ પ્રમાણે તેણે અલ્લાહની નાફરમાની કરી અને તેના ઉપર લઆનત ઉતરી અને તેને સદાને માટે હાંકી કાઢવામાં આવ્યો.

Scanned with CamScanner

એજ નુર દુનિયામાં હાજર છે અને આદમને સિજદો કરવાનું ખુદાઈ ફરમાન મનુષ્યનો ખાસ ધર્મ અને ધાર્મિક ફરજોના પાયારૂપ છે. તેણે (મનુષ્યે) પોતાના ઝમાનાના આદમને ઓળખી લેવો જોઈએ અને તેની શનાખત મેળવવી જોઈએ કે જેથી તેને મુક્તિ મળે અને શાન્તિ પ્રાપ્ત થાય.

હ. રસુલ સ. ફરમાવે છે કે, **"ત્યારથી હું રસુલ છું કે જ્યારે આદમ પાણી અને માટીમાં હતા."** આની મતલબ એ છે કે, ખુદાતઆલાએ ફરમાવ્યું કે; **"નબુવત અને વલાયતનું નુર આદમ અથવા મખલુકાતની ઉત્પત્તીની કેટલાક હજાર વર્ષ અગાઉ જેને માટે શકો સુબ્હા નથી એવા દ્રવ્યના પડદા પાછળ મારી સાથે હતું."** (જેમકે) "દુનિયામાં મને પોતાને જાહેર કરવાની મારી ઈચ્છા થવાથી હું આ સ્વરૂપે અને ગુણો સાથે પ્રગટ થયો છું."

અલ્લાહતઆલાનો સત્ય દીન આજ છે. અને **દીન શબ્દનો તાવીલી અર્થ ઈમામ થાય છે.** આ આયાતની મતલબ એમ થાય છે કે; **"ઓ** નાતિક, તારા ઈમામને અને તારા ખુદાને ઓળખ કે જેથી તને સાચું ઈમાન પ્રાપ્ત થાય." સાચો મઝહબ, ફિતરત યાને અલ્લાહતઆલામાંથી પેદા થયેલ છે અને અગાઉથી નક્કી કરેલા ઠરાવ મુજબની કુદરત છે યાને તે જેનાથી મનુષ્ય, પ્રાણીઓ હૈયાત છે, તેવા મહાનમાં મહાન દરજ્જા અથવા મર્તબાવાળાઓનો

Scanned with CamScanner

(દીન) છે. આની મતલબ એ છે કે, દીનના વર્તુળમાં મહાન દરજ્જાવાળાઓ અને જેઓ ઉચું જ્ઞાન ધરાવે છે, તેઓ મખલુકાતનો એજ મુળ ધર્મ પાળે છે. આવા લોકો ફક્ત મનુષ્ય સ્વરૂપમાં દેખાતા ઉંચામાં ઉંચા દરજ્જાનો મખલુકાતનો પાક છે. જો તેમના ઉપરથી મનુષ્ય સ્વરૂપનો બુરખો ઉપાડી લેવામાં આવે તો, અસલ જાત જ બાકી રહે. જેમકે કુરાને શરીફ (સુરા ૨૮. આ. ૮૮)માં ફરમાવેલ છે કે **"ખુદાના ચહેરા સિવાય સર્વ ચીજ નાશવંત છે."** અને તેનો ચહેરો તે ઈમામ છે. એજ બાબતનો ઈશારો આ આયાતમાં પણ મળી આવે છે કે; **"દરેક ચીજ પોતાની અસલીયાત તરફ પાછી ફરે છે."**

**"દરેક ચીજ પોતાની અસલ હાલતે પહોંચી જાય છે. ચોકખુ સોનુ, રૂપું અને સીસું."**

એક બીજી આયાત કુરાને શરીફ (સુ. ૩૦ આ. ૧૧)માં ફરમાવેલ છે કે **"ખુદા સૃષ્ટિ પેદા કરે છે, પછી તે તેને ફરીથી સજીવન કરે છે."** અને કુરાને શરીફ (સુ. ૨ આ. ૨૫૮) **"મારો પરવરદેગાર તે છે કે જે જીવ આપે છે અને મૃત્યુ આપે છે."** વિશ્વ અને વ્યક્તિગત મનુષ્ય પ્રાણી બેઉ સાથે એકસરખી રીતે અનુસરતા વિભાગનો આ છેડો છે.

Scanned with CamScanner

## પરલોક ગમન સંબંધિના વિચારોનો તાવિલી અર્થ.

હવે આપણે ઇમામે ઝમાનની શક્તિ અને મદદથી જુદા જુદા વિષયો હાથ ધરશું જે કાંઇ તે પોતાના આ ગુલામની ઝબાન ઉપર મુકે, તેજ અહિં બોલાવે એવી દુઆ માંગુ છું.

અબ્દુલ્લા ઇબ્ને અબ્બાસ કહે છે કે વૃક્ષ કે જેના ફળ મનાઇ હોવા છતાં હ. આદમે ચાખ્યા અને તેના પાંદડા પોતે પોષાક તરીકે પહેર્યા, તે (ઝાડ) નેકી અને બદીનું ઝાડ હતું એટલે તે એક પ્રકારની ચતુરાઇ હતી. તે ઝાડના ફળ ઇલ્મે બાતિન હતુ. એટલા માટે તે ઝાડને બહેશ્તનું વૃક્ષ કહેવાનો લોકોને હક છે અને પેલાં પાંડદા કે જેની વચમાં ફળ ઉગે છે તે મઝહબની જાહેરી બાજુનું જ્ઞાન છે, જે ફક્ત પશુંઓનો ખોરાક છે.

જો નેકી અને બદીના જ્ઞાનનું ઝાડ માણસમાં હોય, કે જે રીતે કુરાન શરીફ સુરા (૨૦. આ. ૧૧૮)માં ફરમાવેલ છે "....અમ્રતનું ઝાડ (યાને અમરપદ) અને વળી એવી બાદશાહી કે જે કદી ખંડિત થનાર નથી યાને (અવિચળ રાજ્ય)" - તો પછી બહેસ્ત પણ માણસ(માં) હોવું જોઇએ, કારણ કે અમરપદ અને અવિચળ રાજ્ય ખુદાને નિરખનાર ઝાડના જ ફળ હોવા જોઇએ.

હ. આદમે ઉચ્ચારેલા પશ્ચાતાપના શબ્દો અને જે સ્વિકારવામાં આવ્યા તે પણ માણસમાં જ હોવા જોઇએ કે

Scanned with CamScanner

જે કુરાને શરીફ (સુ. ૧૪ આ. ૨૪) ઉપરથી દેખાઇ આવે છે કે, **"પાક શબ્દ એક પાક ઝાડ જેવો છે. તેનું મુળ દ્રઢ છે અને ડાળીઓ આસમાનમાં છે."** દીની ઇલ્મના વર્તુળમાં તુબાના ઝાડનું ઉચ્ચારણ સાચા ઇમામને માટે વપરાય છે. તેના જ્ઞાનની રોશનીનું કિરણ દરેક સ્વર્ગવાસી કે જે ઇમામનો બંદો હોય છે અને જે તેની શનાખત રાખે છે તેના સ્વભાવમાં ફરીથી નજરે પડે છે. તેઓશ્રીના મોમીન બંદાઓ જે કાંઇ મઝહબી અથવા અમ્ર અલ્લાહના રાજ્યને લગતુ કાર્ય બજાવી લાવે છે, તે બધું તરતજ સંપુર્ણ બની જાય છે; જેમકે કુરાને શરીફ (સુ. ૫૬ આ. ૩૫)માં ખુદાતઆલા ફરમાવે છે કે: **"અને** (તેઓને માટે) **તેમની સરખી ઉંમરની યુવાન કુમારિકાઓ છે."**

જેમ બધા જાણે છે તેમ તુબાનું ઝાડ બહેસ્તમાં છે અને તેની ડાળીઓ તેના ઉંચામાં ઉંચા ભાગ ઉપર લટકેલી છે. બહેશ્તનિવાસી જે કાંઇ ચીજની ઇચ્છા કરે છે તે તુરતજ તે ડાળીયો ઉપર દેખાય છે. તેઓને ખુદાતઆલા તરફથી ઇલ્મ, શક્તિ અને ઇચ્છા કે જે ત્રણે એકજ છે, તેના જેવી પરબારી તાઅ્યીદ યાને પ્રેરણા મળતી હોય તેવાઓનું આ એક રૂપાલંકાર છે. તેથી તેમને તાઅ્યીદ (પ્રેરણા)ની બક્ષીસ થએલી છે, તેઓને જે ચીજની ઇચ્છા થાય તે તેઓ સંબંધીના પોતાના ઇલ્મના પ્રભાવથી તુરતજ મેળવી લે છે.

Scanned with CamScanner

દરેક બહેશ્ત નિવાસીને "તાય્યીદ"માં હિસ્સો હોય છે. આજ કારણને લીધે જણાવેલું છે કે, તુબાના ઝાડની ડાળી દરેક બહેશ્ત નિવાસીના જરૂખાની બારી ઉપર લટકે છે. જે માટે કુરાને શરીફ (સુ. ૪૪ આ. ૫૪)માં ઇશારો છે કે **"અમે તેઓને પહોળી આંખોવાળી હુર સાથે પરણાવશું."**

આ મર્તબો બહારનાઓ અને અહલેતઝાદ યાને વિરૂધિયોને મળી શકતો નથી. એટલા માટે જ કુરાને શરીફ (સુરા ૫૫ આ. ૭૨)માં ખાસ ફરમાવેલું છે કે, **"(તેમાં) હુરાઓ છે કે જેને તંબુંમાં છુપી રાખવામાં આવી છે."** એટલે કે એવી કેટલીક હુરાઓ છે કે જેમને પડદામાં અલગ રાખવામાં આવી છે અને જે શખ્સની વર્તણુંક ફિરસ્તા જેવી હોય છે પણ તેણે ખરેખરી ફિરસ્તાઇ ખસલત પ્રાપ્ત કરેલ નથી અથવા જે કોઇ ફિરસ્તાઇ ખસલત ધરાવે છે, પણ (હજી) ફિરસ્તો બની શકયો નથી, તે ખરી હુરાઓને નિરખવાને હક્કદાર થઇ શકશે નહિ. આ માટે કુરાને શરીફ સુરા ૫૫ આ. ૫૬માં ઇશારો છે કેઃ "(કુમારીકાઓ) જેઓને તેઓની અગાઉ કોઇ માણસ અથવા જીન્ન અડકયા નથી". ફિરસ્તાઇ ખસલતના ફિરસ્તાઓથીજ એ થઇ શકશે. જેવો આત્મા પાછો ફરીને વર્ણવ્યા મુજબની હાલતે અને સ્થિતિનો આશ્રય લે છે. તેવો જ ખુદા-તઆલા પોતાના ઉચ્ચતર જ્ઞાન ધરાવનાર દરેક દોસ્તને,

Scanned with CamScanner

એક આશક પોતાની માશુકને મળતા જે પ્રકારનો અનેરો આનંદ અનુભવે, એવો અવનવો પરમ આનંદ બક્ષે છે.

### તુબાનું વૃક્ષ અને હુરાંઓ વિષેઃ

જાણી લો કે ખુદાતઆલા જેને મદદ કરે છે તે, દરેક વસ્તુને તેના હકીકતી (સત્ય) સ્વરૂપમાં જોવાને શક્તિવાન બને છે અને તેના રાજ્ય અને સર્વ શક્તિવાનપણાના દરેક અણુંમાં તેને દૈવી ઉદારતાનો ભાષ થાય છે. ખુદાની જાતની નુરાનીયત કે જે દરેક અણુંમાં જહુર પામેલ છે, તે જ્યારે વાસ્તવિકપણે એક રૂપ બને છે ત્યારે તે દ્રવ્ય બેશક એક અત્યંત ખુબસુરત સ્વરૂપ ધારણ કરે છે, અને બહેશ્તની જે હુરાંઓ કહી છે તેની મતલબ આ છે. એતો ખુલ્લુ છે કે સાફ આત્મિક ચક્ષુએ જોનારા શખ્સો, ફક્ત (બહેશ્ત) જોવાને જ પરમાનંદની હાલત નથી ગણતા. ઈલાહી અમ્રનું જ એ કામ છે કે જ્ઞાની (આરીફ)નો આખો આત્મા અને તેની સંપુર્ણ જાત, સંપુર્ણ મિલન અને સંયોગીક રીતે તે સ્વરૂપ સાથે એકાકાર બની જાય, કારણ કે કોઈ પણ ચીજના જ્ઞાન માટેનું કોઈ પણ વ્યક્તિનું ચિંતન, તે વ્યક્તિની જાત સાથે તદાકાર બની જાય છે.

### બહેશ્ત અને તેના દ્વાર

ગહન ખ્યાલની આલમમાં બહેશ્તનો અર્થ બકા યાને અમરપદ અને જ્ઞાન થાય છે. ઈન્દ્રીય

Scanned with CamScanner

જ્ઞાનના અનુભવમાં તેનો અર્થ આનંદ થાય છે આ મુજબ બીજા શબ્દોમાં કહીયે તો, તેનો અર્થ અમરપદ મેળવનાર, હકપરસ્ત લોકોને યાને જેઓ સાહેબે તાવીલ છે અને જેઓ ઈલાહી સ્પષ્ટીકરણ, તન્ઝીલનો ખરો અર્થ જાણે છે, તે લોકો થાય છે. આનંદની ઈચ્છા કરનારા તે લોકો છે, કે જેઓની નજર ફક્ત માન મરતબો અને દૌલત તરફ છે.

આ દુનિયાના લોકો ત્રણ વર્ગમાં વહેંચાયેલા છે. આગળ વધેલાં (સાબિક) જમણી બાજુના લોકો (અહલે-યમીન), ડાબી બાજુના લોકો (અહલે શમાલ). પહેલાં વર્ગના સાબિક લોકો એ છે કે જે અહલે વહેદત ગણાય છે. બહેશ્તની કમાલિયતનો આધાર તેમના ઉપર છે; જેમકે હ. રસુલ સ. હ. સલમાન સંબંધમાં ફરમાવે છે કે "ખરેખર બહેશ્ત પોતાના નિવાસીયોમાં સલામત હોય એવું, સલમાન બહેસ્તમાં રહેવાને ઇચ્છે એના કરતાં વધારે ઇચ્છે છે." વળી કહેવાય છે કે "અમને ડુબતા બચાવવા ખુદાતઆલાએ અમને પુરેપુરા ડુબાડી દીધા." તેમાંના દરેકને જુદા જુદા જરૂખા હોય છે, કે જેના ઉપર અને જેની બારી આગળ તુબા વૃક્ષની ડાળી લટકે છે. હુરાંઓ અને ખુબસુરત છોકરાઓ તેમની સેવામાં હાજર રહે છે. બહેશ્ત નિવાસીયોમાંની ઘણીજ માનવંત વ્યક્તિઓને પહેરવા બહેશ્તી રેશમના સીત્તેર હજાર પોષાકો હોય છે અને તેમાંના

Scanned with CamScanner

નાનામાં નાના દરજ્જાની વ્યક્તિને પહેરવાં, બહેશ્તી રેશમનાં બનેલા સિંતેર પોષાકો હોય છે.

બહેસ્તમાં વહેતા ચાર પ્રકારના ઝરાઓ (ચશ્મા)માંથી તેમને પીણું મળે છે. આ ઝરાઓ પાણી, દુધ, ચોખ્ખું મધ અને શરાબના હોય છે. તેઓને જે ઇચ્છા થાય તેવા પ્રકારનો ખોરાક તુબાની લટકતી ડાળીઓમાંથી તેમને મળે છે. કુરાને શરીફ (સુ. ૫૫ આ. ૭૨.) **"(તેમાં) હુરાઓ છે કે જેને તંબુમાં છુપી રાખવામાં આવી છે."**

ગુન્હાહિત કાર્યોથી જેઓ દુર રહે છે, તેમને માટે રહેવાનું સ્થળ બહેસ્ત છે પણ દીનના દુશ્મનો (અહલે-તઝાદ) દોઝખના વાસીયો છે અને તેઓને આ દુનિયામાં પ્રતિકુળ સંજોગોથી પીડવામાં આવે છે -તેઓ દોઝખી લોકો છે. આ ત્રણ પ્રકારના લોકો માટે કુરાને શરીફ (સુરા ૩૫ આ. ૩૨)માં ઈશારો છે કે **"તેઓમાંના કેટલાએક એવા છે કે જેઓ પોતાના પંડ ઉપર ઝોલમગાર છે અને તેઓમાંના કેટલાક એવા છે કે જેઓ વચલો માર્ગ ગ્રહણ કરે છે અને તેઓમાં કેટલાક એવા છે કે (જેઓ) સુકૃત્યો કરવા ખુદાના હુકમથી (એકબીજાની હરીફાઇ કરી) આગળ વધે છે."**

**જ્યારે લોકો હંમેશના રહેઠાણમાં જવા આ ફાની જગત છોડે છે, ત્યારે સહુથી પહેલાં તેમણે મુનકીર અને નકીરના સવાલનો જવાબ આપવો પડશે, "તારો ખુદા કોણ છે ?**

Scanned with CamScanner

**તારો ધર્મ કયો છે ? તું જેને અનુસરે છે તે પયગમ્બરનું નામ શું છે ? તારા ઈમામનું નામ શું છે ? તારો કિબ્લો કયો છે ? અને સામાન્ય રીતે તું કેવો છે ?"**

જો બંદા તરફથી એના જવાબ બરાબર (આવી રીતે) મળે કે; **મારો ખુદા રબ્બુલ આલમિન છે, મારો દીન હ. મહમદ મુસ્તફાનો પાક દીન છે અને મારો ઈમામ વખતના હાઝર ઈમામ છે વગેરે. તો બહેશ્તનો એક દરવાજો તેના માટે ખુલી જાય છે,** પણ જો તેનો જવાબ બરાબર નહિ હોય, ખુદા એવું ન કરે; તો તેને પુલસરાત ઉપર લઈ જવામાં આવશે. એનો અર્થ એ કે હજાર વર્ષ સુધી ટેકરીઓ ઉપર ચાલવું અને એક હજાર વર્ષ સુધી સપાટ રસ્તા ઉપર ચાલવું અને એક હજાર વર્ષ સુધી તળેટીમાં ચાલવું પડશે. તે રસ્તો વાળ કરતાં બારીક અને તલવારની ધાર કરતાં વધારે તીણો છે.

જો ખુદા વિષેનો તેનો જવાબ પરવરદિગાર તરીકેનો બરાબર હશે, તો દયાનો એક ફિરસ્તો તેની જમણી બાજુએ નજરે પડશે અને તેને પુલસરાત ઉપર લઈ જશે અને પુર્વથી પશ્ચિમ સુધીનો ઉંચાણવાળો રસ્તો તેને હથેળી જેવો સપાટ અને મુલાયમ લાગશે. જો તેનો જવાબ ખુદા ન કરે ને- અસંતોષકારક હશે, તો તે દોઝખ અને આગમાં પડી જશે અને ત્યાં તે બહુ દુઃખ પામશે.

Scanned with CamScanner

દોઝખમાં ઉંચામાં ઉંચી કોટીના લોકોને પહેરવાને આગના એક હજાર પોષાકો હશે, તેમનો ખોરાક એક મણ ઝકુમ ઝેરનો અને અર્ધો મણ આગનો હશે. જેવો એ નીચે હોઝરીમાં ઉતરશે એટલે એ શરીરના ચારે રસ્તાઓની દરેક ચીજને બાળી નાંખશે અને તેમાંનો અર્ધો ગળામાં ચીટકી રહેશે કે જેની બળતરાની જાણ વિશ્વના ચારે રસ્તાઓને થશે, તે મોત જેવું ભયંકર હશે.

બીજો વર્ગ એ લોકોનો બનેલો છે કે, જે પોતાથી બનતુ કરે છે અને તેમાંના કેટલાક એટલા નેક છે કે જે સાબિકોમાં આગળ પડતા છે.

બધાં એ તો સારી પેઠે જાણે છે કે, બહેશ્તને આઠ દરવાજા છે, અને એ મનુષ્ય પ્રાણીની આઠ પ્રકારની કાર્ય શક્તિ માટેની સંજ્ઞાઓ છે. એ કાર્ય શક્તિના ૮ પ્રકારો આ છે. જ્ઞાનેન્દ્રિઓ કલ્પના અને બુદ્ધિબળ, ઉપરાંત પાંચ જાહેર ઇન્દ્રિયો. અને તે સાથે વિચાર, કલ્પના અને બુદ્ધિ જ્યારે આ સાત શક્તિઓ છેલ્લાને યાને બુદ્ધિને અનુસરે છે, ત્યારે (ખરેખર) કોઈપણ વ્યક્તિથી સુકૃત્યો જ થાય છે અને તે તેને બહેસ્તના સુખ તરફ દોરી જાય છે. આ પ્રમાણે આ આઠ શક્તિઓ બહેસ્તના આઠ દરવાજા મિસાલ છે. જે કોઇ શખ્સની જ્ઞાનેન્દ્રિયો બુદ્ધિને અનુસરે છે તે બહેસ્ત મેળવવા પામે છે. કોઈપણ તરેહના ગુન્હાના કાર્યો તે કરતો નથી અને તે ફક્ત સારા અને મહાન કાર્યો

Scanned with CamScanner

કરવામાં રચ્યો પચ્યો રહે છે, -બહેસ્ત તેને માટે હમેશનું રહેવાનું સ્થળ છે.

## બહેશ્તના ઝરાઓ વિષે

બહેસ્તમાં ચાર જાતના ઝરાઓ છે. પાણીનો કે જે જરાએ નુકશાનકારક નથી; દુધ, શરાબ અને ચોખ્ખું મધ જેમકે કુરાને શરીફ (સુરા. ૪૭ આ. ૧૫)માં ફરમાવેલું છે; **"તેમાં પાણીની નદીઓ છે કે જે કદી વાસ મારી બગડનાર નથી અને દુધની નદીઓ છે કે જેનો સ્વાદ બદલાતો નથી અને દારૂની નદીઓ છે કે જે પીનારાઓને મધુર સ્વાદિષ્ટ લાગે છે અને શુદ્ધ મધની નદીઓ છે."**

પાણીની નદી; માણસ, પશુ કે વનસ્પતિ દરેક પ્રાણીને ઉપયોગી છે. આ નાતિકની (ધાર્મિક બોધ) દઆવત માટેની સંજ્ઞા છે, કે જે (ધાર્મિક બોધ)નો ઉદેશ દરેકને સમજાય એવી રીતનો હોય છે. શરીયતી અહકામોના અર્થ અને નાતિકના બોધ વચનનો લાભ અહલે વહેદતના લોકો અને અહલે તરતુબના લોકો કે જે (ઉપરની આયાતમાં જણાવેલ) માણસ સમાન છે અને અહલેતઝાદ કે જે (ઉપરની આયાતમાં જણાવેલ) પશુ સમાન છે, તેવાઓને પણ એક સરખી રીતે મળે છે.

દરેક નાતિકને પોતપોતાની વિલક્ષણતાઓ હોય છે. જેમ તંદુરસ્તીને અસર કરનારૂં ભાંભરૂં પાણી અથવા નિર્દોષ પાણી હોય છે, તે મુજબ

Scanned with CamScanner

જુદા જુદા નાતિકો તરફથી દાખલ કરવામાં આવેલી જુદી જુદી ધાર્મિક વ્યવસ્થાઓ, શરીયતો જુદા જુદા મુળતત્વોની બનેલી હોય છે. કેટલાક તત્વો દરેકને માટે સરખા રાખવામાં આવેલા હોય છે. જેવાં કે આઝાબનો વાયદો, કયામતના પ્રસંગો અથવા હરામ ઠરાવેલી ચીજોથી દુર રહેવાનું ફરમાન.

આવા અહકામોમાંના કેટલાક મઝહબની જાહેરી બાજુ પાળનારા લોકો ઉપર બોજા રૂપ છે. દાખલા તરીકે રોજા, નમાઝ, ઝકાત અને હજ જેવા અહકામોનું સખ્ત પાલન કરવાની ફરજ, જાહેર પરસ્ત લોકો ઉપર નાંખવામાં આવેલ છે. બીજા કેટલાક અહકામો જેવા કે મહાન ગુણોની ખીલવણી કરવી અથવા તાવીલ (ગુઢાર્થ)નો ભાવાર્થ સમજવો.

જે કોઇ અમ્ર અલ્લાહની પેરવી કરે છે તે
પરવરદિગાર સાથે છે.
જે કોઇ તેની પેરવી નથી કરતો તે તેની
(ખુદાની) સાથે નથી.

જેમ પાણીની બાબતમાં બને છે તેમ જરા ઓછા પ્રમાણના લોકોને દુધની નદી લાભ પહોંચાડે છે. બધી જાતની વનસ્પતિ અને જીવંત પ્રાણીઓમાંથી કેટલાક વર્ગોના પ્રાણીઓને દાખલા તરીકે પક્ષીઓને તેની જરૂર નથી હોતી.

(દુધની નદીની) આ સંજ્ઞા મહાન હુજ્જત તરફના ભેદ માટે છે કે "જેના સ્વાદમાં કદી ફરક પડતો નથી."

Scanned with CamScanner

યાને તેમાં વધુ ખુલાસા (તાવીલ)ની જરૂર હોતી નથી. આ ફકત એ લોકો માટેજ છે કે જેઓ શક્તિશાળી છે અને જેઓને (હકીકતી દીનના) ખાસ પ્રચાર કાર્ય માટે રોકવામાં આવેલા હોય છે યાને જેઓ ઈમામે ઝમાનના મુરીદો છે. અને જેઓ કુરાને શરીફ (સુરા ૪ આ. ૫૯)માં ફરમાવેલ છે કે "હે મોમનો, ખુદાનો હોકમ ઉઠાવો અને પેયગમ્બરનું તથા તમારામાંના (ઉલીલ અમ્ર) હુકમની સત્તા રાખનારનું ફરમાન ઉઠાવો." મુજબ તેની (ઈમામે ઝમાનની) તાબેદારી કરે છે. હ. રસુલ સ. ફરમાવે છે કેઃ "હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો (બાબ) છે." એટલે કે ઘણોજ પાક બાબ.

મધનો ઉપયોગ દુધ વાપરનારાઓ કરતાં પણ વધારે ઓછી સંખ્યાના પ્રાણીઓ કરે છે. ફકત આદમ ઝાત અને અમુક પ્રાણીઓ જ તેનો કાંઈ પણ લાભ ઉઠાવે છે. આદમ જાતના કેટલાક દર્દો સાજા કરવાના કામમાં તે આવે છે. આ અસાસની તાવીલો કે જેનો હેતુ લોકોની જાહેલીયત અને તકલાદી પરહેઝગારીના દર્દો નાબુદ કરવાનો છે તેની સંજ્ઞા રૂપે છે. શિક્ષક વર્ગના લોકો સાથે જ ફક્ત તેને નિસ્બત છે; જેવી રીતે ત્રણ પ્રકારનું મધ મળે છે; જેવું કે કાચુ (અશુદ્ધ) મધ, અથવા થોડુંક શુદ્ધ થયેલું અથવા તદ્દન ચોખ્ખું મધ. તેવી જ રીતે તાવીલ (ગુઢાર્થ)ના પણ ત્રણ દરજ્જાઓ છે. વાર્તાના અર્થનો ખુલાસો કે જે સર્વથી

Scanned with CamScanner

સાદો છે- મજહબના અહકામોમાં સમાયેલા ભાવાર્થનો ખુલાસો -તે વચલો રસ્તો છે, અને બાતુની અર્થ સમજાવવા વાપરવામાં આવેલ રૂપકોનો ખુલાસો.

મધ વાપરનારાઓની સંખ્યા કરતા શરાબની નદી એથીએ વધારે ઓછી સંખ્યાવાળાઓ માટે છે. કારણ કે શરાબ ફક્ત મનુષ્ય પ્રાણીની મજા પુરતો જ મર્યાદિત છે. તે દિલગીરી અને ગમગીનીમાં રાહત આપે છે. તે ઈમામ તરફની દિવ્ય પ્રેરણા યાને તાય્યીદની સંજ્ઞા રૂપે છે. આ ઘણા થોડા માણસોને મળી શકે છે અને તે તેમને આ દુનિયા અને આખરતની ધાસ્તીમાંથી રાહત આપે છે. આ દુનિયાના લોકો માટે શરાબ નાપાક અને હરામ ઠરાવેલી વસ્તુ છે, છતાં બહેશ્તના વાસીયો માટે તે પાક અને હલાલ ચીજ છે. જેમકે કુરાને શરીફ (સુરા. ૧૬ આ. ૧૧૫)માં ફરમાવેલું છે કે **"માત્ર તેણે તમારે માટે મુરદાર અને લોહી અને ડુક્કરોનું માંસ અને જેને કાપતી વખતે ખુદાના નામો સિવાય બીજું નામ લેવામાં આવ્યું હોય, તે હરામ ઠરાવેલું છે."** આ (મનાઇ હુકમ) નાતિકના શિક્ષણ બાબતમાં છે. કોઇ વખત એવું બને છે કે, તે માટે કોઈમાં ભેદભાવ રાખવામાં નથી આવતો યાને અહલેતઝાદ એટલે દીનના દુશ્મનો માટે પણ તેની મનાઇ નથી. જ્યારે કોઇ વખત તે માટે ભેદભાવ પણ રાખવામાં આવે છે અને તે ફક્ત બહેશ્તના રહેવાશીયો અને અહલેવહેદત યાને ખુદામાં

Scanned with CamScanner

ઓતપ્રોત થયેલા લોકો જેવા કે હુજ્જતો, દાઇયો, માઝુનો, મુઅલ્લીમો અને મુસ્તાજીબો માટે હલાલ હોય છે.

"અમારા મજહબમાં શરાબની મંનાઇ છે
પણ અણવિકસેલી કળીસમ તનવાળા,
ઓ સરૂ વૃક્ષ તારા ચહેરાના દિદાર કર્યા
પહેલાં (વગર) તે પીવાની મનાઇ છે."

સિરાતલમુસ્તકીમ (સીધો રસ્તો), મિઝાન (પાપ પુણ્ય તોળવાનો કાંટો) અને મરણને હિસાબના દિવસ વચ્ચેના ગાળા સંબંધી બાબતો ઉપર હવે આપણે આવશું.

જાણી લ્યો કે, પુલસિરાત દોઝખના ઉપરનો પુલ છે. તે વાળ કરતા પણ વધારે બારીક અને તલવારની ધાર કરતાં વધારે અણીદાર છે. તેનો માર્ગ હજાર વર્ષનો ચઢાણવાળો, એક હજાર વર્ષનો સપાટ અને એક હજાર વર્ષનો નિચાણવાળો છે.

એ પણ જાણી લ્યો કે, 'લેખા' હિસાબના ઉચ્ચારણનો અર્થ એ છે કે, 'દરેકના સારાં અને નરસા કૃત્યોને એકઠાં કરવાં'; જેમકે કુરાને શરીફ (સુરા. ૯૯ આ. ૭-૮)માં ફરમાવેલ છે કે "પછી જે કોઇ એક કીડી જેટલું પણ ભલુ કરશે તે તે જોશે અને જે કોઇ એક કીડી જેટલું પણ દુષ્ટ કર્મ કરશે તે પણ તે જોશે."

ઇમામે ઝમાનની શનાખત દ્વારા આ બધુ મળી શકે છે અને જે કોઇ આ ફરમાન કે, "બીજાઓ તમારી પાસે હિસાબ

માંગે તે પહેલાં તમે તમારી પોતાની પાસેથી હિસાબ માંગી લ્યો" એ મુજબનું પોતાનું વર્તન રાખે છે, એવા લોકો તેઓ જે કાંઇ કાર્ય કરે અથવા કાંઇ કહે તે ઉપર હમેશાં બહુજ શોચ વિચાર કરે છે. તેઓ એમાંના હશે કે જેમને માટે કુરાને શરીફ (સુરા. ૮૪ આ. ૮)માં ફરમાવેલું છે કે **"તેનો હિસાબ સહેલાઇથી જલ્દી લેવામાં આવશે."** કારણ કે કુરાને શરીફ (સુરા. ૭. આ. ૮-૯)માં પણ ફરમાવેલું છે કે "અને તે દિવસે (કૃત્યોનો) તોલ સત્ય છે પછી જેનો તોલ ભારે થશે તેઓ આગથી મુક્ત થનાર છે પણ જેનું વજન હલકું થશે તેઓ તેજ છે કે જેઓએ પોતાને જ નુકશાન કર્યું છે."

મનુષ્યોના કર્મના કાંટા ઉપર વજન કરવામાં આવતા થયેલા કૃત્યોના ભારેપણાનો અર્થ જુદો થાય છે.

એવું કર્મ કે જેનું કારણભુત શરીર પોતે ન હોય પણ તેમાંથી તૃપ્તિ મળી શકી હોય અને કોઇપણ વ્યક્તિ એવી રીતે કર્મ કરીને આનંદમય લાગણી, ખુશી અને તૃપ્તિ મેળવે, જેમકે કુરાને શરીફ (સુરા ૧૦૧ આ. ૬-૭) માં ફરમાવેલું છે કે; "પછી જેના (કૃત્યોના) કાંટાનો તોલ ભારે થશે તે ખુશકારક જીન્દગીમાં રહેશે." કાંટાના (સામી બાજુના) ભારે પલ્લાના વજનની મતલબ કામવાસના અને મનોવિકાર જેવાં કૃત્યો થાય છે કે જેની અસર માણસના જીવમાં ગભરાટ પેદા કરે છે. આવા કર્મો કરનાર શખ્સ

Scanned with CamScanner

હવીયા દોઝખમાં પડે છે; જેમકે કુરાને શરીફ (સુરા ૧૦૧ આ. ૮-૯)માં ફરમાવેલ છે કે; "પણ જેના (કૃત્યોના) કાંટાનો તોલ હલકો થશે તેનું રહેઠાણ હાવીયા (દોઝખ) છે."

હ. ઈસા પેયગમ્બર અ. માટે કુરાને શરીફ (સુરા ૪ આ. ૧૭૧)માં ફરમાવેલું છે કે; **"ખુદાનો શબ્દ છે, જે તેણે મરીયમ પાસે પહોંચાડયો છે, અને તે ખુદા તરફનો પાક આત્મા છે."** હ. ઈસા પેયગમ્બર ઈન્જીલમાં ફરમાવે છે કે; "આસમાનમાંથી જે નેકી મોકલવામાં આવેલ તે હું છું."

જેઓ ભલા છે તેઓનો એવો ઈરાદો નથી હોતો કે, જે કાંઇ બને છે તે વિષેની વાતો કહી દે. તેઓનો ઈરાદો ભવિષ્યમાં શું બનવાનું છે તે અગાઉથી કળી લેવાનો હોય છે ખુદાતઆલાએ દરેકને જીન્દગી આપેલી છે; મનુષ્ય અને જીન્દગીનું મુળ તે છે, -તેના વગર દુનિયા ટકી શકે નહી, એટલા ખાતર દુનિયા અને મનુષ્ય તેની સાથે જ હૈયાતી ભોગવે છે; તેના બન્દાઓ તેની સાથે હૈયાતી ભોગવે છે. પણ જેઓ આ જાહેરી દુનિયાને જ પોતાનું સર્વસ્વ માની બેઠા છે તેઓ હકીકતમાં મુએલાં છે.

કુરાને શરીફમાં* આ જાહેરી દુનિયાની સરખામણી ખોટા ઈમામો સાથે કરેલી છે કે

* મી ઈવેનોવના જાણાવ્યા મુજબ આ કુરાને શરીફની આયાત નહિ પણ ખરી રીતે હદીસ છે.

Scanned with CamScanner

જેને કાફરો અને મુનાફકો પુજ્ય ગણે છે. "જેઓ પેલી દુનિયાના છે તેમને માટે આ દુનિયા નાજાએઝ ઠરાવવામાં આવેલ છે. અને જેઓ આ દુનિયાના છે તેઓના માટે ઓલી દુનિયા નાજાએઝ ઠરાવવામાં આવી છે અને જે અલ્લાહના છે તેઓ માટે એ બેઉ (દુનિયા) નાજાએઝ ઠરાવવામાં આવી છે.

જ્યાં સુધી તારા ખુબસુરત ચહેરાના દિદાર ન કરૂં,
ત્યાં સુધી બહેશ્તમાં નહિં જાઉ;
જો તેમાં દોસ્ત ન હોય તો બહેશ્ત શા કામની છે ?"

આ જાહેરી દુનિયાને મૃગજળ સાથે સરખાવવામાં આવેલ છે; જેમકે કહેલું છે કેઃ-

"આ દુનિયા ઝાંઝવાના જળ જેવી નથી તો કોના જેવી છે ?. ફક્ત તેજ (ખુદાતઆલા) અસ્તિત્વ ધરાવે છે - તું શા માટે ખોટા પાછળ દોડે છે ?

નાના મોટા, બાળક અને યુવાન બધાને એ ઠગે છે." **ઝાંજવાના જળ એટલે હકીકતમાં કાંઈજ નહિ. ફક્ત મનુષ્યની કલ્પનાજ છે.**

આ ઉપરથી એ ચોખ્ખું સમજાય છે કે, ખુદાતઆલાની ખરી બંદગી અને મારિફ્રત એને જ ગણી શકાય, કે જે પોતાપણાનું જ્ઞાન અને આત્માભાનને પોતાના દિલ ઉપરથી સંપુર્ણપણે હઠાવીને, તેને બદલે એવા જ્ઞાન ઉપર તેને કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કરે કે, ' 'તેના થકીજ દરેક

Scanned with CamScanner

ચીજ અસ્તિત્વમાં છે અને હકીકતમાં પોતા જેવી કોઇ ચીજ નથી." આજ રીતે કોઇપણ વ્યક્તિ, તેની (ખુદાતઆલાની) સાથે જે શખ્સ એકરૂપ છે, તેની મારિફત હાંસલ કરી શકશે. આ શખ્સ ખુદાતઆલાની સાબિતી (હુજ્જત) છે, - આપણા મહાન મૌલા કે જેના નામનો જય હો.

જો એકજ વખતે લાખ જેટલા માણસો પણ પોત પોતામાં કરારનામું કરે, છતાં એને એક્યતા ગણી શકાશે નહિ; જરાએ નહિ. તે પોતેજ જુદાઇ રૂપ છે. ઇલાહી અહકામો અને મનાઇવાળા; ખુદાતઆલા તરફથી લદાયેલા બંધનોથી તેમને સંગઠિત કરવાની જરૂર છે એજ રીતે તેઓ મોક્ષ અને આત્મિક શાંતિ મેળવી શકશે. કુરાને શરીફ (સુરા ૬૬ આ. ૬)માં ફરમાવેલું છે કે **"તેઓ ખુદાએ જેનો તેઓને હોકમ કર્યો છે. તેની નાફરમાની કરતાં નથી અને જે તેઓને હોકમ કરવામાં આવે છે તે તેઓ બજાવે છે."** જો તું એક બળવાખોર દાનવ અથવા શયતાન હોય, તો તારા માટે ખુદાઇ શરીયત કે તરીકતનો દરવાજો જુદો હશે, જેવી રીતે કે તેની બંદગી કરવાના અને તેની મારિફત મેળવવાના તરીકા જુદા જુદા હોય છે તેમ.

જાહેરી દુનિયાના લોકો પોતાની જબાનથી ખુદાવંદતઆલાના નામનો ઉચ્ચાર કરે છે, જે પણ એક ઉત્પન્ન થએલી વસ્તુ છે. તેઓ ફકત ખુદાનું નામ જાણે છે ખુદ ખુદાને નહિ; કારણ કે ખુદા તરફના પુરૂષ મારફત તેઓ

Scanned with CamScanner

ખુદાને નથી ઓળખતા. આ નામ માટેનો એક ખ્યાલ તેમની કલ્પનાની શોધ છે. એ મુજબ એ ચોખ્ખું સમજાય છે કે તેઓ પોતાની બનાવેલી વસ્તુને ઓળખે છે, ખુદાને નહિ.

તેઓ નમાઝ અને દુઆ પડતી વખતે પોતાનો ચહેરો આકાશ તરફ અથવા ખાના (કાબા) તરફ રાખે છે પણ તે ખાના (કાબા)ના માલિકને બરાબર ઓળખતા નથી હોતા. તેઓ મુળે જન્મથીજ આંધળા છે. ખુદાતઆલાએ કુરાને શરીફ (સુરા ૨ આ. ૧૮)માં ફરમાવેલ છે કે; **"તેઓ બહેરાં, મુંગા (અને) આંધળા છે તેથી તેઓ પાછા ફરશે નહિ."** એ તેવાઓ માટે જ છે. -એ મુજબ બેશક રોઝે કયામતના, તેજ જગયાએ (યાને દોઝખમાં) તેઓને મોકલવામાં આવશે.

( ઓળખાણની આ (ચાલુ) રીતથી અથવા ચાલું ઈલ્મથી મારિફતે ઈલાહી કોઈ હાંસલ કરી શકતું નથી. કયામતના દિવસે પોતાનું કે કોઈપણ વસ્તુનું ભાન રાખવું જોઈતુ નથી. જો તમને તેની મારિફત હાંસલ થાય તો, તમારી નજરમાં તમે કાંઈ નહી હો; કારણ કે જે સર્વ કાંઈ છે તે તેજ છે. પોતે પોતાને મરેલાં સમજવું (યાને ખુદીને ખોઈ નાંખવી) એના જેવો તેને (ખુદાતઆલાને) મળવાનો નજદીકનો બીજો કોઈ દરજ્જો નથી. એથી કાયમ, કયામત, શનાખત, અલ્લાહ, નમાઝ, બંદગીનો હેતું, મારિફત, બદલો વગેરે એકની એકજ ચીજ બની રહે છે અને (હકીકતમાં) એ બધી એકની

Scanned with CamScanner

એક જ ચીજ છે. આપણે આંતરજ્ઞાનથી જોઇશું તો જણાશે કે, આ બધી વસ્તુઓ એક બીજાને મળતી જ છે અને એ બધી વસ્તુઓ ખુદાની હસ્તીની સાબિતીઓ છે, કયામતના પ્રકાશથી (અજ્ઞાનતાના નાશથી) ખુદા પોતેજ પોતાની સાબિતી બની જાય છે. તે વખતે કોઇ નજર અથવા આંતરજ્ઞાન અને બીજા તરફની કોઇ તઆલીમ નહિ હોય. તે ખુદબખુદ સીધી રીતે ઓળખાશે.

કોઇપણ માણસ તેને પોતાની ખુદની કોશીષથી ઓળખશે નહિ, તેની ઝાત તેના પોતાના થકીજ ઓળખી શકાશે.

## શરીયત અને કયામત

શરીયત અને કયામત વચ્ચેનો સંબંધ એવો છે કે; તેમનો એક બીજા સાથેના સંબંધનો ક્રમ ઉલ્ટાઇ જઇ શકાતો નથી અને કયામત પછી શરીયત હોઇ શકતી નથી; કારણ કે પછી તો તે ગમે તે રીતે તેની તે જ કયામત રહે છે, એ વાત ખોટી છે કે આ બેઉ વચ્ચેનો તફાવત ભુલી જવા જેવો છે અને કયામત તેના (શરીયત)થી જુદી નથી; કારણ કે જો ખરેખર એથી ઉલ્ટી બાબત હોય તો તેની હસ્તી હોય, અને જેની હસ્તી હોય, તેને તેની વિરૂદ્ધની બાજુ યાને તેની નિસ્તી હોય, કે જે એને હોઇ શકે જ નહિ.

આલમ ધણી મૌલાના-જેના નામ ઉપર નમન અને તેના નામનો જય હો, -આ સંબંધી ફરમાવે છે કે; "મખલુકાત

Scanned with CamScanner

તેના સરજનહારનો બુરખો છે અને મખલુકાતની હાલત તેની ખુદાઈનો બુરખો છે, તેજ પ્રમાણે શરીયત એ કયામતનો બુરખો છે."

આ દુનિયા અને તે (દુનિયા) વચ્ચે કાંઈ વધારે છેટું નથી,
પણ તે રસ્તા ઉપર એક દિવાલ આવેલી છે, કે જે
(દિવાલ) ખુદ તારી હસ્તી છે.

એ મુજબ ખુદાતઆલાની શનાખત, ખુદાતઆલાની બંદગી, ખુદાતઆલાની મારિફત, ખુદાતઆલાની ગીરીયાઝારી, એ બધા ખુદાના બુરખા રૂપે છે. મુહિકક યાને સત્ય પુરૂષનો બોલ અને કાર્ય પણ ખરી રીતે તેનો બુરખો છે. ખુદાતઆલાના અદલો ફજલ તેના બુરખા યાને તેની ખુદાઈના બુરખા છે જ્યારે આપણે "યા ખુદા" કહીએ છીએ ત્યારે આપણે ખુદાતઆલાને વિનવીએ છીએ, બીજી કોઈ ચીજને નહિ.

કેટલાએક લોકો મને પુછે છે કે "બહેશ્તમાં તમે શું એમ કહેશો કે 'યા સુબ્હાન અલ્લાહ' ?" હું કહીશ કે; "બેઉ જહાનનો તું માલિક છે, બહેશ્ત અને દોઝખનો માલિક પણ તું જ છે, બધું તારી ઈચ્છા અને હુકમને આધિન છે." તું કહે છે કે 'મારે બહેશ્તનો નિવાસી થવું છે.' લોકો કોઈને પણ એમ કહેશે કે "આખી દુનિયાનો બાદશાહ થા." તે જવાબમાં કહેશે કે "જો મને રઈયત થવાની પણ પરવાનગી ન મળે તો મારે બાદશાહ બનવું નથી."

Scanned with CamScanner

દરેક જણ, જે કોઇ એમ કહેશે કે; હું જાણું છું અથવા નથી જાણતો; અથવા હું ઓળખું છું અથવા નથી ઓળખતો; અથવા મને જોઇએ છે, અથવા મને નથી જોઇતું; હું બંદગી કરૂં છું, અથવા હું બંદગી નથી કરતો; હું છું અથવા હું નથી, આ બધું તે પોતે આલમે કસરતનો હોવાથી એમ કહે છે.

જો તને કોઇપણ બાબતનું જ્ઞાન છે, તો ખરી રીતે તે, તે બાબતનું તારૂં અજ્ઞાન છે, અને જો તું અજ્ઞાન છે તો તેનાથી તું જ્ઞાન હોવા બરાબર છે. જો તું હૈયાત હો તો, તે તારી બિનહૈયાતી બરાબર છે. અને જો તું બિનહૈયાત હો તો તું હૈયાત હોવા બરાબર છે. આ બધા સાથે તારો શો સંબંધ છે ? તારે તારા પોતા સાથે અને તારા સિવાય બીજાઓ સાથે શો સંબંધ છે ? જો તું એવા પ્રકારના ખ્યાલ કરે નહિ, તો તું સાચા ઇમાનીની સ્થિતિ પ્રાપ્ત કરશે. એવાઓની સ્થિતિ કે જેઓ અલ્લાહ એક છે એમ અને તેની ઐકયતામાં ઇમાન રાખે છે. "આ" અને "પેલો"ના ઉચ્ચારણોમાં પોતાનો તો કાંઇ અર્થ જ નથી. એજ પ્રમાણે "હું" અને "તું" પણ અર્થ હિણ છે. જેવી "તે" વ્યક્તિ છે તેવોજ "તું" છે.

આ છે વહેદત યાને એકતા અને એકેશ્વરવાદીનો અર્થ. પોતે વિચાર કરે છે, બોલે છે, કર્મ કરે છે એ (ભાવના)નો ત્યાગ એ શરીયત અને કયામત બન્ને છે. પણ પોતે કાંઇક છે અથવા નથી,

Scanned with CamScanner

પોતે હરે છે ફરે છે અથવા નહિ, પોતે જ્ઞાની છે કે અજ્ઞાન, પોતે બોલે છે યા નહિ, પોતે કર્મ કરે છે અથવા નહિ, એવી ભાવનાનો અર્થ શરીયત છે; જ્યારે હું પણાની નાબુદીનો અર્થ કયામત છે.

નબીઓ અને ઈમામો કાંઈક નવું શીખવવાના હેતુસર નથી આવતા. ના, તેઓ એ હેતુસર જ આવ્યા હતા કે તેઓને તેમના અસલ કુદરતી ધર્મ (ફિતરત)થી દુર ફેંકી દેનારી જે બાબતો લોકો શીખ્યા હતા, તે બધી બાબતો તેમના મગજમાંથી ભુસી નાંખીને તેમને તેમના અસલ કુદરતી ધર્મ (ફિતરત) ઉપર પાછા લાવવા. બાબા સૈયદના ખુદાતઆલા તેમના આત્માને ઉન્નત બનાવો - ફરમાવે છે કે; "રસુલ અને ઈમામની ઉંચ શનાખત મેળવવી એ ફિતરત (યાને અસલ કુદરતી ધર્મ) છે, અને જે બહેશ્તમાંથી હ. આદમ (અ.)ને હાંકી કાઢવામાં આવ્યા હતા તે પણ ફિતરત જ હતી."

અને બાબા સૈયદના ફરમાવે છે કે; "આરબોની ફિતરત (કુદરતી ધર્મ) એવી છે કે, તેઓ પોતાના સગા સંબંધીયોની દરકાર નથી રાખતા." એટલા ઉપરથી હ. રસુલ સ. ફરમાવે છે કે; "હું કોમે અરબનો છું, (પણ) બધા અરબો મારા નથી." કારણ કે મજહબી બાબતમાં કોમીપણું કાંઈ અગત્યતા ધરાવતું નથી અને કોઈ પણ કોમમાંથી નવો ઈમાનદાર બનાવી શકાય છે.

Scanned with CamScanner

વિદ્વાન બ્રહ્મજ્ઞાનીઓ અને તત્વવેતાઓ, પોતાની ઉંચી કૃત્રિમ કલ્પનાઓમાંથી જેકાંઇ કહે, તેથી કોઇ ખુદાઇ શનાખત હાંસલ કરી શકતું નથી. - કૃત્રિમ શુક્રથી કદી બચ્ચું પેદા થઇ શકે ખરૂં ? ! એ મુજબ જેમ કુદરતી મનુષ્યના શુક્રથી મનુષ્ય પેદા થઇ શકે છે તેજ મુજબ મનુષ્ય ખાસિયત, રૂહાની સ્વભાવ અને તેનો છુટકારો ફક્ત અસલ ઇલાહી વાણીમાંથી મેળવી શકાય છે.

મૌલાના શાહ મોએઝ (જેમના નામ ઉપર નમન) ફરમાવે છે કે "આ બાબત હદીસથી સાબિત છે કે, અકલ (અમુક બાબતમાં) ભુલ સુધારે છે કે, જેથી જે સત્ય (બાબત) છે તે (ખરેખર) સત્ય યાને અસલ ફિતરત બની જાય." મૌલાના શાહ બાકિર (જેમના નામ ઉપર નમન અને તેમના નામનો જય હો) ફરમાવે છે કે, "ખુદાના રસ્તામાં કૃત્રિમ બનાવટો અથવા મિશ્રિત કલ્પનાઓને કોઇ સ્થાન નથી." જ્યારે કોઇ હકીકી ભાઇને ફિતરતની તાવિલથી ઉપદેશ આપી, મજહબમાં નવો દાખલ કરવામાં આવે છે ત્યારે એની સાથે વિદ્વાન બ્રહ્મજ્ઞાનીઓની વાતો કરવી એ એના માટે સારૂં નથી. લોકોને પહેલાં શરીયત અને તેના અહકામોની પાબંદી કરવાનું શીખવવું જોઇએ કે જેથી એ લોકો પોતાની અસલી ચાલુ હેવાની રીતભાતમાંથી જાગૃત થાય. પહેલાં પોતે મનુષ્ય પ્રાણીઓ છે.

Scanned with CamScanner

એવી તેમને લાગણી ઉદ્દભવવી જોઈએ અને ત્યાર પછી તેઓ ખરેખરા ઈન્સાન બનશે. કહેવાય છે કે એ બાદ હજી એથી વધારે ઉંચો દરજ્જો છે કે જે અકલનો અને નેકીનો છે કે જે દરજ્જો લોકોએ અક્કલવાળા પ્રાણીઓ બનવા માટે પ્રાપ્ત કરવાનો છે, આ પ્રમાણે એક પછી એક વધુ પુર્ણતાવાળા ચઢિયાતા દરજ્જા હોય છે.

હ.મસ્સીહ (હ. ઇસા અ.) ફરમાવે છે કે; "હું તૌરેતને (કિતાબ) રદ કરવા નથી આવ્યો, પણ તેને પુર્ણ બનાવવા આવ્યો છું."

આલમે તન્ઝીલ અથવા ઈલાહી સ્પષ્ટીકરણની દુનિયા, કે જે દરેકને માટે નક્કી કરવામાં આવેલ છે તેમાં શારીરિક જન્મ થાય છે. રૂહાની જન્મ, આલમે તાવિલ યાને ધર્મના ગુઢાર્થોના સ્પષ્ટીકરણની દુનિયામાં થાય છે. ખુદ તન્ઝીલમાં જાહેરી અને બાતુની બેઉ અર્થ સમાયેલા હોય છે પણ લોકો આ હકીકત તરફ હમેશાં બેદરકાર રહે છે અને તેથી તેઓ મોક્ષગતિને પામતા નથી.

હ. મહમદ રસુલ સ. ફરમાવે છે કે; "જે કોઇ બે વખત જન્મ લેતો નથી, તે સ્વર્ગિય રાજ્ય કદી પણ પ્રાપ્ત કરી શકતો નથી." જો કોઇ શખ્સ, પેયગમ્બરો અને નેકપુરૂષો યાને સંતજનો એ ફરમાવેલા બધા સુકૃત્યો કરે અને એથીએ વધુ એમ કરે કે, તે થઇ ગયેલા નબીઓ, ઈમામો અને સંતજનોને ઓળખે અને તેમાં ઈમાન ધરાવે,

Scanned with CamScanner

છતાં જ્યાં સુધી તે તેના **પોતાના જમાનાના ધણી હાજર ઈમામની શનાખત ન મેળવે ત્યાં સુધી એ બધું તેને કાંઇ કામ આવશે નહિ અને તે એક કાફરના મોતે મરશે.**; એ વગર (યાને ઈમામે ઝમાનની શનાખત વગર) તે એવા શખ્સ તરીકે મરશે, કે જે હ. રસુલમાં કદીયે ઈમાન લાવ્યો ન હોય. તેનું સ્થાન એક મુશરીક અને મુનાફકના જેવું જ થશે. મારિફતે ઈલાહી, શનાખતે રસુલ અને શનાખતે ઈમામ (એ ત્રણે) ખુદાતઆલા સાથે મર્દે વકત યાને ઈમામે ઝમાન થકી જોડાયેલાં છે. તેનું ફરમાન તે ઈલાહી ફરમાન છે, જેવી રીતે કે કુરાને શરીફ (સુરા ૪. આ. ૬૨)માં ફરમાવેલ છે કે; "તાબેદારી કરો ખુદાતઆલાની, તાબેદારી કરો રસુલની અને (તાબેદારી કરો) તમારા માંહેના સત્તાધારી (ઉલુલ અમ્ર)ની" થઇ ગયેલ ઈમામોના ફરમાન (પાળવા)થી કાંઇ ફાયદો નહિ થાય.

હક મૌલાના શાહ જાફર સાદિકે એક હદિસ ટાંકીને ફરમાવ્યું છે કે "દાદાથી બાપ નસલ બ નસલ ઉતરી આવેલા.... એ વિષે હ. રસુલ સ. ફરમાવે છે કે મારા જાનશીનોમાંથી એક કાયમ મારી ઉમ્મત વચ્ચે હમેશાં હોય છે."

આવા જાનશીન યાને હાઝર ઈમામના આયુષ્યનું પ્રમાણ સામાન્ય મનુષ્ય જેટલું જ હોય છે. તેઓ એવી રીતે નથી રહેતા કે કોઇને જડેજ નહિ પણ દરેક જમાનામાં કેટલાએક પસંદ કરાયેલા શખ્સો હોય છે કે જેઓ "કાયમ"ને ઓળખતા હોય

Scanned with CamScanner

છે અને તેમને નજરે જુએ છે યાને તેમના દિદાર કરે છે અને બીજા લોકોને તેમની પાસે લઈ જાય છે. જેવી રીતે કુરાને શરીફ (સુરા ૩૬ આ. ૧૨)માં ફરમાવેલું છે કે; "દરેક ચીજ અમે જાહેર ઈમામમાં ગણી (યાને સમાવેલી) છે. અને વળી કુરાને શરીફ (સુરા ૨૮ આ. ૮૮)માં ફરમાવેલ છે કે; "ખુદાના ચહેરા સિવાયની સર્વે ચીજ નાશવંત છે." વળી એ આયાતના ટેકામાં (સુરા ૪૮ આ. ૧૦)માં ફરમાવેલ છે કે; "ખુદાનો હાથ તેઓના હાથ ઉપર છે." આ જેના માટે કહેલું છે તે, તે જ યાને હાજર ઈમામના સંબંધમાં છે.

આ આયાત -

"તેઓના હાથ ઉપર ખુદાનો હાથ છે, એ તેના (ઈમામે ઝમાનના) સંબંધમાં જ જાહેર થયેલ છે કારણ કે; તેના (ઈમામે ઝમાનના) હાથ કરતાં બીજા કોઈનો હાથ કદીપણ ઉંચો હોઈ શકતો નથી.

હ. ઈમામ જૈનુલઆબેદીન સાહેબનો કૌલ છે કે; "ખુદાતાલાની શનાખત એ ઈમામે ઝમાનની શનાખત છે. ખુદાતાલાની તાબેદારી કરવા જેટલી જ ફરજ તેના તરફ ભક્તિભાવ ધરાવવાની છે." કહેલું છે કે "અને તે ખુદાતઆલામાંથી છે."

એ મુજબ આસમાન અને ઝમીનની હસ્તી છે, ત્યાં સુધી ખુદાતઆલાના બંદાઓ ઉપર તેની (ઈમામે

Scanned with CamScanner

ઝમાનની) શનાખત મેળવવાનું અને તેની તાબેદારી કરવાનું વાજબ અને લાજમ છે. હ. મહમદ મુસ્તફા રસુલ સ.ના ઝમાના પહેલાં ઈમામો નહોતા એમ ધારવું અશકય છે. હકીકતમાં તે, આ જગત અને લોકોની ઉત્પતિ પહેલાં હજારો સઈકાઓથી હતા, અત્યારે તે છે અને (હમેશાં) તે રહેશે. ઈમામની શનાખત મેળવ્યા પછી દરેક શખ્સે એ જાણવાની જરૂર છે કે, જગતની ઉત્પતિ પહેલાંના ઝમાનાથી હ. આદમ અ.ની ઉત્પતિ સુધી, હ. આદમ અ.થી ખાતેમુન્નબી સુધી ખાતેમુન્નબીથી આજની ઘડી સુધી, ઈમામ હમેશાં હતા, હમેશાં છે અને દુનિયાના અંત સુધી રહેશે. તેની તાબેદારી કરવી તે, ખુદાતઆલાની તાબેદારી કર્યા બરાબર છે. તેની તાબેદારી કરવાની ફરજ ખુદાતઆલાના દરેક બંદાઓ ઉપર રહેલી છે. કુરાને શરીફ (સુરા ૫૧ આ. ૫૬માં) ફરમાવેલું છે કે; "જીન્ન અને માણસો મારી બંદગી કરે તે સિવાય બીજા કારણ માટે મેં તેઓને પેદા કર્યા નથી."

એથી ખુદાતઆલાની બંદગી કરનારે તેની મારિફત મેળવવા બંધાએલ છે અને ખુદાતઆલાની મારિફત મેળવવી એ ઘણીજ અઘરી બાબત છે. આનો સાચો અને આસાન પ્રથમ રસ્તો (બીજા કોઈ પાસેથી) તઆલીમ લેવાનો છે. હ. રસુલ સ. ફરમાવે છે કે; "ખુદાતઆલાના બંદાઓ અને મોમીનોએ તેની (ખુદાતઆલાની) શનાખત અને મારિફત મેળવવી જોઈએ અને તેના (ખુદાતઆલાના) તેમના

Scanned with CamScanner

જ્ઞાન અનુસાર તેમણે ચાલવું જોઇએ કે જેથી આવતી કાલે રોઝે કયામતના તેમને શરમિન્દા થવું ન પડે અને નીચું જોવું ન પડે."

મોક્ષ તરફ દોરી જનારો સાચો માર્ગ અમે સ્પષ્ટ રીતે સમજાવ્યો છે. અને હવે અમે હ. રસુલ સ. અને તેના જાનશીનો ઉપર આશીર્વાદો ઉતરે એવી અરદાસ સાથે વિરમીએ છીએ.

અલહમ્દોલિલ્લાહ રબ્બિલ આલમિન. જેઓ તેના શુક્રાના ગુજારે છે તે વખાણને પાત્ર છે, તે યાને ખુદાતઆલાના રસુલ આલેનબી અલ-અમીન અને બધા પાક અને નેક સજ્જનો અને સાચા મિત્રો ઉપર સલવાત. બધા મોમિનોને આપણા મૌલા તૌફિક બક્ષે કે જેથી તેઓ કરામત હાંસલ કરે અને સન્માર્ગિય અને સારી દઆવતના બધા ગુલામોમાંના આ નવા અદના ગુલામ ઉપર તેઓશ્રી પોતાના આશીર્વાદો ઉતારે અને ખુદાતઆલાએ દઆવતને પૃથ્વીના પુર્વ તરફના ભાગો તેમજ પશ્ચિમ તરફના ભાગોમાં કામયાબ કરે અને આ ગુલામને તેની અવિનાશી અને અનંત રહેબરી આપ્યા કરે એવી દુઆ ગુજારૂં છું.

ખુદાતઆલા પોતાના આ ગુલામના અને તેના બધા બન્દાઓના દિલ અને ઝબાનને વિચાર અથવા વાણીમાં બધી અયોગ્ય બાબતોથી દુર રાખે એવી દુઆ ગુજારૂં છું. ખુદાતઆલા દુનિયા અને

Scanned with CamScanner

તેના નિવાસીઓ માટે પોતાની કૃપાનો દરવાજો ખુલ્લો રાખે અને બધા આશિર્વાદોના મુળ અને સાધન જેવા, તેના મહાન હુજ્જત કે જેના હુકમનો અનાદાર કોઈ કરી નહિ શકે; જેમકે કુરાને શરીફ (સુરા ૭૮ આ. ૩૮)માં ફરમાવેલું છે કે; "જે દિવસે રૂહ અને ફિરસ્તાઓ હારબંધ ઉભા રહેશે. તેના સીવાય બીજો કોઈ બોલશે નહિ કે જેને દયાળુ ખુદા રજા આપશે." એવા નેક અને પાક ઈમામોની પેઢીના સંબંધ દ્વારા આ અદના ગુલામને મોક્ષનો રસ્તો બતાવવાની ખુદાતઆલા મહેરબાની ફરમાવે એવી દુઆ માંગુ છું

ખુદાતઆલા આપણને સિરાતલમુસ્તકીમ ઉપર સાબિત કદમ રાખે એવી દુઆ ગુજારું છું.- (ખુદાતઆલા) પોતાની કૃપા અને દયાથી મદદ કરવામાં અને સહાય આપવામાં બધાં કરતાં સર્વોત્તમ છે, ઓ બધા દયાવાળામાં મહાનમાં મહાન દયાળું !

જ્ઞાનીજનોના બાદશાહ અને હકની શોધ કરનારાઓના સિરતાજ, હમેશાં રહેવાવાળા કાયમના હુજ્જત - અબુ મુઅઈન, અમીરોના અમીર સરવરે મરદાં સુલતાન શાહ નાસિર ખુશરો, તેમના રૂહને ખુદાતઆલા આલા દરજ્જો બક્ષે- ના લખેલા સાત પ્રકરણો (હફત બાબની) આ કિતાબ અહીં પુર્ણ થાય છે.

Scanned with CamScanner

પરવરદિગાર ખુદાતઆલાની મદદથી શનિવાર તા. ૧૪મી માસ સવ્વાલ સને ૧૨૦૭ (એટલે શનીવાર તા. ૨૫મી મે ઇસ્વીસન ૧૭૯૩)ના રોજ સમાપ્ત કરી યાને આ દિવસે આ નકલ પુર્ણ કરવામાં આવી. આની નકલ ઉતારનાર, જમાનાના મજહબના ખિદમતગારો અને સત્ય ધર્મના શોધકો પાસે અર્જ ગુજારે છે કે, જો આમાં કોઇ ભુલચુક રહી જવા પામી હોય, તો આ કિતાબ વાંચવા મહેરબાની કરે ત્યારે સુધારીને વાંચે. અલ્લાહ સર્વથી ઉત્તમ જાણકાર છે.

**સમાપ્ત**

Scanned with CamScanner

Scanned with CamScanner